
કુમાર

૪૭૮



ઑકટોબર ૧૯૬૩ · અંક ૪૭૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ: રૂ. ૧-૨૫



૪૭૭મા અંકમાં પાન ૩૯૨ ઉપર રસાયણના અજબ જાદુગર ડૉ. જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર વિષે 'એમણે એકલા વટાણામાંથી જ જુદીજુદી ૨૦૦ બનાવટો ઉત્પન્ન કરી' વગેરેમાં જ્યાંજ્યાં વટાણા લખ્યું છે ત્યાં મગફળી જોઇએ, કારણકે મગફળી અમેરિકામાં peanut ના નામે ઓળખાય છે. વળી ડૉ. કાર્વરે ૨૦૦ નહિ પરંતુ ૩૦૦ જેટલી શોધો મગફળીના વિવિધ ઉપયોગો શોધવા અંગે કરી છે. એમના જીવનનાં કેટલાંક અગત્યનાં પાસાં: તેમનું સારું યે જીવન બુકર ટી. વૉશિંગ્ટને સ્થાપેલી હબસીઓના ઉત્કર્ષ માટેની સંસ્થાને અર્પણ; ભગવાનમાં અત્યંત આસ્થા ધરાવનાર. અત્યંત સાદા અને પૈસાનો જૂજ ઉપયોગ કરનાર તે આજીવન અપરિણીત રહ્યા હતા.

(મુંબાઇ) —નરેન્દ્ર એ. ઇનામદાર

'મૂછ'ની વ્યુત્પત્તિ સંબંધે એપ્રિલના અંકમાં તેનું મૂળ અસ્પષ્ટ હોવાનું જણાવ્યું છે. સપ્ટેંબર અંકમાં તેના વિષે વિશેષ ચર્ચા થયા બાદ પણ તે એટલું જ અસ્પષ્ટ રહ્યું છે. મારા ધારવા પ્રમાણે મૂછ શબ્દ સં. શ્મશ્રુ=મૂછ પરથી નીચેને ક્રમે આવ્યો છે; શ્મશ્રુ–મસ્સુ (આદ્ય વ્યંજન લોપ)–મચ્છુ–મઉછ (સ્વર ને 'ઊ'નો વ્યત્યય).

(વીરનગર) —વી. એમ. પટેલ

અંક ૪૭૭માં શ્રી કનુ અડાસીની 'તમે ગમગીન છો' વાર્તા ખૂબ જ ગમી. તેમાં આજના માણસના જીવનનું આબેહૂબ નિરૂપણ કર્યું છે. આવી સરસ વાસ્તવિક વાર્તા લખવા બદલ લેખકને અભિનંદન! આ વાર્તાનું 'ગરજવાનું, વરસવાનું, મન મૂકીને તૂટી પડવાનું બહુ જ ઓછાંના તકદીરમાં લખાએલું હોય છે. બાકી ઘણાંનાં મન તો ઘેરાએલાં વાદળોની વ્યાકુળ વેદનાઓ જ અનુભવતાં હોય છે' વાળું વાક્ય કેટલું અર્થસૂચક અને મર્મગ્રાહી છે!

(જાફરાબાદ) —ઇશ્વરલાલ બી. પરમાર

કનુ અડાસીની વાર્તા 'તમે ગમગીન છો' ખરેખર અદ્ભુત છે. જીવનની વાસ્તવિકતાનો નિચોડ વાંચી આનંદ ને દુ:ખ બંને થયાં. ગયા વર્ષે વાર્તા 'મીરાં' પછી ફરી વર્ષની શ્રેષ્ઠ વાર્તા વાંચવા મળી. લેખકને મારાં હાર્દિક અભિનંદન. આવતા અંકમાં તેમનો ટૂંકો પરિચય આપવા વિનંતી.

(અંધેરી) —સુરેશ સી. વોરા

અંક ૪૭૭માં સુશીલાબેન પટેલે 'માતાજી' નામની ભક્ત વ્યક્તિ અન્નપાણી વગર જીવી શકે છે તેવા બીજા કેટલાક દાખલાઓ આપ્યા.

તે પ્રમાણે 'ગિરિબાલા' વિષે વિગતવાર લેખ 'ઑટોબાયોગ્રાફી ઑવ એ યોગી'માં પરમહંસ યોગાનન્દજીએ પ્રકરણ ૪૬માં પાના ૩૯૧મે આપ્યો છે. ગિરિબાલાને મળવા સ્વામીજી ગયા ત્યારે તેણી પુખ્તવયનાં ઘરડાં થએલાં હતાં. તેણી વડીલોના ગામ બીયુર (જિલ્લા બાંકુરા)માં રહેતાં હતાં. સઘળાં ગૃહકાર્યો કરતાં. તેણીને બાળપણમાં અતિક્ષુધાતૃષાની પીડા હતી. સાસુનાં મેણાંટોણાંથી તંગ આવી અન્નજળ ત્યાગી દીધાં, પીએરમાં આવી વસ્યાં, તે રીતે જ જીવન વ્યતીત કર્યું.

ઉપલા પુસ્તકમાં પાના ૩૦૦મે બરેલીમાં વસતી થેરેસા ન્યુમેન વિષે પણ તેવો ઉલ્લેખ છે.

આ અંગે મારે એક જાણકારી થએલી. આજથી લગભગ ૨૦-૨૫ વરસ પહેલાં હું અત્રેની એક પ્રખ્યાત દુકાનમાં દવા વિભાગમાં કામ કરતો હતો. ત્યાં અવારનવાર એક સાધુ આવતા અને કેટલીક દવાઓ તથા ક્વચિત એક સ્કાલ્પેલ–નસ્તર–લઇ જતા.

'સાધુ હોઇ આપને એનો શો ઉપયોગ?' એમ પૂછતાં કહે કે 'તે વડે જીભ નીચેની ચામડી કાપી લઈ જીભને પલટાવી ગળામાં નાખીએ છીએ. તેમ કરવાથી એક કુદરતી પ્રવાહી મળે છે, જે વડે કેટલોક લાંબો સમય અન્નજળની જરૂરત પડતી નથી. યોગ, સમાધિ વગેરેમાં તેનો સારો ઉપયોગ મળે છે.'

(નાગપુર) —એસ. વાઇ. મલક

અંક ૪૭૬માં 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં વાસુદેવ મહારાજનું સંગીતકીર્તનદર્શાવતા સ્કેચમાં શ્રોતાસમૂહમાં સ્ત્રી-પુરુષોને એકબીજા સાથે બેસાડેલાં દર્શાવવામાં આવેલાં છે. પ્રશ્ન થાય છે કે તે સમયની સામાજિક પરિસ્થિતિ વિચારતાં આ વસ્તુ શક્ય છે?

(મુંબાઇ) —કુમાર ટોપરાણી

મને ચિત્રકામ અને શિલ્પનો ખૂબ જ શૉખ છે. તે મારે શીખવું છે અને તેમાં આગળ વધવું છે. હું હાલમાં અભ્યાસ કરું છું તેની સાથે મારે આ કાર્ય શીખવું છે. તો તે માટે આપ કોઈ સારો માર્ગ બતાવશો. મેં ચિત્રકામની એકે પરીક્ષા પાસ નથી કરી, મારો

ઈન્ટર સાયન્સનો અભ્યાસ ચાલુ છે.

(અમદાવાદ) —પ્રફુલ દવે

[* ચિત્ર-શિલ્પના શિક્ષણ માટે અમદાવાદમાં ચી. ન. વિદ્યાવિહાર કલાવિદ્યાલય, વડોદરા યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ કૉલેજ અને મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટને લખીને પુછાવો. એક્કે પરીક્ષા આપી ન હોવાની અને અભ્યાસની સાથોસાથ કલા-શિક્ષણ લેવાની તમારી મર્યાદાઓ કદાચ નડશે.]

સુશીલાબહેને અંક ૪૭૪માં 'કૌટિલીયં' લિપિની રચના સમજાવી છે. તે જ પદ્ધતિથી એ પ્રકારની ઘણી લિપિઓ બની શકે.

જેમકે (૧) ક, ખ, ગ, ઘ……શ, ષ, સ, હ, ક્ષ એમ 'ક' વ્યંજનથી શરૂઆત કરવાને બદલે 'ખ' થી શરૂઆત કરવી. આથી નવી લિપિમાં વ્યંજનો નીચે પ્રમાણે આવશે:

જૂની લિપિમાં ક, ખ થી હ, ક્ષ છે તેને બદલે નવી લિપિમાં ખ, ગ, થી ક્ષ, ક બનશે. આ જ પ્રમાણે સ્વરો પણ જૂની લિપિમાં અ, આ, થી ઔ, અં, અઃ છે, તેને બદલે નવી લિપિમાં આ, ઇ થી અઃ અ થશે. આ નવી લિપિમાં 'કુમાર' શબ્દ 'ખૂચિલા' બનશે.

આ જ પ્રમાણે બધા જ મૂળાક્ષરોનાં એકને બદલે બબ્બે અક્ષરોનાં સ્થાનફેર કરીને બીજી નવી લિપિ બનાવાય, જેમાં 'કુમાર'નું રૂપાંતર 'ગેરીવિ' થશે.

આ જ રીતે ક, ખ…હ, ક્ષ એમ કુલ ચોત્રીસ અક્ષરોનાં સ્થાન, પ્રથમને બદલે બીજો, ત્રીજો, ચોથો, પાંચમો એમ દરેક નવી લિપિમાં એક એક ડગલું વધુ ને વધુ આગળથી શરૂઆત કરીને અનુક્રમે ગોઠવતાં, કુલ ૩૩ નવી લિપિઓ બનાવી શકાય. પણ એમાં સ્વરની કુલ સંખ્યા બાર હોવાથી દરેક બાર લિપિ પછીની તેરમી બનાવેલી લિપિમાં સ્વરોનું પ્રથમ પ્રમાણે પુનરાવર્તન થશે.

આ જ પદ્ધતિને આગળ લઈને મૂળાક્ષરોને ઉલટાવેલા ક્રમમાં લખીને પણ બીજી નવી લિપિઓ બનાવી શકાય. આવા ઉલટાવેલા ક્રમની કુલ ચોત્રીસ નવી લિપિઓ બને. આમાં પણ દરેક બાર લિપિ પછીની તેરમી લિપિથી સ્વરોનું પુનરાવર્તન થશે.

વળી સ્વરો સીધા ક્રમમાં અને વ્યંજનો ઉલટાવેલા ક્રમમાં લખવાથી વધુ ચોત્રીસ નવી લિપિઓ બને, અને તે જ પ્રમાણે વ્યંજનો સીધા ક્રમમાં ને સ્વરો ઊલટા ક્રમમાં લેવાથી પણ વધુ ચોત્રીસ નવી લિપિઓ બને.

સુશીલાબહેનની 'કૌટિલીયં' લિપિમાં સીધા ક્રમમાં પ્રથમને બદલે અઢારમાં વ્યંજનથી શરૂઆત કરી છે. પણ તેમાં સ્વરો સીધા ક્રમમાં કે ઉલટાવેલા ક્રમમાં નથી, પરંતુ હ્રસ્વને બદલે દીર્ઘ અને દીર્ઘને બદલે હ્રસ્વ લીધા છે એટલે આગળના પૅરૅગ્રાફ નં. ૧થી ૬માં જણાવેલ વર્ગ કરતાં આ લિપિ એક નવા વર્ગની બને છે. આ નવા વર્ગમાં પણ આગળ જણાવેલી એકએક અક્ષર આગળ પાછળ લઈ જવાની રીતે (સીધા અને ઊલટા ક્રમમાં) કુલ અડસઠ કૌટિલીયં લિપિઓ તૈયાર થાય, જેમાં સુશીલાબહેને આપેલી લિપિ પણ આવી જાય.

ખરું જોતાં બીજગણિતના Permutations and Combinations (ક્રમચય અને સંચય)ના સિદ્ધાંત મુજબ કુલ ૩૪ વ્યંજનોને factorial 34 (34!) એટલી રીતે ગોઠવી શકાય અને એની સાથે કુલ ૧૨ સ્વરોને factorial 12 (12!) રીતે ગોઠવી શકાય. વ્યંજનોની 34! એટલે કે (૧×૨×૩×…×૩૪) એટલી ગોઠવણીમાંથી દરેક ગોઠવણીની સાથે સ્વરોની 12! (૧×૨×૩…×૧૨) એટલા પ્રકારોની ગોઠવણી વાપરવી શક્ય છે. એટલે કે બધું મળીને ૩૪!×૧૨! એટલે કે (૧×૨×૩…×૩૪) × (૧×૨×૩…×૧૨) એટલી મોટી સંખ્યામાં 'કૌટિલીયં લિપિઓ' બનાવી શકાય.


આ ૩૪! × ૧૨! પ્રકારોમાંથી જેટલા પ્રકારોમાં કંઈ પણ ક્રમબદ્ધતા હોય તેવી લિપિઓ પ્રયત્ન અને ભૂલ (trial and error)-ની પદ્ધતિથી અત્યંત મુશ્કેલ હોવા છતાં પણ શક્યતઃ ઉકેલી શકાય; પણ જે લિપિમાં સ્વર-વ્યંજનો આડાઅવળા (at random) ગોઠવ્યા હોય તેવી લિપિઓ તો માત્ર તે ખાસ ગોઠવણીના જાણકાર જ ઉકેલી શકે, ને તેથી વાપરવા માટે સંપૂર્ણ સલામત ગણી શકાય.

સાંકેતિક લિપિઓ બનાવવાની રીતની સાથેસાથે, સાંકેતિક લિપિમાં લખેલો સંદેશો ઉકેલવા માટેની deductionની પદ્ધતિનું રસમય વિવેચન 'કુમાર'ના સુપરિચિત અને ચિરંજીવ પાત્ર Sherlock Holmesની 'The Dansing Men' નામની વાર્તામાં આપેલું છે, જે અત્રે ઉલ્લેખનીય ગણાય. એમાં Sherlock Holmes કહે છે: I am fairly familiar with' all forms of secret writings and I am myself the author of a trifling monograph upon the subject in which I analyse one hundred and sixty separate ciphers… આમાં જણાવેલ સાંકેતિક ભાષાઓ લખવાના જુદાજુદા ૧૬૦ સિદ્ધાંતોની સંખ્યાનો ઉલ્લેખ, અલબત્ત, કાલ્પનિક છે.

(અમદાવાદ) —સિદ્ધાર્થ ન. ત્રિવેદી



પ્રાચીન ઘાણી કલાકાર ભગવાન કપુર (તાતા સન્સ પ્રા. લિ.ના સૌજન્યથી) કલાકારના પરિચય માટે જુઓ અંદર 'કલાવાર્તા'
ચિત્રનું વસ્તુ જેવું દેખાતું હોય તેવું ચીતરવાનું નહિ, પણ તેની સંયોજનાનાં આગળપડતાં અંગોના આકારો, રંગો વગેરેથી જે એક પ્રાથમિક ચિત્રભાત મન પર ચોટ મારી રહે તે જ સાચું ચીતરવા યોગ્ય ચિત્રતત્ત્વ છે એવી માન્યતા આજે પ્રવર્તે છે. તદનુસાર સર્જાએલા આ ચિત્રમાં ઘાણી તથા તેનાં લાકડાં, સામે જોઈ રહેલા બળદનું વ્યક્તિત્વ, માનવ પાત્રો તથા બીજાં ઉપકરણો, આદિથી રચાતી ભાત અને સમગ્ર ચિત્રની માનસતંત્ર પર પડેલી રંગભાત આમાં ઉતારી છે.



ગોઠડી

કાંગડા (પહાડી) કલમ • ૧૮મી સદીનો અંત ભાગ

વિખ્યાત કલાવિવેચક શ્રી કાર્લ ખંડાલાવાળાના સંગ્રહમાંથી તેમના સૌજન્યથી

ચિત્રપરિચય માટે જુઓ આ અંકમાં

કોઈ વેળા હું...

· ગાન ·

દિવસે ડૂબું, રાતના ઊગું,
કોઇ વેળા હું આભમાં પૂગું.

એકલવાયા તારલા તગ્યા – છેક છેવાડે બૂઝે,
કર પ્રસારી સ્હેજ સંકોરું – તેજથી પાછા ઝૂઝે,
તમરાંના ત્રમકારથી જાણે બોલતું આખું આભ તો મૂગું.

એક સપાટે લસરી આવ્યો લસતી ચાંદનીધારે,
ભૂલમાં હું તો ઊતરી આવ્યો રાતરાણીના કયારે,
મ્હેક મારામાં એમ ભળી કે ઘેનમાં હું તો મુજને સૂંઘું.

પ્રિયકાન્ત મણિયાર

ભાઈ

· શિખરિણી ·

બપોરી વેળાનું હરિતવરણું ખેતર ચડયું
વિચારે એવું કે લસલસ થતો મોલ સઘળો;
અને આ કોસે તો બસ હદ કરી: આંખ મળતાં
ઉલેચ્યાં પાતાળો પુનરપિ, હવે તે ટપકતો
રહ્યો ભીંતે. બેઠું વિહગ જઇ ત્યાં, સીમ નીરખી
કરે છે ગીતોનું સ્મરણ. કરું હું કાન સરવા.
ચડયો ઝોકે એવો બળદ પણ, બીજા મુજ સમો
રહ્યો આ વાગોળી. લચકઇ પડયાં લોચન મહીં
પછી તો ડૂંડાંઓ, હરખ નવ માયો હૃદયમાં.
ફરી આવું થોડું ચલ મન, જરી ખેતર વિષે.
જતાં રોડું વાગ્યું, ચરણ લથડયો, આંખ ફરકી,
અહીં આ કયારીમાં ખડખડ હસ્યો ભાઇ મુજનો!

રાવજી પટેલ

દાઈના ઝઘડા

· ગઝલ ·

મને દુશ્મનથી ડારે છે વધારે ભાઇના ઝગડા;
અને ઝગડા ય કેવા? સ્વાર્થ ને સરસાઇના ઝગડા!

ન એનો રંજ દિલમાં, હોય જો એ લાખની પાણે;
પરંતુ હાય! આ ઝગડા છે રાતી પાઇના ઝગડા.

સમંદર કે સરોવર કાજ ઝગડે કોઇ, સમજાતું;
ન સમજાતા મને ખાબોચિયાં ને ખાઇના ઝગડા.

બન્યું મ્હોં, હોય જો ઝગડી રહ્યા સિદ્ધાંત પર કોઈ;
છે ધ્રુવપદ સર્વનું એક જ અને અસ્તાઇના ઝગડા.

હકીકત સૂર્ય જેવી છે અને સઘળે પ્રકાશે છે;
છતાં છે સાંપ્રદાયિક કેટલા પરછાઇના ઝગડા!

લખી લીટી તો શું, મારાં કલમ ને દોત પણ તોડું;
કહે છાતીએ રાખી હાથ, છે સચ્ચાઇના ઝગડા.

દહેશત છે તો દહેશત એટલી છે દિલમહીં ગાફિલ,
હરી લે પ્રાણ બાળકનો રખે આ દાઇના ઝગડા.

'ગાફિલ'

સરોવરે

· મિશ્ર ·

આકાશની સાન્ધ્ય છટા તણી ઋજુ
પ્રતિચ્છવિના મૃદુ સ્પર્શમાત્રથી
સરોવરે મુગ્ધ હલી ઊઠયું જલ!

કયહીંકથી શ્વેત વિહંગ હ્યાં તટે
કૈં ઊતર્યાં...સાવ અલિપ્ત! લેશ ના
થંભ્યાં હજી, ત્યાં નિજ પાંખ વીંઝતાં
ઘડીકમાં તો કયહીંનાં કયહીં અહો
વહી ગયાં...

હાવાં સુસૂ–રવ તણો લઘુ અંશમાત્ર આ
વિલોલ શો મંદ તરે સપાટી પે
સરોવરે...

રે આ પણે ભેખડથી ઉતાવળું
સર્યું કશું ... ભિદ્દીકણો વિખૂટાં
થૈને ખર્યાં! ખલલનો ધ્વનિ બુદ્બુદો બે
પૂંઠે મૂકી પલકમાં તળિયે જઈ શમ્યો!
સરોવરે ક્ષુબ્ધ હલી ઊઠયું જલ...!

પ્રકાશના પુદ્ગલનું રહ્યુંસહ્યું
ચાલ્યું બધું હીર હણાઇ, ભાર શો
અંધારનો અરવ આ ચહુમેરથી ધસે!

સરોવરે શાંત હલી રહ્યું જલ...!

શંભુપ્રસાદ જોશી

ને તે ય નીર

· વસંતતિલકા સૉનેટ ·

છે આ ય નીર: સરમાં રહી શાંત પીએ
આકાશનું ઝમતું ચંદનીસિક્ત રૂપ,
ને મંદ વીચિદલની ચળકંત રેખે
રોમાંચ દાખવી રહે નિજમાં નિમગ્ન.

ને એ ય નીર: ઊછળી ગરજે પ્રચંડ
અંભોધિમાં; નીરખતાં વિધુ, મત્ત થૈને
ઉલ્લાસને પ્રગટ તાંડવથી કરીને
માની નિબંધન ચહે તટ તોડવાને.

છે આ ય નીર: ભરતું લઘુ ઠેકડા જે
સ્રોતે સરે, કલકલે, નિજ આજુબાજુ
રાખે હવા રણકતી; તહીં ચાંદનીનું
કેવું અહો! સહજ છંદ રમ્યે જવાનું!

ને તે ય નીર: નીરખી વિધુ, યાદ આવ્યે
વા'લા તણી, નયન મૌક્તિક થૈ ઝળુંબે.

ચંદ્રકાન્ત શેઠ

મેં ફૂલને મુજ પ્રીત કેરી વાત ધીરેથી કીધી,
કિન્તુ અરે! એણે બધી પરિમલ કરી વેરી દીધી.

મહેન્દ્ર દવે

પ્રાયશ્ચિત્ત

· ઉપજાતિ ·

તે યુદ્ધમાં કૌરવ-પાંડવોના
હું કૌરવોના દળઅગ્ર ઊભો;
એ વાત મારે મન ગૌણ છે કે
મેં બાણશય્યા પર જિન્દગી પે
વાતો કરી પાંડવશ્રેષ્ઠને બે.
સંઘર્ષ જયાં ન્યાય-સ્વતંત્રતાનો,
હું નંદમંત્રી રિપુ ચંદ્રગુપ્તનો;
આયામ અંતે બનું મૌર્ય કેરો
તે ગૌરવે પોકળના ફૂલાતો.
પ્રતાપને દાસ બનાવવા ચહે
તે શાહ કેરા દરબાર મધ્યે
હું ચેન સાથે કવિતાઇ ગાતો;
શબ્દો સુણી સ્વસ્થ બનં તરાણો
મારા વિધેલો ઇતિહાસ જાણો.
સ્વામી દયાનંદ સરસ્વતીનો
હું શિષ્ય, પાઈ રહું ઝેર મૂઢ;
માફી મળે ભ્રાન્ત બનું હું ક્રુદ્ધ,
પસ્તાઉં, અશ્રુથકી ધોઉં પાપ
ન આપું પોતે મુજને જ શાપ.

ને, રાજઘાટે સ્મરું શાન્ત બેઠો:
ગોળી છૂટી વીંધતી ગાંધીહૈયું
–નદી મહીં સૂર્યનું બિંબ ધ્રૂજ્યું–
હું તો ય બેઠો, વચમાં ન કૂદ્યો
ગોળી છૂટી બે-ત્રણ હું નહાલ્યો.
ત્યાંનું સુણી વર્ણન દેશ રોયો,
મેં મૃત્યુનો લ્હાવ મહાન ખોયો.

રઘુવીર ચૌધરી

આશ્રયનું ઋણ ચૂકવવાને બદલે ભીષ્મપિતાએ ધર્મ બજાવ્યો હોત તો? નંદ-મંત્રી રાક્ષસને જ્ઞાન હતું કે ચંદ્રગુપ્તને પક્ષે ન્યાય છે. શાબ્દિક ગૌરવને બદલે પૃથ્વીસિંહે પ્રતાપને પડખે ઊભા રહેવાની જરૂર ન હતી? શિષ્યવત્ રસોઇયો સ્વામી દયાનંદને ઝેર આપે છે! પ્રાર્થના-પ્રવચન સાંભળનારાઓમાંથી ગોળીઓની આડે આવવાનું કોણે ઈચ્છયું?

અહીં વિભૂતિઓમાંથી ક્રમશઃ લઘુમાનવના દાયિત્વ પર પ્રશ્ન કર્યો છે કે પસ્તાવું ન પડે એ સ્થિતિએ માણસ કયારે પહોંચશે?

*વર્ણન તો છે માત્ર ઢળતી સંધ્યાને ટાણે શાન્ત સરોવરમાં જરાક હલી ઊઠેલા જલનું,—પણ એ સૂક્ષ્મ વાતાવરણની એવી તો અસરકારક અનુભૂતિ શંભુપ્રસાદે કરાવી છે કે એ પ્રગાઢ શાંતિમાં ઊતરતા અંધારાના ભારનો રોમાંચ આપણને થઈ જાય *નીરના પ્રકાર–(શાન્ત સરનું, પ્રચંડ અંભોધિનું, કલકલતા ઝરણાનું અને પ્રિયજનના વિરહઅશ્રુનું)–વર્ણવતાં ચન્દ્રકાન્તે કેવી મધુર કલ્પનાનો આસ્વાદ કરાવ્યો છે! *પ્રિયકાન્ત કલ્પનાની પાંખે ચડી રાત્રે તારાની સાથે ઊગવા નીકળે છે, ત્યાંની એવી તો મસ્તી માણીને ચાંદનીની ધારે ઊતરી આવે છે કે રાતરાણીના સૌરભમાં પોતાની જ સૌરભ અનુભવે છે! *બપોરની વેળાએ ખેતરના લસલસતા મોલ, ટપકતા પડેલા કોસ, ગાતાં પંખી, ઝોકે ચડેલા બળદ આદિનાં રાવજીભાઇએ કરાવેલા વિચારદર્શનને અંતે મૃત બંધુના સ્મરણથી વિષાદસિક્ત કાવ્ય *'ગાફિલ'ની ગઝલ તો પ્રવર્તમાન વાતાવરણના સંદર્ભમાં સૌ સમજશે.

લક્ષ્મી 卐

આસો માસની શરૂઆતમાં ઊજવાતા બંગાળના રાષ્ટ્રીય 'પૂજા'ના તહેવારોમાં આલેખાતાં દેવીચિત્રોની પ્રણાલિએ ચીતરેલાં લક્ષ્મી (જુઓ પૂઠું: કલાકાર–સુનીલ પાલ)ના એક હાથમાં નવધાન્ય, બીજામાં સૌન્દર્ય-શ્રીનું પ્રતીક કમળ ને ચરણ પાસે તેનું વાહન ઘુવડ છે. તેના મુકુટ ને આભૂષણો-ની રેખાવટ બંગીય અલ્પનાની ઢબની છે. બાજુમાં ધન-ધાન્ય-સમૃદ્ધિના આદિ સ્રોત રૂપ કૃષિ, કાંતણ, વણાટ વગેરે શ્રમ-માંગલ્યની શોભનતકતીઓ છે.

કમળના આસન ઉપર વિરાજમાન, સૌન્દર્યપ્રભાથી પ્રકાશમાન એ દેવી સૌંદર્ય, સંપત્તિ અને સૌભાગ્યની દેવી તરીકે ભારતભરમાં પૂજાય છે. તેના સ્વરૂપનું વર્ણન કરતાં સ્તોત્રો અનુસાર 'બે હાથમાં કમળ, ગળામાં હાર, ચરણોમાં નૂપુર, પીળાં વસ્ત્રથી વિભૂષિત, બંને બાજુએ અમૃતકળશ ઢોળતા હાથીઓથી સુશોભિત એ મહાલક્ષ્મીનું પૂજન-અર્ચન કરનાર સંપત્તિવાન થાય છે.'

વિષ્ણુની પત્ની તરીકે મનાતી લક્ષ્મી અંગેની વિવિધ પુરાણકથાઓ અનુસાર વિષ્ણુને ત્રણ પત્નીઓ હતી: લક્ષ્મી, સરસ્વતી અને ગંગા. એ ત્રણેના ગૃહક્લેશથી કંટાળીને વિષ્ણુએ ગંગાને શિવને ત્યાં અને સરસ્વતીને બ્રહ્માને ભળાવી દીધાં અને કેવળ લક્ષ્મીને પોતાને ત્યાં રાખ્યાં. પરંતુ ગંગાના શાપને લીધે લક્ષ્મીને બીજા જન્મ લેવા પડયા. પહેલો જન્મ રાજા ધર્મધ્વજને ત્યાં, બીજો તુલસી રૂપે ને ત્રીજા જન્મે નદી થઈને તે સમુદ્રમાં વહી ગયાં.

દેવો અને દાનવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે નીકળેલાં ચૌદ રત્નો સાથે જ્યારે લક્ષ્મી ફરી પ્રગટ થયાં ત્યારે તેના દેદીપ્યમાન રૂપથી સર્વ દેવો અંજાઈ ગયા. ઈન્દ્રે તેને રત્નજડિત આસન આપ્યું, નદીઓએ સોના-કળશ ભરીને તેને સ્નાન કરાવ્યું, સમુદ્રે પીળાં રેશમી વસ્ત્રો ધારણ કરાવ્યાં, વરુણે વૈજયન્તી-માળા આપી અને વિશ્વકર્માએ નાનાવિધ બહુમૂલ્ય આભૂષણો આપ્યાં.

શિવે તેના હાથની માગણી કરી. પણ તેમણે ચન્દ્ર લીધો હોવાથી વિષ્ણુએ પોતાનો દાવો આગળ કર્યો, જે લક્ષ્મીએ સ્વીકાર્યો. આથી નારાજ થઈ શિવે ઝેર પીધું, પણ પાર્વતીએ તે એમના ઉદર સુધી પહોંચતું અટકાવી દીધું.

ભૃગુ ઋષિની પુત્રી રૂપે જન્મેલાં લક્ષ્મીએ લક્ષ્મીનગર વસાવી ભૃગુને આપેલું. તે જ્યારે તેણે પાછું માગ્યું ત્યારે ભૃગુએ ના પાડતાં વિષ્ણુએ તેમાં મધ્યસ્થી કરી. આથી ભૃગુએ તેમને શાપ આપ્યો કે મર્ત્યલોકમાં તમારે દશ વાર જન્મવું પડશે. (જે દશે અવતાર વિષ્ણુએ પોતાના પ્રભાવે કરીને તેજસ્વી બનાવ્યા). ભૃગુને વિષ્ણુએ સામો શાપ આપ્યો કે તને સંતાનસુખ નહિ મળે!

પણ દેવોમાં માનવસ્વભાવનું આરોપણ કરતી આ કથાઓ કરતાં લક્ષ્મી-નાં અન્ય નિરૂપણો પાછળના અર્થબોધ સમજવા વધુ ઉચિત છે.

લક્ષ્મીના બે ભાઈ કહ્યા છે: ધાતા અને વિધાતા. અને તેના ચાર પુત્રો વર્ણવ્યા છે: ધર્મ, અગ્નિ, રાજા અને ચોર. સૌથી મોટો પુત્ર ધર્મ છે. તેનું જો અપમાન કરવામાં આવે તો તેના ત્રણ નાના ભાઇ કોપાયમાન થાય છે.

લક્ષ્મી કેવળ ધનની અધિષ્ઠાત્રી નથી. તે સર્વતોમુખી માંગલ્ય અને ઐશ્વર્યની દેવી છે. તે આઠ સ્વરૂપે પૂજાય છે: ધનલક્ષ્મી, ધાન્યલક્ષ્મી, વિદ્યા-લક્ષ્મી, વીરલક્ષ્મી, કારુણ્યલક્ષ્મી, સંતાનલક્ષ્મી, સૌભાગ્યલક્ષ્મી, મહાલક્ષ્મી.

જે ઘરમાં વડીલો પ્રતિ વિનય આદર ને સંમાન છે, જ્યાં ધનધાન્ય સુ-સંસ્કૃત અને નીતિથી પેદા કરેલાં હોય, જ્યાં આહારવિહાર અને આચાર-વિચાર શુદ્ધ હોય, જ્યાં સંપ સમભાવ અને કારુણ્ય હોય અને ક્લેશનો સર્વથા અભાવ હોય એવા લક્ષણયુક્ત ઘરમાં લક્ષ્મીનો વાસ હોય છે.

લક્ષ્મીનું પુરાણોક્ત વચન છે કે: 'હું શીલવાન, ઉદ્યમી અને કર્તવ્યતત્પર માનવીના ઘરમાં જ વાસ કરું છું. જે ક્રોધને વશ થતા નથી, જે જિતેન્દ્રીય હોય છે, જે દેવતાઓની આરાધના અને ગુરુઓનું સમ્માન કરે છે, જે આત્મ-શ્રદ્ધાવાન અને ક્ષમાશીલ છે, તેમને ત્યા હું વાસ કરું છું.' 卐

આ મહિને જેમની જન્મશતાબ્દી છે

ગરવા ગુજરાતીઓ · ૬

લલ્લુભાઇના પૂર્વજો મૂળ તો, સૌરાષ્ટ્રના ઘોઘા બંદરના નિવાસી વડનગરા નાગર બ્રાહ્મણો હતા. લલ્લુભાઈના પ્રપિતામહ રણછોડદાસનો જન્મ ઈ. સ. ૧૭૨૩માં થયો, એ જ વર્ષે મહારાજા ભાવસિંહજી પહેલા-એ ઘોઘાથી ૧૪ માઇલ દૂર ભાવનગર શહેરનો પાયો નાખ્યો. ભાવસિંહજીના પૌત્ર વખતસિંહજી ગાદી પર આ-વતાં, તેમણે ઘોઘાના નાગરોને ભાવનગર આવી વસવાનું નિમંત્રણ આપ્યું. આથી રણછોડદાસે ઇ.સ. ૧૭૭૮-૮૦ની આસપાસ ભાવનગરમાં ઘર બાંધ્યાં. તેમણે ઘોઘામાં શરાફી પેઢી કાઢી અને તેની શાખા ભાવનગરમાં રાખી. આર્થિક સ્થિતિ નબળી પડતાં રણછોડદાસ વડોદરા મહારાજા દામાજી ગાયકવાડની નોકરીએ રહ્યા અને દામાજીના અવ-સાન બાદ નિવૃત્ત થઈને ઘોઘા આવી રહ્યા. રણછોડદાસના પુત્ર પરમાનંદદાસ ફારસીના જાણકાર અને કુશળ વેપારી હતા. ભાવનગરના મહારાજા વજેસિંહના આગ્રહથી તેઓ તેમના કારભારી થએલા.

લલ્લુભાઈના પિતા શામળદાસ શરૂમાં મુલ્કી દફતરમાં નોકરી કરી પાછળથી દીવાનપદે આવ્યા હતા. તેમની ૩૮ વર્ષની કારકિર્દીમાં ભાવનગર રાજ્યે અપૂર્વ મહત્તા પ્રાપ્ત કરી. તેઓ સંસ્કૃત, ફારસી, હિન્દી અને વ્રજ ભાષાના અભ્યાસી હતા. તેઓ સુધારક મતના હતા. તેમની ૩૫ વર્ષની ભરયુવાન વયે તેમનાં પત્નીનું અવસાન થતાં,



શામળદાસ પરમાનંદદાસ મહેતા
જન્મ ૧૮-૬-૧૮૨૮ અવસાન ૨૫-૮-૧૮૮૪
ભાવનગરના દીવાન · 'સરસ્વતીચન્દ્ર'ના બુદ્ધિધન

પશ્ચિમ ભારતમાં બૅંકિંગ, ઉદ્યોગસંસ્થાપન ને સહકારી પ્રવૃત્તિના પિતા



લલ્લુભાઈ શામળદાસ

તેમને ફરી પરણવા માટેના ચોતરફના આગ્રહ છતાં અડગ રહેલા.

લલ્લુભાઇનો જન્મ તા. ૧૪મી ઑક્ટોબર ૧૮૬૩ના રોજ ભાવનગરમાં, ભગા તળાવમાં, 'ગગા ઓઝાનો ખાંચો' એ નામે ઓળખાતી ગલીમાં, તેમના મામા ગૌરીશંકર ઓઝાને ત્યાં થયો. લલ્લુભાઇના મોટા ભાઇ વિઠ્ઠલદાસની વય એ વેળાએ ૧૮ વર્ષની હતી. લાંબા સમયે આ શુભ અવસર આવ્યો હોઈ, ઘરમાં આનંદ છવાઈ રહ્યો.

જ્યોતિષના જાણકાર શામળદાસે પુત્રની કુંડળી બનાવી, પણ મા કે દીકરો એ બેમાંથી એકનું અવશ્ય મૃત્યુ થાય એવા ગ્રહો જોઇને, ફાડી નાખી! કુંડળી સાચી પડી અને લલ્લુભાઈ માંડ છ માસના થયા ત્યાં તો તેમની માતા ગુજરી ગયાં. આથી, મામી દિવાળીબા અને પાછળથી વિધવા કાકીબા અચરતકુંવરે તેમને ઉછેરીને મોટા કર્યા.

કાકીબા જેટલાં માયાળુ હતાં તેથી યે વિશેષ કડક શિસ્તપાલક હતાં. બીજાના સહવાસે રખેને ભત્રીજો બગડી જાય એ બીકે કોઇની સાથે ભળવા પણ નહોતાં દેતાં. બાળકે વડીલનું કહ્યું કરવું જ જોઇએ એવું ભાન કરાવવાને તેઓ ઘણી વાર એવું વર્તન બતાવતાં કે ઊર્મિલ બાળક લલ્લુભાઈને ઊંડુ દુ:ખ થયા કરતું. છતાં કાકીબાએ જે વાત્સલ્યથી તેમને ઉછેર્યા હતા, તેનો ઋણસ્વીકાર લલ્લુભાઈ મુક્તકંઠે કરતા.

લલ્લુભાઈની બાલ્યાવસ્થામાં એક વિલક્ષણ ઘટના બની. બાળક લલ્લુભાઈ ઘોડિયામાં સૂતા હતા ત્યારે એક મોટો નાગ ઘોડિયા પર ફેણ કાઢીને બેઠો અને લોકો એકઠા થઈ જવાથી ચાલ્યો ગયો. એવી માન્યતા છે કે જેના પર નાગ ફેણ ધરે તે નામાંકિત થાય. લલ્લુભાઇએ જરા મોટા થતાં આ વાત સાંભળી અને તેમના મનમાં એક સુગ્રંથિ બંધાઇ ગઈ કે પોતે આગળ જતાં મહાન વ્યક્તિ થનાર છે.

પાંચ વર્ષે લલ્લુભાઈને ગામઠી નિશાળને બદલે નવી શિક્ષણપદ્ધતિવાળી સરકારી નિશાળે મૂકવામાં આવ્યા. વળી, ઘેર પણ ખાનગી શિક્ષણ માટે બે શિક્ષકો રોકવામાં આવ્યા. ચાર ધોરણ પૂરાં કર્યા બાદ તેમને અંગ્રેજી નિશાળને બદલે પાંચમા ગુજરાતી ધોરણમાં દાખલ કરવામાં આવ્યા. તેથી તેમને લાભ એ થયો કે ગણિતનું જ્ઞાન પાકું થયું, પણ નુકસાન એ થયું કે અંગ્રેજીનો પાયો કાચો રહી ગયો.

અભ્યાસ દરમિયાન, જ્યારે બીજા ધોરણમાં હતા ત્યારે, લલ્લુભાઇને ફ્લ્યુ થયો. તાવની અસર મગજ પર થતાં ત્રીસેક કલાક બેભાન રહ્યા. વેળાસરની કાળજીથી બચી તો ગયા, પણ મગજ પર પડેલી માઠી અસર નીકળતાં ચારેક વર્ષ થયાં. આ માંદગીનું આશ્ચર્યજનક પરિણામ એ આવ્યું કે ચામડીનો વર્ણ કાળો હોવાને લીધે 'કાળિયો' એ વિશેષણથી ઓળખાતા લલ્લુભાઇની ચામડી ગૌરવર્ણી બની, શરીરનો સૂકલકડી દેખાવ ફરી ગયો અને વજન વધવા માંડ્યું.

લલ્લુભાઈ અગિયાર વર્ષના થયા ત્યારે પિતા અને વડીલ બંધુને લાગ્યું કે લલ્લુભાઈના ભાવિ વિકાસ માટે તેમને કાકીબાથી છૂટા કરીને મહારાજા અને અમલદારોના સહવાસમાં આણવા જોઇએ. એ વેળા મહારાજા તખ્તસિંહજીના સાદા અને ભાવનાશીલ વ્યક્તિત્વથી લલ્લુભાઇને તેમના માટે આદરભાવ ઉત્પન્ન થયો હતો. આમ, લલ્લુભાઈ ધીરેધીરે રાજકીય જગતના સહવાસમાં આવતા ગયા.

એ જમાનાની રૂઢિ અનુસાર તેમનો વિવાહ તો તેઓ સાત વર્ષના હતા ત્યારે થઈ ચૂક્યો હતો, અને પંદર વર્ષની વયે, સાતમા ધોરણમાં ભણતા હતા ત્યારે તેમનું લગ્ન પણ થઈ ગયું.

ઈ. સ. ૧૮૭૮માં ગોવર્ધનરામ ત્રિપાઠી ભાવનગરમાં એક નાના અમલદાર તરીકે આવતાં, લલ્લુભાઇને તેમનો પરિચય થયો. ગોવર્ધનરામની સાદાઈ, જ્ઞાન અને સંસ્કારની એવી ઊંડી અસર થઇ કે લલ્લુભાઇને તેમને માટે માન ને આદર વધતાં ગયાં. અહીં રહીને ગોવર્ધનરામે શામળદાસના અમાત્યજીવનનું નિરીક્ષણ કર્યું. લલ્લુભાઈએ નોંધ્યું છે: 'મેં "સરસ્વતીચંદ્ર" પહેલવહેલું વાંચ્યું ત્યારે લાગેલું કે એમાંનું વસ્તુ તેમણે અમુક પ્રમાણમાં ભાવનગરમાં કરેલ દર્શન ઉપરથી લીધેલું. ...મને તો લાગે છે કે બુદ્ધિધનનું પાત્ર મારા પિતા ઉપરથી ઉપજાવેલું છે.'

મૅટ્રિક થયા પછી લલ્લુભાઇ મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. ત્યાં સ્વાતંત્ર્ય અને મિત્રતાભર્યા વાતાવરણમાં તેમની અભ્યાસવૃત્તિ ખીલી ઊઠી. કૉલેજની દ્વિતીય માસિક પરીક્ષામાં તેમના વર્ગના સૌથી વધુ હોશિયાર ગણાતા વિદ્યાર્થી મહાદેવ ગોખલે પર સરસાઇ ભોગવીને તે પહેલે નંબરે આવ્યા ત્યારે તો આખા વર્ગમાં સનસનાટી મચી ગઈ. આ વિજયથી તેમનો આત્મવિશ્વાસ વધ્યો અને પહેલી ટર્મને અંતે સ્કૉલરશિપ પરીક્ષામાં તે ત્રીજા આવ્યા.

કૉલેજજીવન દરમિયાન લલ્લુભાઇએ ખ્રિસ્તીધર્મપ્રચારકોનાં ઘણાં પ્રવચનો સાંભળ્યાં. તેથી જોકે ખ્રિસ્તી ધર્મ વિષે આસ્થા તો ન બેઠી, પણ હિંદુધર્મમાં રહેલા અનેક-દેવવાદ વિષેની આસ્થા તૂટી. પાછળથી ભોળાનાથ સારાભાઈ અને મહીપતરામ નીલકંઠ વગેરેએ સ્થાપેલા પ્રાર્થના સમાજ તરફ તેઓ આકર્ષાયા. વળી, જ્હૉન સ્ટુઅર્ટ મિલ, મોર્લે અને બ્રાડલો જેવા લેખકોની અસર નીચે તેઓ અજ્ઞેયવાદી બની ચૂકયા. પાછળથી વિલિયમ જેમ્સનું 'વેરાએટીઝ ઑવ રિલીજિયસ એક્સપીરીઅન્સિઝ' વાંચતાં તેમનું ધાર્મિક પરિવર્તન થયું.

મુંબાઈ અભ્યાસ કરતા હતા ત્યારે લલ્લુભાઇને દર ત્રણ કે છ અઠવાડિયે તાવ આવી જતો. તેમના પિતાને લાગ્યું કે પુત્રને મુંબાઈની હવા માફક આવતી નથી. એટલે તેમણે એમને અભ્યાસ છોડીને રાજ્યનોકરીએ જોડાવા જણાવ્યું. આમ તો લલ્લુભાઈ પિતાના સૂચનને

લેખક • પ્રા. નરોત્તમ વાળંદ એમ.એ.

વશ થાત નહિ, પરંતુ યુનિવર્સિટીની પરીક્ષા વેળાએ જ તેમને તાવ ચડયો. પરિણામે ગણિતના પેપરમાં બેસી શકયા નહિ અને નાપાસ થયા. આથી પિતાએ ઓછામાં ઓછું એક વર્ષ અભ્યાસ છોડવાનો આગ્રહ કર્યો. લલ્લુભાઇ પણ હવે પિતાની આજ્ઞાને અનુકૂળ થયા અને ખાનગી અભ્યાસ ચાલુ રાખવાની શરતે તે ભાવનગર આવીને મહારાજાના 'અંડર સેક્રેટરી' તરીકે તા. ૧–૧–૧૮૮૧ના રોજ જોડાઈ ગયા.

અઢાર વર્ષની ઉંમરના લલ્લુભાઇને રાજ્યવહીવટનો સામાન્ય અનુભવ પણ નહોતો, પરંતુ ત્રણત્રણ પેઢીની દીવાનગીરીનું લોહી તેમની મદદમાં હતું. વળી પિતા દીવાન હોઈ, રોજ રાત્રે જુદાંજુદાં ખાતાંના અમલદારોની એમને ત્યાં બેઠક યોજાતી તેમાં લલ્લુભાઈ હાજર રહેવા લાગ્યા. આવી બેઠકો રાજ્યનીતિશાસ્ત્રની શાળાની ગરજ સારતી.


નોકરીએ રહ્યા પછી લલ્લુભાઈ પર બે મોટી કૌટુમ્બિક આફતો આવી. ઈ. ૧૮૮૩માં પત્ની નાનીબહેનનું સોળ વર્ષની વયે અવસાન થયું. તે સમયે મોટી ઉમરની કન્યા મેળવવાની મુશ્કેલી હતી; પણ નસીબજોગે મેળ બેસી ગયો. ભોળાનાથ સારાભાઇના પુત્ર ભીમરાવની પુત્રી સત્યવતીનું વેવિશાળ જ્યાં થએલું તે સંબંધ પ્રતિકૂળ લાગવાથી તે તોડી નાખવામાં આવ્યું અને લલ્લુભાઈ સાથે સત્યવતીનું લગ્ન થયું. સત્યવતીનો અભ્યાસ અંગ્રેજી પાંચમા ધોરણ સુધીનો હતો; પિતાપક્ષે પિતા ભીમરાવ, કાકા નરસિંહરાવ અને દાદા ભોળાનાથનો, અને માતાપક્ષે મામા આનંદશંકર ધ્રુવનો સંસ્કારવારસો મળ્યો હતો. એક શાણી ગૃહિણી થવા ઉપરાંત રાજકારણ અને સાહિત્યક્ષેત્રે મિત્ર બનીને પતિને પડખે ઊભી રહી શકે એવી સંસ્કારિતા સત્યવતીમાં હતી.

બીજે વર્ષે પિતા શામળદાસનું તા. ૨૫–૮–૧૮૮૪ના રોજ અવસાન થયું. મહારાજા તખ્તસિંહજીએ હવે શામળદાસના મોટા પુત્ર વિઠ્ઠલદાસને દીવાનપદ આપ્યું અને લલ્લુભાઇને વસૂલાતી અધિકારી (રેવન્યુ કમિશનર) નીમ્યા. આ બંધુબેલડીએ લગભગ ૧૫ વર્ષ સુધી એ સ્થાને રહીને રાજ્યનો સર્વાંગી વિકાસ કર્યો. દુષ્કાળનિવારણ, મહેસૂલી મદદ, રેલવેની વ્યવસ્થા અને પિતાની યાદગીરીમાં સ્થપાએલી શામળદાસ કૉલેજનો વિકાસ—એ બધાં નાનાંમોટાં કાર્યો કર્યાં. રાજ્યની બિનઉપયોગી જગ્યાએ શેરડીનાં ખેતરો તૈયાર કરાવ્યાં, જમીનોના ઝગડાના રાજ્યની કોર્ટમાં ઝડપથી યોગ્ય નિકાલ લાવીને જમીનદારોનો અસંતોષ ટાળ્યો અને એ રીતે બહારવટાનો પ્રશ્ન ઉકેલ્યો. પરિણામે રાજ્યમાં વ્યવસ્થા સ્થપાઇ અને રાજ્યની આવક વધી.

વસૂલાતી અધિકારી હતા તે દરમિયાન લલ્લુભાઇની દિનચર્યા આવી હતી: સવારે પાંચ વાગ્યે ઊઠીને નિત્યકર્મથી પરવારીને તેઓ દસેક વાગતાં સુધી વાચન અને અન્ય કામ પતાવતા. પછી વડીલ બંધુની મુલાકાતે જતા. બાર વાગ્યે ઘેર આવીને જમીને થોડોક આરામ લઇને ઑફિસે જતા. ઑફિસમાં દોઢબે કલાકનું એકધારુ કામ થયા પછી આરામખુરશીમાં પંદરેક મિનિટ વામકુક્ષિ કરી લેતા. પાંચેક વાગ્યે ઘેર આવીને બે માઇલ દૂર વિઠ્ઠલવાડીએ ફરવા જતા. ત્યાં બિલિયર્ડ તેમજ ટેનિસ રમીને સાડાસાત–આઠે ઘેર આવી રહેતા. સાંજે ઘણી વાર મહારાજાની સાથે પણ ફરવા જતા. રાત્રે વાળુ કરીને પત્નીસહ અંગ્રેજી પુસ્તકોનું વાચન કરી અને છાપાં વાંચીને સાડાનવ-દસે સૂઈ જતા.

તેમને વાચનનો શૉખ તો પહેલેથી જ હતો. શાળા-કૉલેજના દિવસોમાં બાયરનનાં કાવ્યો વાંચીને એટલા તો મુગ્ધ થઈ ગએલા કે ઘણી વાર મિત્રો આગળ એમાંનાં અવતરણો બોલતા. હર્બર્ટ સ્પેન્સર અને મોર્લે એમના પ્રિય લેખકો હતા. એમિલ ઝોલાનાં પણ પુસ્તકો વાંચતા. માત્ર નવલકથા જ નહિ પણ અધ્યાત્મવિદ્યા, તત્ત્વજ્ઞાન, ગણિત, ખગોળ અને ઉપનિષદના વાચનનો તેમને ઊંડો શૉખ હતો. સર રાધાકૃષ્ણનનાં ફિલસૂફીનાં પુસ્તકોનાં સૌપ્રથમ અવલોકન તેમણે

સર લલ્લુભાઇ શામળદાસ મહેતાના કુટુંબની વંશાવલિ





શાણી ગૃહિણી ઉપરાંત રાજકારણ અને સાહિત્યક્ષેત્રે મિત્ર બનીને પડખે રહે તેવાં સંસ્કારી પત્ની સત્યવતી

'ધી ઇન્ડિયન સોશ્યલ રિફૉર્મર'માં લખેલાં. પાછલી વયમાં બર્નાર્ડ શૉ, લાસ્કી અને બર્ટ્રાન્ડ રસેલનાં પુસ્તકોનાં અવલોકન તેઓ 'ધ બૉમ્બે ક્રોનિકલ'માં લખતા. તેમના ભાવનગરના ઘરમાં વિશાળ પુસ્તકાલય હતું.

વાચન ઉપરાંત લલ્લુભાઇને ગૉલ્ફ, શૂટિંગ અને 'દશાવતાર' નામની ગંજીફાની રમતનો શૉખ હતો. સંગીત શીખવા ઉસ્તાદો પાસે તાલીમ લેવા છતાં એ શૉખ તેમને લાગેલો નહિ. રાત્રે દરબારમાં ખાનગી કચેરી ભરાતી ત્યારે સંગીતનો કાર્યક્રમ ગોઠવાતો. તેમાં અમલદારોને નોતરવામાં આવતા. આવા પ્રસંગે લલ્લુભાઇને સૌથી પાછળ બેસીને પુસ્તકો વાંચવાનો મહારાજાએ ખાસ હક આપ્યો હતો!



રાજકીય, ઔદ્યોગિક, આર્થિકક્ષેત્રે યશસ્વી પુત્રો જેવું સાહિત્યક્ષેત્રે 'હૃદય ઝરણાં', કાવ્યસંગ્રહ આપનાર પુત્રી સ્વ. સુમતિ

લલ્લુભાઈનાં કુટુંબપ્રેમ નમૂનારૂપ હતો. મોટા ભાઈ પ્રત્યે તેમને અત્યંત પ્રેમ અને આદર હતો. પત્નીની માંદગી વખતે જાતે સારવાર કરીને કુટુંબીજનોની ટીકાનું તે પાત્ર બન્યા હતા. બાળકો માટે તેમને ખૂબ પ્રેમ હતો. નોકરી નિમિત્તે બહારગામ જતા કે હવાફેર કરવા જતા ત્યારે નાના બાળકોને સાથે લઈ જતા. એક વાર લલ્લુભાઈના નાના પૌત્રના હાથે કાચનું વાસણ ફૂટી ગયું. લલ્લુભાઇના મોંમાંથી સહસા વાક્ય નીકળી પડયું: 'ગધેડા જેવો છે!' બોલ્યા પછી તે પસ્તાયા. થોડા વખત પછી એક વડીલને હાથે એવી જ ભૂલ થઈ અને બીજું વાસણ ફૂટયું. તરત પેલા નાના પૌત્રે સ્વાભાવિકરીતે ઉદ્ગાર કાઢયા: 'ગધેડા જેવા છે!' બીજાં કુટુંબીજનો બાળક પર ચિડાઈ ગયાં, પણ લલ્લુભાઈએ શાન્તિથી કહ્યું: 'એના પર ગુસ્સે થવાની જરૂર નથી. એનો ગુરુ હું છું, તો મારા પર ગુસ્સે થાઓ. મારાથી જ એ ભૂલ થઈ ગઈ હતી!'

હાથ નીચેનાં માણસો પ્રત્યે તેમનો દયાભાવ, સમભાવ અને ઔદાર્ય જાણીતાં હતાં. ઘરનો નોકર હમીરજી ગુજરી જતાં તેની વિધવાને આજીવન પેન્શન બાંધી આપેલું. નોકરને પણ તેઓ માનથી બોલાવતા. ગરીબ વિદ્યાર્થીઓને સ્કૉલરશિપરૂપે મદદ કર્યા કરતા.

આવું પ્રેમાળ હૃદય ધરાવનાર લલ્લુભાઈ શિસ્તના આગ્રહી અને કડક ન્યાયી હતા. રાજ્યપ્રકરણી કોર્ટમાં ચાલતા મુકદ્દમાનો યોગ્ય નિર્ણય જ આપતા, અને એમાં કેટલીક વાર તો મહારાજાની ખફગી વહોરીને પણ પોતાના નિર્ણયને વળગી રહેતા. આવા કડક શિસ્તપાલનને લઇને વિરોધીઓમાં તે અળખામણા થઇ પડતા ને મહારાજા સુધી કાનભંભેરણી પણ થતી. છતાં તેમની ન્યાયપ્રિયતા એવી હતી કે મહારાજા તખ્તસિંહજી જીવ્યા ત્યાં લગી તેમનો વાળ વાંકો ન થયો.

તખ્તસિંહજી ગુજરી જતાં તેમના પુત્ર ભાવસિંહજી ગાદીએ આવ્યા. તેમને લલ્લુભાઈ સાથે બહુ બન્યું નહિ. તા. ૨૫-૧૦-૧૮૯૯ ના દિવસે બપોરે મહારાજાએ લલ્લુભાઇને એકાએક મોતીબાગમાં મળવા બોલાવ્યા અને વાતવાતમાં તેમના રાજીનામાની માગણી કરી. લલ્લુભાઇએ તરત જ ટેબલ પર પડેલા કાગળ ઉપર રાજીનામું લખીને મહારાજાને આપી દીધું! આશ્ચર્યમાં ગરકાવ થએલા મહારાજાએ કહ્યું: 'આટલી ઉતાવળથી રાજીનામું આપવાની જરૂર નથી. સાંજ સુધીમાં મોકલી આપશો તો ચાલશે.' લલ્લુભાઈ જવા ઊભા થયા ત્યારે મહારાજાએ પૂછયું: 'તમે એમાં શું લખશો?' લલ્લુભાઈ સમજી ગયા અને કહ્યું: 'મહારાજાના કહેવાથી હું રાજીનામું આપું છું એવું નથી લખવાનો.'

લલ્લુભાઇએ ઘેર આવીને મોટાભાઇને આ વાત કરી. મોટાભાઇએ કહ્યું: 'આ ઉપરથી લાગે છે કે મહારાજાએ આપણા કારભારને વખોડયો છે. માટે મારે યે રાજીનામું આપવું જોઇએ.' આમ, તેમણે પણ રાજીનામું મોકલી આપ્યું. ઓગણીસ વર્ષની નોકરી છતાં લલ્લુભાઇને પેન્શન કે ગ્રૅચ્યુઈટી જેવું કાંઈ અપાયું નહિ, ને આવી મોટી પદવી પરથી કશું પણ કારણ આપ્યા વિના ખસેડયા તેનો તેમને જરા યે રંજ થયો નહિ અને આવેલી પરિસ્થિતિને ઈષ્ટ ગણીને સ્વીકારી લીધી.

હવે લલ્લુભાઇને ભાવનગર જાહેર પ્રવૃત્તિ માટે યોગ્ય ક્ષેત્ર ન લાગતાં તેમણે મુંબાઈ કે અમદાવાદ જવાનું વિચાર્યું. મોટા ભાઇએ પ્રૌઢ માનસથી ભાવનગરમાં જ રહેવા આગ્રહ કર્યો, પણ લલ્લુભાઈના સાહસિક સ્વભાવે મુંબાઈ જવાનો નિર્ણય કરી લીધો. છતાં મોટા ભાઈની ઈચ્છા મુજબ એક વર્ષ ભાવનગર ગાળીને ઈ. ૧૯૦૦ના ઑક્ટોબરમાં તે મુંબાઈ ગયા. તેમને આત્મબળમાં શ્રદ્ધા હતી, પોતાની કાર્યદક્ષતા વિષે દૃઢ વિશ્વાસ હતો, છતાં સુસ્પષ્ટ વર્તમાનને ત્યાગી અસ્પષ્ટ ભાવિને અપનાવતાં તેમણે એવખતે ઠીકઠીક ગ્લાનિ, સંદેહ ને વ્યગ્રતા અનુભવ્યાં.

મુંબાઈમાં એ વેળાએ સુધારાના ક્ષેત્રે મહાદેવ ગોવિંદ રાનડે અને રાજકારણમાં ફિરોજશાહ મહેતા પ્રવૃત્તિ ચલાવતા હતા. લલ્લુભાઇએ એ બંને મહાનુભાવોની મુલાકાત લીધી, પણ એક યા બીજા કારણે બેમાંથી એકેયનું ક્ષેત્ર એમને પસંદ પડયું નહિ. લલ્લુભાઇના મિત્ર વિજભૂખણદાસે તેમને બૅંકિંગનો વ્યવસાય સ્વીકારવાની સલાહ આપી. તે વેળા દેશના આર્થિક વિકાસ માટે બૅંકિંગ, ઈન્સ્યુરન્સ અને ઉદ્યોગ એ ત્રણને લગતી સંસ્થાઓ ઊભી થવી જોઇએ એવું દેશના અર્થશાસ્ત્રીઓ ને ઉદ્યોગપતિઓનું મંતવ્ય હતું. આથી લલ્લુભાઈ એ ક્ષેત્ર તરફ વળ્યા.

ઈ. સ. ૧૯૦૫માં મુંબાઈમાં ઔદ્યોગિક પ્રદર્શન ભરાયું, તેમાં લલ્લુભાઇએ મંત્રી તરીકે કાર્ય કર્યું. ઈ. ૧૯૦૬ની સાલમાં તેમણે ઉદ્યોગપતિઓના સહકારથી 'બૅંક ઑવ ઈંડિયા' સ્થાપી ઈ. સ. ૧૯૦૮માં ગાયકવાડ સરકાર સાથે વાટાઘાટ ચલાવીને બરોડા બૅંકનું નિયોજન કર્યું. આ બંને બૅંકના સંચાલક અને પ્રમુખ તરીકે તેમણે વર્ષો સુધી કામગીરી બજાવી. ઈ. સ. ૧૯૦૮માં તેમણે મિત્રોના સહકારથી વીમાના ક્ષેત્રમાં 'બૉમ્બે લાઈફ ઈન્સ્યુરન્સ કંપની'ની સ્થાપના કરી.

એવામાં ઉદ્યોગપતિ સર વિઠ્ઠલદાસ ઠાકરસીનો (અનુ. પૃ. ૪૩૯/બ)

આત્મકથાનક · ૨૨ જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
અને આલેખક
રવિશંકર રાવળ




શ્રીમન્ નથુરામ શર્મા
આ હપતામાં આવતા
સમયના ગાળાનો
ફોટો

૯૪ ઇતર વાચન

એ કાળે આખા ગુજરાતમાં મુંબાઇનું 'ગુજરાતી' સાપ્તાહિક લોકોનું માનીતું અખબાર હતું. તેમાં લોકો સમજે એવી સરળ છતાં શિષ્ટ ભાષામાં હિંદના રાજકીય બનાવો, તેની ચર્ચાઓ, ધાર્મિક અને સામાજિક બનાવો, જ્ઞાતિ-ચર્ચાઓ આદિ સાથે લોકમત તેમજ જગતની વ્યાપક પરિસ્થિતિનું સિંહાવલોકન વગેરે આવતાં. 'ભરકટોરા રંગ'નું એક પાનું કોઇ પારસી લેખક 'બીરબલ' તખલ્લુસથી લખતા, તેમાં વ્યક્તિઓ અને મતાંતરો પર સરસ વ્યંગ કંડિકાઓ આવતી. એ પત્ર પ્રજામાં સાદ્યંત વંચાતું. બંગાળની હીલચાલની હકીકત તેમાં રજેરજ આવતી. તેના તંત્રી ઈચ્છારામ સૂર્યરામ દેસાઇ (મૂળ સૂરતના) શ્રી બાલ ગંગાધર ટિળકના પૂનાથી નીકળતા 'કેસરી' પત્રને પગલે ચાલી નીડરપણે સરકાર અને લોકોની સખત ટીકા કરતા.

મારા પિતાશ્રી એ 'ગુજરાતી' પત્રના ગ્રાહક બન્યા હતા ને નિયમિતપણે તે વાંચતા. અમને બાળકોને તો તેમાં આવતી ચાલુ વાર્તામાં જ રસ પડતો. વર્ષોવર્ષ મળતાં એ પત્રની ભેટનાં કેટલાંક ઐતિહાસિક વાર્તાઓનાં પુસ્તકો—'હેસ્ટિંગ્સની સોટી', 'હલદીઘાટનું યુદ્ધ' વગેરે મેં વાંચી નાખેલાં; અને 'આનંદમઠ', 'દેવી ચૌધરાણી' વગેરે નવલોથી બંગાળના વિપ્લવનો ખયાલ મનમાં બંધાયો હતો.

આમ છતાં મારા પિતાશ્રીનું વલણ તો આધ્યાત્મિક અને વૈદિક ઉપાસનાવાળી સંસ્કૃતિ તરફ વળેલું હતું. તેઓ રોજ સંધ્યાવંદન સાથે ગીતાનો એકાદ અધ્યાય વાચતા. મારાં માતુશ્રી પણ ધીરેધીરે 'ચંદ્રકાન્ત' ભાગ ૧લો 'ભામિનીભૂષણ', રામાયણ વગેરે બપોરના ધીરેધીરે વાંચતાં. ઘરમાં તો સાહિત્યગ્રંથોનો કોઈ સંગ્રહ નહોતો. માત્ર વડીલો નિશાળોમા ભણી ગએલા તે ચોપડીઓનું એક ખોખું ભરેલું પડયું હતું. સાધારણરીતે ફુરસદ મળે તો પિતાશ્રી 'પંચદશી' કે 'યોગકૌસ્તુભ' જેવા પુસ્તકોનું અવલોકન કરવા બેસતા. એમના મનનું વલણ યોગસાધનાના પ્રકારો, પ્રાણાયામ, ભૂસ્ત્રિકા કે આસનો સિદ્ધ કરવા તરફ રહેતું અને તેમાં બીલખાનિવાસી ગુરુ શ્રીમન્ નથુરામ શર્મા તરફથી આદેશો મેળવતા. મારાં માતુશ્રીની તબિયત પણ આવાં ધ્યાન-ઉપાસનાના પ્રકારોથી સુધરી હતી, એટલે આખા ઘરમાં શ્રી નથુરામ શર્માનું નામ 'ગુરુદેવ' તરીકે આદરપાત્ર બન્યું હતું. મારા મનમાં પણ બીલખા અને મહાત્માશ્રીનાં દર્શનની અભિલાષા જાગી હતી.



'આ પૂર્ણિમાએ
બીલખા જવું છે ને?'

એવા સમયમાં એક વાર હું પિતાશ્રીની સાથે બજારમાં નીકળ્યો, ત્યાં કોઇ જાણીતાની દુકાન આગળ તેમના એક મિત્ર મળી ગયા. કાળી દક્ષિણી ચકરી પાઘડીવાળા એ ગૌર વર્ણના સજ્જનના કપાળમાં ભસ્મનું ત્રિપુંડ હતું. તેમના મુખ પર ભરાવદાર મૂછો નીચે સ્મિત ફરકતું અને આંખો હસુંહસું થતી. લાંબા કાળા આલપાકાના કોટ ઉપર ગળા પરથી ઝૂલતો ખેસ એક હાથ પરથી લહેરાતો. સ્વચ્છ ઝીણું ધોતિયું અને નવા જેવા બૂટ પહેરેલા આ ગૃહસ્થને જોતાં જ તેમને વંદન કરવાનું મન થઇ જાય. તેમની આંગળીએ એક નાનો તરવરતો કિશોર હતો. પરસ્પરના 'જયગુરુ' વંદન પછી પિતાશ્રીએ પૂછ્યું: 'કાં હરગોવિન્દભાઈ, આ પૂર્ણિમાએ બીલખા જવું છે ને?' 'એમાં કહેવાનું શું? મને તો એક દિવસ આગળથી હાજર થવાનો પૂજ્યશ્રીનો આદેશ આવ્યો છે. આ વખતે હું આ 'નાના'ને તથા તેનાં બાને સાથે લેવાનો છું.' પછી મારી તરફ જોઈ કહ્યું, 'આને પણ લેતા આવો; બન્ને છોકરાઓને સોબત મળશે અને આનંદ કરશે.'

આ વ્યક્તિ તે પિતાશ્રીના ગુરુભાઈ હરગોવિન્દદાસ, ભાવનગરના સ્ટેશન-માસ્તર હતા. એ દિવસથી ઉત્તરોત્તર તેમને મેં મારા પૂજ્ય ગુરુજનોમાં સ્થાન આપ્યું. ત્યારે કલ્પના પણ નહોતી કે તેમની આંગળીએ આવેલો કિશોર કોઇ કાળે મારો નિકટનો સંબધીજન બની જશે.

૯૫ બીલખાનો સમારંભ

મારા પિતાશ્રીની સાધનાથી પ્રભાવિત થઈ મારા કાકા હરિલાલભાઈ પણ આ વખતે તેમના કેટલાક મિત્રો સાથે આશ્રમની દીક્ષા લેવા બીલખા આવનાર હતા, તેથી મારે માટે બીલખા જવાનું સરળ બન્યું. મને પણ મારા કાકાની સોબત વધુ ફાવતી હતી એ વર્ષની કાર્તિકી પૂર્ણિમાના ગુરુપૂજન-સમારંભમાં પિતાશ્રી સાથે હું બીલખા ગયો. ભાવનગરથી જ હરગોવિન્દભાઈ, નાનો અને તેના માતુશ્રી ટ્રેઈનમાં સાથે હતાં. જેતલસરથી જૂનાગઢની ગાડી બદલાતાં રાજકોટ, પોરબંદર વગેરે સ્થળોનો ભાવિક શિષ્ય-સમુદાય ભેગો થઈ ગયો.



આશ્રમની અંદરનું દૃશ્ય એક તપોવન જેવું હતું

એ વખતે વિશ્વનાથભાઈ પાઠક,(રામનારાયણભાઇના પિતા),ગોવિંદજીભાઇ, માણેકલાલભાઇ ચંદારાણા વગેરે પ્રમુખ શિષ્ય-મુરબ્બીઓને મેં ઓળખ્યા. બીજા કેટલાક અધિકારીઓ, કારભારીઓ કે મોટા વેપારી લાગતા મનુષ્યો આ પ્રમુખ શિષ્ય-વૃંદને બહુ નમ્રતા અને આદરથી વંદન કરી મળતા-ભેટતા. રાજકોટથી આવેલા ગણપતરામ અનુપરામ ત્રિવેદીએ મને જોતાં જ મારું બાળપણ સંભારી આપ્યું. આથી જાણે થોડાઘણા પૂર્વકાળના સંબંધીજનો વચ્ચે હું આવ્યો છું એમ લાગ્યું. અમારી સાથે ભાવનગરથી આવેલા બટુક 'નાના'ને આ મોટાની દુનિયામાં ગમ પડી નહિ એટલે તેણે મારી જ સોબત પકડી રાખી.

જૂનાગઢથી બીલખા સુધી ટ્રેઇન ન હતી,એટલે ઘણાખરાએ જૂનાગઢ ઊતરીને બીલખા તરફના દરવાજે જઈ ગાડાં બાંધી લીધાં. કેટલાકે તો સામાન ગાડામાં રાખી ચાલવાનું જ પસંદ કર્યું. અહીં મને પ્રથમ વાર સાવ નજીકથી ગિરનારનું દર્શન થયું. તેની તળેટી ફરતો બીલખાનો ગાડા-રસ્તો ઘણો આનંદદાયક અને કુતૂહલપૂર્ણ બન્યો. ગુરુદાતારનું શિખર દૂરથી જોયું. ગાડામાં કેટલાક ગિરનારના સાધુઓની વાતો કરતા હતા, તેમાં મહાત્માશ્રી પોતે પણ ગિરનારની મુચકુંદ ગુફામાં એકાંતમાં ચાતુર્માસ રહ્યા હતા તેની વાતો સાંભળી.

બીલખા આશ્રમ વિષે પણ સુંદર વર્ણનો સાંભળ્યાં. બીલખા ગામની નદીના આ કિનારે માઇલેક દૂર આશ્રમ છે, એટલે ગામ દૂર જ રહે છે અને આશ્રમ પહેલો આવે છે. આશ્રમનાં વૃક્ષો અને મકાનોની ઝાંખી થઈ કે તરત કેટલાક ભક્ત-શિષ્યોએ 'સદ્‌ગુરુદેવ કી જય' બોલાવવા માંડી. લગભગ સંધ્યા ટાણે અમારાં ગાડાં આશ્રમની ડહેલી બહારના ચોગાનમાં જઈ ઠર્યાં.

એ ડેલી દરવાજો મુખ્ય પ્રવેશદ્વાર હતું. અને તેની અંદર પેસતાં જ ચોકિયાતો તથા સ્વાગત-કાર્યકરો બેઠેલા જણાયા. તેમની પાસે આગંતુકો પોતાનાં નામ લખાવી, ઉતારાની જગ્યા જાણી, પોતપોતાનો સામાન મજૂરોની મદદથી લઈ જવા લાગ્યા. પિતાશ્રી અને હરગોવિન્દભાઈ આદિ પ્રમુખ શિષ્યવૃંદ માટે એક અલગ ઉતારાની વરધી અપાઇ હતી. તેઓ આશ્રમના આપ્તજનો ગણાતા, તેથી તે દરેક જણ માટે પૂર્ણિમાઉત્સવની વ્યવસ્થામાં પણ કામગીરી નક્કી થઈ ગઈ હતી: કોઈને નિજમંદિરમાં (એટલે ગુરુશ્રીની પાસે) તો કોઈને રસોડામાં તો કોઇને સ્નાનગૃહમાં. અને તેમણે તરત તે તે કામો સંભાળી લીધાં.

આશ્રમનું અંદરનું દૃશ્ય એક તપોવન જેવું બની ગયું હતું. મોટા ચોગાનમાં ચારે બાજુની દીવાલોને અડીને એકઢાળિયાં છાપરાંવાળાં બેઠા ઘાટનાં મકાનો હતાં. વચ્ચે રસ્તા અને ચાલવાના માર્ગો રાખી બધી જગ્યા ચોરસ પથ્થર-લાદીઓથી જડેલી હતી.

કૂવાની આસપાસ ઘટાદાર બગીચો હતો. તેની વચ્ચેના ચૉકમાં સ્નાન કરી, ધાબળી કે સ્વચ્છ પંચિયું પહેરી અનેક જનો આસનો જમાવી-સંધ્યા-જપ-પ્રાણાયામ કરી રહ્યા હતા. કોઈ ઊભા જ રહ્યા હતા, તો કોઇએ પદ્માસન ખેંચ્યાં હતાં. અમે જલદી સાયંસ્નાન માટે કૂવા પર પહોંચી ગયા. 'નાના'ને પણ એ જ વર્ષે જનોઈ મળી હતી. તેણે તો લંગોટીભેર સ્નાન કરી લીધું. ઠંડી ઠીકઠીક હતી, પણ નવાં સ્વચ્છ વસ્ત્રોવાળા આશ્રમના મજૂરો ગરમ પાણી લાવી આપતા અને કૂવામાંથી પાણી ખેંચી આપતા. કેટલાક જુવાન શિષ્યો વડીલોને જુએ તો એમનું પાણી ખેંચી આપે તેમનાં વસ્ત્રો ધોવાનું માથે લે એમ કંઇ ને કંઈ સેવા કરવાની તત્પરતા બતાવે. નવાજૂના ત્યાં ભેગા થઈ જાય ત્યારે–'આવી પહોંચ્યા કે?' 'જયગુરુ!' કહી પરસ્પરનું અભિનંદન કરતા.

મોટાઓ પોતપોતાના કામમાં લાગી ગયા. કોઇ કોઠારમાં, કોઈ રસોડા પર તો કોઇ મહેમાનો માટે દીવાબત્તી પાગરણની ગોઠવણ કરવા લાગ્યા. આવી તૈયારી પાંચસોથી અધિક જનસંખ્યા માટે આશ્રમમાં હતી. ઉપરાંત બીલખા દરબારે પણ શિષ્યભાવે પોતાનાં સાધન-સામગ્રી મોકલી આપ્યાં હતાં. મુંબાઈવાસી કોઈ શ્રીમંતે આ વખતના ત્રણે દિવસનો ભોજનખર્ચ ઉપાડી લીધો હતો.

હરગોવિન્દકાકાએ નાનાને મારા સાથમાં ભળાવી દીધો, એમની રેલવેની નોકરી અંગે તેને સ્ટેશન બહારની દુનિયાનો બહુ ઓછો ખયાલ હતો. મારાથી તે ચારપાંચ વર્ષ પાછળ હોઇ તેનું અંગ્રેજી ભણતર હજી શરૂ થયું હતું; પણ તેનાથી મોટાભાઈ મસ્તરામ મારાથી એક જ વર્ષ પાછળ હતા અને સૌથી મોટા પોપટભાઇ મૅટ્રિકમાં હતા. આમ મારા માટે કુટુંબમંડળ સમું એક નવું પરિચય-ક્ષેત્ર ઊઘડતું દેખાયું.

સાયં-સ્નાન-સંધ્યાનો સમય પૂરો થયો. શુક્લ ચૌદશનો ચંદ્ર આકાશમાં દેખાયો. બગીચામાંનાં કરેણ અને મોગરાનાં ફૂલો પૃથ્વી પરના તારાની જેમ ચમકી ઊઠયાં અને મહેકની બહારથી વાતાવરણને પવિત્ર અને સુગંધમય બનાવી રહ્યાં. રસોડાનો ઘંટ વાગ્યો અને દરેક જણને પડિયામાં મોહનથાળનાં મોટાં બે ચોસલાં અને ચેવડાના ઉપાહાર સાથે છાલિયું ભરી દૂધ અપાવાનું શરૂ થયું. તે લઈ સૌ કૌમુદી–ઊજળા ચૉકમાં જુદાંજુદાં ટોળાંમાં આનંદ-પ્રમોદ કરતા બેઠા અને ગુરુશ્રી સાયંકર્મથી પરવારી બહાર પધારે તેની રાહ જોવા લાગ્યા.

૯૬ ગુરુશ્રીનું દર્શન

તે પહેલાં પિતાજી અમને બીજે દ્વારેથી ભીતરના નિજમંદિરમાં, જ્યાં ગુરુશ્રી વિરાજતા હતા ત્યાં લઈ ગયા. આ પ્રસંગે મારા મનમાં બહુ જ ઇંતેજારી જગાડી હતી. આટલા બધા મુરબ્બીઓ અને પૂજ્ય પુરુષો જેમનું સ્મરણ કરીને અહોભાવ અનુભવે છે તે વ્યક્તિને સાક્ષાત્ જોવાનો પ્રસંગ સમીપ આવી ગયો એ ક્ષણ મારા જીવનમાં બહુ અગત્યની બની ગઈ. અંદરના એક ઓરડામાં ખૂણાના બારણામાથી મને પિતાશ્રી જે ખંડમાં લઇ ગયા તે મોગરા અને અગરબત્તીની સુવાસથી મધમધી રહ્યો હતો. ત્યાં હરગોવિન્દકાકા અને બીજા વડીલોને હાથ જોડી ઊભા રહેલા જોયા. અમારી અગાઉ દાખલ થએલા જમીન પર લાંબા પડી દંડવત્ પ્રણામ કરી રહ્યા હતા. તેના કેન્દ્ર તરફના ખૂણામાં, બારી પાસે બાજઠ જેટલા ઊંચા મેજની પાછળની ગાદી પર વિરાજેલા, પંચકેશમંડિત મસ્તક પર ઠંડી નિવારતી સાધુ-ટોપી નીચે ભસ્મશોભિત મુખમુદ્રામાંથી મંદ હાસ્યયુક્ત વાણીથી આવનારનું કુશળ પૂછતા 'પ્રભુશ્રી'ને મેં જોયા. આશ્રમની દરેક વ્યક્તિ આ ઉપનામથી તેમને સંબોધતી.



મેં પણ સાષ્ટાંગ વંદન કર્યું

પિતાશ્રીની સાથે મેં પણ સાષ્ટાંગ વંદન બે વાર કર્યું તે વખતે મારી સામે જોઈ તુરત વદ્યા : 'આ રવિ કે? રાજકોટ સાંભરે છે?'

'થોડું થોડું.' સંકોચથી મેં જવાબ આપ્યો.

પિતાશ્રીએ મારાં માતુશ્રીના (તેમનાં વંદન સાથે) સમાચાર કહ્યા : અને મારા અભ્યાસ તથા શૉખ વિષે વાત કરી. એ બધો વખત તેઓ મારી તરફ પ્રસન્નતાપૂર્વક જોઇ રહ્યા હતા. મોટા શિષ્યોમાંથી કોઈએ સૂચના કરી : 'મહાશંકરભાઈ, આ વખતે એને લાવ્યા છો તો એને દીક્ષાનો લાભ અપાવો.'

'એની ઇચ્છા થતી હોય તો જ, નહિ તો સમય જવા દો.'

'કેમ, દીક્ષાના નિયમો પળાશે?' એમ ગુરુશ્રીએ વચમાં પૂછ્યું.

'યથાશક્તિ પ્રયત્ન કરીશ.' મેં કહ્યું.

એવામાં એક પંચકેશધારી યુવાને આવી દૂધ ભરેલા રૂપાના પ્યાલાવાળી ફલાહારની રૂપાની થાળી મેજ પર મૂકી વંદન કર્યું.

'વાલદાસ! કંઈ કહેવાનું છે?' દૂધ પીતાં તેઓશ્રીએ પૂછ્યું.

'જી હા કૃપાનાથ. આ વખતે મહેમાનો ઘણા આવ્યા છે અને સૌ દર્શન માટે બહારના ચૉકમાં એકત્ર થયા છે. અંદર સમાસ થશે નહિ, એટલે ચૉકમાં પધારવાની કૃપા થાય તો સૌને સરખો લાભ મળે.'

'સારું, એ પ્રમાણે થશે. માણેકલાલજી, એ પ્રમાણે સૌને કહો.'

'જય કૃપાસિંધો!' કરી માણેકલાલકાકા બહાર નીકળ્યા. તેમની પાછળ અમે પણ ફરી દંડવત્ કરી બહાર આવ્યા.

બહારના લોકોએ ચાખડીઓ ખખડી તે સાંભળી. ખંડનાં બારણાં ઊઘડયાં. બારણા આગળ ઊભા રહેલા એક મોટા પેટવાળા પંચકેશધારીએ તીણા પણ બુલંદ સાદે 'સદ્ગુરુદેવની જય' બોલાવી ને સૌથી પહેલા દંડવત્ કર્યા. પછી તો જેમજેમ પાદુકા આગળ પડતી ગઈ તેમતેમ ટપોટપ વનનાં વૃક્ષો પડે એમ દંડવત્ પડવા લાગ્યા. પોતે બે હાથે સર્વને વરદમુદ્રાથી આશીર્વાદ આપતા ધીર ગતિએ ચૉકમાં આવ્યા.

ચૉકના વાતાવરણમાં એક કેન્દ્રમાંથી વહેતી કલ્યાણ અને નિર્વિકલ્પ આનંદની જાણે હવા ફેલાઈ ગઇ. દરેકને મોક્ષનાં દ્વાર બતાવનાર ભોમિયો હાથ લાગ્યો એવું દેખાયું. દરેક જણ મોટાંનાનાંના ભેદ વિસરી એમની ગતિની સાથે ચૉક પર ફરવા લાગ્યાં. કોઇને ઉપદેશ કે વચનો સાંભળવાની પડી નહોતી. આ પરમ પુરુષનું દર્શન થયું તેમાં જ તેમના પ્રવાસની સાર્થકતા માની. કોઈકોઈ જૂના શિષ્યો આગળ આવતા તેમને પિછાની તેઓશ્રી ખબરો પૂછતા. એમ નિત્ય નિયમ પ્રમાણે થોડું ફરી પાછા નિજમંદિરમાં જઇ વિરાજ્યા, એટલે કેટલાક પોતપોતાના સ્થાને ગયા; પણ મોટો ભાગ નિજખંડની લાંબી પરસાળમાં બેસી ગયો. ત્યાં દ્વારપાળ સમા ઊભેલા સ્થૂળકાય પંચકેશધારીને કોઈએ કહ્યું : 'રામજીભાઇ, ભજન સંભળાવો'; એટલે 'સદ્ગુરુની જય' બોલાવી રામજીભાઇએ

'સદ્ગુરુ-શરણ વિના અજ્ઞાનતિમિર ટળશે નહિ રે'

એ ભજન ગાયું. ભવબંધનમાંથી છૂટવાની ચિંતાવાળાઓને આજે અહીં એ ભય ટાળવાનો મોકો મળ્યો હતો એમ લાગ્યું.

આ રામજીભાઇ નિજભવનના એક નિરક્ષર દાસ હતા પણ આશ્રમના સંસ્કારે નિયમિત સ્નાનસંધ્યા કરી ભસ્મ લગાવી ફરતા, ચાતુર્માસમાં પંચકેશ રાખતા. એક વખત એક નવા આવેલા કવિભક્તે તેમને પડછંદ સ્વરૂપમાં પંચકેશ સાથે બેઠેલા જોયા ત્યારે એ જ મહાત્માશ્રી છે એમ જાણી એમને દંડવત્ પ્રણામ કરેલા! પછી જ્યારે જાણ્યું કે તે મહાત્માશ્રી નથી ત્યારે તેમણે તે પર એક કવિતા કરી, જેની બીજી કડી હાથ લાગી છે :

'ગણી મહાત્મા હું નમ્યો અજાણ્યો,
તપાસ કરતાં નીકળ્યો લુહાણો!'

મહાત્માશ્રીને પણ આથી વિનોદ મળ્યો.

બરાબર ઘડિયાળના દસના ટકોરે મહારાજશ્રી ઊભા થયા અને નિજખંડમાંથી શયનખંડમાં જઇ બે ઘડી બારણા આગળ ઊભા રહ્યા, એટલે આપ્ત શિષ્યોએ તેમને ત્યાં છેલ્લું દંડવત્ વંદન કર્યું; તે સ્વીકારી લઈ એમણે બારણાં બંધ કર્યાં કે તરત ફરી 'સદ્ગુરુદેવ કી જય'નો પોકાર થયો. પછી વડીલો સાથે હું બહાર આવ્યો. તેમને તો કૈંક ઓળખીતાઓ મળી ગયા. સૌને આવતી કાલના પૂજન-સમારંભની ભારે તૈયારીઓ કરવાની હતી. ઘણા આશ્રમવાસીઓએ પંચકેશ રાખ્યા હતા તે જ્યાંત્યાં નીકળે કે તેમને પણ સાધકો ધારી ઘણા વંદન કરતા.

૯૭ આશ્રમનું વાતાવરણ

અહીં મેં સાંભળ્યું કે સાધુ નાગાર્જુનભાઈના ભાઈ માલદેવભાઇ જે પોરબંદરમાં તાજેતરમાં ચિત્ર-શિક્ષક થયા હતા તે મહાત્માશ્રીનું મોટું ઑઇલ પેઇન્ટિંગ કરી લાવ્યા છે અને આશ્રમને અર્પણ કર્યું છે. એ ચિત્ર પ્રભુશ્રીને બતાવી દીધું હતું અને આશ્રમના વ્યાખ્યાનખંડમાં ઊંચે રાખવાનું ઠર્યું હતું. મેર જાતિના નાગાર્જુન દીક્ષિત થઇ ભેખ લઇને આશ્રમમાં રહ્યા હતા. તેમના ભાઈ માલદેવ રાણાએ મુંબઇની આર્ટ સ્કૂલમાં તાલીમ લીધી હતી એ બધી વાતો મારા માટે રસપ્રદ બની હતી અને વડીલોની સાથે એ ચિત્ર મેં જોયું ત્યારે મને પણ થયું કે આવું ચિત્ર હું કયારે કરી શકીશ. આશ્રમના ચૉકમાં એક ભાઇએ જમીન પર કપડું પાથરી દુકાન ખોલી હતી તેમાં આશ્રમનાં પુસ્તકો, ગીતા, રુદ્રાક્ષની માળાઓ વગેરે વેચાતાં હતાં.

આશ્રમના ઉતારાઓમાં ઠેરઠેર જપતપ, ધ્યાન, યોગ, વગેરે ચર્ચાઈ રહ્યાં હતાં. કોઇ કોઇ જગ્યાએ અનુભવીઓ આસનો કરી બતાવતા હતા, કોઈ પ્રાણાયામ કરી બતાવતા હતા, એમ સર્વત્ર મોક્ષ-સાધકોનો મેળો જામ્યો હતો. પવિત્રતા જાળવવા નવેણ, એકાંત, સ્વચ્છતા, નિઃસંગ વગેરે કેટલાં જરૂરનાં છે તેની વાતો ચાલતી (અનુ. પૃ. ૪૩૮મે)

પાસ/નાપાસ

હરિકૃષ્ણ રા. પાઠક

જેમાં કોઈક ○ મૂકે છે અને કોઈક ×

'કાં ગિરીશ, તારી ભાભીનો નંબર લઈ આવ્યો કે?'

'હા મોટાભાઇ.'

'શો નંબર છે!'

'૫૩૧૫.'

'હં...મ...' થોડી વાર રહીને જિતુભાઈએ પોતાની સ્વભાવગત ટીખળી વૃત્તિને વાચા આપી. ને 'સરવાળો તો જાણે...ચૌદ–એટલે ચાર ને એક પાંચ.' અને ઓરડા તરફ મોં ફેરવીને કહ્યું, 'આમ તો લકી કહેવાય; પણ હવે જોજે, આ શુકનિયાળ નંબરને પાછી બુદ્દ ના બેસાડતી'!

તેમનાં પત્ની રેખાબેને છણકો કર્યો: 'ભલે અમે બૂંદિયાળ રહ્યાં. એક ફૉર્મના પૈસા ભરવા પડ્યા તેમાં યે જોર પડ્યું, તે આવુંઆવું બોલે છે. આ સ્વભાવ તો, ભગવાન જાણે કે દી સુધરશે.'

'તું મૅટ્રિક પાસ થશે તે દી.'

'સુધર્યાં, સુધર્યાં. પ્રાણ ને પ્રકૃતિ તો સાથે જ...'

'એટલેસ્તો લાંબી મુદત નાખું છું ને!'

દરેક વખતે ચર્ચાને અંતે છેલ્લું વાક્ય જિતુભાઈનું જ હોય.

પરિણામના દિવસની આગલી રાતે જિતુભાઇ ફળિયામાં ખાટલો નાખી પડ્યા હતા, ત્યાં ડેલીનું બારણું ખખડ્યું. તારવાળાએ આવીને તારનું પરબીડિયું આપ્યું. હસતાંહસતાં જિતુભાઇએ તે ખોલ્યું, વાંચ્યું અને મોટેથી બૂમ મારી: 'સાંભળ્યું કે? આ તારા ભાઇનો તાર છે. લખે છે–પાસ થવા માટે હાર્દિક અભિનંદન!'

જિતુભાઈની રોજની રામાયણ સાંભળનારાં પાડોશીઓ સૌ જિજ્ઞાસાથી દોડી આવ્યાં. જિતુભાઇએ સૌને હસીહસીને આવકાર આપ્યો. ચા-પાણી યે પાયાં, અને રેખાબેનને કહી પણ દીધું, 'આપણે કાલે સાંજના પાર્ટી રાખીએ. તારે કહેવું હોય તે બધાંને કહેવડાવી દેજે. તું પાસ થઇ એથી વધારે મોટી ખુશાલી કઇ હોય?'

બીજે દહાડે સારી એવી સંખ્યામાં આમંત્રિતો એકઠાં થયાં. કોઇ ખરેખર અભિનંદન આપવા આવ્યાં હતાં, તો કેટલાંક પરિણામની પાકી ખાતરી કરવા! તો વળી કોઇની આંખમાં પરીક્ષાનું ધોરણ નીચું ઊતરી ગયાનો પાકો સંદેહ જણાતો હતો! કોઇએ તો પૂછ્યું પણ ખરું, 'છાપું ક્યાં છે? લાવો તો જરા, આ એક બે નંબર જોવાના છે.'

જિતુભાઇ કહે, 'તાર આવી ગયા પછી છાપું લેવાની શી જરૂર?' અને પછી તો જે કોઇએ છાપાની પૃચ્છા કરી તે દરેકને એ જ ઉત્તર મળ્યો.

ત્યાં ટપાલી આવ્યો અને એકસામટા ત્રણ પત્રો નાખી ગયો. જિતુભાઇએ પ્રાસ્તાવિક શરૂઆત કરતાં કહ્યું, જોયું? 'આજે ત્રણ તો કાગળ આવ્યા છે.' અને મોટા અવાજે એક પછી એક વાંચવા લાગ્યા:

'વહાલી સખી રેખા,

આજે તને ઘણા સમયે પત્ર લખું છું. તું પરીક્ષામાં બેસવાની છો તે વાત પહેલાં તો હું માનતી જ નહતી! પણ બે મહિના પહેલાં અમદાવાદમાં જિતેન્દ્રરાય મળ્યા ત્યારે તેમને પૂછીને ખાતરી કરી લીધી હતી. તારો નબર પણ તેમણે જ આપ્યો હતો. મને લાગે છે કે હવે મારે તારા વિષેનો મારો અભિપ્રાય બદલવો પડશે! જોજે પાછું ખોટું લગાડતી! આ તો જરા ગમ્મત કરું છું. પાસ થવા માટે અભિનંદન!

લિ. તારી બેન લીલા'

અને આ એના ભાઇનો કાગળ.

'સૌ. બહેન રેખા,

વિશેષ લખવાનું કે, ચિ. ભાઇ વિનુએ કરેલો તાર મળી ગયો હશે. તેં તો પાસ થઇને કમાલ કરી છે. હું તો ખૂબ જ ખુશ થઈ ગયો છું. આજ પૂ. બાપુજી પણ જુદો પત્ર લખે છે. પાસ થવા બદલ મારા તરફથી તને રૂ ૧૦ ઇનામના જાહેર કરું છું. તને ગમે તે લઇ લેજે અને બિલ મોકલી આપજે.

લિ. મોટાભાઇના આશિષ

એના બાપાનો કાગળ પણ છે:

'એતાન શ્રી મહાશુભસ્થાન ભાવનગર મુકામે સર્વ શુભોપમા-લાયક શ્રી જિતેન્દ્રરાય તથા સૌ. બેન રેખાની દીર્ઘાયુષી ઘણી હજો. સ્વસ્થાન શ્રી અમદાવાદથી લિ. ખુશાલદાસના આશીર્વાદ. ચિ. સૌ. બેન રેખાને માલમ થાય કે તું પાસ થઇ તેથી અમે બધાં ખૂબ જ ખુશી થયાં છીએ, અને તારી બાની મગની બાધા છૂટી છે. હવે તું તને ગમે તેવી રૂા. ૨૫)ની સાડી લઈ લેજે અને બિલ મોકલી આપજે અને ખુશીસમાચારનો કાગળ લખજે. –ખુશાલદાસના આશીર્વાદ

તા. ક. તારો નંબર ૩૨૨૫ બધાં છાપાની ઑફિસોમાં જોઈને ખાતરી કરીને જ તાર કર્યો હતો, કારણકે તારા ભાઇઓને વિશ્વાસ નો'તો પડતો. પણ મને ને તારી બાને તો મનમાં પાકી ખાતરી હતી જ.

અત્યાર સુધી આખા સમારંભને હિંસક નજરે જોઇ રહેલાં રમીલા-બેને આંખો ફાડીને પૂછ્યું, 'જરા ફરીથી વાંચો તો! કીયો નંબર જોયો એમ લખે છે?'

જિતુભાઇ પહેલાં તો જરા ખમચાયા; પછી હસીને કહ્યું,

'કેમ વળી? નં. ૩૨૨૫.'

'પણ રેખાબેને તો મને કાંઈક બીજો નંબર...બળ્યું, શું? યાદ ય નથી આવતો...પણ હતો કાંઇક જુદો!'

ત્યાં તો રેખાબેન રસોડામાંથી બહાર આવ્યાં ને ગુસ્સામાં પૂછ્યું, 'તમે મારા બાપાને કયો નંબર આપ્યો'તો?'

'૩૨૨૫.'

'પણ મેં તો તમને નંબર પાંચ હજાર ત્રણસો ને પંદર આપ્યો છે.'

'અલ્યા ભૈ, જરા ખાત્રી કરી જૂઓ...આ છાપું તો મારી પાસે મોજૂદ છે.' કહેતાં જ ભગવાનજી મહારાજે થેલીમાંથી ચોળાઇ ગએલું છાપું બહાર કાઢ્યું, અને એક નંબર જોવા માટે અઢાર માથાં ને પાં-ત્રીસ આંખો તેના પર ઝૂકી પડ્યાં.

ત્રણ મિનિટની પડાપડી બાદ સર્વાનુમતે જાહેર થયું: 'નંબર ૫૩૧૫ તો છાપામાં છે જ નહિ, નાપાસ થાય છે!!'

રેખાબેન લાલપીળાં થઇ ગયાં ને જિતુભાઇ સામે તાડુક્યાં: 'તમને ય શું આવી ગમ્મત સૂઝે છે? મારા બાપાની યે મશ્કરી?!'

અને પગ પછાડતાં બાજુના ઓરડામાં ચાલ્યાં ગયાં.

જે હરખ કરવા આવ્યા હતા તે ખરખરો કરવા લાગ્યા ને જિતુભાઇને ઠપકો આપવા લાગ્યા: 'શું ભલા માણસ! તમને તો મશ્કરી સિવાય કાંઈ સૂઝતું જ નથી? આવી તે મશ્કરી હોય?'

જિતુભાઇએ ક્ષોભ–સંકોચ–શરમ ખંખેરીને કહ્યું: 'આમ કરવાની જરૂર જ હતી. મેં ઘણી યે ના કહી'તી, પણ પરીક્ષા આપવાની લત લઇને બેઠી'તી. બાકી મને તો પાકી ખાતરી કે ઇ પાસ થાય જ નહિ!'

ત્યાં તો રેખાબેને બહાર આવીને રોષ સાથે પૂછયું, 'અને થાઉં તો યે તમે શું કરી વળવાના હતા?'

'તો તો આ તને ઇનામના રૂપિયા પાંત્રીસ મળ્યા છે ને, એમાં બીજા પાંત્રીસ મારા તરફથી ઉમેરીને રૂપિયા સિત્તેરની ખાદી સિલ્કની સાડી અપાવી દઉં...સમજી?'

'એમ છે? મોઢેથી બોલ્યા હો તો હવે ફરી ના જતા!'

'ના...ના, આટલા બધા વચ્ચે બોલ્યો છું તો ફરી તો શાનો જાઉં!'

'તો...લ્યો, આ જુઓ!' કહેતાં જ રેખાબેને ગુણપત્રકનું પતાકડું જિતુભાઈ સામે ધરી દીધું!

રેખાબેનના નામ સાથે નં. ૫૨૨૪, અને 'પાસ'નો શેરો જોઈને જિતુભાઇએ આશ્ચર્યથી મોં ફાડીને પૂછ્યું, 'આ શું?'

'મારો નંબર...જુઓ જરા આંખો ફાડીને...સરવાળો તો તેર થાય છે, પણ બૂંદિયાળ નંબરને ય મેં શુકનિયાળ બનાવી દીધો છે!... અમે જાણી જોઇને જ તમને ખોટો નંબર આપ્યો'તો! હું કયાં તમને નથી ઓળખતી?...હવે પહેલાં રૂપિયા સિત્તેર ઢીલા કરો, પછી બીજી વાત. મારા બાપા પાસેથી આવશે એટલે તમારા પાંત્રીસ આપી દઇશ'

ત્રીજે જ દિવસે ખાદીસિલ્કની નવી સાડી પહેરીને રેખાબેન ફરવા નીકળ્યાં. જિતુભાઇને ય કચવાતે મને સાથે નીકળવું પડયું હતું. ઘરની મેડી પરથી ગિરીશે હસતાં હસતાં પૂછયું, 'કાં મોટાભાઇ, ફોટો પડાવવા ચાલ્યા?'

'પાડી મૂકયો છે ફોટો...મારી તો ફિલમ ઊતરી ગઇ!'

સાંકેતિક લિપિઓ-૬] . . . . . **કરપલ્લવી** . . . . . **[સુશીલા આર. પટેલ**

કરપલ્લવીનો અર્થ હાથથી વ્યક્ત થતી સાંકેતિક ભાષા થાય છે. નૃત્યશાસ્ત્રમાં હાથની મુદ્રાઓથી ઘણા ભાવો તથા સંકેતો વ્યક્ત થાય છે, તેમ કરપલ્લવીનાં શોધકોએ પણ એવી મુદ્રાઓનો ઉપયોગ કર્યો છે. કદાચ આ સાંકેતિક ભાષા નૃત્ય વિશારદોએ જ નહિ શોધી હોય?

કરપલ્લવીમાં 'અ' વગેરે સ્વરોનો ઉલ્લેખ 'અરિફેણ' (સાપની ફેણ) અથવા 'આદર્શ' (આરસી)ની મુદ્રાથી થયો છે. હાથને સાપની ફેણ જેવો દેખાડી પછી તે 'અ' વર્ગનો કેટલામો અક્ષર છે તે બીજા હાથની આંગળીઓના વેઢાથી જણાવાય છે. માણસના હાથમાં પાંચે આંગળીઓના મળીને ૧૫ વેઢા અને ૧૬મી હથેળીનું તળિયું છે. એક હાથથી અરિફેણ બતાવી બીજાહાથની આંગળીઓના વેઢાની સંખ્યા બતાવવાથી ધારેલો 'સ્વર' વ્યક્ત થઈ શકે છે.

વ્યંજનો બતાવવા માટે 'ક' વર્ગના અક્ષરો બતાવવા માટે 'કમળ' મુદ્રા, 'ચ' વર્ગના અક્ષરો માટે 'ચક્ર' મુદ્રા, 'ટ' વર્ગના અક્ષરો બતાવવા માટે 'ટંકાર' મુદ્રા (ટકોરો વગાડતા હોય તેવો સંકેત) 'ત' વર્ગના અક્ષરો માટે 'તાલમુદ્રા' અથવા 'તરુમુદ્રા' 'પ' વર્ગના અક્ષરો માટે 'પર્વત' મુદ્રા યા 'પાસક' (રમવામાં પાસા નાખતા હોય તેવી) મુદ્રા, 'ય' વર્ગના અક્ષરો માટે 'યૌવન' મુદ્રા (યૌવનની નિશાની મૂછ છે,તે ઉપર હાથ ફેરવવો) અને 'શ' વર્ગના અક્ષરો માટે 'શૃંગાર' મુદ્રા (ડોકમાં ઘરેણું છે તેમ સૂચવવા ડોકે હાથ ફેરવવો) કરવી. પછી તે વર્ગમાં એ કેટલામો અક્ષર છે તે જણાવવા આંગળી ઊંચી કરવી.

તેમાં હવે 'કુમાર' શબ્દ કહેવો હોય તો, જમણા હાથથી કમળમુદ્રા બતાવી પહેલી (ટચલી) આંગળી ઊંચી કરવાથી 'ક' વર્ગનો પહેલો અક્ષર 'ક' જણાવવો; અને તેમાં 'ઉ'નામનો જે પાંચમો સ્વર છે તે બતાવવા માટે ડાબા હાથની આંગળીઓનો પાંચમો વેઢો (અનામિકા આંગળીનો વચલો વેઢો) બતાવવો. એટલે 'કુ' અક્ષર સ્પષ્ટ થશે.


'મા' બતાવવા માટે 'પર્વત' મુદ્રા દેખાડી અંગૂઠો ઊંચો કરો એટલે 'પ' વર્ગનો પાંચમો અક્ષર 'મ' થશે. તેમાં 'આ' સ્વર છે તે ડાબા હાથની આંગળીનો બીજો વેઢો દેખાડવાથી 'મા' બનશે

છેલ્લે 'ર' માટે 'યૌવન' મુદ્રા દેખાડી, બીજી આંગળી ઊંચી કરી, ડાબા હાથની પહેલી આંગળીનો પહેલો વેઢો દર્શાવવાથી 'ર' અક્ષર થશે. (જુઓ ચિત્ર)

આ પલ્લવીમાં 'સિદ્ધ' અને 'સાધક'-ની જેટલી વધુ નિપુણતા હોય તેટલા વધુ શબ્દો કે વાકયો જણાવી શકાય. 'સિદ્ધ' એટલે ગુપ્ત સંકેત કરનારો અને 'સાધક' એટલે એ સંકેત ઝીલનારો.

ઘણા મદારી લોકો આવા જ સંકેતોથી પોતાના સાગ્રીતને સૂચના આપે છે. કેટલાક બની બેઠેલા 'મહાત્માઓ'-ને તેમના ચેલાઓ આવા જ સંકેતોથી સમાચાર જણાવીને 'એ સિદ્ધ મહાત્મા મનની વાત જાણે છે' તેવો પ્રચાર કરે છે. આમ સાંકેતિક ભાષાનો દુરુપયોગને સદ્‌ઉપયોગ બંને થાય છે પ્રાચીન સમયમાં ગુપ્તચરો ને પ્રેમીઓ આ સંકેતોથી વ્યવહાર કરતા. આથી જ 'કામસૂત્ર'માં કરપલ્લવીનો ઉલ્લેખ છે.

કરપલ્લવીનો એક સચિત્ર લેખ અગાઉ શ્રી કરણસિંહ ચુડાસમાએ ૩૧૦મા અંકમાં આપેલો તે જોવા ભલામણ છે.



શાસ્ત્રીજી શિવશંકર

મુકુન્દરાય વિ. પારાશર્ય

આયુર્વેદ દ્વારા લોકહિત સાધવાના ઝંડુ ભટ્ટજીના કાર્યમાં જામનગરના વૈદ્ય પ્રભાશંકર બને તેટલા સહાયરૂપ થતા. (વિ. સં. ૧૯૨૩માં તે માંદા હતા અને ઘરઆંગણે રહેવાની ઝંડુ ભટ્ટજીની સલાહ હતી, છતાં વૈદ્યરાજ ઝંડુભટ્ટજીએ મુંબાઈમાં દવાશાળાની શાખા નાખવા પોતાના નાનાભાઈ મણિશંકરને મોકલ્યા તે સાથે પ્રભાશંકર પણ ગએલા. મુંબાઇમાં તેમનો રોગ વધ્યો. પણ મુંબાઈની શાખા સ્થિર દઢ થયા પછી જ એ જામનગર પાછા આવ્યા. પણ ત્યારે એ રોગ અસાધ્ય થઈ ગયો હતો. બનતા ઉપચારો કર્યા પણ તે બચ્યા નહિ. 'મારાથી જે કંઈ થઈ શકયું છે તેનો મને સંતોષ છે' એમ તે કહેતા. એ પ્રભાશંકરના અવસાનથી ઝંડુભટ્ટજીને ઘણું દુઃખ થયું. એ વારંવાર કહેતા કે 'પ્રભાશંકર જતાં શાળાનો એક સ્તંભ તૂટી પડયો છે, એના પિતાના કાકા શિવશંકરની પેઠે દૈવ તેને પ્રતિકૂલ પડયું; નહિ તો પ્રાતઃસ્મરણીય મહાત્માઓ જેવું લોકકલ્યાણનું કામ એ કરી જાત.' એ શાસ્ત્રી શિવશંકરની આ વાત છે.

ત્રણ ભાઈઓમાં શિવશંકર વચેટ. નાનપણથી સ્વભાવે ઘણા શાન્ત ને વિદ્યાગ્રહણમાં ઘણા ચપલ તથા તીવ્ર સ્મરણશક્તિવાળા હતા. એ જમાનામાં જામનગર 'છોટી કાશી'ના નામે ઓળખાતું. ત્યાં મંદિરોની સંખ્યા ઘણી હતી તે જ કારણ ન હતું, પણ પશ્ચિમ હિંદમાં તે વિદ્યાનું મુખ્ય ધામ હતું. દ્વારકા જતાં રસ્તામાં તે આવતું અને તેથી ત્યાં ઘણા બ્રાહ્મણો, વિદ્વાનો ને સાધુસંન્યાસીઓનો નિવાસ તથા અવરજવર હતાં. શિવશંકરનો જન્મ વિદ્યાસંપન્ન શાસ્ત્રીકુટુંબમાં થએલો. જન્મથી વિદ્યાના સંસ્કારવાળા અને અભિરુચિવાળા બાળક-કિશોર શિવશંકરને એ વિદ્વાન સાધુસંન્યાસીઓના સતત સમાગમ મળ્યા કરતો. આથી પ્રાચીન ભારતીય તત્ત્વજ્ઞાન પ્રત્યે તેનો અનુરાગ દઢ થયો હતો. કેવળ એક વખત સાંભળીને શ્લોકને કંઠસ્થ કરી શકનાર શિવશંકર નવા આવનાર સંન્યાસીઓ પાસેથી બને તેટલું જ્ઞાન ગ્રહણ કરવાનું ચૂકતા નહિ.

શિવશંકર બાલ્યકાળથી વિરક્ત હતા. મિષ્ટાન્ન હોય કે સામાન્ય અન્ન હોય, તેનો એ ભેદ ન કરતા. વ્યાવહારિક શુભ અવસર કરતાં મંદિરોના ઉત્સવો અને કથાકીર્તનને વધુ મહત્ત્વ આપતા. જોકે વ્યવહારના માઠા પ્રસંગે તે અચૂક હાજર થઈ જતા. માતાપિતાના ભક્ત હોવા ઉપરાંત બીજાનું કરી છૂટવા તરફ એમનું ધ્યાન વધુ રહેતું. પરહિત કરી પોતાનું ઋણ અદા કરવા તે તત્પર રહેતા.

એક વખત તરુણ વયે પિતા સાથે કોઈ ગામમાં એ ભાગવતકથા વાંચવા ગએલા. એ ગામના એક ગરીબ ખેડૂતે પોતાની જમીન ખેડવા પોતાને ત્યાં બળદ ન હોવાથી કોઈ ઓળખીતાની બળદજોડી ચાર છ દિવસ માટે લીધેલી, તેમાં એક બળદ સર્પદંશથી મરી ગયો. એ ખેડૂતને શિવશંકરે સલાહ આપી; બળદ મરવાનો હતો અને મરી ગયો એ વાત ખરી, પણ તમારી રખેવાળી નીચે બળદ મરી ગયો માટે તેના માલિકને તમારે જીવતો બળદ ખરીદીને તરત દઈ દેવો જોઈએ.'

એ ગામના એક વણિક સજ્જને કહ્યું: 'વ્યાસ બાપા! (એ જમાનામાં કથા કરનાર વ્યાસ કહેવાતા) વાત તો સાચી, પણ ન પહોંચતો માણસ એ કરે કઈ રીતે?'

શિવશંકરે કહ્યું: 'એ કસોટી છે. પહોંચતો ન હોય ત્યારે પણ જે ધર્મને વળગી રહે છે તે ખરો ધર્મ પાળે છે.'

શિવશંકર પ્રથમ પિતા પાસે અને પછી પોરબંદરમાં ઋગ્નાથ ભટ્ટ (જુઓ અંક ૪૭૬માં 'મોટાં વહુ'ની કથા) પાસે શ્રીમદ્ ભાગવત તથા વેદાન્ત ભણવા રહેલા, ત્યારથી ઋગ્નાથ ભટ્ટના મોટા પુત્ર યદુનાથ જોડે તેમને મૈત્રી હતી. બન્ને મિત્રોનાં લગ્ન બાલ્ય વયે થએલાં. એ જમાનામાં પરણ્યા પછી બ્રાહ્મણોમાંથી કોઇકોઈ વધુ અભ્યાસ માટે કાશીએ જતા. અંધાધૂંધીના એ વખતમાં યદુનાથ કાશીએ જવા તૈયાર થયા ત્યારે શિવશંકરે તેની સાથે જવા માતપિતાની આજ્ઞા માગી. માનું મન માનતું ન હતું. શિવશંકરે કહ્યું: 'પ્રભુને પામવા વનમાં જઈ તપશ્ચર્યા કરવાની બ્રાહ્મણપુત્રને જનેતાએ તો આજ્ઞા આપવી જોઇએ અને તમે ના કેમ કહો છો?'

માએ કહ્યું: એક વચન આપ તો કહું.'

શિવશંકરે હા કહી, એટલે માએ કહ્યું: 'મને તારો ડર લાગે છે. માટે માગું છું કે તું ઘેર ઝટ પાછો આવજે; સંન્યાસી થઈ જતો નહિ.'

'સંન્યાસી નહિ બનું' એમ માને કહી શિવશંકર યદુનાથ સાથે કાશીએ ગયા ને ત્યાં જ્યોતિષ, વ્યાકરણ, ન્યાય તથા વેદાન્તનો અભ્યાસ કર્યો. એ જેમજેમ અભ્યાસમાં આગળ વધતા ગયા તેમતેમ પ્રાચીન જ્ઞાનસંપત્તિ જોઈ આશ્ચર્યમુગ્ધ થતા ગયા અને તત્કાલીન પરિસ્થિતિ જોઈ જ્ઞાનની પુનઃપ્રતિષ્ઠા માટે તેમના મનમાં મહત્ત્વાકાંક્ષા ઊઠી. એક મહાન શાસ્ત્રી થઈ અનેક શિષ્યો દ્વારા જ્ઞાનની પ્રતિષ્ઠા અપાવવા જીવન સમર્પિત કરવાનો તેમણે સંકલ્પ કર્યો, અને તે માટે કાશીવાસ કરી વહેલો સંન્યાસ લઈ લેવા તે વિચારવા લાગ્યા.

આ સંકલ્પને સિદ્ધ કરવાના બીજાં ચારેક વર્ષના પ્રયત્નમાં શિવશંકરે શાંકરભાષ્ય સહિત પ્રસ્થાનત્રયી, શ્રીમદ્ ભાગવત, સારસ્વત વ્યાકરણ વગેરે ગ્રંથો કંઠસ્થ કરી લીધા. યોગની પ્રક્રિયાઓ પણ તે શીખતા હતા. એવામાં યદુનાથે સંન્યા સલીધો ને કાશી છોડી હરદ્વાર તરફ ચાલી નીકળ્યા. થોડા વખત પછી યાત્રાર્થે હાલારથી આવેલા કોઈ જ્ઞાતિજને શિવશંકરને તેના પિતા નારણજીભટ્ટ તથા પત્નીના અવસાનના ખબર આપ્યા. સાથે માતાએ મોકલાવેલો સંદેશો પણ આપ્યો. કહ્યું: 'આ ખબર સાંભળી સંન્યાસ લઈ ચાલી ન નીકળતો. તારી જનેતા ને તારું ઘર તારી રાહ જુએ છે.' ઉત્તરમાં શિવશંકરે કહેવડાવ્યું: 'મારામાં સંન્યાસની પાત્રતા નથી. હું વેળાસર આવીશ.'

આને બે વર્ષ પછી અભ્યાસ પૂરો કરી શિવશંકર ત્રીશ વર્ષની વયે પાછા જામનગર આવ્યા ને માતાને પોતાની જીવનની ઉમેદ જણાવી ઉમેર્યું: 'એ માટે મને કુટુમ્બના બંધનમાં ન નાખો તો સારું.'

માએ કહ્યું: 'તું પરણે તો તારી સંભાળ લેવાય, ને ઘેર છોકરો થાય તેને તું ધારે તેવો બનાવી શકે, એ બે કારણે તું પરણે તેમ હું માનું છું.'

માની ઈચ્છાને માન આપી શિવશંકર પરણ્યા. પુત્ર જન્મ થયો. એ પછી માતાનું તથા બીજી વખતનાં પત્નીનું અવસાન થયું.

જે નિર્ણય કાશીમાં લીધેલો તેને શિવશંકર વળગી રહ્યા. અધ્યાપન એ જ એમનું જીવનકાર્ય બની રહ્યું. આ માટે ભાઇઓ સાથે સહિયારા ઘરમાં રહેવાને બદલે તેમણે અલગ આશ્રમની ગોઠવણ કરી અને નમાયા ત્રણ વર્ષના પુત્રને પણ સાથે લીધો. કાશીથી આવી તરત અધ્યાપનનું કાર્ય હાથ ધરેલું ત્યારે પ્રારંભમાં તો ગામમાંથી વિદ્યાર્થીઓ આવતા. તેમને એ કર્મકાંડ, ભાગવત તથા વ્યાકરણ વગેરે

ભણાવતા. પણ જામનગરમાં જે સંન્યાસીઓ જતા આવતા તે શાસ્ત્રીજીની વિરક્તિ તથા જ્ઞાનનિષ્ઠાને કારણે તેમના પર મુગ્ધ થતા અને એ સંન્યાસીઓએ ફેલાવેલી નામનાને કારણે વરસો જતાં કાઠિયાવાડ-ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ આવતા રહેતા. પણ આ બધા વિદ્યાર્થીઓ પોતાના વ્યવહારને ઉપયોગી થાય તેટલું જ ભણીને રજા લેતા. આમાં પોતાના ભત્રીજાઓ પણ હતા. વિદ્યાર્થીઓની જ્ઞાનવિમુખતા જોઇને શાસ્ત્રીજીને ઘણો ખેદ રહેતો. જ્ઞાન આપવા પોતે તત્પર હતા પણ લેનાર કોઈ જ ન હતું!

શાસ્ત્રીજીની દૃષ્ટિ અને એકમાત્ર આશા હવે તેમના પુત્રમાં હતી. પુત્ર ત્રણેક વર્ષનો હતો ત્યારથી પળેપળે નવું જ્ઞાન આપવા અને દૃઢ કરાવવા તે પ્રયત્ન કર્યા જ કરતા. પુત્ર પ્રસન્નતાથી એ ઉપદેશ ઝીલી શકતો. શાસ્ત્રીજીના ચિત્તમાં થોડો સંતોષ હતો.

ગુરુકુળ પેઠે આશ્રમ ચલાવતાં દશ-અગિયાર વર્ષ થયાં. પુત્ર કરુણાશંકર તેરચૌદ વર્ષનો થયો. એ વખતે બહારગામના આઠદશ વિદ્યાર્થીઓ હતા. તેમાં એક પંદર વર્ષનો હળવદનો વિદ્યાર્થી હતો. તેના પિતા જાતે આવીને એ વિદ્યાર્થીને શાસ્ત્રીજીને સોંપી ગએલા. છોકરો નિત્યકર્મમાં આળસુ હતો, ભણવા તરફ પણ ઉદાસીન હતો; પણ બાપનો એકનો એક પુત્ર હતો તેથી જો કર્મકાંડ પણ ન શીખે તો ઠીક નહિ એમ કહી એના પિતાએ શાસ્ત્રીજીને એ ભળાવ્યો હતો.

પ્રારંભમાં શાસ્ત્રીજીને લાગ્યું કે પોતાના યત્ન નિષ્ફળ જશે, પણ રહેતે રહેતે તે વિદ્યાર્થી અધ્યયનમાં સારું ધ્યાન આપવા લાગ્યો, નિયમિત થવા લાગ્યો. એવામાં શ્રાવણ માસમાં બધા વિદ્યાર્થીઓ આમંત્રણથી બહાર કોઇને ત્યાં જમવા ગએલા, ત્યાંથી આવ્યા પછી અચાનક એ વિદ્યાર્થીને ઝાડા-ઊલટી થઈ ગયાં ને વિષૂચિકાના રોગમાં દોઢ દિવસમાં તે ગુજરી ગયો. શાસ્ત્રીજીને અકથ્ય આઘાત થયો.

એ જમાનામાં વિદ્યાર્થી ઘરઆંગણે ગુજરી જતો તો ગુરુ તેની પુત્ર પેઠે અંત્યેષ્ટિ ક્રિયા કરતા, ઉત્તર કાર્ય કરતા અને શોક પાળતા. શાસ્ત્રીજીએ એ સર્વ કર્યું. પણ એ ઉત્તરકાર્ય વખતે જ બહારગામના બધા વિદ્યાર્થીને તેમણે રજા આપી દીધી.

વિદ્યાર્થીના અવસાનના ખબર તેના પિતાને શાસ્ત્રીજીએ પોતાના ભાઈ સાથે કહેવડાવેલા. કારજ પૂરું થતાં પોતે પોતાના પુત્ર કરુણાશંકરને તેડી ગુજરનાર વિદ્યાર્થીના પિતાને ત્યાં લૌકિકે ગયા. એકનો એક પુત્ર મરી જતાં ઘરમાં કાળો કેર વર્તી રહ્યો હતો. ઘરમાં એક વૃદ્ધ ડોશી હતાં તેણે કહ્યું: 'શાસ્ત્રીજી! મારો એકનો એક દીકરો ગયો. તમે ગમે તેવા હો, પણ તમારા દીકરાને કાંઈ ન થયું ને તમને સોંપેલો મારો દીકરો મેં ખોયો. હવે તમે કાંઈ થોડો જ તમારો દીકરો અમને દઈ દેશો?'

શાસ્ત્રીજીએ કહ્યું, 'હું દેવા જ આવ્યો છું, માડી!'

શાસ્ત્રીજીના પુત્રને દત્તક લઈ લેવા ડોશી અધીરાં થયાં. પહેલાં ઘરમાં ચર્ચા થઇ. પછી ગામના બ્રાહ્મણોને પૂછ્યું. સહુ સંમત થયા. દત્તક લેવાની ચાલતી વિધિ વખતે દત્તક લેનાર બ્રાહ્મણ અચાનક શાસ્ત્રીજીને ચરણે માથું મૂકી રોઈ પડયા. કહ્યું, 'તમારો પણ એ એકનો એક છે. મારે તમારા પુત્રને દત્તક નથી લેવો. મને ક્ષમા દો.'

શાસ્ત્રીજીએ કહ્યું: 'મારે આશ્રયે રહેતો એ પુત્ર ગયો તે પુત્રને બદલે મારે દેવો જ જોઈએ, એટલે દેવા આવ્યો છું. મેં તો આપી જ દીધો છે, તમારે લેવો બાકી છે.'

'હું નહિ સ્વીકારું' બ્રાહ્મણે કહ્યું: ને શાસ્ત્રીજીને તેમના પુત્ર સાથે જામનગર વળાવવા તે છેક મોરબી સુધી આવ્યા.

એ શાસ્ત્રીજીને પછી પુત્રનું બંધન પણ રુચ્યું નહિ. છ-આઠ મહિને સંન્યાસ લઈ તે કાશીક્ષેત્ર તરફ નીકળી ગયા.

૪૧૭ ('કુમાર' અંક ૪૭૮)

ક્ષાર અને ખનિજ પદાર્થો

આહાર અને આરોગ્ય-૪૬

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરીરની બધી કામગીરીઓ થવા માટે પ્રાણવાયુ અને પાણી ઉપરાંત ૨૯ દ્રવ્યોની અનિવાર્ય જરૂર છે. એમાં દસ એમાઇનો ઍસિડો, અગિયારમી દ્રાક્ષશર્કરા (ગ્લુકોઝ) અને બારમા લિનોલિક ઍસિડ ઉપરાંત છ વિટામિનો છે. બાકીનાં અગિયાર તે સોડિયમ, પોટાશ્યમ, કૅલ્શ્યમ, મૅગ્નેશ્યમ, ફૉસ્ફરસ, લોહ, તાંબું, ગંધક, મૅન્ગેનીઝ, ક્લોરીન અને આયોડીનનાં ખનિજ દ્રવ્યો છે.

માનવશરીરના બંધારણમાં કુલ પંદર કે વધારે ખનિજ તત્ત્વો હોવાનું મૅક્કૅરિસન કહે છે. હચિન્સન ઓગણીસ ગણાવે છે. આમાંનાં ઉપર જણાવેલાં અગિયાર તો શરીરના બંધારણ અને કામગીરી માટે ખાસ જરૂરી છે. એ પૈકી કેટલાંક મોટા પ્રમાણમાં જોઇએ, તો કોબાલ્ટ મૅન્ગેનીઝ, તાંબું, જસત, ફ્લુઓરિન અને આયોડિન જેવાં જૂજ પ્રમાણમાં. આ બધાં યે ખનિજ તત્ત્વો મળીને આખા શરીરનો આશરે ૨૫મો ભાગ—૧૫૦ રતલ વજનના શરીરમાં ૬ રતલ વજન—રોકે છે.

કૅલ્શ્યમ, પોટાશ્યમ, સોડિયમ, મૅગ્નેશ્યમ, લોહ, તાંબું, જસત, મૅન્ગેનીઝ, જેવાં તત્ત્વો અલ્કગુણધર્મી છે, જ્યારે ફૉસ્ફરસ, આયોડીન, ગંધક, ક્લોરીન, ને સિલિકોન અમ્લગુણધર્મી છે. લીલોતરી શાક અને ભાજી, કંદ, ફળો, દૂધ, મધ, ગોળ વગેરેમાં અલ્કગુણી ખનિજો છે, તો શુક અને શિમ્બી ધાન્યો, કવચવાળાં ફળો, ઇંડાં માંસ ને મચ્છીમાં અમ્લગુણી. અલ્ક ને અમ્લ તત્ત્વો એકઠાં મળતાં ક્ષારો બને છે.

ખનિજ તત્ત્વોની કામગીરી શરીરમાં મહત્ત્વની છે. તેઓ શરીરની પેશીઓના ભાગ રૂપ હોવા ઉપરાંત પરસ્પર સાથે રાસાયણિક સંબંધમાં રહી શરીરની ક્રિયાઓના નિયમનમાં સહાય કરે છે. કેટલાંક ખનિજ તત્ત્વો બધા કોષોના બંધારણમાં, તો બીજાં વળી હાડકાં અને દાંતના બંધારણમાં મોટો ભાગ ધરાવે છે. બધાં ખનિજ તત્ત્વો શરીરનાં પ્રવાહીઓનો સપ્રમાણ (નૉર્મલ) વિનિમય કરી આપે છે, કેટલાંક વળી લોહીની શમતા (ન્યૂટ્રાલિટી) જાળવીને લોહીના જામી જવામાં સહાય કરે છે, તો બીજાં માંસપેશીઓની સપ્રમાણ સંકોચનશીલતા અને જ્ઞાનતંતુઓની ઉત્તેજના જાળવે છે. કેટલાંક પાચક રસોના બંધારણમાં ભળે છે તો બીજાં વળી ફેફસાંમાંથી પેશીઓમાં પ્રાણવાયુના અને પેશીઓમાંથી ફેફસામાં અંગારવાયુના વહનમાં ભાગ લે છે. સમસ્ત શરીરના તંત્રને અસર પમાડનારા આંતરસ્રાવી રસોના ઉત્પાદનમાં પણ ખનિજ ક્ષારો જરૂરી છે.

શરીરમાં મહત્ત્વનો એક ક્ષાર તે મીઠું—સોડિયમ ક્લોરાઈડ છે. તે શરીરની બધી જ પેશીઓ અને પ્રવાહીઓમાં છે. જિંદગીના અસ્તિત્વ માટે તે ખચિત જરૂરી છે અને ખોરાકમાં જો તેનું બિલકુલે ય પ્રમાણ ન હોય તો જાન જોખમમાં આવી પડે છે. ગરમ ભઠ્ઠી અને ખાણોમાં કામ કરનારાઓને થતા વધુપડતા પરસેવાથી શરીરમાંથી પુષ્કળ મીઠું વહી જાય છે. તે જો નિમક-મિશ્રિત પાણીથી ભરપાઇ કરી દેવામાં ન આવે તો ત્રાસદાયક ચિહ્નો થઈ આવે છે.

કૅલ્શ્યમ પણ શરીરમાં વધારે પ્રમાણમાં છે અને તે પછીનું સ્થાન છે ફૉસ્ફરસનું. શરીરના વજનનો પાંચમો ભાગ રોકતા ઘટ્ટ ભાગો—દાંત ને હાડકાં—ના બંધારણમાં એ બન્ને ભાગ લે છે. આપણા પુદ્ગળ

(સ્કૅલેટન)ની, હૃદયની અને બીજી કામગીરીના નિભાવ માટે કૅલ્શ્યમ જરૂરી છે. લોહીમા તો એનું વાજબી પ્રમાણ નિભાવી રાખવાની એટલી બધી જરૂર છે કે ગળામાં આવેલી પૅરાથાઇરૉઇડ નામની ચાર ચાર ગ્રંથિઓ તે જાળવવાનું ખાસ કામ ઉપાડે છે. આહારમાંથી જો કૅલ્શ્યમનું પૂરતું પ્રમાણ ન મળે તો આ ગ્રંથિઓ હાડકાંમાંથી કૅલ્શ્યમ મેળવી લઇને વિપદ સમયની ભીડ ટાળે છે. પણ આ ન્યૂનતા જો લાંબી ચાલે તો ટિટૅની નામની રોગાવસ્થા પેદા થાય છે.

ફૉસ્ફરસ કાર્બોહાઇડ્રેટની ચયાપચયતામાં ઉદ્દીપક તરીકે વર્તે છે, તો ગંધક પેશીઓમાં ઑક્સિજનના ઉદ્દીપન માટે જરૂરી છે. ગંધક આપણને પ્રોટીનમાંથી મળે છે અને ગંધક–દાતા પ્રોટીન ન ખવાય તો શરીરને ભારે ખોટ પડે છે.

શરીરમાં સોડિયમ કરતાં જોકે પોટાશ્યમ વધારે છે ખરું, છતાં પોટાશ્યમ કરતાં સોડિયમ વધારે ખાવું જોઇએ છે, કેમકે કોષોની કામગીરી માટે તે ખાસ જરૂરી છે. મૅગ્નેશિયમ હાડકાંના બંધારણમાં રહેલું છે. ઉપરાંત માસપેશીઓ અને બીજી પોચી પેશીઓમાં પણ કૅલ્શ્યમ કરતાં તે વધારે છે. પ્રાણીમાં એનું પ્રમાણ ખૂટવાથી ધ્રુજારી અને તાણ થાય છે.

આયોડીન જોકે શરીરમાં છે તો બહુ જૂજ, પણ તેના વિના તો જિંદગી અશક્ય જ થઇ પડે. બધું મળીને ટાંકણીના ટોપચાને ઢાંકે એટલું પણ આયોડીન આખા શરીરમાં નથી હોતું, છતાં પણ શરીર વિષે એના એટલો પ્રભાવ છે કે તે ન હોય તો માનવ ઠીંગણો અને ઠોઠ બને છે, જ્યારે તેના સૂક્ષ્મ પણ અસ્તિત્વથી તેને સપ્રમાણ શારીરિક વિકાસ અને બુદ્ધિમત્તા લાધે છે.


કોબાલ્ટ, તાંબું અને જસતની તો શરીરમાં માત્ર છાંટ જ (ટ્રેઈસિઝ) હોય છે. પણ તાંબા અને કોબાલ્ટની એ સૂક્ષ્મ માત્રાઓ પણ લોહીના લાલ કણોનું હિમોગ્લોબીન બનવામાં જરૂરી છે. લોહ પણ એનો એક અંતર્ગત ભાગ છે.

જસત ઈન્સ્યુલીનના ઉત્પાદન માટે જરૂરી છે. ઍલ્યુમીનિયમ, સોમલ, બૅારોન ને સિલિકોનની છાંટ તો શરીરમાં હોવી જ જોઇએ. સૂક્ષ્મ પ્રમાણમાં આવેલું ફ્લુઓરીન દાંતનું એનૅમલ બનાવે છે.

આ બધા ખનિજ ક્ષારો જોકે પ્રોટીનના જેવા પેશીઓના ઘડનારા તો ન કહી શકાય, પણ તે તેમને રક્ષનારા તો છે જ. તે પેશીઓને મજબૂતાઈ, હાડકાંને ઘટ્ટતા (કૉન્સૉલિડેશન) અને શરીરને પ્રતિકારશક્તિ આપે છે. પ્રોટીનના પરિપાકો 'ઍમાઇનો-ઍસિડો' જો શરીર રૂપી ઈમારતની ઈંટો જેવા છે, તો આ ખનિજ ક્ષારો પેશીઓ અને હાડકાંને મજબૂતાઇ બક્ષનારા સિમેન્ટ જેવા છે. શરીરની બધી જ પેશીઓ, પ્રવાહીઓ અને લોહીમાં સભર રહેલા ખનિજ ક્ષારો કોષની સર્વ ક્રિયાઓ, ઑક્સિજનની, વૃદ્ધિ અને સ્રાવમાં ભાગ લે છે. તેમનાથી પેશીઓ પાણી શોષી શકે છે અને વ્યયદ્રવ્યોને ગુરદાઓ વાટે બહાર ફેંકી દે છે. હૃદય, માંસપેશીઓ અને જ્ઞાનતંતુઓની અક્ષુબ્ધ ક્રિયાઓ થવામાં ખનિજ ક્ષારો સહાય કરે છે. વળી તેઓ લોહી અને શરીરના પ્રવાહીઓને ન તો અમ્લ કે ન તો અલ્ક, પણ શમ (ન્યૂટ્રલ) રાખે છે.

જુદાજુદા ખોરાકોમાં ખનિજ તત્ત્વો જુદાં જુદાં પ્રમાણ અને જથ્થામાં રહેલાં છે. વળી સ્થાન, જમીનની જાત, ખાતર અને ખેડ પ્રમાણે પણ ખોરાકના ખનિજ ઘટકોમાં ફેર રહે છે. દૂધમાં કૅલ્શ્યમ છે, તો તે લોહમાં ઊતરતું છે. ઘઉં ને બાજરીમાં લોહ છે, પણ તેમાં કૅલ્શ્યમ ઓછું છે. પ્રોટીનમાંથી ગંધક મળે છે, પણ બધાં જ પ્રોટીનોમાં કંઈ ગંધક હોતો નથી.

શુક ધાન્યોના ઉપલા પડમાં ખનિજતત્ત્વો સમાએલાં છે. ચોખા



પૉલિશ કરવામાં અને ઘઉંમાંથી મેંદો બનાવવામાં આ ધાન્યોમાંથી ઘણાં ખનિજ નાશ પામે છે, જેની સાથે વિટામિનો પણ નાશ પામે છે. આટલા માટે જ હાથછડના ચોખા અને હાથઘંટીનો લોટ ખાવાનું મહત્ત્વ છે. ખોરાકનાં કોઈ ખનિજો (દા.ત. ચોખાનું ફૉસ્ફેટ) પાણીમાં ઓગળે છે. ભાત ઓસાવવાથી ઘણું ફૉસ્ફેટ બહાર ફેંકાઇ જાય છે, ને તેની સાથે જલ દ્રાવ્ય વિટામિનો પણ. આ કારણે ભાત ઓસાવાય તે ઓસામણ દાળ કે શાક ચડાવવામાં નાખવું જોઇએ. આ જ રીતે લીલોતરી શાક તથા ભાજીનો રસો પણ નહિ છાંડતાં ખાઇ જવાનો છે.

મળોત્સર્ગ દ્વારા ખનિજ પદાર્થો શરીરમાંથી ઓછા થાય છે. એમને પાણી અને ખોરાકથી ભરપાઈ કરવા આવશ્યક છે. શરીરના દરેક જીવંત કોષના બંધારણમાં આવેલાં આ દ્રવ્યો જિંદગીની પાયાની બધી ક્રિયાઓ માટે જરૂરી છે. પાણી અને ખોરાકની જેમ જ ખનિજ ક્ષારો વિના પણ જીવન અશક્ય છે.

બધા ખનિજ ક્ષારો શરીરમાં પ્રાણિજ અને વનસ્પતિજ ખોરાક વાટે આવે છે, છતાં ય સ્વાદ ખાતર મીઠું ઉપરથી લેવાય છે. આહાર સપ્રમાણ (બૅલૅન્સ્ડ) બનાવવા માટે એમાં ચાર ખનિજ તત્ત્વો તો હોવાં જ જોઇએ; કૅલ્શ્યમ, ફૉસ્ફરસ, લોહ અને આયોડીન. જો ખોરાકમાં આ ચારે આવી જાય તો બાકીના આપમેળે પૂરતા પ્રમાણમાં આવી રહે છે. ખનિજતત્ત્વો યુક્ત ખોરાક એવી રીતે રંધાવો જોઇએ કે તેમાં મોટા ભાગનાં ખનિજ દ્રવ્યો અને વિટામિનો જળવાઈ રહે. સારાંશમાં દૂધ અને દૂધની નિપજો, ફળો, લીલોતરી શાક અને ભાજી, ગોળ, હાથછડના ચોખા અને ઘઉંના લોટમાંથી શરીર માટે આવશ્યક ખનિજ પદાર્થો અને ક્ષારો મળી રહે છે.

હવે એક પછી એક ખનિજ દ્રવ્યો વિષે વિગતે જોઈશું.

નવી કહેવતો

દેવાળિયાએ વરદાન માગ્યુ—કે મારા જેવું સૌ પામજો.
એને ચોપડે એવો મેળ કે આવક બાર ને ખરચ તેર.
આમંત્રણ મળશે તો ઠીક, નહિતર એ મૂર્ખાને ત્યાં કોણ જવાનું છે?
ઉધારે મોટર લેવાય, પણ રોકડેથી ટૅક્સી ન લેવાય.
વકીલને આવક ને અસીલને વેરો, એનું નામ આવક-વેરો.
પહેલાં જે ખાતો નથી, પછી જે ધરાતો નથી = અમલદાર.
મૂઆ પછી વીમો પાકચો, કહો એમાં કોણ ખાટચો?

—'છોટમ્'

વિફરેલી સિંહણના મુખમાં

દત્તાત્રેય મોરેશ્વર ફાટક

ગીર વનશ્રીની રળિયામણી પ્રકૃતિની ગોદમાં વસતાં વનરાજ અને વનરાણીના ડણકાર અર્થસૂચક હોય છે, તે ઘણા લાંબા સમયના અનુભવો ને જંગલમાં તેમના સાન્નિધ્યમાં આવવાથી જ જાણી શકાય છે.

અને એવાં સાહસો ગણ્યાગાંઠ્યા માનસિક ઘડતરના લોકો જ ખેડી શકે છે, જેઓ આફતોથી આકર્ષાય છે.

એક બચ્ચાંવાળી સિંહણ એવા ડણકારા સાથે વિકરાળ થઈને મારી પાછળ હુમલો કરીને દોડી હતી. તે વિષેનો મારો જાતઅનુભવ હું આપું:

તે વખતનો તેણીનો ડણકાર અમુક અંશે ગાય વાછરડાને બોલાવતાં જે વાત્સલ્ય ભાવથી ભાંભરતી હોય છે (જેનો નાદ 'હાંમ્મા...હાંમ્મા' હોય છે) તેવો–પણ આ વનરાણીનો ડણકનાદ જરા લાંબો હૅાં ... આં ... હૅાં જેવો હતો.

જોકે આવી ડણકોથી પણ અન્ય વનચર પ્રાણીઓને છેરણાં થઇ જાય છે ને માનવજાતને યે તે થરથરાવી મૂકે છે. નીચે વર્ણવેલા જેવા પ્રસંગો જીવનમાં ક્વચિત જ આવે છે. એ બીના સમસ્ત વીસાવદર ગામની પ્રજા જાણે છે. તે વખતના મારા સાથીદારો, હેડમાસ્તર શ્રી વ્યાસ, ડૉક્ટર ઝાલા, શિક્ષક શ્રી ત્રિવેદી, આર્ટિસ્ટ શ્રી જોશી, ચલાલાના એક મહેમાન શ્રી વૈદ્ય, વસ્તાભાઇ ફી-મૅન વગેરે હતા.

આશરે વીશેક વર્ષ વીતી ગયાં હશે એ વાતને. ત્યારે હું વીસાવદરના ગીરજંગલ વિભાગનો રેલવે લાઈનનો એક વરિષ્ઠ અધિકારી હતો. અમારી રેલવે પાટાની સડકની મધ્યગીરની વનશ્રી વીસાવદરથી આશરે પંદર માઈલ દૂર છે. શ્રાવણ માસની એક સુંદર ખુશનુમા વહેલી બપોરે અમે સાવજશોખીન મિત્રો ગીરમાં મોહક પાર્ટીના વનભોજનની મોજ માણવા ટ્રૉલીમાં ગયા હતા. મુકરર કરેલી જગ્યાએ પહોંચતાં મારા એક રેલવે શ્રમજીવી મિત્રે ખબર આપ્યા કે થોડેક જ દૂર એક સિંહણ ત્રણચાર બચ્ચાં સાથે કરમદીના ઢૂવામાં પડી છે. અમે એ તકનો લાભ લઇ ત્યાં જવાનો ઝડપી નિર્ણય કરીને ઉમળકાભેર વનરાણીનાં દર્શનાર્થે કૂચ કરી અને શાંત ચિત્તે સાવધાનીથી ચોરપગલે નજદીક પહોંચ્યા.

કરમદીના ઘુમટ જેવા પોલાણમાં નીચે સિંહણ ચત્તીપાટ ઊંચા પગ કરીને બચ્ચાને સ્તનપાન કરાવતી હતી. અમારા કંઇક સળવળાટથી તે સજાગ બની અને ઝડપભેર ઊઠીને બચ્ચાંને રેઢાં મૂકી રફુ થઈ ગઈ અને ઘાટી ઝાડીમાં અદૃશ્ય થઈ ગઇ.

બચ્ચાં સરાસરી એક માસનાં હતાં. તે ખુલ્લી જગ્યામાં આવતાં મેં તેમને કૅમેરામાં ઝડપી લીધાં અને ચાલતી પકડવાનું ઇષ્ટ માન્યું, કારણ વનરાણી નજીકમાં જ છુપાઇને બેઠી હશે એ ચોક્કસ હતું. વનબાલમુકુંદને રંગે ટીપકીવાળી રૂંવાટી હતી. રમકડાં જેવાં મોહક લાગતાં હતાં અને અમારી પાસે આવવાનો પ્રયાસ કરતાં હતાં! તેથી એકાદ બચ્ચાને લઈ લેવા મન તો લલચાવ્યું, પણ મારા અંગરક્ષકે ના પાડી. અમે થોડામાં ઘણો આનંદ માની મૂળ જગ્યાએ જઈ વનભોજનની મોજ માણી ને ખુશમિજાજ સલામત ઘેર આવ્યા.

આથી અમને વિશ્વાસ બેઠો કે બચ્ચાંવાળી સિંહણ પણ માનવીથી ભડકીને દૂર જાય છે! જંગલના અનુભવીઓની એ સામાન્ય ચેતવણી હોય છે કે, સિંહણ બચ્ચાંવાળી હોય તો કદી પણ તેણીની નજદીક ન જવું. પણ આ અનુભવથી નીડર બની ગયા. પણ...

ઉપલા બનાવ પછી થોડાક જ દિવસોમાં મારે મારા બીજા દિલોજાન મિત્રો સાથે વનરાણીની મુલાકાત ફરીથી જવું પડ્યું. અમારા



આર્ટિસ્ટ મિત્ર શ્રી જોશીના મહેમાનને વનરાણીને અને બચ્ચાંઓને ભેટવાની પ્રબળ ઇચ્છા જાગી. અને એક ઊતરતી બપોરે તે જ કરમદી પાસે અમે પહોંચ્યા, જ્યાં અમે બે અઠવાડિયાં ઉપર જ જનાવર જોયાં હતાં. અમને જોતાંવેંત જ, સહેજ ઘુરકીને સિંહણ બચ્ચાંઓને પડતાં મૂકી ઝાડીમાં અદૃશ્ય થઇ ગઈ! અમે હર્ષઘેલા થઈ ગેલમાં આવી ગયા, અને 'એ ગઈ', 'એ ગઈ' એવા હર્ષનાદથી જંગલને ગજવી મૂક્યું.

ત્યાં તો, મારા અંગરક્ષક નારાયણની નજર સોએક વાર દૂર છુપાઇને ઊભેલી સિંહણને વિફરેલી દશામાં જોઈ. તે અમારી ટોળકી પર ત્રાટકવાની અણી ઉપર જ હતી. જોતજોતાંમાં–કહો કે આંખના એક જ પલકારામાં તેણે વિકરાળ મોં ફાડી વિફરીને હૅાં ... આં ... હૅાં કરતી અમારી પાછળ દોટ મૂકી! અમે આગળ અને સિંહણ પાછળ! જેને જેમ ફાવ્યું તેમ, જીવ બચાવવા બેબાકળા બની, કોઇ કાંટાળી બોરડીના ઝુંડમાં, તો કોઈ ટેકરીઓની ઓથે, તો કોઇ સુકાઇ ગએલા ઝાડના ઠૂંઠામાં પેસી વનશ્રીના આશ્રિત બની ગયા. મારા અને મહેમાનના ફાળે એક મોટું વિશાળ તોતિંગ ઝાડ આવ્યું. તેના થડનો વ્યાસ આશરે ચાર ફૂટ હતો. મારા મહેમાન તો પગમાંથી ઓખાઈ પગરખાં ઝડપભેર કાઢી ઘણી જ સિફતથી એ ઝાડ પર ચડી ગયા, અને હું નસીબવંતો પગમાં દોરીવાળા બૂટ હોવાથી નિષ્ફળ બન્યો. એટલે, જીવ બચાવવા માટે ઝાડના થડ સાથે મગરમચ્છ જેવો ચત્તો ચોંટીને ઊભો રહ્યો!

છંછેડાએલી વનરાણીની ત્યાં હાથોહાથની મુલાકાત થવાની અણી પર જ હતો. પળો ને ક્ષણો રૂપે વેગ પકડીને વહેતા કાળની વક્રતા મારાથી દૂર નહોતી. પણ કોણ જાણે શાથી, એ વિફરેલી વન-લલનાનો ઊંચો ઉગામેલો પંજો મારી છાતી નજીક આશરે ત્રણએક ઈંચ દૂર થાપો મારવાની અણી પર થંભી ગયો! શો કુદરતી ભેદ હશે વનરાણીની આવી એ રહેમદિલીમાં, તે હું આજ સુધી જાણી શક્યો નથી. વીજળીવેગે તે બચ્ચાં તરફ ચાલી ગઇ, અને કરમદીના ઢૂવા બહાર જમીન પર અમારું અવલોકન કરતી બેસી ગઇ. આ પ્રસંગ બાદ મારું અલમસ્ત શરીર એક અઠવાડિયા સુધી ગૂમડાની જેમ દુખતું રહ્યું.

ખરેખર, આ રોમાંચક બનાવ ન માની શકાય એવો લાગશે; પણ તે કશો જ ઓપ ચડાવ્યા સિવાય વર્ણવ્યો છે. ખાસ એ નોંધવાનું કે અમારી સિંહશોખીન મિત્રમંડળી હમેશાં નિઃશસ્ત્ર જ રહેતી. એટલે જ કદાચ અમે આ ગંભીર પ્રસંગમાંથી બચી જવા પામ્યા. અમારી પાસે જો કંઈક પણ કુહાડી યા ફરસી જેવું યે શસ્ત્ર હોત તો સિંહણ કે હું બેમાથી એક અવશ્ય જખમાઈને સ્વર્ગના પગથિયે પહોંચી ગયું હોત. પણ નિશસ્ત્રી દૃશ્ય એક અજબ શક્તિ ધરાવે છે. ઉપર્યુક્ત પ્રસંગમા મારી જાતને કોઈ અજબ મરણશક્તિએ જોશ આપ્યો હતો અને હું મરણિયો બની ગયો હતો. ખરખર, મારા હાથમા કોઈ પણ પ્રકારનું શસ્ત્ર હોત તો હું અચૂક એ વિફરેલી સિંહણ પર પ્રહાર કરી બેસત અને અમે જરૂર અરસપરસ ઘવાઇને મોતને ભેટી ગયા હોત.

રંગગઠરિયાં (૩૪)

પારી(સ)નાં નાટક અને નાટકરસિયાં



ઝીદના નાટકમાં ભાગ લેનારી
નટી માદમ્વાઝેલ આઈમી
ઉપરમાં મેડોનાના શિલ્પ પાસે

લેખક
ચન્દ્રવદન મહેતા

નહિ, તે દિવસે તો ટિકિટ નહિ જ મળી. ત્રણચાર મહિના પહેલાં જેની સારામાં સારી ટિકિટો વગેસગે થઈ જાય, એની એમ તરત ને તરત કંઇ ટિકિટ મળે ખરી? એટલે એણે પસ્તોરલ સિમ્ફનીમાં જવાનું ઠર વ્યું. વાતવાતમાં એવી ખબર પડી કે એ આન્દ્રે ઝીદની કોઈ કૃતિ છે. પણ એમાં સંગીત ક્યાંથી આવ્યું એ ન સમજાયું. ઈ. ૧૯૪૯માં ઝીદ, સાર્ત્ર, પિકાસો, ગીત્રી બધાને અનાયાસ મળી જવાયું હતું, એટલે ઝીદનું નામ તો જાણું, પણ એની કોઈ કૃતિ અહીં કિયા ભગાભાઇએ વાંચી હોય કે હું વળી લાંબી ચર્ચામાં પડું!

એક સ્વિસ પ્રૉટેસ્ટંટ ધર્મગુરુ, એને એક વૃદ્ધ બાઇની મરણપથારી આગળ ધરમકરમ કરવા હાજર થવું પડ્યુ ત્યાં એ બાઇએ એની પાસે રહેતી એક પંદર વર્ષની આંધળી કન્યાની એને સોંપણ કરી. ગર્ટ્રુડ એનું નામ. અંધ તો ખરી જ, પણ સાથે મગજ પણ ખાસ ખીલેલું નહિ. જોતાં ભોળીભટાક, બુધ્ધુ જેવી લાગે. બરાબર બોલતાં પણ ન આવડે. કોઇ બોલે તો તે પૂરુંપાધરું સમજે પણ નહિ. પાદરીસાહેબ આ અભણ અનાથ અબળાને પોતાને ઘેર લઈ આવ્યા. પોતાની ધર્મપત્ની સમક્ષ બાઈબલનું સૂત્ર લલકાર્યું કે 'ઘેટાંના ટોળામાંથી એક નિર્દોષ ઘેટું છુટું પડી ભૂલું પડી ગએલું, એને હું અહીં દોરવી લઇ આવ્યો છું.' ઇશ્વર સમક્ષ પ્રાર્થના પણ કરી કે હે પ્રભુ, પ્રેમળ જ્યોતિ તારો દાખવી એને અંધારામાંથી અજવાળામાં લઈ જા.

પાદરીએ એને ભણાવવી શરૂ કરી. વાંચતાં-લખતાં શીખવ્યું. બિથોવનની પૅસ્તોરલ સિમ્ફનીનું સંગીત સાંભળવા લઇ જાય; ફરવા લઈ જાય. રસ્તે આવતાંજતાં બોધવચનો ઉચ્ચારે;સૃષ્ટિસૌન્દર્યનાં વર્ણન કરે. એમ ઠીકઠીક સમય ચાલ્યું ત્યારે પાદરણે છાશિયું કરી કહ્યું કે 'તમારા કુટુંબમાંના કોઇને યે માટે તમે કદી નથી કર્યું, એનાથી ઘણું તમે આ ગર્ટ્રુડ માટે કર્યું છે.'

બીજી બાજુ જો ધરમ કરતાં ધરમાં ધાડ આવી છે તે! પાદરીના કિશોર કુમાર આ કુમારીના પ્રેમમાં પડ્યા છે. એટલે પાદરીએ પોતાની વહુ આગળ દીકરા માટે વરાળ કાઢતાં કહ્યું કે જુવાનિયાઓ આ ઉમરે કેવુંક આચરી બેસે છે, એની એમને સમજણ જ નથી હોતી. પછી ગર્ટ્રુડ એકલી હોય છે ત્યારે એને પૂછે છે, તો એ એટલું જ કહે છે કે 'તમને તો ખબર છે કે હું તો તમને જ ચાહું છું.' આમ એને મનમાં નિરાંત વળતાં એ, એક ભોળી બાળાને ભરમાવવા માટે દીકરાને ભારેનો ઠપકો આપે છે. અને દુનિયાભરનાં માબાપો કરે છે તેમ, અહીં બાપ એ બે કિશોર કિશોરીને વિખૂટાં પાડી વચ્ચે અંતરાયો ઊભા કરી દે છે.

ગર્ટ્રુડનો અંધાપો નિવારી શકાય એમ હવે એક ડૉક્ટર કહે છે. પણ ઑપરેશન માટે ઑસ્પિટલમાં જવા અગાઉ તો પાદરી ને છોકરી વચ્ચે સમભાવ, વધીને પ્રણય પાંગર્યો છે, ને મર્યાદા બહાર ગયો છે.

ઑપરેશન થઈ જાય છે. એને આંખ મળે છે. અને હવે પાદરીના દીકરાનું સોહામણું મુખ જોતાં એની એને લગની લાગી રહે છે. છોકરી પાદરીના જેફ કરચલીઆળા કરમાએલા ચહેરાને જોઈ સ્પષ્ટ કહે છે કે જૅકસને મેં પ્રથમ વાર નિહાળ્યો. મને તરત થયું કે હું એને જ ચાહતી'તી, તમને નહિ. તમારા જ ચહેરાની એ સુંદર પ્રતિકૃતિ છે.'

પણ પાદરીએ તો કિશોર જૅકસને ઘરબાર કરેલો, એટલે એણે હવે પ્રૉટેસ્ટંટ ધર્મ બદલી કૅથૉલિક સંપ્રદાય સ્વીકાર્યો છે, તેથી હવે એ ના પાડે છે. બાપ કરતાં દીકરો સવાયો સાધુ ભલો! છોકરી કહે છે: 'ના, એ ગમે તે; પણ પાદરી દાદા! તમે તો નહિ જ. આ સ્થિતિમાં તો હવે હું પાપિણીએ ડૂબી મરવું જ સારું.' અને એ પાણીમાં પડતું મૂકે છે. એમાંથી બહાર કાઢી ત્યારે તો એ જીવતી હતી પણ મરણને ભેટતાં એને વાર લાગતી નથી. અને એ મરે છે. દીકરો બાપને કહે છે, તમારો વાંક કાઢનારો હું કોણ? પરંતુ હું તો તમારી ભૂલો જોઇ સાવચેત રસ્તે ચાલ્યો જતો હતો. પાદરી પોતાની ધર્મપત્નીને પોતા માટે પ્રાર્થના કરવા વીનવે છે, તો એ કહે છે, કે જરૂર હું આપના માટે ગદ્ગદિત કંઠે પ્રાર્થના કરી આંસુ સારું, પણ મારું હૃદય તો હવે સુકાઇને રણવગડા જેવું થઇ ગયું છે, ત્યાં તમારે માટે આંસુડાં ક્યાંથી લાવું? બિચારી કિશોરી! એને માટે પ્રાર્થના કરવાવાળું યે કોઇ જ નહિ!

ઝીદની આ કથાને સિમ્ફૉનિક સંગીત સાથે એક કરુણ નાટકના રૂપમાં ગૂંથવામાં ભારે કૌશલ દાખવવામાં આવ્યું છે. ના જી, ફ્રાન્સની બધી જ નાટકશાળામા ખાખાખીખી જ થાય છે એમ નથી. ઈંગ્લંડમાં ગ્રીક ટ્રૅજેડીનું બીજું નવેસરથી મઠારી-વિસ્તારી શેક્સ્પીઅરે પોતાની મૌલિક છાપ મારી ત્રિવિધ પ્રકારની કરુણ કૃતિઓ આપી, એમ ફ્રાન્સમાં પણ વોલ્તેર, કૉર્નિલ રેસીં, અને છેવટે રોસ્તાંએ ગ્રીક બીબાને વળગી રહીને એ જ મસાલાને નવેસરથી વણવામાં ઓછી શક્તિ નથી દાખવી. હજી આજે પણ કામુ, કલૉડેલ, ગિરેદો, કોકતો, સાર્ત્ર પોતપોતાની રીતે કરુણ કૃતિઓ ઘડવામાં પોતાનો ફાળો આપ્યે જાય છે.

અને પારી(સ)ની બધી જ કિશોરીઓ છેલબટાઉ કે નટખટિયા નખરાળી છે એમ પણ નથી. ઝીદના નાટકમાં ભાગ લેનારી નટીને બીજે દિવસે મૉરિસે પકડી પાડી. એ જાણે કે એનો અડ્ડો લુવ્રમાં. નવરાશના સમયમાં ત્યાં ક્યાંક ખૂણે બેસી ચીતરતી હોય. નામ માદમ્વાઝેલ આઈમી. એ પોતે ચીતરતી ન હોય તો કોઈ પ્રખ્યાત ચિતારા એને બેસાડી કંઇનું કંઇ ચીતરતા હોય. કારણ, વિવેચકો કહે છે કે, એનું મોં નિર્દોષભાવથી તરવરતું એવું, સ્વચ્છ, મેડોના યા મેરીનાં ચિત્રો દોરતાં હોય તો એને બરાબર બર આવે એવું, ગંભીર, સ્પષ્ટ, સુરેખ અને


છતાં આકર્ષક. ઉમર નાની, પણ વાતચીતમાં પાકું ઠરેલપણું. એકાદ વાર ખડખડાટ હસી હશે. ત્યારે લાગે કે કોઈ લાખ રૂપિયાના, બેનમૂન ચિત્રોથી અંકિત એવા, કાચના વાઝના જમીન ઉપર અસંખ્ય ટુકડા પથરાઈ પડચા! ના, એ હાસ્યની મોહકતા કરતાં એના ગંભીર વદનનું આકર્ષણ અનેરું હતું. પારી(સ) એટલે બધું જ તકલાદી, ઉપરચોટિયું, શૃંગાર, છીછરું, કૃત્રિમ, બીભત્સ, માદક, ઉન્માદક એ ખોટી વાત. રુસ્સો, વિક્ટર હ્યુગો, રોમાં રોલાં, માદામ ક્યૂરી, લૂઇ પ્રાઈલ એવા એવા કૈંક અહીં પેદા થઇ ગયા છે.

આ શહેરમાં મોજશોખ ને મનોરંજન માટે લાખો–નહિ કરોડો રૂપિયા–નહિ ડૉલરોની ઉથલપાથલ થાય છે. ગમે તે એક જ બાબત લ્યો: નાટકશાળામાં જવા પહેલા એક સાંજે વપરાતું કોલન વૉટર. સૅંટ, લવન્ડર અને ઑ દ કૅાલોંના ઢગલાબંધ ઠલવાએલા બાટલાઓથી આ શહેરના રસ્તાઓ મઘમઘી ઊઠે છે. ભારતમાં પણ ખુશ્બોદાર અત્તર બનાવનારાઓનો એક વખત તોટો નહોતો. જયપુર લખનૌ-કનોજ જેવાં આજે પણ શહેરો છે, જ્યાં એ કસબના જાણકાર ઈજાર-દારો બાટલીઓ લઇને બેઠા છે. નવસારી તેમજ ગુજરાતનાં અત્તરો માટે અબુલ ફઝલ લખી ગયો છે. હિંદના દાદા દાદાભાઇ નવરોજીના વડવાઓમાંના એક ચાંદજી કામદીન, જેમ ન્યૂ યૉર્ક, ન્યૂ હેવન વગેરે ગામનાં નામ એમ નવા સારી—ઈરાનમાં આવેલા સારી ગામમાંથી હિંદ આવી નવું સારી વસાવ્યું એ નવા સારી—આજના નવા સારી ગામમાં રહેતા, ત્યાં તેઓ અજીબ ખુશ્બોનું અત્તર બનાવતા. એની ખ્યાતિ ઠેઠ દિલ્હી પહોંચતાં નૂરજહાએ તેને બાદશાહી તેડું મોકલ્યું હતું, અને એમણે પણ ત્યાં પહોંચીને શાહનશાહબાનુ નૂરજહાં બેગમને અત્તર બનાવવાના નુસ્ખા લખાવી દીધા હતા. આ સેવા માટે સરકારે સો વીઘાં જમીન ને 'મુલ્લાં જામાસ્પ'ના ખિતાબની એમના ઉપર નવાજેશ કરી હતી. આ દિલચસ્પ બયાન વાંચવું હોય તો સર રૂસ્તમ મસાણી–આપણા મીનુ મસાણીના પિતા–એ લખેલું દાદાભાઈનું જીવન-ચરિત્ર વાંચજો. આવું ઘણું જાણવાનું મળશે.

બૅબિલોનના એક બાદશાહે બે હજાર વર્ષ પહેલાં એવો ફતવો કાઢચો હતો કે એના રાજ્યમાં સૌ કોઇએ પોતપોતાનાં કપડાં ખુશ્બો-દાર પાણીમાં જ ધોવાં! એ બાદશાહનું નામ હમુરાબી. ગ્રીસમાં પ્રસંગપ્રસંગનાં અત્તરો પંકાયાં હતા, અને એનો વપરાશ એટલો વધ્યો કે બધે જ સુગન્ધ-સુગન્ધ અને મ્હેક ખુશ્બો! આથી છઠ્ઠી સદીમાં એના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવો પડચો હતો! રોમનોનો એક બાદશાહ માર્કસ ઓથો લડાઈમા જાય તો સૌથી પહેલો અત્તરના બાટલાઓનો ખટારો તૈયાર કરાવતો. ફ્રાન્સના રાજા પંદરમા લૂઈના વેરસાઈ(લ્સ)ના દરબારમા દરરોજ જનારાએ એ જુદીજુદી જાતનું લવન્ડર વાપરવું પડતું. રોજ સુગંધ બદલાવી જોઇએ. વૉટર્લૂની લડાઇમાં જતાં પહેલાં નેપોલિયનના હાથનાં ગલેફાં (મોજાં) કોલોન વૉટરમાં તરબોળાએલાં રાખવામા,–સુગંધીનો એ ભારે શૉખીન હતો. અને એવો જ શૉખ નાટકશાળામાં જનારાઓનો જાણવો. ફ્રાન્સમાં સામ્રાજ્યો આવ્યાં અને ગયાં, પણ જીવનના શૉખ એવા જ સજીવન રહ્યા. એમાં નાટક-શાળા પ્રત્યેનું માન ઇંગ્લંડ જેટલું જ જીવંત રહ્યું. જોકે અંગ્રેજી પ્રજાનો દિમાગ જુદો છે. ફ્રેન્ચ પ્રજાની તાસીર અલાયદિ છે. અહીં તો અંગ્રેજો કરતાં પણ વધારે ચીવટથી કપડાં પહેરવા માટેનો આગ્રહ. અમુક પ્રકારની નાટકશાળામાં જતાં પહેલાં અમુક જાતનાં સેન્ટ લવંડર વાપર-વાનો આગ્રહ. નાટક ચાલવાનું હોય અઢી કલાક, તો પારીસીઆં મડમની જવાની તૈયારીમાં જાય ત્રણ કલાક!

આઠ વાગ્યે નાટક છે, તો સાડાચાર વાગ્યાથી મડમની હીલ-ચાલ, નોકરડીને ધાંટાધાંટ, મસ્યુને દુકાન કે દફતરમાં ટેલિફોન, શું પહેરવું એ માટેની ચર્ચા, પછી દલીલબાજી, ત્યાર બાદ કેવળ જીભા-જોડી, એમાંથી કદી તકરાર, ટંટો જુદ્ધ, જુદ્ધ એટલે ટેબલ ઉપરનાં કિમતી સરંજામની સામસામી ફેંકાફેંક, પ્રોગ્રામ કૅન્સલનો એક બાજુથી ઢંઢેરો, પછીનાં મેણાટોણાં, મમતજિદ; આખરે રિસામણાં-મનામણાં, નાટક જોવું જ છે એ હોશ તરવરી રહેતાં ઝટપટ એકબીજાને મદદનીશ થઈ થતી તૈયારી: સામસામી છેવટની ઊડતી લવંડર-ફુવારી, આંખો પલળી તે લુછાણી, પાઉડર છંટાણાં, રૂમાલ મ્હેકચા, ગળાની આસ-પાસ કાનની નીચે સૅંટ લગાડાયાં, ટિકિટો ઠેકાણે મુકાઈ, ઊપડચાં. આઠમાં દશ કમે થીએટરને દરવાજે. પ્રોગ્રામ માટે અને બેઠક બતાવ-નારને આપવાને પરચૂરણ તપાસાયું. આઠમાં એક મિનિટે બેઠક ઉપર મલકીને ગોઠવાયાં. અને ફરી પાછું બેમાંથી એકાદ તારો વાંક, અંત ઘડીએ જ આવી પહોંચ્યા એવી મીઠી ટકોર કરવા જતાં ફરી ધમસાણ મંડાઈ તણખામાંથી આગ ભભૂકે તે પહેલાં તો દિલચસ્પ તાજગી બક્ષનાર સંગીતની ભરતીછોળો પ્રસરતાં પરદો ખૂલી જાય; અને ધણી-ધણીઆણી પ્રેમકલહ ભૂલી જાય.


જરૂર; ફૉલી બેર્ઝેરમાં જઈશું. જોતાં જોતાં પ્રેક્ષકોનાં મન કેટલાં મુગ્ધ થઇ જાય છે, રસમાં તરબોળ થઈ જાય છે, એ માટે એની દફતર-નોંધ વાંચવા જેવી છે. એકરસ થઈ ધ્યાનમગ્ન થયા બાદ શો પૂરો થતાં પોતપોતાની વસ્તુઓ લઇ સૌ કોઈ ઘેર જાય છે. ના—ના જી; છત્રી-ઓવરકોટ-લાકડી ભંડકમાં મૂકચાં હોય ત્યાં મોટે ભાગે ભૂલીને જ જાય!–કેટલાક બીજે દિવસે આવીને લઈ જાય. પણ એ તો બધા સાધારણ, સામાન્ય દાખલા. એક વાર એક બાઈ બહાર પોતાનું બાળક સોંપીને ગઈ હતી તે જ લેવાનું ભૂલી ગઇ! છેક શહેર બહાર પરામાં રહે. બાર વાગ્યે છૂટીને હોશમાં ઘેર દોઢે પહોંચી, ત્યાં બાળક યાદ આવતાં ગાભરી થઇ સાડાત્રણે પાછું લેવા આવી! અલબત્ત બાળકે રડીકકળીને એક બીજો નાટક પૂરો કરી થાકીને ઊંઘવા માડચું હતું! એમ ભુલાઈ ગએલી વિચિત્ર વસ્તુઓનો ઢગલો ભંડકોમાં હજી પડચો છે: એમા એક અપંગની બે બગલલાકડીઓ પણ છે! જે અપંગ જોવા આવ્યો હશે તે, શો જોઇને એટલો બધો આનંદમા આવી ગયો હશે કે ખુશાલીમાં એના પગ આપમેળે ચાલતા થઈ ગયા હોવા જોઇએ, નહિ તો એ ટેકાલાકડી ભૂલી શી રીતે જાય? (ચાલુ)



સૂક્ષ્મીકરણ

(મિનિયેચરાઇઝેશન)

આધુનિક ટેકનિકલ ક્ષેત્રની એક નવી ઊઘડેલી દિશા



કાર્યક્ષમતાને જરા પણ ઘટવા દીધા વિના કોઈ પણ યંત્ર કે સાધનનું શકય એટલું કદ ઘટાડવાની કળાનો આજના ટેકનિકલ ક્ષેત્રોમાં ઘણો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ટચુકડાં રેડિયો રીસિવર, કૅમેરા, વિદ્યુત્‌મોટર આદિ અનેક સાધનો તો આજે આપણા રોજિંદા વપરાશની વસ્તુઓ બની રહી છે. આ ક્ષેત્રમાં અમેરિકા કદાચ ઘણું આગળ વધ્યું છે. અવકાશ-સંશોધનોએ આના વિકાસમાં ઘણો ફાળો અને પ્રેરણા આપ્યાં છે. અવકાશમાં મોકલતા સેટેલાઈટમાં મૂકવા માટેનાં ટ્રાન્સમીટરો, ગણતરીયંત્રો, સંચાલન-સાધનો ને નોંધણી-યંત્રોનાં કદ અને વજન બને તેટલાં ન્યૂનતમ હોવાં જ જોઇએ. આ જરૂરતને પહોંચી-વળવા માટે થએલી શોધખોળોમાંથી અનેક નવાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સાધનોનો પણ સાથેસાથે વિકાસ થઇ શકયો છે. એ રીતે બનેલાં નાનકડાં એર સિલિન્ડરો, વાલ્વ વગેરે



જેવાં સાધનોથી જગ્યાનો ઘણો જ બચાવ થાય છે. ચિત્ર નં. ૧માં ઘરની માખીના કદ સાથે સરખાવી બતાવેલી સૂક્ષ્મ બૉલબેરિંગ સેટેલાઈટથી માંડી દાંતના દાકતરની ઝીણી શારડી જેવાં સાધનોમાં વપરાવા લાગી છે.

તબીબી ક્ષેત્રે પણ એના ઘણા લાભ થવા માંડયા છે. મોં વાટે પેટમાં ઉતારવાની અપાચ્ય 'રેડિયો-ગોળીઓ'નો ઉપયોગ હવે અપરિચિત નથી રહ્યો. (ચિત્ર ૨) આ ગોળી પેટની અંદરની કેટલીક સ્થિતિઓની માહિતી આપે છે. પાચનમાર્ગની ખરાબીનું નિદાન આથી ઘણું સરળ ને ચોક્કસ થઇ શકયું છે. કેટલીક સ્થિતિ નજરોનજર જોઈ શકાય એ માટે પેટની અંદર ઉતારી શકાય એવા ટચૂકડા ટેલિવિઝન કૅમેરા પણ ભવિષ્યમાં બની શકશે એમ નિષ્ણાતો તો કહે છે!

સૉલિડ-સ્ટેટ ઈલેક્ટ્રૉનિક્સ (ઘનસ્વરૂપ વિદ્યુત)ને નામે ઓળખાતા મૉલેક્યુલર ઈલેક્ટ્રૉનિક્સના ક્ષેત્રમાં પણ આ દિશામાં ઘણી પ્રગતિ થઈ છે—કદાચ એમ પણ કહી શકાય કે તે ચરમ સીમાએ પહોંચી છે, જુદાજુદા ભાગો કે વાયરિંગના ઉપયોગ વિના શુદ્ધપાસાદાર સિલિકોન કે જર્મેનિયમના સ્ફટિકનો હવે ઉપયોગ થાય છે. આ સ્ફટિક પોતે જ એક પૂરી સરકીટનું કામ આપે છે. (ચિત્ર ૩.) વિદ્યુત સંજ્ઞાઓનું સંચાલન કરવા સાથે એ એને મોટી પણ કરી શકે છે. વૅકયુમ-ટયૂબ (ચિત્ર ૪)ની સરખામણીમાં એનાં કદ, વજન અને કાર્યક્ષમતાની દૃષ્ટિએ આ સોલિડસ્ટેટ સરકીટના ઘણા વધુ લાભ છે.


અતિ ટચૂકડી એક વિદ્યુત બૅટરી પણ શોધાઇ છે. ચિત્ર ૫માં એક આંગળી પર દેખાતી ચાંદલા જેવડી એ બૅટરી વીજળિક કાંડા-ઘડિયાળને આખા વર્ષ સુધી વિદ્યુતપ્રવાહ પૂરો પાડે છે! આવાં ઘડિયાળોમાં કમાનો ને બૅલેન્સ-ચક્ર ન હોઈ એમની કામગીરી વધારે ચોક્કસાઈવાળી હોય છે.

એ જ રીતે એકાદ મોટી સોયના નાકામાંથી નીકળી જાય એટલા ઝીણા વીજળીના ગોળા (ચિત્ર ૬) પણ બન્યા છે. અલબત્ત એનો પ્રકાશ ઘણો થોડો હોય છે, છતાં વિદ્યુતના દીવાથી પ્રકાશિત ખંડમાં પણ એનો ઝળકાટ દેખાય એટલે પ્રકાશતો તેમાં હોય છે જ. અમુક ચોક્કસ યોજનાનુસાર કાણાં પાડેલાં













સંજ્ઞાત્મક કાર્ડ 'વાંચતાં' યંત્રો અને નાનકડાં ગણતરીયંત્રોમાં એનો ઉપયોગ થઈ શકે છે. એની અંદરના ફિલામેન્ટ માણસના વાળના યે પંદરમા ભાગ જેટલા પાતળા હોય છે.

વીજાણુ ક્ષેત્રે તો એથી યે વધુ આશ્ચર્યો આ સૂક્ષ્મીકરણને લીધે સરજી શકાયાં છે. ઈ. ૧૯૪૮માં બેલ ટેલિફોન લૅબોરેટરીએ ટ્રાન્સિસ્ટરની શોધ પરિપૂર્ણ કર્યા પછી, મોટા કદના, વધુ વીજળીપ્રવાહ ખાનારા ને ઓછી કાર્યક્ષમતા તથા આવરદા ધરાવનારા વાલ્વની ઉપયોગિતા ઘણી ઘટી ગઈ છે.



ટ્રાન્સિસ્ટર બીજા પણ અનેક ઉપયોગમાં પ્રયોજી શકાયછે ટ્રાન્સિસ્ટરવાળાં શ્રવણયંત્રો વડે વધુ મોટેથી ને વધુ સ્પષ્ટતાથી સાંભળી શકાય છે. ચિત્ર ૭માં બતાવેલું એવું યંત્ર અવાજને ૪૦૦ ગણો મોટો કરી શકે છે ને છતાં જુદાજુદા ૧૫૩ ભાગવાળું એ સૂક્ષ્મ સાધન વજનમાં માત્ર ૧૪.૨ ગ્રામ જેટલું જ છે!

મૉલેક્યુલર સરકીટવાળાં રેડિયો ટ્રાન્સમીટર અને રિસીવર વડે ન્યૂયૉર્કના પોલીસો વડામથક સાથે પોતાની ફરજ અંગેના સદેશાઓની આપલે કરી શકે છે (ચિત્ર ૮) ને એવો દિવસ પણ આવશે કે આ સરકીટના ઉપયોગથી માણસના મગજ જેવડું અને એના જેવી જ કેટલીક કામગીરી આપતું ટચુકડું 'કૉમ્પ્યુટર' બની શકશે. વીતી ગએલી બાબતોની નોંધ લેવાની કડાકૂટ ટાળતી 'યાદશક્તિ' પણ એમાં હશે અને એને આધારે એ સાધન બીજાં મોટાં યંત્રોનું સંચાલન પણ કરી શકશે, એટલું જ નહિ એની ક્ષતિઓ પણ પકડી પાડી આપમેળે નિર્ણય લઈ એને સુધારતું જશે. ગરમીનો પ્રતિરોધ કરે તેવા પદાર્થોમાંથી ટ્રાન્સિસ્ટર અને ડાયોડ્સ બનાવવા માટે હજી યે નવાં નવાં સંશોધનો ચાલુ જ છે (ચિત્ર ૯). આજ સુધીમાં આ ક્ષેત્રે મળેલી સફળતા પરથી હજી વધુ ઊજળા ભાવિની આશા રખાય છે.

ગયા અંકમાં અવલોકાએલા 'ચિત્રરસિકા' ગ્રંથની પહેલી આવૃત્તિ ખલાસ થઈ ગઈ છે અને તેની બીજી આવૃત્તિ હવે પ્રકટ થઈ શકે તેમનથી, માટે કોઇએ તેના કર્તાને, પ્રકાશકને કે મુદ્રકને એ માટે કાંઈ પણ લખવાની તસ્દી લેવી નહિ.

રાષ્ટ્રગીત સ્પર્ધા

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી યોજાએલી રાષ્ટ્રગીત કાવ્ય સ્પર્ધા માટે ૧૩૨ કવિઓ તરફથી આવેલી ૨૫૦ જેટલી કૃતિઓ જાહેર થયેલી શરતોને ઈષ્ટતમ:હદે સંતોષી શકે એવી ન હોવા છતાં તેમાંથી શ્રી બાલમુકુન્દ દવે કૃત 'માતૃમહિમા' શ્રી સુન્દરમ્ કૃત 'ભારત' અને શ્રી પ્રકાશ ગજ્જર કૃત 'જય હે દેશ મહાન' (માંની થોડી કડીઓ) નોંધપાત્ર જણાઇ હોવાથી તે દરેકને રૂ. ૧૦૦ની રકમ કોઇ પણ સ્વરૂપે આપવામાં આવશે. આ જ સ્પર્ધા ફરી જાહેર થઇ છે જેમાં અગાઉની જ શરતો (જુઓ ફેબ્રુઆરી અંક) લક્ષ્યમાં રાખી રચાએલી અપ્રગટ કાવ્યકૃતિને શ્રેષ્ઠતાને ક્રમે રૂ. ૪૦૦, ૨૦૦ અને ૧૦૦ના મૂલ્યનાં કુલ ત્રણ પારિતોષિકો અપાશે. કૃતિઓ તા. ૨૫-૧૦-૧૯૬૩ સુધીમાં પરિષદ કાર્યાલયને (ર. છો. માર્ગ, અમદાવાદ-૯) સરનામે પહોંચાડવાની છે.

કલાવાર્તા

ભગવાન કપુર

(પરિચય: ખોડીદાસ પરમાર)





ઉપર: 'સારિકા'; જમણી બાજુ: 'મહિ-ચારી'; નીચે પોતાનાં ભાંડુઓને સૌરાષ્ટ્ર-માંથી લખેલા એક પોસ્ટકાર્ડ પાછળનો સ્કેચ.

એમનું એક રંગચિત્ર તથા બે સાદાં ચિત્રો આ અંકના આર્ટપ્લેટ ઉપર આપ્યાં છે.

એક દિ' પ્રદ્યુમ્ન તન્નાનું પત્તું મળ્યું કે 'મારા મિત્ર શ્રી ભગવાન કપુર ભાવનગર આવે છે.' અને એકાદ અઠવાડિયામાં તો એક વૈશાખની તપતી બપોરે એક પાતળા, ઘઉંવર્ણા ને ઠીક-ઠીક ઊંચા ભાઈએ આવીને પૂછ્યું. 'આપ જ ખોડીદાસભાઇ? હું ભગવાન કપુર.'

અને પછી તો બે મહિના જે રંગત જામી છે! કપુરે સિંધની લોકકથાઓ વર્ણવી, ગીતો ય સંભળાવ્યાં ને સિંધની જૂની લોકસંસ્કૃતિનો પરિચય કરાવી દીધો. એમાંની ઘણી વાર્તાઓ તો બરોબર સૌરાષ્ટ્રની જ લોકવાર્તાઓ. પાત્રોનાં નામોમાં ફેરફાર; બાકી એ જ માળખું ને એ જ કાટમાળ.

પોતે સિંધના, પણ હિંદી સારું બોલી શકે. સિંધી ઉચ્ચારભારવાળી તેમની હિંદી ભાષા સાંભળવાની મઝા પડે. જન્મ ૧૯૩૫માં જૂના કરાચીમાં. પિતાજી ચતુમલ સોનીનો ધંધો કરે અને અવનવા ઘાટ ઘડે. નાનો ભગવાન સોનાનાં કંડારવાળાં ઘરેણાંગાંઠાં જુએ ને મનમાં કાંઈકાંઈ થઇ જાય કે ક્યારે આવું કરવા માંડું. તો વળી માતા સીતાબેનને ભરત ભરતાં જોઇને તો ભગવાને તે રીતે ભરવાનું શરૂ જ કરી દીધું. પછી તો નાનીનાની લૂગડાંની ઢીંગલીઓ ય બનાવી, ને તેમાં ભરત ભર્યું, અને મઝાની મોતીએ મઢી યે ખરી. આમ નાનપણથી જ કળામય સંસ્કારે તેનું મન કોળી ઊઠતું ત્યારે ઘરની દીવાલ પર અને ફરસબંધી પર કોલસા ને ચાકથી આખો વખત ચીતર્યા



જ કરે. ચીતરે ને ભૂંસે, ભૂંસીને નવું ચીતરે. કરાચીમાં ઘરની બાજુમાં 'સુખધામ' હવેલી હતી. ત્યાં રોજ અચૂક જતા અને માસેમાસના વિવિધ વૈષ્ણવ સંસ્કાર તેની કળામય વેશભૂષા, સાંઝી વગેરે જોયા જ કરતા.

કરાચીમાં માતૃભાષામાં સાત ધોરણ પૂરાં કર્યાં, એ દરમિયાન પણ ચિત્ર માટેનો અજંપો તો ચાલુ જ હતો. એવામાં સ્વરાજ્ય મળ્યું, ભારતના ભાગલા પડ્યા ને સિંધમાં મારાકાપી શરૂ થઈ. કપુરનું કુટુંબ કરાચી છોડી ભાગી નીકળ્યું, ને દેવલાલી આવી, ત્યાં એકાદ વરસ રહીને ૧૯૪૮માં ૩૦મી જાન્યુઆરીએ તેના કુટુંબે મુંબાઈમાં પગ દીધો. પછી ત્યાં જ સ્થિર થઇ ગયું. મુંબાઈમાં ભણતાં ભણતાં એ ચિત્રો કરતા. મૅટ્રિક પાસ થઇ મુંબાઇની કલાશાળા સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સ'માં જોડાયા. ચિત્રશિક્ષણ લેવા માટે કુટુંબની નારાજી હતી, પણ કપુરની ઊર્મિને તો ત્યાં જ ઉડ્ડયન મળે તેમ હતું, તેથી ઘરમાં ચણભણાટ છતાં ભણતર ચાલુ રાખ્યું.

શરૂઆતમાં જ શ્રી અહિવાસીના સંપર્કમાં આવ્યા. પણ ત્યાં તો અહિવાસીજી કલાશાળામાંથી છૂટા થયા. શાળાના જડ અભ્યાસક્રમમાં મન પરોવાતું નહોતું. કલ્પનાના ઉડ્ડયનમાં મન વિહર્યા કરતું, અને સમય મળતા પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં જઇ ત્યાં ધરાઈધરાઇને ચિત્રો જોતા. પ્રથમથી જ ભારતીય શૈલી તરફ તેમનો વિશેષ ભાવ હતો, અને માનવપાત્રોવાળાં ચિત્રો તેમને ખૂબ જ ગમતાં. ઘેર સમય મળતાં સિંધી કલાકાર શ્રી. મૅંગરાજ તલ્લેરના જેવું પોતે 'ર.શ' પદ્ધતિમાં ચિત્રકામ કરવા લાગ્યા; તો વળી થોડો વખત 'ધર્મયુગ'માં પ્રસિદ્ધ થતાં શ્રી જગુ પીઠવા તેમજ શ્રી રામકુમારનાં ચિત્રોએ તેમને આકર્ષેલા. ૧૯૫૮માં પહેલી ડિપ્લોમામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. એ વખતે 'મૉડર્ન આર્ટ'ની સૂઝ પણ નહોતી. કલાકારો આવું કેમ ચીતરતા હશે તે પ્રશ્ન થતો; પણ હવે તો અમુક રીતે એ આધુનિક કલાને પોતાની લઢણથી પોતાની શૈલીમાં ઉતારવા પ્રયત્ન કરી રહ્યા છે.

૧૯૫૮થી જ તેઓએ પ્રદર્શનોમાં ચિત્રો પ્રદર્શિત કરવા માંડેલાં. અને તે જ વર્ષે તેમને 'બૉમ્બે આર્ટ સોસાએટી'ના પ્રદર્શનમાં તેને 'જળરંગ' માટેનું પારિતોષિક મળ્યું. એ જ સાલમાં હૈદરાબાદમાં પણ પારિતોષિક મળેલું. ૧૯૫૯માં લલિતકળા અકાદમીનું રૂા ૧૦૦૦/નું પારિતોષિક તેમના વ્રતચિત્ર જલદીપ (બહિરાણો) માટે મળ્યું. (જૂના વખતમાં સિંધને પાતાળદેશ કહેતા. તેમા વસતા સિંધીઓ જમાનાઓથી સાગરના પૂજકો ને વેપારીઓ



ભગવાન કપુરની સ્કેચબુકમાંથી







હતા તેથી મહેરામણ તેનો રક્ષક-દેવ ગણાતા, તેની પૂજા સિંધી સ્ત્રીઓ દશેરાને દિવસે સાગરમાં દીપ તરતા મૂકીને કરે છે. આને બહિરાણો કહે છે.) એ જ વર્ષે કલકત્તામાં 'અકાદમી ઑાવ ફાઇન આર્ટ્સ'નો સુવર્ણ ચંદ્રક મળ્યો. ૧૯૬૧માં હૈદરાબાદમાં ટાગોર થીએટરના ભીંતચિત્ર માટેનું રૂા ૧૫૦૦/નું પારિતોષિક તેમના ચિત્ર. 'ફ્રૂટ ગૅધરિંગ'ને મળ્યું. અને એ જ વર્ષે 'ઑાલ ઇન્ડિયા ફાઇન આર્ટ્સ ક્રાફ્ટ્સ સોસાએટી'નું પારિતોષિક મળ્યું. એ પછી તો મુંબાઇમાં, ગ્વાલિયરમાં અને કલકત્તામાં તેમને રોકડ ઈનામો ઘણાં મળ્યાં.


૧૯૫૮માં ભાવનગરની મુલાકાત લીધી. અને પોતાની શૈલીમાં નવીનતા શરૂ કરી. સૌરાષ્ટ્રના લોકોને તળપદી શૈલીમાં સૌરાષ્ટ્રી ચિત્રકારોની જેમ ચીતરવા માંડચા. તેમાં રંગની મિલાવટ, રેખાની તીક્ષ્ણતા અને અખંડિતતા પ્રશસ્ય હોય છે. ૧૯૫૯ સુધીમાં તેઓએ સિંધી ગીતો, વ્રતકથાઓ, લોકકથાઓ વગેરેનાં ચિત્રો દોર્યા છે. તેમનાં 'નૂરી', 'જામ તમાચી', 'બીજલ લીલા', 'સિંધી કાકો' વગેરે દર્શનીય છે. પણ ૧૯૬૦ પછીનાં ચિત્રો ખરેખર સુંદર છે. તેમાં સૌરાષ્ટ્રના લોકજીવનમાંથી ચાળકના ચારનાર કે ગાયોના ગોવાળ, મલપતી મૈયારી ને નમણી નારીઓનાં તેમણે ખૂબ સુંદર ચિત્રો કર્યા છે. ૧૯૬૦માં તેમણે જહાંગીર આર્ટ ગૅલેરી (મુંબઇ)માં પ્રથમ નિજી પ્રદર્શન યોજ્યું. ૧૯૬૨માં દિલ્હીમાં 'ઑાલ ઇન્ડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી'માં તેમજ તે જ વર્ષમાં 'અશોક ગૅલેરી' કલકત્તામાં નિજી પ્રદર્શન કર્યું.

તેમનાં ચિત્રો લલિતકળા અકાદમી ગૅલેરી તેમજ ભારતના શ્રીમંત કલાશોખી ગૃહસ્થોના સંગ્રહોમાં છે. આજે પણ તેઓ અવનવા પ્રયોગો કરી રહ્યા છે જેમાં પશ્ચિમ તેમજ પૂર્વની શૈલીનું સંમિશ્રણ કરીને ચિત્રો કરવાની ઇચ્છા છે. ગયા જ મહિને ફ્રેન્ચ સરકારની શિષ્યવૃત્તિ મળતાં તે પારીસ જવા ઊપડચા.

દીપ

સૂર્યમાંથી સાંપડતું જીવનદાયી તેજ કે ચાંદનીમાં પથરાઈ રહેતો પ્રસન્ન પ્રકાશ, એમાં મનુષ્યને સદા યે રસ રહ્યો છે. આપણી ને દુનિયાની લગભગ બધી સંસ્કૃતિમાં અગ્નિનું – એના દેવતાનું સ્થાન ઘણું મહિમાવંતું રહ્યું છે. દીપક એનું જીવંત પ્રતીક છે. માનવી હમેશાં એને જુદાજુદા રૂપે શણગારતો રહ્યો છે. પથ્થર શંખ છીપ ને માટીનાં કોડિયાંથી માંડી સોનારૂપાના રત્ને મઢચા દીપકો એણે સર્જ્યા છે ને એમાં અગણિત આકારો ઉતાર્યા છે. વૃક્ષદીપ, કુંભદીપ, ગણેશદીપ, કીર્તિમુખદીપ, કિન્નરદીપ, રત્નદીપ, વૈભવદીપ, વૃંદાવનદીપ, નાગકુંભદીપ. હંસદીપ, ગજલક્ષ્મીદીપ, કમળદીપ, પિંજરદીપ, જ્યોતિદીપ, પંચઆરતીદીપ, ધ્યાનદીપ, સિંહદીપ, દીપલક્ષ્મી અને એમ અનેક પ્રકારના દીપોની નામાવલિ પર નજર કરતાં એના વૈવિધ્ય પાછળ કળા, ભક્તિ ને કલ્પનાની પ્રણાલિકાઓ પડેલી દેખાશે. અહીં એમાંના થોડા — થોડાક જ નમૂના ઉતાર્યા છે. એના પરથી પણ એની પાછલી વૈવિધ્યસમૃદ્ધિનો ખયાલ આવશે. દીપકનું સ્થાન આપણી પરંપરામાં ઘણું ઊંચું છે. કલાની પરંપરાએ, પૂજાના આ પવિત્ર પ્રસાધનને ને માનવીને પ્રકાશ આપતી એક અનિવાર્ય આવશ્યકતાને અભિનવ ઘાટ ને રૂપ આપ્યાં છે. સામેના પાના ઉપર આપેલાં રેખાલેખનો ને એના વ્યાપ વૈવિધ્યનો પરિચય આપી રહેશે.

('સમર્પણ'માં લેખક-આલેખક : દિનેશ શાહ)



સામેના પાના ઉપરની નોંધમાં નિર્દેશેલા, નાનાવિધ રૂપકલ્પનોવાળા દીપકો. તેના સંગ્રાહક કલાકાર દિનેશ શાહ તથા 'સમર્પણ' માસિકના સૌજન્યથી

પિછવાઈ

નાથદ્વારાનાં પટચિત્રો

લેખક • આલેખક વાસુદેવ સ્માર્ત

પટચિત્રો એટલે મોટે ભાગે કાપડના મોટા પડદા ઉપર આલેખેલાં ચિત્રો, જે સુશોભનને માટે ભીંત ઉપર ટાંગી શકાય. (ઇંગ્લંડ-યુરોપની, વણાટ દ્વારા સર્જેલી 'ટૅપેસ્ટ્રી'ઓ તથા જાપાનના 'ખાકીમોનો' પણ આ ભીંતપડદા—પટચિત્રોનો જ પ્રકાર છે.)

એના મૂળમાં તો છે ભીંતચિત્રો. એ ભીંતચિત્રોની કળા ભારતમાં ઘણા પ્રાચીન કાળથી વિકસી છે, જેના ઘણા નમૂના (અજંટા-ઈલોરા વગેરેમાં) આજે પણ જોવા મળે છે. ઋગ્વેદના સમયમાં ચામડા પર ચિત્રકામ થતું. પછીના કાળમાં લાકડાની પાટી પર ને કાપડ પર પણ ચિત્રો આલેખાવા લાગ્યાં. પટચિત્રો આલેખવાની એ પરંપરા આપણે ત્યાં ઓછીવત્તી જળવાઇ રહી હોઈ નેપાલ, ઓરિસ્સા અને નાથદ્વારા આદિ સ્થળોએ અગાઉના સમયનાં ઘણાં સુંદર પટચિત્રો જોવા મળે છે. જૈન મંદિરોમા લાકડાના પટ પર કરેલાં સુંદર ચિત્રો આજે પણ મોજૂદ છે. રંગ, રેખા અને આકૃતિની સુંદરતામાં અદ્વિતીય એવાં બંગાળની પાલ શૈલીનાં પટચિત્રો એ કળાના સર્વોત્કૃષ્ટ નમૂના ગણાય છે. ઓરિસ્સામાં, કૈંક બંગાળનાં ગામડાંમાં અને ગુજરાતના લોકસમુદાયમાં પણ આજે તે કળા યેનકેન જીવતી છે. વૈષ્ણવ મંદિરોમાં જુદાજુદા ઉત્સવ નિમિત્તે ધરવામા આવતી પિછવાઈ એ પણ કાપડ પર કરેલાં પટચિત્રો જ છે અને એમાં પણ ઉચ્ચ કક્ષાની કલમની ઝાંખી થાય છે. નાથદ્વારામાં આજે એની અપભ્રંશ કલમ પ્રવર્તમાન છે.

લગભગ ૧૭મીથી ૧૮મી સદીમાં વૈષ્ણવ સંપ્રદાયનો વિકાસ ઠીકઠીક થયો અને તેની પ્રણાલિકાઓ સુબદ્ધ થતી ગઈ. એ કાળે સેવાના પ્રકારોનું વ્યવસ્થિત નિર્માણ થયું અને એની અનેક વિધિઓમાં નાનાપ્રકારની લલિતકલાઓનો વિનિયોગ કરવામાં આવ્યો. સંપ્રદાયનો વિકાસ જેમજેમ વધતો ગયો તેમતેમ એમાં વિનિયોગ પામેલી કળાઓ પણ વિકસતી ગઇ એટલું જ નહિ, ઉચ્ચ કોટિએ પહોંચતી ગઈ. એ સંપ્રદાયના ગોસાંઇશ્રી વિઠ્ઠલનાથજીને કળાની સૂક્ષ્મતાનું ઘણું ઊંડું જ્ઞાન હતું. વ્રજની પરિક્રમા કરતાં એમણે જે જે જોયું ને અનુભવ્યું એ બધું ચિત્રિત કરાવવા એમણે ખાસ પ્રયત્નો કર્યા હતા.

મંદિરોમાં શ્રીકૃષ્ણના બાલસ્વરૂપની બેઠકની પાછળ રાખવામાં આવતી પિછવાઇઓ, સ્વરૂપને ધરવામાં આવતાં વસ્ત્રો, મૂર્તિના શણગાર તેમજ ઝાંખી, ફૂલમંડળીઓ, સાંઝી આદિ સુશોભનપ્રકારો, એ સર્વનું વિધાન ઋતુઋતુ તેમજ પ્રસંગપ્રસંગને અનુકૂળ તથા સૂક્ષ્મ ભાવોને સમજીને કરવામાં આવે છે. અહીં જેનો ઉલ્લેખ છે એ વૈષ્ણવોના મહાધામ શ્રીનાથદ્વારાનાં પટચિત્રોની પ્રાચીન આલેખના ઘણી નયનરંજક બનતી, પણ આજે એની કક્ષા ઊતરી ગઈ છે.

શુદ્ધ રાજપૂત શૈલીનાં એ પટચિત્રોના રાજસ્થાની વાતાવરણભર્યા ચિત્રવિધાનમાં સ્ત્રી અને પુરુષ પાત્રોનાં ઘાટીલાં શરીર, વસ્ત્રપરિધાન, આભૂષણો અને વૃક્ષો તથા પશુપક્ષી આદિનાં અલંકરણો વગેરેની સુંદર લયબદ્ધ રજૂઆતમાં એની વિશિષ્ટ રંગભભક કંઇ ઓર ઉમેરો કરે છે. એમા આલેખાએલી ગાયો, ગોપીઓ, ગોવાળિયા, બંસીધર કૃષ્ણ ને શ્રીનાથજીના સ્વરૂપના આલેખન પણ આહ્લાદક લાગે છે.

એ પિછવાઇઓના પણ જુદાજુદા પ્રકાર હોય છે: જામદાની, કારચોબી, ટાટામબરી, છાપાની, કિનખાબની અને પટ્ટચિત્રિત.

(૧) જામદાની પિછવાઈ જાળીદાર કાપડમાં શ્રીકૃષ્ણજીવનના પ્રસંગો વણી લઇ બનાવાય છે. એમાં ગોપગોપીઓ, ગોવર્ધનધરણ ને શ્રીનાથજી વગેરેની રજૂઆત હોય છે. ઉષ્ણ કાળમાં તેજ રંગોને હલકા દર્શાવવા માટે આ પિછવાઇને ઉપરથી ધરવામાં આવે છે. પાછળ લાલ કે લીલા રંગનું કાપડ રાખવાથી આના સફેદ જાળીદાર કાપડ પરની આકૃતિઓ સૌમ્ય-સુંદર ઉઠાવ પકડે છે.

(૨) કારચોબી પિછવાઈ ઘેરા લાલ કે લીલા સાટીન, રાજ કે મખમલ પર જરીકસબથી ભરીને કરવામાં આવે છે. ગોપગોપી, સૂર્યચંદ્ર વગેરેનાં એના પરનાં આલેખન મંદિરના સૌમ્ય પ્રકાશમાં ભભકી ઊઠે છે.

(૩) ટાટામબરી પિછવાઇમા મખમલ પર પ્રથમ શણના ધાગાથી આકૃતિઓ ભરીને પછી તેના પર જરીનું ભરતકામ કરાય છે. હાથી ઘોડા પર નાખવામાં આવતી ઝૂલ જેવું તેનું ભરતકામ ઉપસેલું લાગે છે.

(૪) છાપાની પિછવાઇ કાળા, લાલ કે લીલા જેવા ઘેરા રંગના કાપડ પર રૂપેરી છાપ છાપીને બનાવાય છે. નવરાત્રીમાં આ પિછવાઈ ધરાય છે. એને બસમાની પિછવાઈ પણ કહે છે.

(૫) કિનખાબ પિછવાઇમાં કાપડ તરીકે કિનખાબ વપરાય છે.

(૬) પટચિત્રની પિછવાઈ મોટા પનાના કાપડ પર યોગ્ય ભૂમિકા તૈયાર કરી, એના પર ચિત્રાંકિત કરીને તૈયાર કરવામાં આવે છે. વૈષ્ણવેતર લોકો જેનાથી વધુ પરિચિત છે અને કલાના એક ઉમદા પ્રકાર તરીકે જે આદર પામી છે એ પિછવાઈ તે આ. વિષયનું બહોળું વૈવિધ્ય ધરાવતી, ઉત્કૃષ્ટ કલમનાં અનેક સુંદર આલેખનોવાળી આવી પ્રાચીન પિછવાઇઓ આજે યે ઘણાં વૈષ્ણવ મંદિરોમા જતનથી જળવાઇ છે.

ધર્મને નિમિત્તે સચવાઇ રહેલા આ કલાવારસામાં નાથદ્વારાની પિછવાઈનાં આલેખનો રંગાવટ અને રેખાટનની દૃષ્ટિએ ઘણાં સુંદર છે. એમાં કિશનગઢ શૈલીની ચિત્રણા સર્વોત્તમ ગણાય છે. તેના ગોપગોપીઓની મુખાકૃતિમાં ખંજનના જેવી અણિયાળી આંખો, તીણાં નાક, અણીદાર ઓષ્ઠ તથા વળાંક લેતી વાળની લટો વગેરે મન હરી લે તેવાં હોય છે. કાશીના ભારત કલાભવનમાં સંઘરાએલી આવી એક પિછવાઈનું રેખાંકન આ સાથેની આકૃતિઓમાં છે. અન્ય રેખાંકનો શ્રી કંચનલાલ મામાવાળાના સંગ્રહની નાથદ્વારા શૈલીની એક ઉત્કૃષ્ટ પિછવાઈ પરથી છે, જે પણ આજે એ કલાભવનના સંગ્રહમાં સચવાઈ છે.

આ પિછવાઈઓ જુદાજુદા તહેવારની જુદીજુદી હોય છે. બાળલીલા, દાણલીલા, રાસલીલા, અન્નકૂટ, ગોપાષ્ટમી, વ્રજપરિક્રમા, ગોવર્ધન પરિક્રમા ઈત્યાદિ ચિત્રવિષયો તેના પર આલેખાય છે. રાસ અને દાણલીલા એમાં મુખ્ય હોય છે. ગોપાલ કૃષ્ણના જ જીવનની આસપાસ વણાએલાં એ પ્રસંગચિત્રોમાં ગોધન તો જોઇએ જ. પિછવાઈના ચિત્રકારોએ એ ગોવૃંદના આલેખનમાં જે લાવણ્ય અને કૃષ્ણનો બંસીનાદ સાંભળી એ તરફ ડોક લંબાવી દોડી આવતી એ ગાવડીઓની આંખોના ભાવનું જે સુંદર આલેખન કરેલું જોવા મળે છે એ કદાચ ભારતના બીજા કોઈ ચિત્રપ્રકારમાં જોવા નથી મળતું. યમુના નદીનો પટ ને એને બંને કાંઠે વસેલાં ગામડાના સુંદર ઘર તથા એમાં ઘેરઘેર કૃષ્ણલીલાના નાનાવિધ પ્રસંગોનાં ચિત્રોવાળી વ્રજપરિક્રમાની પિછવાઈ પણ સમૃદ્ધ આલેખનાની દ્યોતક હોય છે. અન્નકૂટની પિછવાઈમાં ચારે બાજુ બાર માસનાં વિવિધ ચિત્રો પણ હોય છે. વંશવૃક્ષની પિછવાઇમાં મહાપ્રભુજીથી લઇને એમના કુળમાં અવતરેલા ગોસાઈજીઓની તસવીરો હોય છે. એ રીતે એનું દસ્તાવેજી મૂલ્ય પણ ઘણું ગણાય.

આમ, વૈષ્ણવ સંપ્રદાયને આશ્રયે પિછવાઇઓનો વિશિષ્ટ કલાપ્રકાર વિકસ્યો હતો. આજે પણ નાથદ્વારામા પિછવાઇઓ ને અન્ય ચિત્રોનું કામ થાય છે, પણ ધંધાની દૃષ્ટિએ સરજાતી એ કૃતિઓમાં હવે અગાઉની ભાવોત્કૃષ્ટતા જણાતી નથી.

પિછવાઈ ચિત્રણાના

કેટલાક આંશિક નમૂના

આ સાથે આપેલા શ્રી વાસુદેવ સ્માર્તના લેખ (પિછવાઇ : એક વિશિષ્ટ કલા-પ્રકાર)મા નિર્દેશેલી ભારતકલાભવનના સંગ્રમાંના બે ઉત્કૃષ્ટ પિછવાઈ પરના કેટલીક આકૃતિઓનાં આ રેખાંકનો એ કલાના પ્રતિનિધિ રૂપ નમૂના ગણી શકાય. એમાંનાં ગોપ-ગોપીઓ, ગોધન, વ:ધધારી સ્રીવૃંદો, વૃક્ષાલેખન આદિની રેખાઓની ચિત્તાકર્ષક પ્રવાહિતા નમણાઇ વગેરે — ચિત્રકળાના અભ્યા-સીઓ તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શક બનવા ઉપરાત શાળાઓના ચિત્રવર્ગો માટે પણ ઉપયોગી નીવડશે.



શ્રીનાથજી સ્વરૂપ
બંસીધર કૃષ્ણ



વારાણસીના ભારતકલા ભવનના સંગ્રહમાંની નાથદ્વારા ચિત્રશૈલીની પિછવાઈમાંનું વાદ્યધારિણી સ્ત્રીઓનું સંગીતવૃંદ
(સર્વ આલેખનો : શ્રી વાસુદેવ સ્માર્ત)



આરતી ઉતારતી સ્ત્રીઓ



ગોપ અને ગોધન



દાણલીલા



↑ ભારતકલાભવનમાંના કિશનગઢશૈલી
પિછવાઈમાંની ગાયો

ગોપ અને ગાયો



થોડું અંગત • થોડું સામાન્ય

પ્રખ્યાત હિંદી વાર્તામાસિક 'સારિકા' હમણાંથી દર અંકે એકએક ભારતીય નવલિકાકારનો પરિચય આપે છે. એમાં એક લેખ લેખકે પોતે પોતા વિષે લખવાનો હોય છે, એક લેખ અન્ય વિવેચકે એ લેખક વિષે લખવાનો હોયછે. આ લખાણ લેખકે પોતે લખવાના ભાગ માટે લખાએલું.

ગુલાબદાસ બ્રોકર

જયારે કોઇ મને પૂછે છે, 'તમે લેખક શી રીતે થયા?' ત્યારે એને જવાબ તો ગમે તે દઇ દઉં છું, પણ તેવે વખતે મારી નજર સામે એક છોકરો રમી રહે છે. ચૌદ પંદર વર્ષની એની ઉંમર છે. ભણવામાં એને રસ છે. ને બુદ્ધિના અન્ય વિષયો એને ગમે છે.

એ શેરીમાં રમતો ન હોય કે દોસ્તો સાથે ગપાટા મારતો ન હોય ત્યારે બેમાંથી એક ચીજ એ કરતો હોય. કા તો વાંચતો હોય; કાં તો એકલો બેઠો બેઠો તરંગોમાં ઝૂલતો હોય.

એમ એ બેઠો હોય છે ત્યાં એની જ ઉંમરનો એનો સાથીદાર આવી ચડે છે. એ છે એનો પાડોશી ને જિગરજાન દોસ્ત. એને જોતાંવેંત આની આખ હસી ઊઠે છે. પણ પેલો હસતો નથી, બોલતો પણ નથી. આમતેમ અકળવકળ જોયા કરે છે. પણ એ શાંત નથી, ગંભીર છે. એની અંદરથી કંઈક ઉછાળા મારતું બહાર ધસી આવવા મથી રહ્યું હોય છે, ને એને રોકી રાખવા એ મથામણ કરી રહ્યો હોય છે. એ એની સામે જ જોઈ રહે છે. એની મૂંઝવણ જોઈ એનાથી હસી પડાય છે.

'શું છે? શેનો મૂંઝાય છે આટલો બધો? કહેવું છે કંઇ?' ને પેલાથી બોલી જવાય છે: 'મેં કવિતા લખી છે. તને બતાવું?'

'તેં? કવિતા?' જાણે ન માનતો હોય ને!

'નથી માનતો? જો ત્યારે.' કરી એ ક્ષોભભર્યા છતાં મોટા અવાજે બોલવું શરૂ કરે છે:

'સંધ્યા સલૂણી, બાલ તારા
કોણ નભમાં ગૂંથતું?'

ગીત આગળ ચાલે છે. છોકરો તેની સામે જ જોઇ રહે છે, ખુલ્લે મોઢે ને બાઘા જેવી આંખે.

એથી ઉત્તેજાઇ કવિતા પૂરી થતાંવેંત જ પેલો પૂછે છે, 'ને બીજું સાંભળવું છે?'

'શું વળી?' માંડમાંડ શબ્દ નીકળે છે.

'આ લેખ; જો.' કહી તે ખિસ્સામાંથી 'રાજા' નામનું લખાણ કાઢે છે. ને વાંચવા માંડે છે

એ ભાષાના તેજથી આ અંજાઇ જાય છે. એના ગૌરવ પાસે તે નતશીર્ષ બની રહે છે.

'તમે લેખક શી રીતે થયા?' એ પ્રશ્ન મને પુછાતાવેંત સદા આ દૃશ્ય નજર સામે રમી રહે છે. એ ક્ષણે જ મારી જાતને હું પેલા બાઘા છોકરા તરીકે ઓળખી લઉં છું. ને પેલા કવિતા કરનારા કિશોર તરીકે મારા મિત્ર રતિલાલ છાયાને. એ ક્ષણનો અને તેમના એ વાચનનો આઘાત મને બરોબર યાદ છે. 'લેખક આમ થવાય ત્યારે; આવુંઆવું લખતાં આવડે તો.' મનને સમજાઈ જાય છે, ને એ ક્ષણે જ મનને એક સમાધાન પણ લાધી જાય છે: 'આપણને આવુંઆવું કશું કદી સૂઝવાનું કે આવડવાનું નહિ ને એટલે કદી લેખકબેખક થવાના નહિ.'

એ સમાધાન અર્પે છે તે આશ્વાસન ઓછું નથી. સાહિત્યમાંથી કર્તૃત્વની કામના નાબૂદ થતાં નિષ્પક્ષ ભાવે એ પદાર્થ માણી શકાય છે.

એ સ્પૃહણીય સ્થિતિ વર્ષો સુધી ચાલે છે.

કૉલેજમાં જાઉં છું. નરસિંહરાવ દિવેટિયા જેવા વિદ્વાન કવિજન શિક્ષક તરીકે સાંપડે છે–ગુજરાતીમાં; ગજેન્દ્ર ગડકર જેવા સંસ્કૃતમાં, ને ડૉ. પાર્કર જેવા અંગ્રેજીમાં. પછી તો પૂછવું જ શું? તેમાંના એક શેલીના ચંડૂલની સાથે વ્યોમમાં વિહાર કરાવે, બીજા શાકુન્તલનો નાટ્યરસ અંતરમાં ઠાલવી દે, ને ત્રીજા ગુજરાતીનાં ગદ્ય ને પદ્યનાં અનેક પાણીદાર મોતીનો પ્રત્યક્ષ પરિચય કરાવે. 'આપણાથી લેખક કદી થવાવાનું નથી'. એ આશ્વાસન આ ત્રિવિધ તાપની ભીંસમાં પછી ટકી શેં રહે?

એટલે કવિતા પણ કરી બેઠો, ને એકાદ વાર્તા પણ લખી નાખી: પણ છૂપીછૂપી. બન્નેને ઘરના કબાટના પાછલા ભાગમાં સંતાડી રાખી. પણ સરોજિની નાયડુના એકાદ કાવ્યનો અનુવાદ કર્યો હતો તેને કૉલેજના પત્રમાં છપાવવાનો લોભ ખાળી ન શકાયો.

ને એક મિત્ર સતેજ થઈ ગયા. ઘેર આવ્યા. મન કહે: 'લખાણ બતાવ.'

'કયું લખાણ?'

'તેં લખ્યું હોય એ.'

'હું શું લખું?'

'સફાઈ રહેવા દે. મારે જોવું છે.'

'તો જુઓ!' મન ઝાલ્યું રહ્યું નહિ, તે લખી હતી તેમાંની એકાદ કવિતા સામે ધરી દીધી.

તેમણે એ ધારીધારીને જોઈ. ને પછી ધીમે ધીમે ચીપીચીપીને વાચી. ને પછી એવું વિવરણ અને વિવેચન કર્યું, એ કવિતાની એકેએક લીટી–એકેએક શબ્દ સુદ્ધાં લઇને, કે લેખક બનવાનું દુઃસાહસ કરવાનો જે કંઈ ભાવ જાગ્યો હશે એ બધે જ ત્યાંને ત્યાં શમી ગયો.

ને હું માત્ર વાચક બની રહ્યો.

પણ એ વાચકપણાએય વિટંબણા ઊભી કરી. કૉલેજમાંથી સત્યાગ્રહમાં જોડાયો ને ત્યાંથી સીધો જેલમાં પુરાયો, ૧૯૩૨માં, આ વાચકપણાનું પૂછડું છૂટે નહિ, ને વાંચ્યું હોય તે વિષે મિત્રો જોડે મોટેમોટે વાતો કર્યા સિવાય રહેવાય નહિ એક દિવસ એમ વાતો જ કરતો હોઇશ ત્યા એક સાથીદાર ઓચિંતા મારી પાસે આવ્યા. જરા બાજુમાં લઇ જઇને કહે: 'મારે તારું થોડું કામ છે.'

મને બાજુમાં લઇ જવા જેટલું મારું એમને કામ પડયુ તેથી હું રાજી થયો. 'શું?' મેં પૂછ્યું.

'થોડી વાર્તાઓ મેં લખી છે, એ તને વંચાવવી છે. તું વાચીને અભિપ્રાય આપ.'

'પણ હું શા માટે?'

'મોટો સાહિત્યનો રસિયો હોવાની સફાઈ કરે છે ને, એટલે!' તે જરા તિરસ્કારથી હસ્યા ને મારા હાથમાં તેમનું લખાણ મૂકી દીધું.

તે મારાથી મોટા હતા, ઉમ્મરે ને કદે બન્ને રીતે. તેમની સામે થવાનું મન થયું નહિ. વાર્તાઓ હું વાચી ગયો. ત્યાં જ બીજા એક ભાઈની પણ એવી જ માગણી આવી. એમની વાર્તાઓ પણ વાચી ગયો.

બન્ને મિત્રોની એ વાર્તાઓ 'વાર્તા ખાતર વાર્તા' જ હતી. ન ભાવ, ન અનુભૂતિ, ન માનવજીવન કે માનવીય પરિસ્થિતિ વિષેની કશી સમજણ, કે ન કલામય આકૃતિ. ને છતાં એ બન્ને લેખકો મસ્ત હતા.

થોડી મજાક કરી, થોડું દોઢડહાપણ કર્યું, ને એમની જોડે સાહિત્ય વિષે થોડી ગંભીર વાતો કરવાનો પ્રયત્ન કર્યો. મજાકથી તેઓ ચીડાયા, દોઢ ડહાપણથી કંટાળ્યા, અને સાહિત્ય વિષેની ગંભીર વાતોને તો ગણકારી જ નહિ. બન્ને મારાથી દૂર ચાલ્યા ગયા — આવી જ બીજી અનેક વાર્તાઓ લખી નાખવા.

એ તો ગયા, પણ મારા હૃદયમાં લાલચનું એક બીજ મૂકતા ગયા. જો આવા બધા પણ લેખક થવા મથે, તો મારે શા માટે એ મથામણ ન કરવી? એમના કરતા મને તો સાહિત્યની વધારે સૂઝ છે. ને ન આવડ્યું તોયે શું

શબ્દકથા: ચોરો, ચોરી, ચાચર

જેમ 'ચોક'નો સંબંધ 'ચતુષ્ક' સાથે છે, તેમ 'ચોરો'માં પણ 'ચાર' સંતાયા છે. સંસ્કૃત 'ચત્વર'નો અર્થ છે 'ચોક' અને તેના મૂળમાં 'ચાર'ની સંખ્યાનો વાચક 'ચતુર્' કે 'ચત્વારઃ' છે. ચોરસ જાહેર જગ્યા તે 'ચત્વરક'. પછી પ્રાકૃતમાં થયું 'ચઉરય' ને ગુજરાતી 'ચોરો'—તે બેસવા મળવા માટેના જાહેર સ્થાનક માટે પ્રચલિત થયો.

લગ્નની 'ચોરી' પણ ચાર ખૂણે બાંધેલાં માટલાંની ઊતરડના બનેલા મંડપરૂપે હોય છે, એટલે તે પણ આ 'ચોરા'ની જ બહેન છે. મૂળમાં 'ચત્વરિકા' પછી 'ચઉરિઆ'ને 'ચોરી'.

પણ 'ચત્વર'નું બીજું પ્રાકૃત રૂપ છે 'ચચ્ચર'. આ 'ચચ્ચર' ઉપરથી આપણને 'ચાચર' મળ્યું. આપણા ગરબામાં આવતું 'રમવા આવોને ચાચરચોકમાં' અને 'ગુજરાતના નાથ'માં આવતો 'હિંગળાજ ચાચરનો ઓવારો' આપણને જાણીતાં છે. ચોકની દેવી તે ચાચરદેવી—જૂની ભાષામાં 'ચાચરદેવ્યા'. પછીથી એકલો 'ચાચર' પણ ચકલાની દેવી માટે વપરાતો થયો.

હરિવલ્લભ ભાયાણી

થઈ ગયું? જોઈએ તો ખરા. આમ, હા-ના, હા-ના કરતાં પલ્લું લખવા તરફ નમતું ગયું.

પણ લખવું શું? ને કેવી રીતે? નજર સામે સફળલેખકોની મૂર્તિઓ રમવા લાગી. મુનશી, ધૂમકેતુ, મેઘાણી... કેવુંકેવું લખતા'તા એ! કેવાં તેજસ્વી ને સુંદર નરનારી ઘડી શકતા હતા! કેવી રોમાંચક દુનિયામાં લઇ જઇ શકતા એ વાચકોને! એવું એવું કરતાં મને આવડે?

એમની અદ્‌ભુત સૃષ્ટિ મારા મન સમક્ષ રમવા લાગી. એમાં શૌર્ય હતું, વીર્ય હતું, પ્રેમ હતો, શૃંગાર હતો, ત્યાગ અને વૈરાગ્ય હતાં. એમાંના સ્ત્રીઓને દાડમની કળી જેવા દાંત હતા, ત્રિલોકને નમાવે એવું સૌંદર્ય હતું, કેતકીના સોટા જેવી કાયા હતી અને એમાંના પુરુષો! એ કાક ને બિંબિસાર, ને જોગીદાસ ખુમાણ, ને એ બધા. મારાથી કેમ થાય એ બધું? મેં તો એવી મંજરી કે આમ્રપાલી જેવી સ્ત્રીઓ કદી જોઈ પણ નહોતી, તો આલેખી તો શકું જ કેમ? ને હું તો ગભરુ વાણિયાનો છોકરો: સાદાસીધા માણસોનો જ અનુભવ ધરાવતો. એ ક્યાંથી કાઢું કાક, ને મુંજાલ, ને બિંબિસાર, ને જોગીદાસ, ને એવા બધાને?

મન લેખન કરવાનો વિચાર માંડી વાળવાનું થયા કરે, ને છતાં અંદરનો સળવળાટ જંપવા ન દે. એવાંએવાં પાત્રો ને એવાએવા રોમાંચક પ્રસંગોની વાતો કરીએ તોજ સાહિત્ય સર્જાય? આપણે જેને ઓળખતા હોઇએ એવાં સાદાંસીધાં સ્ત્રીપુરુષોની વાતો કરીએ તો? એવાં તો કેટલાં બધાં માણસો આપણે જાણતા હોઇએ—કેટલી બધી લતા ને સુલેખા ને નીલી, ને શશી, ને અવિનાશ ને નિરંજન, ને કેટલાં બધાં!

નજર સામે એવાં સ્ત્રી-પુરુષોની હારમાળા ઝૂલવા લાગી, ને એમની સાદી સીધી છતાં અર્થગર્ભ એવી જીવનની ઘટમાળો. એની જ વાતો શા માટે ન કરવી? પેલી અદ્‌ભુત શૈલીમાં ન આવડે તો કાંઇ નહિ, આપણે આપણી સાદી સીધી શૈલીમાં જ ન લખીએ?

એમ જ હિંમત કરી. એક ડૉકટર ને એક સ્ત્રીની વાત લખી નાખી. એ સ્ત્રી પરી જેવી રૂપાળી નહોતી. કેમકે ડૉકટરે પરીઓ નહોતી જોઈ. તો પણ દરેક પુરુષને મનમાનીતી સ્ત્રી પરી તો લાગવાની જ, એટલે એ ડૉકટરને પણ લાગ્યું કે પરીઓ એમની એ શશીલેખાથી વધારે રૂપાળી તો ન જ હોય. છતાં સંજોગના બળે એ ડૉકટર એક દિવસ એ પરી પાસેથી એક સામાન્ય સ્ત્રી પાસે કેમ દોડી ગયા—જેનાથી એ દૂર રહેવા માટે પ્રતિજ્ઞાથી બંધાયા હતા એવી સ્ત્રી પાસે—એની એ વાત હતી.

લખીને વાંચી ગયો. મને પોતાને જ હસવું આવ્યું. આ તે વાર્તા કહેવાય? આ પણ પેલાઓની જેમ 'વાર્તા ખાતર વાર્તા' નહોતી?

મનમાં નિર્ણય કરી લીધો કે આ કોઈને બતાવે એ બીજા. હાંસીપાત્ર બનવું કોને ગમે? ને છતાં મનમાં ઉછાળા તો ઊઠયા જ કરે.

એક પારસી જુવાન અમારી જોડે જેલમાં. મારો ખાસ મિત્ર બની ગએલો. ખૂબ જ હસમુખો અને બેફિકર લાગતો. એક દિવસ જોયું તો ખૂણામાં બેઠોબેઠો એકલોએકલો આંસુ સારે. પૂછતાં એક પત્ર મારા હાથમાં મૂકી દીધો. તેની પત્ની તેને છોડી જતી હતી, કેમ કે આ માણસ જેલમાં ગયા કરતો, ને પેલી વિષે કશી વ્યવસ્થા કરતો નહિ.

વાતની કરુણતા મને સ્પર્શી ગઈ. આનો એમાં વાંક નહોતો. આવી સ્વાતંત્ર્યની લડતનું નોતરું આવે, ને જુવાન દિલ ઘરમાં કેમ બેસી શકે? પણ તો પેલી સ્ત્રીનો પણ શો વાંક? આ જેલમાં ગયા કરે ને એ કોઈની ઓશિયાળી બનીને જ દહાડા વિતાવ્યા કરે? એટલે આવું કશુંક થાય પણ ખરું.

માત્ર વિધિની વક્રતાથી, માનવીના વાંકગુના વિના સહન કરવી પડતી કરુણતાવાળી વાત મનમાં એવી ઘોળાયા કરે કે એ વિષે એક બીજી વાર્તા પણ જેલમાં લખી નાખી.

એને વાંચતાં પણ હસવું જ આવ્યું. બંને મેં ચોપડીનાં પાનાંઓમાં સંતાડી દીધી.

વર્ષો વીતી ગયાં એ વાતને. એમાં એક દિવસ આકસ્મિક જ રામનારાયણ પાઠકની ઓળખાણ થઇ. એમની વાર્તાઓનો હું આશક, એટલે એ પરિચય પ્રેમભર્યો બન્યો. પ્રેમ વધતાં અને અમુક સંજોગ મળતાં, મેં પણ કંઇક લખ્યું હતું એ યાદ આવ્યું. એમને બતાવવાનું મન થયું. સંકોચ અને ક્ષોભ તો ઘણા જ થતા હતા, છતાં પેલી ડૉકટરવાળી વાત આખરે એક દિવસ એમને બતાવી.

એ ચિત્ર મારા મન પર જડાઈ ગયું છે. મારી વાર્તા એ વાંચે છે ને હું એમને જોઈ રહ્યો છું. મન ફડક ફડક થયા કરે છે. અંતે એ નજર ઊંચી કરે છે. મારી સામે જુએ છે. મારી નજર નીચી થવા મથે છે, પણ તેમ કરી શકતો નથી. એમના વાક્ય ઉપર મારું જીવન જાણે અવલંબી રહ્યું ન હોય એવું મનમાં થયા કરે છે. ને એ કહે છે: 'હું એવો જૂનવાણી તો નથી, કે વાર્તામાં કોઈ જાતની finalityને અનિવાર્ય ગણું; પણ તમને નથી લાગતું કે...?'

અટકી ગએલું લાગતું મારું હૃદય ફરી જોરજોરથી ધબકવા માંડે છે. ત્યારે એમને આ તદ્દન નકામી તો નથી જ લાગી.

એની પ્રતીતિ પણ મળી જાયછે. થોડી ચર્ચા. એ ચર્ચાને અંતે મને સૂઝ્યો એવો એમાં થોડો વધારો; ને એ વાર્તાની ઉપર એમને હાથે લાલ અક્ષરથી લખાઇ જાય છે: 'લેવું'. ને એની આસપાસ એક કુંડાળું વળી જાય છે.

વળતે મહિને જ એ, ત્યારના અત્યંત પ્રતિષ્ઠિત માસિક 'પ્રસ્થાન'માં પ્રસિદ્ધ થઈ ગઇ. આંખે જોયા છતાં એ હકીકત માની ન શકાઈ. 'પ્રસ્થાન'માં કંઇ પણ લખાણ છપાવું એ, એ સમયમાં, મોટા માનનો વિષય ગણાતો.

એમ વાર્તાનું લેખન શરૂ થાય છે. એમાં ઉત્તેજન મળે એવા બનાવો બનતા આવે છે. એક દિવસ સવારના એ જ રામનારાયણ પાઠક પોતાથી પણ ઊંચી એવી લાઠી ઉછાળતા આવી પહોંચે છે. બગલમાં છાપું દબાવ્યું છે. બેસતાંવેંત એ છાપું ટેબલ ઉપર પછાડે છે. હસતાંહસતાં કહે છે: 'લો, આ તમારી વાર્તા.'

'હું પત્ર ઉઘાડું છું. સૂરતનું છે. તેમાં વચલે પાને જ મારી એ ડૉક્ટર વાળી વાત છાપેલી છે: "'પ્રસ્થાન'માંથી સાભાર".

પાઠક સાહેબ હસે છેઃ 'તમે તો કહેતા હતા ને, કે તમને વાર્તા લખતાં નથી આવડતી?'

હું સાભાર સાદર તેમની સામે જોઈ રહું છું.

એમની મોટી હૂંફ છે મને. કંઇક લખાય કે એમની પાસે દોડી જાઉં છું. એમની સંમતિ મળે એટલે આનંદ અનુભવું છું. વેપારી છું એટલે એમને કહું છું: 'સોનાબજારમાં માલ લો ત્યારે ત્યાં મહાજનનો એક કાંટો હોય છે. ત્યાં સોનાનું વજન કરાવાય અને કસ કઢાવાય. એ કાંટો કહે એ બ્રહ્મવાક્ય. તમે પણ મારે માટે એ મહાજનના કાંટા જેવા છો.'

તેઓ પ્રેમપૂર્વક હસે છે. એમનું એ પ્રેમભર્યું સ્મિત હજી મારા હૃદયમાં સચવાઇ રહ્યું છે.

લખાતાં લખાતાં 'લતા શું બોલે?' નામની વાર્તા લખાય છે. લતા નામની સ્ત્રી પતિના મિત્ર જોડે કે પતિનો મિત્ર લતા નામની સ્ત્રી જોડે અમુક પળે જે વ્યવહાર કરી બેસે છે તેની એ વાત છે. લતા સારી હતી, એ મિત્ર સારો હતો, લતાનો પતિ તો દરેક રીતે ઉત્તમ માણસ હતો, છતાં આ બનાવ બની જાય છે તેની એ વાત છે. એવી વાતો એ જમાનામાં બહુ લખાતી નહિ, છતાં પાઠક સાહેબ એ વાર્તા 'પ્રસ્થાન'માં છાપે છે. તેમને ક્યાંક-ક્યાંકથી એ માટે ઠપકો પણ મળે છે. પણ એક દિવસ સવારે એ ફરી મારે ત્યાં હસતા હસતા આવી ચડે છે. હાથમાં એ જ મોટી લાઠી છે ને બગલમાં દબાવેલું છે એક મોટું કવર. આ વખતે એ કવર એ ટેબલ ઉપર પછાડીને કહે છે: 'તમે પૂછો છો ના, કે "લતા શું બોલે?" તો આ જુઓ, તમારી લતા બોલી.'

ઉત્સુકતાથી કવર ઉઘાડીને જોઉં છું તો કવિશ્રી સુન્દરમે એક પ્રકરણ મોકલ્યું છે. મારી વાર્તા પૂરી થઈ ત્યાંથી તેમણે એનો દોર ઉપાડી લીધો છે. ને એ પ્રકરણનું નામ છે: 'લતા બોલી.'

એ છપાય છે, 'પ્રસ્થાન'માં જ. એ પછી બીજા લેખકો એમ પ્રકરણો લખ્યે જાય છે એ છપાતાં જાય છે. છેલ્લે રમણલાલ વ. દેસાઈને છેલ્લું પ્રકરણ લખવા પાઠક સાહેબ વિનતિ કરે છે, ને એ વાર્તા એમ પૂરી થાય છે.

મારા જેવા નવા લેખક માટે એ પ્રસંગ અતિ મહત્ત્વનો બની જાય છે. એથી ઉત્તેજન એટલું બધું મળે છે કે પછી તો વાર્તાઓ લખ્યે જ રાખું છું, આજે એ વાતને સત્તાવીસ–અઠ્ઠાવીસ વર્ષ થઈ ગયાં તો યે લખતાં અટક્યો નથી.

મારું પહેલું પુસ્તક 'લતા અને બીજી વાતો' પ્રસિદ્ધ થયું અને એને 'જન્મભૂમિ' અને 'ફૂલછાબ'માં સમાલોચના અર્થે ઝવેરચંદ મેઘાણીને મોકલવાનો પ્રસંગ આવ્યો ત્યારે, મને હમેશાં મૂંઝવતો પ્રશ્ન 'આ તે શું સાહિત્ય કહેવાય?' ફરી પાછો સજીવ બની ગયો. મારી ભાષા સાદી હતી, શૈલી સરળ, પ્રસંગો સામાન્ય, ને પાત્રો કોઈ પણ જાતના અસામાન્ય વ્યક્તિત્વ વિનાનાં. મારી વાર્તાઓમાં વર્ણનો ક્વચિત જ આવતાં ને કવિતા નહિવત્. મેઘાણીભાઇનું આ બધી બાબતોમાં મારાથી જુદું જ હતું. તબડક તબડક ચાલતી તેમની પાણીદાર સોરઠી ઘોડી આગળ આ મારું ટટ્ટુ બાપડું કેવું લેખાશે એવો મને મોટો ભય હતો.

મોકલ્યા પછી આતુર અને કંપતે હૈયે હું એમના અવલોકનની રાહ જોઈ રહ્યો. એ આવ્યું ત્યારે મારું નામ જોતાં જ હૈયું એક ધબક ખાવી ભૂલી ગયું હોય તેવું લાગ્યું. પરંતુ જેવું અંદરનું લખાણ વાંચ્યું તેવું મારું આશ્ચર્ય અનહદ વધી ગયું. તેમણે તો કોઈ પણ જાતનો સંકોચ રાખ્યા વિના એ વાર્તાઓને એવા પ્રેમપૂર્વક વધાવી લીધી હતી કે કોઈ પણ લેખકનું હૈયું ફૂલીને ફાળકો બની જાય. ને એમાં પણ લેખક મારા જેવો નવીન, ને પોતાનાં લખાણ સંબંધી શંકાશીલ હોય ત્યારે?

મેઘાણીભાઇને આવું આવું કેમ ગમ્યું હશે એનું મને કુતૂહલ હમેશાં થતું. હું મિત્રોને એ વિષે પૂછતો પણ ખરો. પણ સંતોષકારક જવાબ નહોતો મળતો. એક વખત એનો મને જે જવાબ મળ્યો, તેથી એ અને બીજી ઘણી ઘણી વસ્તુઓ આપોઆપ સમજાઈ ગઈ.

બુઝુર્ગ વિદ્વાન અને પ્રસિદ્ધ કવિ શ્રી બળવંતરાય ઠાકોર પાસે હું ત્યારે બેઠો હતો. મેઘાણીભાઈની વાત નીકળતાં મેં મારા મનમાં ઘોળાતો પેલા આશ્ચર્યવાળો પ્રશ્ન એમને પણ પૂછ્યો. એ હસી પડ્યા. કહે: 'તમને એ સમજાતું નથી?' મેં કહ્યું: 'ના'.

એમાં સમજવાનું શું છે? મેઘાણી ઘણું બધું કરી શકે છે પોતાની લેખિની દ્વારા, પણ આવી સાદીસીધી શૈલીમાં સામાન્ય માણસોની વાતોમાંથી એ સાહિત્યિક કૃતિ નીપજાવી શકે એમ છે ખરા? એટલે એમને તમારી કૃતિઓનું આકર્ષણ થાય એ સ્વાભાવિક છે.'

પછી સમજાવતા હોય એમ કહે: 'માણસ બે વસ્તુઓથી આકર્ષાય. એક, પોતે જે કરી શકતો હોય તેથી ઉત્તમ સ્વરૂપે જો બીજો માણસ એ કરી બતાવતો હોય તો; એક પોતે જે ન કરી શકતો હોય એ રીતે બીજો માણસ તે કરી બતાવતો હોય તો. મેઘાણી માટે તમે એ બીજી રીતના માણસ છો.'

એથી એ બાબતમાં મેઘાણીભાઈનું આકર્ષણ તો સમજાયું, પણ સાથે સાથે આ બધી વાતોને આટલો ઉમળકાભર્યો આવકાર કેમ મળ્યો હશે એ વાત પણ મનમાં સ્પષ્ટ થઈ ગઇ. એ વખતના વાર્તાસાહિત્યમાં ઝળકતા સિતારા હતા મુનશી, મેઘાણી, ધૂમકેતુ અને



ગુલાબદાસ બ્રોકર

ર.વ. દેસાઇ. દેસાઈ આદર્શવાદી રસીલી કવિત્વમય શૈલીમાં લખનારા. બાકીના ત્રણે તો તેજીલી વેગવાન બાનીના સ્વામીઓ. રામનારાયણ પાઠક એક જ, એટલા જ પ્રસિદ્ધ છતાં સ્વભાવે અને શૈલીએ એમનાથી તદ્દન જુદા. એ સમયે જ્યારે સાહિત્યરસિક લોકો ધૂમકેતુ મુનશીઅને મેઘાણીની જાતનાં લખાણોથી ટેવાએલા હતા ત્યારે આ એમનાથી તદ્દન જુદી જ — શૈલી, ઘાટ, વસ્તુ, વિભાવના વગેરે સર્વ અંગોમાં તદ્દન જુદી જ — જાતની કૃતિઓ તેમની સમક્ષ આવી ત્યારે તેમને સ્વાભાવિકરીતે જ તેનું પણ આકર્ષણ થયું એ મને સ્પષ્ટ થઈ ગયું. અને સાથેસાથે બીજી એક વાત પણ સમજાઇ. આવી સાદીસીધી, તેજ કે તલસાટ વિનાની વાતો લખવા હું લલચાયો હોઈશ, એ પણ મારા પૂર્વજોની ઝમકદાર કથનરીતિની પ્રતિક્રિયા રૂપે નહિ હોય? એથી હું કશું નવું કરી રહ્યો હોઉં એવું મને લાગતું નહોતું, હજી યે નથી લાગતું. પણ લોકોને જ્યારે આવું કશુંક જુદું જોઈતું હતું ત્યારે એવું જુદું મારા હાથે જ નીકળી આવ્યું એ આકસ્મિક યોગાનુયોગનો લાભ મને મળી ગયો હોય એમ હું માનું છું. અને એ યોગાનુયોગને મારા સદ્ભાગ્ય સિવાય બીજું તે શું કહી શકાય?

સદ્ભાગ્ય તો મને ખૂબ જ સાંપડ્યું છે: નાનપણથી જ આવી વસ્તુઓનો મારો વ્યાસંગ ટકી રહે એવા મિત્રો મને મળ્યા છે. જરા મોટો થતાં સાહિત્યની વિભૂતિઓ રામનારાયણ પાઠક, બળવંતરાય ઠાકોર, ઝવેરચંદ મેઘાણી વગેરેના પ્રેમભર્યા સહવાસમાં આવવાનો અવસર મળ્યો છે. ઉમાશંકર અને સુંદરમ્, મનસુખલાલ ઝવેરી અને સુંદરજી બેટાઇ, માણેક ભાયાણી ને યાજ્ઞિક, પેટલીકર પીતાંબર ને પન્નાલાલ વગેરે અનેક મિત્રોનો અઢળક પ્રેમ ને સમભાવ હું મેળવી શક્યો છું.

વિવેચકોએ મારી પીઠ થાબડયે રાખી છે, વિદ્વાનોએ મારી વાતો રસપૂર્વક સાંભળી છે, અને સામાન્ય વાચકવર્ગે મને નકાર્યો નથી, એ મારા જીવનનું મહાન સદ્ભાગ્ય જ ગણાય.

સંસારમાં પણ મને સદ્ભાગ્ય જ મળ્યું છે. સંસારનો બધો બોજો એક પક્ષે મારા મોટા ભાઇએ પોતાની પીઠ ઉપર ઉપાડી લઈ મને સાહિત્ય માટે છૂટો કર્યો, તો બીજે પક્ષે મારી પત્નીએ એ બોજાનો મને લેશમાત્ર પણ સ્પર્શ થવા દીધો નહિ. સંતાનો સારાં થયાં, મિત્રો–સ્ત્રીઓ ને પુરુષો બંને–અત્યંત પ્રેમાળ મળ્યાં. એ બધું કયા પુણ્યનું સુફળ હશે એ હું જાણતો નથી, પણ એ બધા વિષેની કૃતજ્ઞતા તો હું હર પળે અનુભવી રહું છું.

મારી વાર્તાઓ છપાઇ, વંચાઈ, વિવેચાઈ. એને એની યોગ્યતા હશે એથી વિશેષ પ્રસિદ્ધિ ને પ્રશંસા પણ મળ્યાં. પણ સાથેસાથે થોડા વિરોધી સૂરો પણ ઊઠયા. એવો એક સૂર આ ક્ષણે જ મારા કર્ણપટ પર અથડાય છે.

મેઘાણીએ કહ્યું હતું કે આ નવીન વાર્તાશૈલીમાં સંવાદની પણ ઝાઝી જરૂર પડતી નથી એ એના ગુણપક્ષે ગણાય. એ વાંચી હું રાજી તો થયો હતો, પણ મારી એક છૂપી વાત એમના ખયાલમાં આવી નથી એ જોઈ હું ખુશ પણ થયો હતો. આવો પાકો ઝવેરી પણ હીરાને તપાસતાં એની અંદરનો મોટો ડાઘ જ નહિ જોઈ શકતો હોય? સંવાદો મારી વાર્તાઓમાં ઝાઝા નહોતા આવતા તેમાં મારી બહાદુરી નહોતી, કમજોરી હતી. હું માનતો કે મને સંવાદો લખતાં જ ઝાઝા આવડતા નહિ, એટલે તો બને ત્યાં હું એમને ટાળતો. હું એક જ એ જાણતો, ને બીજા કોઈએ ન જાણે તેમ ઇચ્છતો. સારું થયું મેઘાણીભાઇ એ ન જાણી ગયા તે!

આપણે તો મસ્ત થઈ ગયા. પણ ત્યાં જ એક મિત્રે કહ્યું—અમે ઘણા મિત્રો બેઠા હતા તેની વચ્ચે: 'આ મોટામોટા માણસો પણ કેવા હોય છે? ભૂલે ત્યારે ભીંત જ ભૂલે.'

'કેમ? શી રીતે?' પ્રશ્નો પુછાવા લાગ્યા.

'નહિ તો શું? આ ગુલાબભાઇને સંવાદ લખતાં જ નથી આવડતા એટલે આમ આવું આવું લખે છે, ને મેઘાણીભાઈ એમા મોટો ગુણ જુએ છે! વાહ રે ભાઇ, વાહ! કેવા લેખક ને કેવા વિવેચક!'

મને ચાટી ગઈ. વાત સાચી હતી એટલે વિશેષ ચાટી ગઈ. સંવાદો લખતાં ન આવડે મને?

ત્યારે તો કશું બોલ્યો નહિ. બધા હસતા હતા તેમની જોડે હું પણ હસ્યો. પણ મનમાં નિર્ણય થઈ ગયો. સંવાદો લખી બતાવું ત્યારે ખરો!

માત્ર સંવાદો દ્વારા જે પોતાનું સ્વરૂપ વિશેષ સિદ્ધ કરે તે નાટક. એ જમાનામાં એકાંકીની બોલબાલા. એટલે મેં પણ એકાંકી લખવાં શરૂ કર્યાં.

માનતો હતો કે હું લખું છું તે સાહિત્ય ન કહેવાય. પણ વિદ્વાનો એથી જુદું માનતા થયા. માનતો હતો કે નાટક તો મારાથી કદી લખાય જ નહિ, પણ આ મેણાંનો માર્યો એ યે લખતો થયો. પણ મારી પ્રકૃતિ, જેમ વાર્તામાં તેમ નાટકમાં પણ, જુદા જ પ્રકારની હતી. નાટકમાં સંઘર્ષ અનિવાર્ય; પણ નાટકીય સંઘર્ષમાં મને રસ આવે એવો મારો સ્વભાવ જ નહિ. એટલે હું જે કંઇ સંઘર્ષ આલેખવા મથું તે બહુધા આંતરિક જ હોય. સૃષ્ટિ તો એમાં પણ એની એ જ, જે ટૂંકી વાર્તાઓમાં હતી, એ જ: સામાન્ય માણસોનાં સામાન્ય જીવનની, અને પ્રયત્ન, એ સામાન્યતાનું ઓઢું એવું ને એવું સામાન્ય જ જળવાઈ રહે છતાં એની અંદરના અસામાન્યને જોવાનો, અને આવડે એવો ને એટલો નિરૂપવાનો. નાટકમાં એ ચાલે? ખબર નહોતી પડતી, પણ લખવાનું મન અટકે એમ નહોતું.

એક વાર ટ્રેનમાં જતો હતો: ચર્ચગેટથી વિલેપાર્લે, રાતે અગિયાર વાગ્યે. થોડા ખ્રિસ્તી બિરાદરો સાથે બેઠેલા હતા, ઢીંચેલા; ને વાતો કરતા હતા. મારે કશું કરવાનું નહોતું, ને એ લોકોનો અવાજ ધીમો નહોતો, એટલે એમની વાતો સંભળાઈ જતી હતી. એક માણસે પોતાની હૅટ કેવા વિચિત્ર સંજોગોમાં ખોઈ હતી, અને એથી એને કેટલું વેઠવું પડયું હતું તેની કંઈક વાત હતી.

એમાથી મને સૂઝી ગયું: આનું નાટક થાય. દારૂ પીએ છે ને હૅટ ગુમાવે છે, જીવનના અત્યંત સબળ પ્રસંગે; ને જીવન એમાં જ બરબાદ થઇ જાય છે. એ એક પળની કટોકટીમાં નાટયક્ષમ વસ્તુ લાગ્યું, લખ્યું. પાઠકસાહેબને બતાવ્યું. પાસ થયું. છપાયું. વિજયરાય વૈદ્યનો પત્ર આવ્યો: 'તમે નાટક પણ લખો છો? સંવાદો સરસ ઊપસી આવ્યા છે.'

ને મન કૃતકૃત્યતાથી ભરાઈ ગયું. આપણને સંવાદો લખતા પણ આવડે ખરા.

ને એમ નાટકો પણ લખાતાં થયાં.

વિવેચનની વાત વળી જુદી જ બની. વાચન ઠીકઠીક, ને વાતો કરવાનો રસ ઘણો. એથી રીતસરનું લેખન શરૂ કર્યું એ કાળમા જ રામનારાયણભાઇએ એક પુસ્તક આપ્યું. કહ્યું: 'આનું અવલોકન "પ્રસ્થાન" માટે આપો.'

'મને ન આવડે વિવેચન કરતાં.' મેં કહ્યું.

'આવડશે. મને એમાં ખબર પડે.' તેમણે હસીને કહ્યું.

'પણ હું પહેલાં લેખક તો થાઉં.' કહી મેં એમની વાત ટાળી દીધી.

પણ એ ય થવાનું હશે ભાગ્યમાં. એક દિવસ બળવંતરાય ઠાકોરની આજ્ઞા આવી: 'કિશનસિંહ ચાવડાનો પ્રથમ વાર્તાસંગ્રહ "કુમકુમ" પ્રસિદ્ધ થવાનો છે. તારે એને ઉપોદ્ઘાત લખી આપવાનો છે.'

એ સૂચન નહોતું, આજ્ઞા હતી. એવા સ્નેહાળ વડીલની આજ્ઞા કેમ ઉથાપાય? લખવો પડયો એ ઉપોદ્ઘાત. ને એક વાર આદર્યા પછી અટકવાથી યે શો ફાયદો? એમ અનેક કૃતિઓને અત્યંત ઝીણવટથી જોવાનો લાભ પણ મળ્યો.

શાસ્ત્ર ને તત્ત્વમાં તો પહેલેથી જ રસ હતો. એટલે વિવેચનની તાત્ત્વિક બાજુ વિષે પણ પછી વિચારોને કાગળ પર મૂકવાનું બનતું ગયું. અને એમ સાચાખોટા વિવેચક તરીકે પણ વારંવાર કંઇ ને કંઈ કહેવાનું પ્રાપ્ત થતું ગયું.

એ વિવેચક થવામાં ભય હતો. કેટલા માણસોને એથી ખોટું લાગે? ને લેખકો તો કેટલા બધા લાગણીશીલ હોય છે એમને વિષેનાં લખાણોની બાબતમાં! એથી તો એક વાર વાતવાતમાં મેં પાઠકસાહેબને કહેલું: 'તમને વિવેચક થવાથી સહન ઘણું કરવું પડતું હશે.'

'કેમ?'

'કેટલાઓની દુશ્મની વહોરવી પડે!'

'પણ મૈત્રી યે કેટલી બધી મળે'!

વિવેચનનાં લખાણોનો મારો અનુભવ મીઠો જ રહ્યો છે. સામાને વાગે એવી રીતે સત્ય કહેવાની મને ટેવ નથી. પણ મને લાગે છે કે મને જે સત્ય લાગે તે કહેતાં હું અચકાતો પણ નથી. છતાં મને તો એ વિવેચનની પ્રવૃત્તિમાંથી પણ હમેશાં પ્રેમ જ મળ્યો છે. એ પણ પેલા સદ્ભાગ્યનો જ અંશ ન ગણાય?

મારી પહેલી વાર્તા પ્રસિદ્ધ થઇ તેની અને આજની વચ્ચે સત્તાવીસ-અઠ્ઠાવીસ વર્ષો પસાર થઇ ગયાં છે. એ દરમિયાન સવાસો એક વાર્તાઓ લખાઈ હશે. નાટકો, કાવ્યો, વિવેચનો વગેરે જુદાં. આજે એ બધા પ્રયત્ન અને એનાં પરિણામ વિષે વિચાર કરવા બેસું છું ત્યારે મને જે એક ભાવ થાય છે તે એ છે કે મારે કશી ફરિયાદ કરવાની નથી. વિવેચકો, વિદ્વાનો, સાહિત્યસંસ્થાઓ, સાહિત્યરસિકો, સ્ત્રીઓ, પુરુષો બધાં જ તરફથી મને જે પ્રેમ અને આદર સતત મળ્યા કર્યાં છે એ જ્યારે જોઉં છું કે એ વિષે જ્યારે વિચારું છું ત્યારે મારું હૃદય એક જાતના કૃતજ્ઞતાના ભાવથી ભરાઈ જાય છે. મનમાં પ્રશ્ન થયા જ કરે છે: આ બધાને હું લાયક હોઇશ ખરો?

મારી જાતને હું કોઈ બહુ મોટો સર્જક માનતો નથી, એટલે કોઇ મને એમ ન માને તો મને એનું દુ:ખ પણ થતું નથી. આ જીવનને મેં ઉઘાડી આંખે જોવાનો પ્રયત્ન કર્યો છે. ઊંડાણથી તાગીને એને કંઈક સમજવાનો પણ; બહાર જે છે તેની ભીતર પ્રવેશ કરી એ ભીતરનો અણસાર મેળવવાનો પણ. એને પરિણામે મને જે દેખાયું, સમજાયું, જેનો અણસાર હું મેળવી શક્યો, તેને, મને આવડે એવી રીતે, કોઈ ને કોઇ પ્રકારનું કલાસ્વરૂપ આપવાનો મેં પ્રયત્ન કર્યો છે.

જીવનની વીણામાં અનેક સૂર છે. અને એ અનેક સૂર એના અનેકાનેક ભાવને અભિવ્યક્ત કરે છે. છતાં મને તો સદા એનો પ્રધાન-સૂર કરુણા ને વિષાદનો લાગ્યો છે. જીવનના તાણાવાણામાં જ જાણે એ એવો વણાઇ ગયો છે કે વીણા ગમે તે સૂરને અભિવ્યક્તિ આપે તો યે તેમાં ક્યાંક ને ક્યાંક આ કરુણા ને વિષાદની છાયા પથરાએલી જ હોય. એટલે તો હું પ્રખર આશાવાદી હોવા છતાં યે, હું માનું છું ત્યાં સુધી મારી કૃતિઓનો પ્રધાન સૂર પણ કરુણા અને વિષાદનો જ રહ્યો છે.

એ વિષાદ અને કરુણા જીવનમાં ભર્યાંભર્યાં પડ્યાં છે. એટલે જ લતા અને નિરંજન જે સુરેશને આટલો બધો ચાહે છે એ જ દ્રોહ કરી બેસે છે; એટલે જ ગુલામદીન જે સ્ત્રીની વફાદારી વિષે શંકા પણ નથી ધરાવતો એ સ્ત્રીને તલ્લાક આપી દે છે, ને છતાં એનો સુંવાળો સહચાર મેળવવાની ઝંખના કર્યા કરે છે; એટલે જ કરતારસિંહ 'વહ સચમુચ મર ગઈ' કહીને અનેક મૃત્યુઓને કચડતો હોય એવાં પગલાં પાડતો ચાલ્યો જાય છે. મા જ્યારે તેના એકના એક દીકરાને વારસો ન મળે એ ઇચ્છાથી પોતાની આખી મિલકતનો ધર્માદો કરી દે છે, ઉંમરલાયક સ્ત્રી જ્યારે કોઈ યુવતી પોતાના જુવાન શરીર દ્વારા ચાર આના વધુ કમાઈ ન લે તે માટે તેના પર મરણતોલ હુમલો કરે છે ત્યારે આ જ સૂરનું પ્રાધાન્ય જણાઇ આવે છે.

એનું મને આશ્ચર્ય પણ છે; કેમ કે મારું અંગત જીવન એવું વિષાદ કે કરુણાના રંગે રંગાએલું હોય એમ હું માનતો નથી. આર્થિક સ્થિતિ પહેલેથી સારી રહી છે. કોઈને જ મળે એવી મા મને મળેલી. મોટા ભાઈ મળ્યા છે એવા તો કોઇને યે ન મળે. મારી બધી યે મનસ્વી વર્તણૂકને હસતે મોએ નિભાવી લે એવી પત્ની સાંપડી છે. પુત્રપુત્રીઓ સુશીલ અને કહ્યાગરાં છે. અને મિત્રો તો મને કેટલા બધા ચાહે છે! ને છતાં મને દેખાય છે, ગમે તેવા હાસ્યની, ગમે તેવા શૃંગારની, પ્રેમની ગમે તેવી આપલેની પાછળ પણ કરુણાની છાયા, અને વિષાદનું શ્યામલ મુખ. એ માટે, પરલક્ષી બની જઈને જીવનને અને જગતને જોવાની મારી આદત જવાબદાર હશે? કોણ જાણે.

પરંતુ મારા જીવનના આ બધા અંશોએ જ મને નિરાશાવાદી નહિ બનવા દીધો હોય. જગત પર આજે કારમો ભય તોળાઈ રહ્યો છે. આવતી કાલે એનું શું નું શું થઈ જશે એની કોઇને ખબર નથી. અર્વાચીન જગતનાં સાહિત્ય અને કલાઓએ જગતની એ અસ્થિરતાને અંગે અત્યંત આશ્ચર્યજનક લાગે એવો પલટો લીધો છે. કાલનાં મૂલ્યો આજે રહ્યાં નથી. કાલનાં ગૃહીતો આજે ઉપેક્ષાના વિષય બની ગયાં છે. ચોમેર અંધાધૂંધી જ નજરમાં આવતી રહે છે. ને તે છતાં હું રહ્યો છું અત્યંત આશાવાદી. આ જગતને અત્યારે ઘેરી રહેલા તિમિરનો એક દિવસ નાશ થશે જ, અને ફરી પાછું જગત આશાના, ઔદાર્યના, શ્રદ્ધાના, પ્રેમના, સૌન્દર્યના કિરણે ઝળહળી ઊઠશે એ ભાવ મારા મનમાં એવો ઘર કરી બેઠો છે કે મને તે સર્વથા નિરાશ થવા દેતો નથી. અલબત્ત, એ દિવસે પણ જીવનનો પ્રધાન સૂર તો કરુણા ને વિષાદનો જ રહેશે; કેમકે એ તો માનવના જીવનના સર્વકાલીન અંશ જેવો જ સૂર છે. પરંતુ પ્રકાશભર્યો વિષાદ તિમિરભર્યા ગાઢ નૈરાશ્યથી વધુ આવકાર્ય નથી?

આશાવાદનો આ ભાવ મારામાં રહે છે, કેમકે મને વ્યક્તિમાં શ્રદ્ધા છે. ભયાનક દાવાનળ જેવા આ સમયમાં યે વ્યક્તિની મહત્તાનો આપણે હરહમેશ અનુભવ નથી કરતા? મારા જીવનમાં નજર કરું છું ત્યારે મને તો એ મહત્તા પળેપળે પરખાઈ રહે છે. વાદોથી ચિત્ત ઘેરાએલું ન હોય, અને માન્યતાઓથી પણ, તો, હું માનું છું કે આપણામાંના મોટાભાગની વ્યક્તિઓને એ અનુભવ થયા વિના રહે નહિ. ને તો નિરાશાવાદી થવાય શી રીતે?

છેલ્લાં થોડાં વર્ષોમાં સાહિત્યની કૃતિઓના ઘાટ પરત્વે અનેક પ્રયોગો થયા છે. કલાનાં અનેક સ્વરૂપોમાં તો કૃતિઓના ઘાટમાં આમૂલ પરિવર્તન થઇ ગયું છે એમ કહીએ તો ચાલે. ટૂંકી વાર્તાના કલાસ્વરૂપમાં પણ ઘાટના એ પલટાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ઘટનાનો બને તેટલો લોપ સાધી, અમુક એક પરિસ્થિતિ કરતાં યે મન:સ્થિતિનું આલેખન આકર્ષક રૂપબંધમાં કરી આપવાનો પુરુષાર્થ એ સ્વરૂપમાં કામ કરનાર સર્જકો વિશેષ ને વિશેષ પ્રમાણમાં કરતા થયા છે. એ મન:સ્થિતિ વ્યથા અને વેદનાની વિશેષત: રહે છે, કેમકે અત્યારનું જગત વેદનાથી પીડાય છે અને વ્યથાનો તીવ્રતમ અનુભવ કરે છે.

મને આ સ્વરૂપના પલટાઓમાં હમેશાં રસ રહ્યો છે. હું જ્યારે શરૂઆતમાં લખતો ત્યારે હું પ્રયોજતો તે રૂપબંધનું આકર્ષણ પણ એ કૃતિઓના સ્વીકારમાં થોડોઘણો ભાગ જરૂર ભજવતું એમ હું માનું છું. એ પછી પણ વિધવિધ આકૃતિઓમાં કથા કહેવાનો રસ મંને હમેશાં રહ્યા કર્યો છે. પણ મારે મન જે મહત્ત્વ છે તે એકલા રૂપબંધનું નથી. હું માનું છું કે આકૃતિ (ફૉર્મ) અને અંતસ્તત્ત્વ (કન્ટેન્ટ) અવિભાજ્ય જેવાં બની જાય, એકને બીજાથી છૂટું પાડતાં બંનેને સહન કરવું પડે એવાં બની જાય, ત્યારે જે વસ્તુ સર્જાય તે જ કલાકૃતિ કહેવાય. બેમાંથી એક વિષેનો આત્યંતિક આગ્રહ કલાકૃતિને જ નુકસાન પહોંચાડે.

અમુક જુવાન લેખકોને મારી એ વાત કદાચ રુચતી ન પણ હોય. છતાં મારા જુવાન મિત્રોનાં સર્જનમાં ખૂબ જ રસ રહે છે. એ લોકો પણ એ જાણે છે. એટલે અમારી વચ્ચે મતભેદ થતા રહેતા હોવા છતાં મનભેદ ભાગ્યે જ થાય છે. મારા પછીની પેઢીનો જે પ્રેમ હું મેળવી શક્યો છું તેને પણ મારા સદ્ભાગ્યનો જ અંશ ગણી શકાય.

પરપ્રાંતીય અને પરદેશી મિત્રોનો વિશાળ સમુદાય મને મળ્યો છે. હિંદ બહારનાં સભાસંમેલનોમાં પણ હું હાજરી આપી શક્યો છું. એથી મને ફાયદો પણ ખૂબ થયો છે. એથી હું જાણી શક્યો છું કે હિંદ પૂરતું તો, કોઈ પણ એક ભાષા કે સાહિત્ય બીજા કરતાં બહુ ચડી જાય એમ ન યે હોય. બંગાળમાં રવીન્દ્રનાથ થઇ ગયા એ વાત જુદી છે. પણ સામાન્યતયા મારો અભિપ્રાય એવો છે કે કોઈ એક ભાષામાં સાહિત્યનું એક અંગ વિકસિત હોય છે તો બીજીમાં બીજું. ને દરેક ભાષા-ભાષી સામાનું નિર્બળ અંગ જોઇને તેને વિષે અભિપ્રાય બાંધે છે, ને પોતાની ભાષાનું સબળ અંગ જોઇને તેને વિષે. આ વૃત્તિ મને રમૂજ ઉપજાવે છે.

એવી જ રમૂજ, આપણા કરતાં પરદેશીઓ બુદ્ધિના બધા વિષયોમાં ચડિયાતા હોય છે એ જાતની માન્યતા, આપણા, વિશેષ બુદ્ધિનો અધિકાર ધરાવતા સજ્જનો અને સન્નારીઓ ધરાવતા દેખાય છે ત્યારે મારા મનમાં પેદા થાય છે. તે બાબતમાં પણ મારા અભિપ્રાય પ્રમાણે તો એ જ વસ્તુ પ્રવર્તે છે. એક વિષયમાં પ્રાવીણ્ય એકનું વિશેષ હોય છે, તો બીજા વિષયમાં બીજાનું. પણ એકંદરે, અત્યંત વિશિષ્ટ વિશેષજ્ઞોને બાદ કરતાં, આપણા માણસે બુદ્ધિના, અને સંસ્કાર તથા સંસ્કૃતિ વિષેના

જ્ઞાનમાં, કોઇની પણ પાસે હીનતા અનુભવવા જેવું તો નથી જ નથી.

જગત ગતિશીલ છે. આજે જે નવું છે તે કાલે જૂનું થવાનું. આજે જે ચમકદાર છે તેની ચમક આવતી કાલે ઓછી તેજદાર મનાવાની. તો સાહિત્યના રસિકોની ફરજ તો, આ કે તે અત્યંત આધુનિક અને એટલે વિશેષ ચમકદાર તેના અંશોથી અંજાઈ જવાને બદલે, કે આગંતુક અંશોને સનાતન અગત્યના અંશો સમજી લેવાને બદલે, જે નવું છે તે જૂનું થાય ત્યારે પણ, જે ચમકદાર છે તેની બાહ્ય ચમક જ્યારે ઘસાઈ જાય ત્યારે પણ, જે ટકી રહે છે તે તત્ત્વ કયું છે તેની ખોજ કરવા પ્રવૃત્ત રહેવાની છે. તો જ કલાને કલાત્વ આપતું તત્ત્વ પકડાય.

મારી આ માન્યતાને અંગે જૂનું, નવું, અત્યંત આધુનિક, કે અત્યંત પ્રાચીન બધાંમાં મને રસ પડે છે. એટલે કલાકૃતિના આનંદની બક્ષિશનો અનુભવ મને વારંવાર થયા કરે છે. મારા જીવનની એ ધન્યતા છે. અને એ ધન્યતા મને સાંપડી છે તેથી હું કૃતાર્થ થયો છું.

નવાં પ્રકાશનો

ગુજરાત સાહિત્યસભા (અમદાવાદ) ની વર્ષોવર્ષ કરાવવામાં આવતી વાઙ્‌મયસમીક્ષા ગુજરાતી સાહિત્યના વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓ માટે માર્ગદર્શનનું એક ઉપયોગી આકરસાધન બની રહે છે. સને ૧૯૬૧-ના ગ્રંથસ્થ વાઙ્‌મયની હસિત હ. બૂચે કરેલી સમીક્ષા સાથે ગુજરાત સાહિત્યસભા–અમદાવાદની કાર્યવહી ૧૯૬૧નું પ્રકાશન થયું છે. રણજિતરામ સુવર્ણચંદ્રક-પ્રદાન પ્રસંગે તથા જુદેજુદે સમયે થએલાં અભ્યસનીય વ્યાખ્યાનોના ઉમેરણથી આ ગ્રંથની ઉપયોગિતા વધે છે. રૂ. ૪ (સભાસદોને ભેટ).

ભોજ અને કાલિદાસ: બુદ્ધિચાતુર્યની ચમત્કૃતિભરી રાજા ભોજ અને કાલિદાસની ૧૧૨ વાર્તાઓ. મૂળ સ્વ. અંબાલાલ બુ. જાની સંપાદિત પુસ્તકની સંશોધિત સંવર્ધિત નવી આવૃત્તિ. પ્રયોજક: લક્ષ્મીનારાયણ મો. પંડ્યા, પ્રકાશક: ત્રિપાઠી, લિ. મુંબાઈ–૨, રૂ. ૬.

સંચય: કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ૨૪ ચૂંટેલી ને અભ્યસનીય નિબંધિકાઓનો, બંગાળી સાહિત્યના વિદ્વાન અભ્યાસી શ્રી સુરેશ હ. જોષીની કલમે થએલો અનુવાદ. પ્રકાશક: ટ્રાન્સલેશન ટ્રસ્ટ, અલિયાબાડા (સૌરાષ્ટ્ર), રૂ. ૧–૭૦.

જીવનની જાુગતી: 'કુમાર'ના જાણીતા લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના આ નવા પુસ્તકમાં માનવ શરીર, એની અદષ્ટ શક્તિઓ, જીવનના તબક્કાઓ વગેરે વિષયમાં જુદાજુદા અભ્યાસપૂર્ણ માહિતીવાળા લેખોનો સુભગ સમુચ્ચય છે. પ્રકાશક: ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., રૂ. ૩. રાવપુરા, વડોદરા.

કૉંગ્રેસ સેવાદળ ગુજરાતની સૂરત-જિલ્લા શાખાનો ઇતિહાસ. પ્રકાશક: સૂરત-જિલ્લા કૉંગ્રેસ સમિતિ, સૂરત. રૂ. ૨–૫૦.

શારીરિક, માનસિક, નૈતિક તથા આત્મિક સ્વાસ્થ્ય માટે યોગનાં આસનોનું મહત્વ ઘણું છે. **સરળ યોગ-આસનો** નામે શ્રી યોગેન્દ્ર કૃત 'યોગ ગ્રંથમાળા'માં પ્રકટ થએલા સચિત્ર અનુવાદમાં યોગનો સંક્ષિપ્ત પરિચય, એમાં રહેલું શારીરિક શિક્ષણ, યોગ-આયામનું શાસ્ત્રીય વિવરણ, આસન–પ્રાણાયમની પૂર્વતૈયારી, દૈનિક યોગ-આયામ ને ભવિષ્યનું શરીરશિક્ષણ, એવા છ વિભાગોમાં સમગ્ર વિષયની જે વિસ્તૃત છણાવટ કરી છે તે મનનીય છે. અનુવાદક: ચંદુલાલ દવે. પ્રકાશક: ધી યોગ ઇન્સ્ટિટ્યૂટ, સાન્તાક્રુઝ, મુંબાઈ-૫૫. સસ્તી આવૃત્તિ રૂ. ૩; ડીલક્સ રૂ. ૩–૫૦.

રઘુવંશ: સૂર્યના પ્રભાવથી દેદીપ્યમાન રઘુકુળના મહાન રાજાઓનું કવિવર કાલિદાસે મૂળ સંસ્કૃતમાં મહાકાવ્ય રૂપે કરેલું વર્ણન સાહિત્યક્ષેત્રે એક અમર કૃતિ લેખાઈ છે. તેમાંના કથાવસ્તુને ગુજરાતીમાં સરળભાષામાં વાર્તા રૂપે પ્રયોજનાર શ્રી પ્રફુલ્લ ઠાકોર અને પરમાનંદ દવેનું પ્રશંસનીય રૂપાંતર. પ્રકાશક: વોરા ઍન્ડ કંપની, મુંબાઈ-૨, રૂ. ૧–૫૦.

કૈલાસ: પરિવ્રાજક સ્વામી પ્રણવતીર્થજીની નિત્યનોંધ રૂપના આ પ્રવાસ-પુસ્તકમાં કૈલાસની રુદ્રરસિક યાત્રાનું સુંદર વર્ણન છે. બે નકશા, કેટલાંક ચિત્રો ને ભારતની સરહદ બહારના પણ તેની સંસ્કૃતિ સાથે સંલગ્ન આ તિબેટી પ્રદેશના પ્રવાસીએ રાખવી જોઇતી સાધનસામગ્રી વિષેનાં સૂચનો ઇત્યાદિની ઉપયોગી પૂરવણીઓથી આ ગ્રંથની ઉપયોગિતા વધે છે; કિં. રૂ. ૧૦. **'અંબિકા કોટેશ્વર, કુંભારિયા**: ગુજરાતનાં એ વિખ્યાત યાત્રાધામોનો પૌરાણિક ને ઐતિહાસિક માહિતીથી સભર પરિચય. લેખક: કનૈયાલાલ ભા. દવે, રૂ. ૪–૨૫;

जीवनचरित्रांतील कांहीं प्रसंग રાજરત્ન પ્રો. માણિકરાવના જીવનના કેટલાક પ્રેરક પ્રસંગોની મરાઠી પુસ્તિકા. કર્તા: વત્સલાબાઈ આંબેગાંવકર. રૂ. ૧–૦૦. ત્રણેના પ્ર૦: પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

રુદ્રમહાલય: ગુજરાતના સોલંકી યુગના એ ભવ્ય સ્થાપત્ય પાછળનો ઇતિહાસ, એની રચના અને એનું વૈશિષ્ટ્ય સમજાવતી આ પુસ્તિકા પ્રવાસીઓ અને અભ્યાસીઓને ઉપયોગી છે. લેખક-પ્રકાશક: પ્રેમશંકર ઘ. ઠાકર, પટેલનો મ્હાડ, સિદ્ધપુર; રૂ. ૧.

ગુજરાત-પરિચય: ઓરિસ્સામાં વસતા ગુજરાતીઓના વસતિ-પત્રક સહિત તેમની સામાજિક, વ્યાવહારિક, ધાર્મિક, રાજકીય આદિ પ્રવૃત્તિઓની માહિતી આપતું પુસ્તક, સંકલન: બાબુભાઈ દોશી, પ્રકાશક: ધનંજય પુરોહિત, ૨૧ બનારગેટ સ્ટ્રીટ, મુંબાઈ-૧; રૂ. ૭–૫૦.

કવિઓ અને વિદ્વાનો: બાળકો માટેનાં પંદર પ્રેરક જીવન ચરિત્રો, કિં. ૮૦ન.પૈ.; **સંતસુવાસ**: બાળકો માટેની એવી જ પ્રેરક આ પુસ્તિકામાં ભારતના સંતવિશેષોના પરિચયો આપ્યા છે; કિં. ૬૫ ન.પૈ.; **કેટલાક કેળવણીકારો** જેમણે પોતાની વિદ્વત્તા અને ઉમદા શિક્ષણકાર્યથી નામના મેળવી છે એવા મહાનુભવોના પરિચયોની બાલભોગ્ય પુસ્તિકા, કિં. ૭૦ ન.પૈ. ત્રણે પુસ્તિકાના લેખક: વલ્લભદાસ અક્કડ; પ્રકાશક: કરસનદાસ ઍન્ડ સન્સ, નાણાવટ, સૂરત.

હાથીના ટોળામાં: વિજયગુપ્ત મૌર્યની રસઝરતી કલમે લખાએલી, હાથીનો સમગ્ર પરિચય આપતી સુંદર બાલભોગ્ય વાર્તા રૂપ સચિત્ર પુસ્તિકા; રમકડું પ્રકાશન, ૨૧૧–૧૯ ડી' મેલો રોડ, મુંબાઈ–૧; રૂ. ૧–૫૦.

પ્રકાશાંજલિ: અનેકના જીવનમાં આત્મોન્નતિનો સાત્ત્વિક પ્રકાશ પાથરી ગએલા સ્વામી શ્રી પ્રકાશાનંદજીનાં કેટલાંક મનનીય વચનોનું પુષ્કરભાઈ ગોકાણીએ કરેલું સંપાદન. પ્રકાશક: હરિદાસ વિ. કૉન્ટ્રાક્ટર ઍન્ડ સન્સ, દ્વારકા. મુમુક્ષુઓને વિનામૂલ્યે.

વેદ સ્તુતિ: શ્રી શુદ્ધાદ્વૈત સંસદ (દેસાઇ શેરી–વડોદરા-૧) તરફથી પ્રકાશિત શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત સુબોધિની અને સૂક્ષ્મ ટીકાનો અનુવાદ. સાથે શ્રુતિગીતા–કારિકાઓનો પણ સમાવેશ કરેલો છે. અનુવાદક: નાનુલાલ નારાયણદાસ ગાંધી, ધંધુકા; રૂ. ૨.

પ્રબોધમંગલ: ભર્તૃહરિના નીતિશતકનું સમશ્લોકી ભાષાંતર. અનુવાદક-પ્રકાશક: અમૃતલાલ છ. પારેખ. માતાપિતાના સ્મરણાર્થે વિનામૂલ્યે વહેંચાએલી પુસ્તિકા.

આંખડી અશ્રુભરી: વિધિની સામે ઝઝૂમનાર એક વીર નારીની પ્રેરક નવલકથા. લેખક: લલિતકુમાર શાસ્ત્રી, પ્રકાશક: સાહિત્ય સંગમ–સૂરત. રૂ. ૯.



પચ્ચીસ વર્ષ પહેલાં


આસો
૧૯૯૪
અંક
૧૭૮

ચિત્રોનું કેવું વૈવિધ્ય 'કુમાર' આપતું રહ્યું છે, તેનો નમૂનો : શ્રી અશોક હર્ષની કલમે.

'પઠાણોથી વસાએલી હિંદની વાયવ્ય સરહદની પહાડીઓનું આજે તો પૂરું ભૌગોલિક જ્ઞાન પણ આપણને નથી, ત્યાં છેક પ્રાગૈતિહાસિક (ઈતિહાસ પૂર્વના) કાળની રાણી સમીરમિશ્રા (સેમિરામિસ)થી તે મરાઠી સામ્રાજ્યના વિધ્વંસક અહમદશાહ અબદાલી સુધીના આક્રમણકારોની ખરીઓની ધૂળથી ઢંકાએલા તેના ઈતિહાસની ક્યાં વાત કરવી?

પણ એ સરહદ ઉપર જ, અશોકના મૃત્યુથી તે ગુપ્ત યુગ સુધીના તિમિરાચ્છન્ન ઈતિહાસમાં જે એક અજોડ વિભૂતિ પોતાની પ્રભા પાથરી ગઇ છે, તેને હિંદ કોઇ રીતે વિસારે પાડી શકે એમ નથી. હિંદના પ્રાચીન સાંસ્કૃતિક ઇતિહાસમાં અશોક પછી બીજું જ સ્થાન પ્રાપ્ત કરતી એ વિભૂતિ તે પાઓનાનો પાઓ (મહારાજાધિરાજ) દેવપુત્ર કનિષ્ક.

તે કાળનાં મહારાજ્યોમાં પણ કનિષ્કનાં પ્રતાપ ને સમૃદ્ધિની હરીફાઈ કરે એવું એકે ન હતું. ઉત્તરમાં પામીરના ઉચ્ચ પ્રદેશથી તે દક્ખણમાં વિંધ્યની ગિરિમાળા સુધી, પશ્ચિમમાં બક્ત્રથી તે પૂર્વમાં મથુરા સુધી તેનું સામ્રાજ્ય વિસ્તરેલું હતું. ઉજ્જયિની ને મહારાષ્ટ્ર તેને ખંડણી ભરતાં, ને મગધ સુધી



મહારાજા કનિષ્કના સામ્રાજ્યનો વિસ્તાર



પેશાવરમાંથી મળી આવેલા કનિષ્કના સિક્કા ઉપરની છાપને આધારે આલેખેલી કનિષ્કની તસ્વીર. ગ્રીક લિપિમાં તેનું નામ લખેલું છે.

તેની શેહ પહોંચતી. રોમના શાસક ટ્રાજનના દરબારમાં તેનો અવાજ હતો ને ચીનના સમ્રાટનો પુત્ર તેના દરબારમાં એલચી હતો.

અશોકના અવસાન બાદ મગધના દૂરના વાયવ્ય પ્રાંતોએ (જે સેલ્યૂકસે લડાઈમાં હારી પોતાની પુત્રી સાથે ચંદ્રગુપ્તને આપી દીધા હતા) પોતાનું સ્વાતંત્ર્ય જાહેર કર્યું, ને એના ભાગલા પડી જઈ ત્રણ નાનાં ગ્રીક રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. ત્યાર બાદ શક લોકો તખ્તા પર આવ્યા. ઈ.પૂ. ૧૭૦માં યૂચીઓએ એમને હરાવ્યા એટલે સોગ્દીઆના છોડી તેઓ ઇ. સ. ૧૨૦ લગભગ આ ભૂમિ પર ઊતર્યાં ને મથુરા, ઉજ્જયિની, ગિરિનગર વગેરે સ્થળે થાણાં નાખ્યાં. એ પછી એક સદી રહીને યૂચીની પાંચ જાતિમાંની એક કુશન જાતિ પ્રબળ બની ઊઠી ને તેના પહેલા સમ્રાટ કડફિસિસે ગાંધાર, કાબૂલ ને પંજાબ સર કરી ઈરાનની સરહદથી તે ઝેલમ સુધીનું મહારાજ્ય સ્થાપ્યું. એનો પુત્ર એટલો મહત્ત્વાકાંક્ષી ન હોઇ તેને ચીના સરદારસીને હાથે હારી ચીનના ખંડિયા બનવું પડેલું.

પણ આ કલંક એની પછી ગાદીએ આવેલા કનિષ્કે ધોઈ, તિબેટ, ચીન ને મંગોલિયાની પુરાણ કથાઓમાં સમ્માનભર્યું પદ પ્રાપ્ત કર્યું. ચીનાઈ તુર્કસ્તાનના કાશ્ગર, યારકંદ, ખોતાન વગેરે પ્રાંતોની જીત એની યુદ્ધવિષયક પ્રતિભા સાબિત કરે છે. હાનીબાલ કે નેપોલિયન સમોવડિયો એ સેનાની કઈ રીતે સત્તા પર આવ્યો એ જાણવાના કોઇ સાધનો ઉપલબ્ધ નથી. માત્ર આરા મુકામેથી મળેલા શિલાલેખમાં તેને વાઝેષ્કનો પુત્ર કહ્યો છે.

આજનો સરહદ પ્રાંત એ કાળે ગાંધાર નામે ઓળખાતો. તેનું મુખ્ય શહેર પેશાવર એ કનિષ્કનું પાટનગર 'પુષ્કલાવતી'. ચીના યાત્રી શ્યેન-ચંગ-તાસ્સે (હ્યુએન સંગ) તેનો પો-લુ-શા-પુ-લો તરીકે ઉલ્લેખ કરેલો છે. બૌદ્ધ ધર્મનાં ઘણાંખરાં મહાન પુસ્તકો અહીં જ લખાએલાં : ને ગાંધારના બૌદ્ધ વિદ્વાનો તો દુનિયાભરમાં પ્રખ્યાત હતા. ગ્રીકોથી પ્રેરણા પામેલા તેના કલાકારોએ પણ કળા અને શિલ્પમાં એવી અનોખી ને અદ્‌ભુત પ્રતિભા દાખવી હતી કે એ આખી કલશૈલી હજુ યે 'ગાંધાર શૈલી'ને નામે ઓળખાય છે. વળી ચીનના શહેનશાહ મિંગ-તીએ સુલેહ કરતાં હિંદ ને ચીન વચ્ચે ચાલુ થએલી કારવાંઓએ વેપારને પૂર્ણ વેગ આપેલો. ચીનનાં ગાજ ને રેશમ, લાખ ને નીલમ, ભૂમધ્યની કંઠારના દેશોમાં નિકાસ કરી ગાંધારની તીજોરી છલાછલ ભરાઇ હતી. ને એ સમૃદ્ધિના ઉપકરણે કનિષ્કે રોમન બાદશાહોનું અનુકરણ કરી સોનાના સિક્કા યે પાડવા માડ્યા હતા. હાલના પેશાવરની વાયવ્યે આ પુષ્કલાવતીના ભગ્નાવશેષો હજુ છે, જે 'શાહજી ડેરી' (શાહની ડેરી) તરીકે ઓળખાય છે. શ્યેનચાંગના કથન મુજબ કનિષ્ક (કા-નિ-સિ-ક) બુદ્ધનિર્વાણ પછી ચારસો વર્ષે ગાદીએ આવેલો.

કનિષ્કે બૌદ્ધધર્મ કેમ સ્વીકાર્યો એ અજ્ઞાત છે. દંતકથા તો એવી છે કે એક ગોવાળ બાળકે તેને એ ધર્મનું રહસ્ય સમજાવેલું. પણ એ ધર્મની દીક્ષા પછી તેણે એને ઉન્નતગામી





ડાબી બાજુ: ગાંધાર પ્રદેશમાં ભારતીય કલાવિધાન પર ગ્રીકોની અસર પડીને જે નવી શૈલી નિર્માણ પામી તે 'ગાંધાર શૈલી'માં બોધિસત્ત્વનું શિલ્પ (હાલ અમેરિકાના સેન્ટ લૂઇ શહેરના કલા સંગ્રહમાં). તેની મુખરેખા, વાળ વગેરેમાં ગ્રીક પૂતળાંઓની અસર સ્પષ્ટ જણાશે.
જમણી બાજુ ભારતીય શૈલીમાં બે સદી પછી સારનાથમાં સર્જાએલું બુદ્ધમસ્તક

બનાવવા દિગ્વિજયનથી જે પ્રયાસો આદરેલા તેના તો અનેક પુરાવા આપણી પાસે પડેલા છે. શાખોપશાખાઓમાં વહેંચાઇ જઇ દર્શનોની ત્યારે જે અનેક ભિન્નતાઓ ઊભી થએલી એમાંથી સત્ય તારવવા એણે, પાર્શ્વ અથવા પાર્શ્વિક નામના વિદ્વાનની અનુજ્ઞાથી, અશોકની જેમ જ, બૌદ્ધોની એક મહાસભા નિમંત્રેલી, જેણે બૌદ્ધ ધર્મના અઢાર સંપ્રદાયો માન્ય કર્યા, બુદ્ધના ઉપદેશોનો સંગ્રહ કર્યો, ત્રિપિટકનું સંશોધન કર્યું ને તેના પર મહાનિભાષા નામના ટીકા રચી. સઘળા ફિરકાઓનો સમાવેશ કરતા આ સંસ્કારિત ધર્મને 'મહાયાન'નું નામ આપવામાં આવ્યું. પણ એ સુધારાવધારાથી ચુસ્ત બૌદ્ધોની લાગણી દુખાઈ ને એમણે એથી અલગ રહી પોતાના મતપંથને 'હીનયાન' એવું નામ આપ્યું. આજ પણ બૌદ્ધ ધર્મ એ બે મહાશાખાઓમાં વહેંચાએલો છે. ગ્રીકો, શકો ને તાર્તારોને ધર્મજ્ઞાન સુલભ બનાવવા માટે આ મહાસભાએ ધર્મભાષા પણ પાલિને બદલે સંસ્કૃત નિર્ણીત કરી હતી.

કનિષ્કના પ્રતાપનો ખયાલ તો એટલા જ ઉપરથી આવશે કે તેના નામ પહેલાં તેના ચક્રવર્તીત્વની સૂચક આઠથી દસ તો ઉપાધિઓ લગાડવામાં આવતી હતી. જૂની હિન્દુ રાજધાની પાટલિપુત્ર પણ એણે જીતી લીધેલી. 'બુદ્ધચરિત્ર', 'કથામાલા', 'સૌન્દરનંદ' વગેરે કાવ્યગ્રંથોના પ્રણેતા અશ્વઘોષને એ ચડાઈમાંથી જ પોતાની સાથે લાવ્યો હશે. કાલિદાસથી યે શ્રેષ્ઠ શ્રાવસ્તીની એ પ્રતિભાનું પહેલું ઓળખાણ એને મહાસભામાં મળેલું. તિબેટી ભાષામાં એનું ચરિત્ર લખાએલું છે. તેમાં લખેલું છે કે 'એને ન આવડે એવી એકે વસ્તુ ન હતી. શંકાનિવારણમાં તે અત્યંત કુશળ હતો અને પ્રખ્યાત ગાયક પણ હતો.' આમ કનિષ્કનો દરબાર માત્ર તત્ત્વજ્ઞોથી નહિ પણ અનેકવિધ વિભૂતિઓ વડે શોભતો. બૌદ્ધદંતકથાઓ મુજબ હિંદનો અનન્ય ભિષગ્વર ચરક પણ તેના જ દરબારમાં હતો.

કનિષ્ક પ્રકૃતિનો પ્રશંસક હતો. કાશ્મીરની હરિયાળી કુંજોના વિહારમાં તે કલાતૃપ્તિ અનુભવતો પોતાના નામ પરથી એણે 'કનિષ્કપુર' નામે નગર પણ કાશ્મીરમાં વસાવેલું, જે હાલનું કનિસપોર હોવા સંભવ છે. પેશાવરના લાહોરી દરવાજા બહાર એણે જબરો વિહાર બાંધેલો, જેના અવશેષ હજુ ઊભા છે.

ઇતિહાસમાં અપૂર્વ એવું સામ્રાજ્ય જમાવી જનાર આ સમ્રાટનો અંત બહુ વિચિત્ર રીતે આવ્યો. મોં. સિલ્વાં લેવીએ પ્રસિદ્ધ કરેલી 'પ્રણાલિકથાઓ'માં તેનો એવો ઉલ્લેખ મળે છે કે કનિષ્ક રાજાને માથર નામનો અસાધારણ બુદ્ધિવાળો એક પ્રધાન હતો. તેની સલાહ મુજબ એણે એક ચતુરંગિણી સેના સજ્જ કરી. જે જે દિશામાં રાજા વળ્યો ત્યાંના લોક ઝંઝાવાતની આગળ વનસ્પતિ નમી પડે તેમ નમી પડ્યા. કનિષ્કના ઘોડાની ખરી નીચે દરેક ચીજ કાં તો વળી ગઈ, કે કાં તો ભાંગી ગઈ. પછી તે બોલ્યો, મેં ત્રણ દિશા વશ વર્તાવી છે. માત્ર ઉત્તર દિશા મારે વશ થઈ નથી. તે જો મારે હાથ આવી જાય તો પછી હું કોઈની ઉપર જય મેળવવાનો પ્રયત્ન નહિ કરું.' એટલે પ્રજાએ મસલત કરવા માંડી કે રાજા લોભી, ક્રૂર ને અન્યાયી થયો છે. એ સંતોષ તો સમજતો જ નથી. અને ચારે દિશા પર રાજ્ય કરવા માગે છે. એવામાં રાજા માંદો પડ્યો એટલે તેમણે તેને રજાઈ ઓઢાડી અને પછી એક માણસ તેના ઉપર ચડી બેઠો ને તુરત રાજાનો પ્રાણ નીકળી ગયો.'

નિઃશંક, કનિષ્કની વિજિગીષા ખૂબ પ્રચંડ હતી. આજે એ વિજિગીષાને કારણે જ યુદ્ધત્રસ્ત પ્રજાના હાથે તેનો ઘાત થયો.

આ અંકનું મુખચિત્ર

હિમાલયમાં આવેલા કાંગડા પ્રદેશની આ ચિત્રકળા પહાડોમાં વિકાસ પામી હોવાથી પહાડી કલમ તરીકે ખાસ જાણીતી છે. બસોલી, કાંગડા, ગુલેર, માંક, તેહરી, ગઢવાલ, જમ્મુ વગેરે રાજ્યોમાં તે પ્રધાનતઃ આશ્રય પામી હતી.

ચહેરાના મરોડ, રંગાવટ ને પોશાકને લીધે કાંગરા કલમ તરત જુદી તરી આવે છે. એની સફાઈ, રંગભરી સૌંદર્યરચના ને નમણાઈ ઓર જ છે. એના ચિત્રપ્રસંગોમાં મોટે ભાગે રાધા-કૃષ્ણની લીલા, મહાભારત કે રામાયણનાં દૃશ્યો, નાયિકાભેદો કે શિવપાર્વતીની કથાઓ હોય છે. તેમાં યે કૃષ્ણલીલાના આલેખનમાં તો એ હૃદયંગમ ને સંગીતમય બની જાયછે.

કાંગડા કલમનો ઇતિહાસ ૧૮મી સદીના આરંભમાં છે. એમાં કેટલાંક સરસ ચિત્રો હજી ૭૫ વર્ષ ઉપર જ થએલાં છે. ખરેખર, આલેખનની નાજુકાઇ ને સફાઇની બાબતમાં તો એમાં મુઘલ કળાની જ અસર ઊતરી છે.

એમ છતાં એ ચિત્રો અચૂકપણે હિંદુ સ્વરૂપનાં જ છે. બૉસ્ટન મ્યૂઝિયમમાંનું 'ગોરજ' નામનું એ કલમનું ચિત્ર તો મુઘલ કલાના કોઇ પણ ચિત્રને ટપી જાય એવું છે. આ અંકનું મુખચિત્ર ૧૮મી સદીના અંતભાગનો નમૂનો છે. તેમાં રાધાકૃષ્ણ યમુનાતીરે પુષ્પશય્યા પર બેઠાંબેઠાં ગોષ્ઠિ કરતાં જણાય છે. કૃષ્ણ નેહભરી નજરે રાધાને નીરખી રહ્યા છે.

સુકુમારતાભરી રેખાઓ વડે આલેખાએલી રાધાકૃષ્ણની છટાભરી બેઠકોમાં તેમજ તેમનાં વસ્ત્રો રજૂ કરવામાં પણ પાકી સમજપૂર્વકનું ચિત્રાંકન છે. વૃક્ષોનાં પાનેપાન કાળજીથી આલેખાયાં છે ને જમણે ખૂણે એક ડાળી પર બે પંખી આલેખીને ચિત્રમાં જે ચમત્કૃતિ મૂકી છે એ પણ ધ્યાન ખેંચે છે. નીચેના ભાગમાં એ વખતની સ્થાપિત ઢબે નદી બતાવી છે. કલાકારે ગોપગોપીના જીવનના અમર સ્નેહની સુંદર ઘડીઓ ચીતરવામાં કલ્પનાને સજીવ કરી બતાવી છે અને તેમના હૃદયના ગુંજન જેવી સંગીતમય રચના ખડી કરી દીધી છે.

—કાર્લ ખંડાલાવાલ




સંસ્કૃતિ ને સ્વરાજ્યનાં પુરસ્કર્તા

જેમની જન્મજયંતી નિમિત્તે ભારતે આ માસમાં ખાસ ટપાલટિકિટ બહાર પાડી છે એ ઍની બેસન્ટે જિંદગીનો અર્ધ ઉપરાંતનો ભાગ ભારતની સંસ્કૃતિ અને સ્વરાજ્ય માટે ગાળ્યો હતો. ઇ. ૧૮૪૭ની ૧લી ઑક્ટોબરે લંડનમાં એમનો જન્મ. નિરીશ્વરવાદી થતી જતી માન્યતાઓ તથા તીખી ને સ્વતંત્ર વિચારસરણીને કારણે છ વર્ષના લગ્નજીવનમાંથી વિચ્છેદ લઈ, કાયદાની રૂએ બે બાળકો પતિને સોંપી એમણે ગરીબી, સમાજની ઉપેક્ષા ને સંતાનોનો વિયોગ વહોરી લીધેલાં, ને આ ત્રિવિધ તાપથી એક વાર આપઘાત કરવા પણ તૈયાર થઈ ચૂકેલાં. એવામા મુક્તવિચારવાદી ચાર્લ્સ બ્રાડલેનો પરિચય થતાં તેઓ ઉગ્રત બુદ્ધિવાદી બન્યાં; ધાર્મિક પાખંડો સામે ઉગ્ર લડત ચલાવી; પછી બર્નાડ શૉના સમાજવાદ તરફ ઢળી મજૂરોની દુનિયાનો અનુભવ લીધો.

આ બધાં મંથનો અને અનુભવોમાંથી જગતભ્રાતૃભાવ ને શાશ્વત શાંતિ માટેની એમની તૃષ્ણા વધવા માડી. મૅડમ બ્લૅવટસ્કીના પરિચયે તેમની થીઓસોફિકલ સોસાએટીમાં જોડાયાં ને એના જ કાર્યકર તરીકે હિંદ આવી બનારસમાં ભારતના ધર્મોનો અભ્યાસ કરી એમાથી હિંદી સંસ્કૃતિસેવાની નવી પ્રવૃત્તિ ઉપાડી.

ઈ. ૧૯૧૪થી રાજકારણમાં રસ લઇ એમણે 'કૉમનવીલ' ને 'ન્યૂ ઇંડિયા' નામે પત્રો શરૂ કર્યા, 'હોમરૂલ'નો મંત્ર આપ્યો ન એ માટે નજરકેદ પણ થયાં, ને તેમાંથી છૂટયા ત્યારે કલકત્તા કૉંગ્રેસનાં પ્રમુખ તરીકે ચુંટાયાં.

પછી સત્યાગ્રહ અને અસહકારનાં મંડાણ થયાં તેનો વિરોધ કરતાં પ્રજાપ્રેમ ગુમાવી બેઠાં, અને પછીનાં વર્ષોમાં ધીમેધીમે નેપથ્યમાં વિલીન થઈ અવસાન પામ્યાં.



સુંદર રીતે ગોઠવેલાં ફૂલોનો ગુચ્છ જોનારના અંતરમાં તાઝગી લાવે છે. ઘરની એ સજીવ શોભા લાંબો વખત ટકી રહે એવું સૌકોઈ ઈચ્છે. એ માટેની કાળજી તથા એ ગુચ્છરચનાને શોભીતી કરવાનાં કેટલાંક સૂચનો:

પ્રથમ તો એ કે આમાં ફૂલ એટલે મૂળમાંથી તોડેલું ફૂલ નહિ પણ ફૂલદાનમાં ગોઠવી ફાવે એટલી લાંબી ડાળખી સાથેનું ફૂલ સમજવું. એમાં બે ચાર પાંદડાં પણ આવી શકે. માત્ર પાંદડાંની ડાળખી પણ આવે અને કેટલાક ચતુર હાથ તો ફૂલ વિનાનો, વિવિધ આકારનાં પાંદડાંનો ગુચ્છ પણ બનાવી શકે.

ફૂલ જ્યારે વધુ તાઝગીભર્યાં લાગતાં હોય ત્યારે, એટલેકે વહેલી પરોઢે યા નમતી સાંજે ઉતારવાં. પૂરાં ખીલી ગએલાં ફૂલ લાંબો વખત ટકતાં નથી, માટે સહેજ ઓછાં ખીલેલાં ફૂલ પસંદ કરવાં. ડાળખી પરનો કાપ તીક્ષ્ણ ધારવાળા સાધનથી અને ત્રાંસો મૂકવો. કાપેલી ડાળખી તુરત પાણીમાં ડૂબાવી દેવી. પાણીનાં પણ ઘણી ડાળખીઓ એકઠી ન કરવી; એથી કેટલાંક નાજુક ફૂલો જોખમાય છે.

થોડો વખત એમને આમ પાણીમાં જ રાખી ફૂલદાન તૈયાર કરવું. પ્રથમ તો પાત્રમાં અરધા ઉપર થોડું પાણી ભરી, એમાં ગુચ્છ ગોઠવવો શરૂ કરવો. આ પાણીમાં બાવળિયા કોલસાનો એકાદ ટૂકડો, ત્રાંબાનો પૈસો ને એકાદ ટીપું પોટાશિયમ પરમૅંગનેટના દ્રાવણનું નાખવાથી પાણી સારું રહી ફૂલ પણ વધુ ટકશે. થોડી રેતી ને ખાંડ પણ ક્યારેક નખાય છે. ડાળખીનું કોઈ પાંદડું પાણીમાં ડૂબતું રહે નહિ એ ખાસ જોવું. આખો ગુચ્છ ગોઠવાઈ ગયે ફૂલદાનમાં થોડું વધુ પાણી ઉમેરી દો ને પછી એને તાપ કે બાફ ન લાગે એવે સ્થાને ખુલ્લામાં ગોઠવો. હવાની ઝાપટ એને ન લાગે એ જોવું. દિવસમાં એક બે વાર પાણીનો થોડો છંટકાવ પણ કરવો.

બીજે દિવસે પાણી બદલવું. કરમાઈ ગએલા ફૂલને સ્થાને તાજું ફૂલ ગોઠવવું. આ ઉપરાંત પણ બીજી કેટલીક નાજુક પ્રક્રિયાઓ છે પણ એ વિસ્તૃત સમજણ માગી લે તેવી હોઈ છોડી દઇએ ને ગુચ્છની રચના વિષે જોઇએ.

આ સાથે ફૂલની ગોઠવણી માટેનો ક્રમ સૂચવ્યો છે એ રીતે લેતાં સુંદર ગુચ્છ ગોઠવી શકાશે. ફૂલદાન તો ગમે તે આકારનું કે બનાવટનું હોઈ શકે, પણ એની આકૃતિ ખયાલમાં રાખીને ફૂલની રચના કરો હોય તો વધુ શોભે. સાથે દર્શાવ્યા પ્રમાણે પ્રથમ તો (૧) ગુચ્છની સમગ્ર રચનાને ધ્યાનમાં લઇને એની મુખ્ય રેખાઓ પરની ડાંખળીઓ ગોઠવો. પછી (૨) ગુચ્છના મુખ્ય આકર્ષણને સ્થાને કોઇ મોટાં ફૂલ મૂકો. (અહીં પૂર્ણ વિકસિત ફૂલ વાપરી શકાય) છેલ્લે (૩) ખાલી પડતી જગ્યામાં અન્ય નાનીમોટી ડાળ ને પાંદડાં મૂકીને સમગ્ર રચના પૂરી કરો. ઠાંસીઠાંસીને કરેલી ગોઠવણ બહુ સારી નથી લાગતી તેમજ વધુ વખત ટકતી પણ નથી. એકસરખાં ફૂલોને બદલે વિવિધ પણ એકબીજાને અનુરૂપ રંગનાં નાનાંમોટાં ફૂલો વધુ શોભે છે.



(૧) (૨) (૩)


ઉતાવળ

કરજો


- તમારા બાળકને શીતળા ટંકાવ્યા ન હોય તો ટંકાવી લેવાની ઉતાવળ કરજો.
- બાળક સાંકડી ઝોળીમાં સૂતું હોય તો તેનું ઘોડિયું છોડાવવાની ઉતાવળ કરજો.
- તમારું બાળક દાંત આવી જવાની તૈયારી સુધી ને આવી ગયા પછી પણ અંગૂઠો ચૂસતું હોય તો તે છોડાવવાની ઉતાવળ કરજો.
- તમારા બાળકને એકાએક ગળામાં બહુ દરદ થઈ આવે ને પાણી પણ ન ઊતરતું હોય તો દાક્તર પાસે લઈ જવાની ઉતાવળ કરજો.

ના કરશો

- તમારું બાળક આપમેળે અદ્ધર બેસતાં કે ઊભું રહેતાં શીખ્યું ન હોય ત્યાં સુધી તેને બેસાડવા કે ઊભું રાખવાની ઉતાવળ ન કરશો.
- બાળક આઠદસ માસનું ન થાય ત્યાં સુધી ધાવણ છોડાવી દેવાની ઉતાવળ ના કરશો.
- બાળક બપોરે ઊંઘી જતું હોય ત્યાં સુધી તેને નિશાળે બેસાડવાની ઉતાવળ ના કરશો.
- તમારા બાળકને પેટમાં બહુ સખત દુખતું હોય તો જુલાબ આપવાની ઉતાવળ ન કરશો પણ તરત દાક્તરને બતાવજો. (વ. ની.



કેટલીક શાળાઓના કલાવર્ગોમાં કાગળકટાઈ કરાવવામાં આવે છે. ઉપર આપેલાં ડિઝાઈન, અલબત્ત, કાગળકટાઈનાં નથી, પણ એને એમાં પ્રયોજી શકાય એવાં તો છે જ. એના અન્ય કેવા અને ક્યાંક્યાં ઉપયોગ થઈ શકે એ પ્રયોજકની ચાતુરી ઉપર આધારિત છે. રંગોળીની આકૃતિઓમાં પણ ખપ લાગે.



મદ્રાસમાં ઍની બિસન્ટની સ્થાપેલી થીઓસોફિકલ સોસાઍટીનું મકાન.

શાકભાજીનું સમયપત્રક

કારતક માસમાં આટલાં શાકભાજી વાવી શકાય: કારેલાં, વટાણા, કાકડી, ટીંગણી, બટાટા ડુંગળી, બીટ, મોગરી, મૂળા, કોબી, ટામેટાં સલગમ, ગાજર, નોલખોલ, બધી ભાજીઓ.

૪૩૩ ('કુમાર' અંક ૪૭૮)

હિંદુઓની રસોઈમાં (?) —

છેજમાં વપરાતું સુલભ અને સુપરિચિત જીરું ઉત્તમ ઘરગથ્થુ ઔષધ પણ છે અને છેક ચરક-સુશ્રુતના કાળથી એ ઔષધ તરીકે વપરાતું આવ્યું છે. એનું સંસ્કૃત નામ જીરક. શાહજીરું-થી જુદું પાડવા એને સફેદ જીરું કહે છે. આયુર્વેદમાં એના ગુણકર્મો નીચે મુજબ નોંધાયા છે: તીખું (વિપાકમાં પણ તીખું), લૂખું, તીક્ષ્ણ, ઉષ્ણવીર્ય, રુચિકારક, અગ્નિને પ્રદીપ્ત કરનાર, પિત્ત તથા અગ્નિની વૃદ્ધિ કરનાર, શૂળનું શમન કરનાર, સુગન્ધિ, કફ-વાયુ-દુગન્ધ-ગોળો-ઝાડા સંગ્રહણી તથા કરમિયાનો નાશ કરનાર.

ઉદરશૂળ

કોઇ પણ કારણસર વાયુનો પ્રકોપ થવાથી કુપિત વાયુ પેટમાં શૂળ જેવો દુખાવો કરે છે. જીરું તીખું હોઈ વાયુનાશક છે. એકઠો થએલો મળ સડવાથી પણ આવો ગૅસ ઉત્પન્ન થાય છે. જીરું દુર્ગન્ધનાશક હોઈ એ ગૅસનો નાશ કર છે. જીરું અને હરડેનું સમભાગ ચૂર્ણ કરી સવાર સાંજ ૦ાથી ૦ાા તોલો જરા નવશેકા પાણી સાથે લઇ લેવું. મળ અને વાયુની શુદ્ધિ થવાથી ઉદરશૂળ મટી જશે. વાયુના ભરાવાથી પેટમાં આફરો ચડયો હોય એમાં પણ આ પ્રયોગ લાભદાયી છે. વળી જેને મળાવરોધ રહેતો હોય અને મળ ખૂબ ગંધાતો હોય એણે પણ આ પ્રયોગ કરવો. મળાવરોધને કારણે ઘણી વાર પેશાબ સાફ આવતો નથી. આ પ્રયોગથી મળ અને વાયુની શુદ્ધિ થવાથી મૂત્રપ્રવૃત્તિ બરાબર થવા માંડે છે.

આર્તવશુદ્ધિ

વાતલ પ્રકૃતિની સ્ત્રીને અથવા વાયુકારક આહાર-વિહારનું અતિશય સેવન કરનાર સ્ત્રીને કબજિયાત અને વાયુનો પ્રકોપ થાય છે. સ્ત્રીઓની માસિક આર્તવપ્રવૃત્તિ કરાવવાનું કામ અપાન વાયુનું છે. આ અપાન વાયુ પ્રકુપિત થાય અને પોતાની સ્વાભાવિક ગતિ છોડી દે તો આર્તવશુદ્ધિ બરાબર થાય નહિ. થોડુંથોડું ફીણવાળું આર્તવ પીડા સાથે પ્રવૃત્ત થતું હોય એવી સ્ત્રીઓ જો આ જીરું અને હરડેના પ્રયોગનું, માસિકધર્મ આવતાં પહેલાં, થોડા દિવસ નિયમિત સેવન કરે તો ઘણો જ ફાયદો થાય. જીરું અને હરડે મળ તથા વાયુનું અનુલોમન કરશે; પરિણામે અપાનની ગતિ સ્વાભાવિક બનશે ને આર્તવપ્રવૃત્તિ સુધરશે.

ઊલટી–અરુચિ

ઊલટીમાં વાયુ વિલોમગતિને પામે છે. એમાં પણ જીરું ઉપયોગી છે. જીરું શેકી નાખી એના પર જરા સિંધવ ભભરાવવું અને લીંબુ નિચોવવું. ઊલટીના રોગીને થોડીથોડી વારે ચપટીચપટી ચાવવા માટે તે આપવું. જીરું વાયુની ગતિને સવળી કરી વમન બંધ કરશે. એ પછી જરૂર જણાય તો મળશુદ્ધિ માટે હરડે આપવી. અરુચિના દર્દીને પણ આ આપવાથી રુચિ ઊઘડે છે અને અગ્નિ પ્રદીપ્ત થાય છે. ભૂખ ઓછી થઈ જવાની ફરિયાદ કરનાર જો થોડા દિવસ સવાર-સાંજ પાવલી પાવલીભાર આ જીરું ચાવવાનું રાખે તો ઘણો ફાયદો થાય.

અતિસાર

અતિસાર એટલે ઝાડા. ઝાડામાં જઠરાગ્નિ મંદ થઇ જાય છે. જીરું અગ્નિની શક્તિ વધારનાર છે અને વાયુ તથા કફનો નાશ કરનાર છે. વાયુથી પાતળા પાણી જેવા ઝાડા થઇ જાય છે. જીરું વાયુનું શમન કરી ઝાડાને બંધ કરવામાં મદદ કરે છે.


કફને કારણે ઘણાને ચીકણા ને ઢીલા ઝાડા થાય છે. જીરું ઉત્તમ કફનાશક છે. વધી ગએલા કફને પચાવે છે અને અગ્નિને પ્રદીપ્ત કરે છે. એટલે કફના ઝાડામાં પણ એ લાભદાયી છે. જીરું મરી અને સિંધાલુણ સમભાગે લઈ દિવસમાં ત્રણ વખત પાવલી પાવલીભાર છાશના અનુપાન સાથે આપવું. શક્ય હોય તો દર્દીને છાશ પર જ રાખવું; કેમકે છાશ કફ અને વાયુનો નાશ કરનાર અને ગ્રાહી છે. ગ્રાહી એટલે મળને બાંધનાર. છાશમાં અગ્નિને પ્રદીપ્ત કરવાનો પણ ગુણ છે. સંગ્રહણીમાં પણ આ પ્રયોગ લાભદાયી છે.

વીંછીનો ડંખ

વીંછીના ડંખની વેદના દૂર કરનાર એક પ્રયોગ ચક્રદત્તે રજૂ કર્યો છે. પ્રયોગ સરળ અને નિર્દોષ હોઇ અજમાવવા જેવો છે. જીરાને સિંધાલુણ ને ઘી સાથે લસોટવું. સારી રીતે બારીક લસોટયા પછી જરાક ગરમ કરીને ડંખ ઉપર લેપ કરવો.

આપણામાં પ્રસૂતાને થોડા દિવસ જીરું ખાવા આપવાનો રિવાજ છે, કેમકે પ્રસવથી વાયુનો પ્રકોપ થયો હોય તે જીરાથી શમે છે અને પ્રસૂતાનો અગ્નિ બળવાન થાય છે. જીરું આપવા પાછળ ધાવણવૃદ્ધિ કરવાનો હેતુ પણ હોય છે. વાયુનું શમન થવાથી ધાવણનું વહન કરનાર સ્રોતો વિકસિત થાય છે જેથી ધાવણનું પ્રમાણ વધે છે.

લાભશંકર ઠાકર



પરમ અરમાનના દીવે અમે ઊજવી છે દિવાળી,
પ્રકાશિત એ થયા જેણે અમારી ઉરદશા ભાળી;
અમારી જિંદગીમાં રાતનું સ્વપ્નું ય ના મળશે,
અમારા શ્વાસશ્વાસે જિંદગી દે તેજને તાળી. 'સરોદ'

બહુશ્રુત વિદ્વાન સ્વ. ડૉ. રાધાકુમુદ મુખરજી

પોતાના મુખ્ય અને પ્રિય વિષય ઇતિહાસ ઉપરાંત હિંદુ સંસ્કૃતિ, કળા, ભારતીય વહાણવટું, શિક્ષણ, જમીન મહેસૂલ અને કૃષિવિકાસ, અર્થશાસ્ત્ર આદિ આપણને ચકિત કરી મૂકે એવાં બહુવિધ ક્ષેત્રોના પ્રખર અભ્યાસી અને સંશોધક, બહુશ્રુત વિદ્વાન શિક્ષણશાસ્ત્રી અને ખ્યાતનામ ઇતિહાસકાર ડૉ. રાધાકુમુદ મુખરજીનું ગઇ તા. ૯મી સપ્ટેમ્બરે કલકત્તામાં એમના નિવાસસ્થાને અવસાન થયું, એથી ભારતને તરતમાં ન પૂરી શકાય એવી ભારે ખોટ પડી છે.


મુર્શિદાબાદ જિલ્લાના બરહામપુર ગામમાં ઇ. ૧૮૮૪ની ૨૫મી જાન્યુઆરીએ એમનો જન્મ થએલો. પિતા ગોપાલચંદ્ર મુખરજી એક અગ્રગણ્ય ધારાશાસ્ત્રી હતા. પુત્રની કેળવણી માટે એમણે ઘણી ચીવટ દાખવી હતી.

કલકત્તામાં અભ્યાસ કરી ઇતિહાસના અધ્યાપક તરીકે જીવનની કારકિર્દી આરંભી તેઓ પછી મ્હૈસૂર વિદ્યાપીઠમાં જોડાયા હતા. પછી લખનૌ વિશ્વવિદ્યાલયમાં ઇતિહાસવિભાગના વડા તરીકે જોડાયા, જ્યાં ઇ. ૧૯૪૫ સુધી કામ કર્યું. અને 'એમેરિટસ' પ્રોફેસર તરીકે તેઓ આજીવન એ વિદ્યાપીઠ સાથે જોડાએલા રહ્યા. બનારસ વિશ્વવિદ્યાલયમાં પણ એમણે કામ કરેલું. જે જમાનામાં વિદ્વત્તાનાં ધોરણો આજના કરતાં ઘણાં વધુ આકરાં હતાં એ કાળના એ વિદ્વાન ઇતિહાસજ્ઞ પાસે ઘડાએલા સેંકડો વિદ્યાર્થીઓમાંથી પાછળથી ઘણાએ ભારતનાં ઐતિહાસિક સંશોધનોમાં મહત્ત્વનો ફાળો આપી નામના મેળવી છે.

વિદ્યાક્ષેત્ર ઉપરાંત રાજકીય ક્ષેત્રે પણ એમણે લાંબી અને ઊજળી કારકિર્દી રચી હતી. અવિભાજિત બંગાળની ધારાસભાના વર્ષો સુધી સભ્ય રહ્યા બાદ સ્વતંત્ર ભારતની પ્રથમ રાજ્યસભામાં પણ એમની વરણી થએલી. ભારતના સ્વાતંત્ર્યસંગ્રામનો ઇતિહાસ લખવા માટે રચાએલી ઇતિહાસકારોની સમિતિના તેઓ વડા હતા. ઇ. ૧૯૪૬–'૪૭માં સંયુક્ત રાષ્ટ્રસંઘની ખોરાક અને ખેતીવાડી સંસ્થા(FAO)માં એમણે ભારતના પ્રતિનિધિ તરીકે કામ કરેલું.

એમનાં અનેકવિધ રસનાં ક્ષેત્રોનો કૈંક ખયાલ એમણે રચેલી કૃતિઓમાંથી મળે છે: હિન્દુ સિવિલિઝેશન, મૅન ઍન્ડ થૉટ ઈન એન્શ્યન્ટ ઈન્ડિયા, એન્શ્યન્ટ ઇન્ડિયન એજ્યુકેશન, અર્લી ઇન્ડિયન આર્ટ, ઇન્ડિયાઝ લૅન્ડ સીસ્ટિમ, એન્શ્યન્ટ ઈન્ડિયા, ચંદ્રગુપ્ત મૌર્ય, હર્ષ, ઈન્ટ્રોડકશન ટુ ઈન્ડિયન ઈકૉનૉમિક્સ, ન્યૂ ઍપ્રોચ ટુ ધ કૉમ્યુનલ પ્રૉબ્લેમ, નૅશનાલિઝમ ઈન હિંદુ કલ્ચર, ફૂડ પ્રૉબ્લેમ આદિ એમની નાનાવિધ કૃતિઓમાંથી એમની ગહન વિચારસૃષ્ટિ, ઊંડો તલસ્પર્શી અભ્યાસ અને એને માટેના અથાગ પરિશ્રમનું દર્શન થાય છે. 'હિસ્ટરી ઑવ ઈન્ડિયન શિપિંગ' નામનો એમનો અભ્યસનીય ગ્રંથ તો આપણી પ્રાચીન દરિયાઈ સિદ્ધિઓના અલ્પસ્પર્શિત સંશોધનક્ષેત્રનું એક અમૂલ્ય ને અસાધારણ સર્જન છે. એમની આ બહુમુખી વિદ્વત્તાને ભારત સરકારે ઇ. ૧૯૫૭માં પદ્મભૂષણ પદકથી નવાજી હતી.





જગતનાં પ્રાણી–૬૩

રેઈનડીઅર

રેઈનડીઅર હરણનાં કુળનું પ્રાણી છે, પણ એશિયા, યુરોપ અને અમેરિકાના શીતપ્રદેશનું જ વાસી હોઈ એ બરફીલી ઠંડી સહન કરી શકે છે. મળી આવેલા અવશેષો પરથી જણાય છે કે એક કાળે એ બ્રિટિશ દ્વીપોમાં પણ વસતું હતું. ઠંડીથી બચવા એના શરીર પર ઊન જેવી રૂંવાટી સાથે નાક-કાન પર પણ વાળ હોય છે. પગની ખરી પણ બરફ પર દોડવું ફાવે એવી પહોળી. શિયાળામાં આ ખરીઓ અને નાક વડે બરફ ખોતરીને એ એની ઢંકાએલી વનસ્પતિ ખોળી ખાય છે. ઘાસ, પાણીનાં છોડવાં ને લીલી જેવી વનસ્પતિ પણ ખાય. નરમાદા બંનેને શિંગડાં હોય છે. વરસે દાડે એ ખરી પડે છે, પણ નર કરતાં માદાનાં શિંગ વધુ સમય રહે છે. એના વડે એ વરુઓ સાથે લડીને પોતાનાં બચ્ચાંનું રક્ષણ કરે છે.

ઓછાવત્તા ફેરફારવાળી રેઈનડીઅરની વિવિધ જાતોમાં અમેરિકન જાત ૪½ ફૂટ ઊંચી ને કવચિત ૪ થી ૫ ફૂટ લાંબાં શિંગડાંવાળી હોય છે. સ્વીડિશ રેઈનડીઅર એથી નાનાં.

સારી પેઠે એમનો શિકાર થતો હોવા છતાં સ્વિટ્ઝબર્ગનમાં પુષ્કળ રેઈનડીઅર થાય છે. ઉનાળામાં તેઓ ઘાસિયાં મેદાનોમાં આવે છે. પાનખરમાં દરિયાકાંઠા તરફ જાય છે. ત્યાં એમને કિનારે તણાઇ આવેલી દરિયાઈ વનસ્પતિનો ચારો મળે છે. શિયાળામાં બરફને કારણે ખાવાનું મળવું મુશ્કેલ બનતા એ દુબળાં પડી જાય, પણ ફરી ઉનાળામાં પાછાં તગડાં થઈ જાય છે. અમેરિકાનાં જંગલી રેઈનડીઅર–કૅરીબુ તો ધ્રુવસમુદ્રના કિનારા સુધી વસે છે. બરફીલા મુલકમાં એનું મહત્ત્વ રણમાંના ઊંટ જેવું છે. દૂધ, પનીર, માંસ અને શરીર ઢાંકવા માટે ચામડાં વગેરે જેવી જીવનની જરૂરિયાતો માટે એસ્કિમો લોકો આ રેઈનડીઅર પર ઘણો આધાર રાખે છે. સ્લેજ ખેંચવામાં અને સવારીમાં પણ કામ લાગે છે.

આવા આ બહુશ્રુત વિદ્વાનના અવસાનથી પડેલી ખોટ તાત્કાલિક તો પુરાવી સંભવિત જણાતી નથી. પણ એમના મિત્રોએ એક લાખ રૂપિયા એકઠા કરી લખનૌ વિશ્વવિદ્યાલયમાં એમના નામની એક વાર્ષિક વ્યાખ્યાનમાળા યોજવાનું નક્કી કર્યું છે એથી એમનું જીવનકાર્ય સદા તાજું બની રહી સહુને પ્રેરણાદાયી નીવડશે એવી આશા રાખીએ.

હિતકર દૂધી

સર્વાંગરીતે ઉપયોગી અને પથ્ય શાકભાજીઓમાં દૂધી સૌથી વિશેષ ગુણપ્રદ શાક છે, કારણ કે એ પચવામાં હલકી છે અને સાથે વધુ પોષક ગુણશક્તિ ધરાવે છે. જે દરદોમાં તાત્કાલિક પોષણની જરૂર હોય છે તેમાં તે જીવનશક્તિ આપનારી વધારનારી—નીવડે છે.

વિદ્વાનોએ એને ગર્ભપોષક અને ધાતુપુષ્ટિવર્ધક ગણી છે. સગર્ભા સ્ત્રીને દૂધી બે રીતે ઉપયોગી બને છે: એક તો એમાંથી તાત્કાલિક પોષક શક્તિ મળે છે, અને બીજું એમાં રહેલાં વિટામિન 'બી' તત્ત્વોથી સગર્ભાના પાચક અવયવો નિયમિત, વ્યવસ્થિત બની મળદોષને–ઝેરી તત્ત્વોને દૂર કરે છે. સગર્ભાવસ્થામાં કબજિયાત એ સૌથી મહત્ત્વનો, ચીવટ માગતો વ્યાધિ છે અને એ દૂધીના સેવનથી દૂર થઇ શકે છે. દૂધીના સેવનની એવી જ ઉપયોગિતા ક્ષયજન્ય દરદોમાં છે. દૂધીને બાફી, એમાં મીઠું કે બીજો કોઇ તીવ્ર મસાલો નાખ્યા સિવાય, કેવળ ધાણાજીરું, હળદળ અને થોડી કોથમીર મેળવી ક્ષયના દરદીને આપવામાં આવે તો સારી મજાની પોષક શક્તિ મળી રહે છે, કારણ કે એના સેવનથી કફજ દોષ દૂર થઇને મંદાગ્નિના ભયમાંથી બચાય છે.

દૂધી સ્વાદમાં મધુર ને ગુણધર્મે પિત્તહીન છે. એ દૃષ્ટિએ રક્તપિત્ત, શીતપિત્ત જેવાં દરદોમાં તે ઉપયોગી છે. શરીરમાં દાહ થતો હોય, ગળામાં બળતરા થતી હોય કે શોષ પડતો હોય, નાનાંમોટાં લોહીવિકારનાં ગૂમડાં, ઘારાં નીકળતાં હોય કે શરીર ઉપર ગોળ ચકરડાં પેદા થતાં હોય, અવારનવાર શીળસની ફરિયાદ રહેતી હોય, સામાન્ય સંયોગોમાં પાકણી માટી હોય, તેવાં રક્તદોષજન્ય દરદોમાં કે લોહી પાતળું થઈ કોઇ ને કોઈ જગ્યાએથી વહી જતું હોય, ઝાડા વાટે, પેશાબ વાટે, વિશેષ આર્તવદર્શન દ્વારા કે નાકમાંથી યા ગળામાંથી લોહી પડતું હોય, તેવા દરદમાં પણ દૂધીનો સ્વરસ એમાં સહેજ મધ કે સાકર નાખી લેવાથી સારી અસર થાય છે.–'ચિકિત્સક'

લક્ષ્મીનું વાહન ઘુવડ

જેના બોલવાથી —અરે, જે પોતાના મકાન પર આવીને બેસવાથી પણ અપશુકન થયા મનાય છે, અને જે આફતનું અગ્રચારી લેખાય છે, જે દેખાવે બેડોળ અને બિહામણું, પ્રકાશથી ડરનારું ક્રૂર નિશાચર અને સ્વભાવે સૂમ તથા ગમગીન ગણાયું છે તે ઘુવડ, વિષ્ણુપત્ની લક્ષ્મીનું વાહન શાથી લેખાયું હશે? (જુઓ પૂઠાનું ચિત્ર) આપણા દેશમાં જ નહિ, દુનિયાના ઘણાખરા દેશોમાં ઘુવડની તરફેણની તેમજ વિરુદ્ધની માન્યતાઓ પ્રવર્તે છે. ગ્રીક લોકો તેને પોતાની દેવી એથીના (સરસ્વતી)નું વાહન અને જ્ઞાનનું પ્રતીક ગણતા તથા તેમના સિક્કાઓ ઉપર રાજચિહ્નને સ્થાને પણ તે અંકિત થએલું છે; તો રોમનો તેને આપત્તિઓને આમંત્રનારું ને અતિ અપશુકનિયાળ ગણતા. તેમની માન્યતા મુજબ તેમના ઘણા સમ્રાટો–ઑગસ્ટસ, કોમોડસ ઑરેલિયસ, જુલિયસ સીઝર વગેરેનાં મૃત્યુ પહેલાં ઘુવડ બોલ્યાં હતાં.

ઈંગ્લૅંડ, સ્કૉટલૅંડ, વેલ્સ, ન્યૂ ફાઉન્ડ લૅન્ડ આદિ દેશોમાં ઘુવડને મહાઅનર્થકારી ને અપશુકનિયાળ ગણ્યું છે, તો ભારતના કેટલાક લોકસાહિત્યમાં તેને શાણું પખી અને ઇરાનના લોકસાહિત્યમાં શુકનિયાળ ગણવામા આવ્યું છે. અને 'અવસ્થા' ધર્મગ્રંથમાં તેનાં પીછાંને 'તાવીજ'નું કામ કરે તેવાં સમર્થ ગણ્યાં છે. બુરિયર લોકો બાળકના રક્ષક તરીકે ઘુવડને ઘરમાં પાળે છે, તો બાન્ટૂ અને ઝુલુ જાતિઓ તેને મેલી વિદ્યાનું સાધન ગણે છે. પ્રાચીન મિસરવાસીઓ મેલી અસર ટાળવા વસ્ત્રની અંદરના ભાગમાં ઘુવડનાં પીછાં ઘસવાનું રાખતા, તો ભારતના તંત્રશાસ્ત્રમાં અમુક ક્રિયાઓથી ઘુવડને અચેતન બનાવી તેની એ સંમોહિત દશામાં તેની પાસેથી ભવિષ્ય જાણી શકાતું હોવાનો ઉલ્લેખ છે!

રશિયન લેખક તુર્ગેનેવે એક પ્રાચીન કથા વર્ણવી છે તેમાં સર્વ પંખીઓની સાથે ઘુવડનું સમુચિત વ્યક્તિત્વ આલેખ્યું છે:

એક દિવસ બ્રહ્માએ સર્વ પક્ષીઓની સભા બોલાવી ને દરેકની બુદ્ધિશક્તિ પર પોતાનો નિર્ણય જાહેર કરતાં કહ્યું: 'ગરુડની બુદ્ધિ બહુ તીક્ષ્ણ છે પણ એ ક્રોધી છે; મોરની બુદ્ધિ તેજ છે પણ એ સ્વાર્થી છે; કાગડાની બુદ્ધિ પ્રખર છે પણ એ કુટિલ છે; ફક્ત ઘુવડ જ એવું પક્ષી છે જે બધા દુર્ગુણોથી પર છે. એ છે શાંત, ગંભીર ને એકાન્તપ્રેમી. અને ત્યારથી બ્રહ્માએ ઘુવડને જ્ઞાનનું વાહન બનાવી દીધું.'


(સંકલિત) —જયંતકુમાર પાઠક

રીવાના સફેદ વાઘ

આસમાની આંખો અને બદામી કે બૂખરા પટ્ટાવાળા સફેદ વાઘને એક વખત કાલ્પનિક પ્રાણી ગણવામાં આવતાં હતાં, પણ ઈ. ૧૯૧૪માં અલ્લાહાબાદ નજીકના રીવા (જે છાપાંઓમાં ખોટી રીતે 'રેવા' તરીકે લખાય છે) સ્ટેટના મહારાજા (અત્યારના મહારાજાના પિતામહ)ને ખબર મળ્યા કે એમના જંગલોમાં સફેદ વાઘ છે. દુનિયામાં ક્યાં યે ન મળે એવા સફેદ વાઘનું પોતાના જ રાજ્યમાં અસ્તિત્વ હોવાનું જાણી તેઓ એટલા તો હર્ષાવેશમાં આવી ગયા કે તાત્કાલિક એ વાઘનો વાળ પણ વાંકો ન થાય એવી જાળવણી રાખી એને જીવતો પકડી લાવવા એમણે ૯૦૦ સૈનિકોની એક શસ્ત્રધારી ફોજને આજ્ઞા કરી.

એક વર્ષ કરતાં યે વધુ સમયની રખડપટ્ટી પછી આખરે એક સફેદ વાઘ મળ્યો ને પકડાયો, પણ બંદિ દશામાં છએક માસ પછી એ મરી ગયો. તે પછી તો બીજા પાંચ સફેદ વાઘને પકડવાના પ્રયાસો થયા, પણ મરણતોલ ઘવાતાં એમાંથી એકે બચી શક્યો નહિ.

છેલ્લે રીવાના હાલના મહારાજાએ ઈ. ૧૯૫૧માં વાઘનું એક નવેક માસનું સફેદ નર બચ્ચું પકડ્યુ. એને હાથ કરવા માટે એનાં બે ભાંડું અને એની માતાને મારી નાખવાં પડેલાં. પકડાયાને પહેલે જ દિવસે નવ ફૂટ ઊંચી વંડી ઠેકી એ છટકી ગએલો પણ પછી તો એ અણધાર્યો જ પકડાઈ ગયો હતો. એણે એક ખેડૂત પર હૂમલો કર્યો અને બચાવમાં પોતાની પાસેની એક માત્ર લાકડી ખેડૂતે એ વાઘને ફટકારી. એ મરણિયો ઘા વાઘને ભારે પડતાં એ બેશુદ્ધ થઈ પડ્યો અને પકડાઈ ગયો. આજે એના સિવાય દુનિયા પરના માત્ર આઠ જ સફેદ વાઘનો એ વડવો છે. નામ એનું મોહન.



નિકાસની અનેક ચીજ વસ્તુઓ સાથે વાંદરાં, હાથી અને સિંહ સુદ્ધાંની નિકાસને ઉત્તેજન આપનાર ભારત સરકારે આ સફેદ વાઘની

નિકાસ પર પ્રતિબંધ રાખ્યો છે. પોતાના ગોવિન્દગઢ મહેલમાં બહુ જ જતનથી રાખેલા મોહન અને અન્ય વાઘણના સંપર્કથી બાર વર્ષમાં મહારાજાએ મોહન ઉપરાંત બીજા આઠ સફેદ વાઘ ઉત્પન્ન કર્યા છે.

આમાંથી એક સફેદ જોડ ઇંગ્લન્ડના બ્રિસ્ટલ પ્રાણીસંગ્રહાલયમાં ગઈ છે. છએક મહિનાની વાટાઘાટો પછી કોઈ પણ રીતે એ એક જોડ સફેદ વાઘ મેળવવામાં જે રીતનું મુત્સદ્દીગીરી ભર્યું, રાજકીય કે રીતસરનું દબાણ વપરાયું છે એવું દબાણ જગતમાં અતિ જૂજ એવા અન્ય કોઈ પણ પ્રાણી મેળવવામાં ક્યાં યે વપરાયું નહિ હોય. બ્રિસ્ટલ ગએલી 'ચંપા' અને 'ચમેલી'ની એ જોડ પછી એક સફેદ માદા 'મોહિની' અમેરિકામાં વૉશિંગ્ટન (ડી. સી.)ના રાષ્ટ્રીય પ્રાણીસંગ્રહાલયમાં ગઈ છે. પરદેશ ગએલી આ સફેદ વાઘણોને શાહી ઠાઠથી આવકારવામાં આવી છે. આ ઉપરાંત, 'રાજા' અને 'રાણી'ની એક જોડ મહારાજાએ દિલ્હીના પ્રાણીસંગ્રહસ્થાનને ભેટ આપી છે. બીજી એક જોડ અમદાવાદના પ્રાણીસંગ્રહસ્થાન માટે લાવવાની વાટાઘાટો ચાલતી હતી, પણ પશ્ચિમ બંગાળે વધુ કિંમત આપીને એને ખરીદી લીધી છે. બાકી રહેલા બે સફેદ વાઘમાં એક 'મોહન'ને તો મહારાજા કોઇને યે આપવા તૈયાર નથી. આજના સર્વ સફેદ વાઘનો એ વડવો સફેદ છે એટલા પૂરતું જ નહિ, પણ અન્ય કોઈ પણ વાઘ કરતાં મોટું ૧૨ ફૂટનું એનું કદ પણ એટલું જ મહત્ત્વનું છે. એટલે રીવાના મહારાજાનું એના પ્રત્યેનું મમત્વ સમજી શકાય એવું છે.


રોગનિદાન માટે શરીરની અંદર જોવાની નવી શોધ

જર્મનીની એરલાંજન યુનિવર્સિટી ઑસ્પિટલમાં બે નિષ્ણાતોએ એક નવો પ્રયોગ કરી રોગનિદાનને ક્ષેત્રે એક નવી જ આશા ઉત્પન્ન કરી છે. 'ફાઇબર ઑપ્ટિક' નામક સિદ્ધાંત પર રચાએલી આ નવી શોધમાં, છેડે એક ટચૂકડા દીવા સાથે એક પાતળી નળીને હોજરીમાં ઉતારવામાં આવે છે. આની સાથે એમાં એક લેન્સ સાથેની એવી રચના છે કે જેની સહાયથી દાક્તર ટેલિવિશ્ઝનના પડદા ઉપર હોજરીની અંદર ચાલતી પ્રક્રિયાને જોઇ શકે! માણસના કેટલાક રોગના નિદાન માટે આમ માનવશરીરમાં સીધી નજર નાખવાની અનુકૂળતા કરી આપતી આ શોધે આ રીતે નિદાનક્ષેત્રે ઘણી મોટી ફલાંગ મારી છે. પેટમાં બેરિયમ ઉતારી એની ફ્લોરોસ્કૉમિક કે એક્સ-રેની છાપ લેવાની પ્રાથમિક રીત પછી માનવશરીરની અંદર દૃષ્ટિપાત કરવા માટે આઈસોટોપ ટ્રેસરની પદ્ધતિ પણ કેટલાક વખતથી વપરાય છે, પણ એને કેટલીક મર્યાદાઓ છે. 'રેડિયોપિલ'ને હોજરીમાં ઉતારીને એમાંથી બહાર પડતાં કિરણોની સહાયથી નિદાન કરવાની રીત પણ સહાયક છે, પણ આ છેલ્લી શોધ એ બધીને ટપી જાય તેવી છે.

કાચના તંતુઓ દ્વારા શરીરની અંદરના દૃશ્યનું ટ્રાન્સમિશન કરવાનો પ્રયોગ એક હિન્દી દાક્તરે પણ સાતેક વર્ષ પર અજમાવ્યો હતો. જર્મનીની આ નવી શોધ વડે દર્દીના શરીરની અંદર પીડા કઈ રીતે વિકસી રહી છે એ નજરે જોઇ શકાય છે.

*   *

નવા શોધાએલા એક અણુવેદક સાધન દ્વારા રક્તવાહિનીમાં આયોડાઇન ૧૨૫ (આયોડિનના આઇસોટોપ)ને સહેજ પ્રમાણમાં દાખલ કરીને શરીરમાં થતા એના ભ્રમણના તથા તંદુરસ્ત માણસના શરીરમાં થઇ શકતા એના ભ્રમણના સમયની સરખામણી પરથી, રક્તવાહિનીઓ કઠણ થઇને સાંકડી બની ગઈ છે કે નહિ તેનું નિદાન કરવાના સફળ અખતરા થયા છે. આ પદ્ધતિએ રક્તવાહિનીઓના બીજા કેટલાક રોગોનું નિદાન પણ થઈ શકવાનો સંભવ છે. અમેરિકાની પીટર બેન્ટ બ્રિધમ ઑસ્પિટલ તથા લંડનની સેન્ટ મેરીઝ ઑસ્પિટલની પ્રયોગશાળાઓના સહકારમાં આ સાધન વિકસાવાયું છે.



જલ-નૃત્ય

તરવું એ 'કળા' છે. સ્નાયુઓની તાકાત બતાવવા કે લાંબો વખત પાણીની અંદર યા ઉપર ટકી રહેવા પૂરતી જ એની મર્યાદા નથી. આજે તો એમાં પણ જલનૃત્યો જેવા સૌંદર્યલક્ષી પ્રકારો વિકસ્યા છે. સંગીતને તાલે તાલે પાણીમાં તરતા રહીને શરીરના નૃત્યમય વળાંકાઓ સાથે ધીરી કે તેજ લયથી સરકતા જતા માનવદેહને નીરખવો એ જાણે લયસૌંદર્યનો મૂર્ત આહ્લાદ માણવા બરાબર છે. મિસ ગંડલિંગ નામનાં અમેરિકન બાઈએ આવા જલ-લાસ્યનો યુરોપમાં પ્રથમ પરિચય કરાવ્યા બાદ એમના એ વિચારને ઝીલી લઈ ફેડરલ રીપબ્લિક ઑવ જર્મનીના ફ્રાઉ જૅકૉબીએ 'ઈસાર વોટર સ્પ્રાઇટસ' (ઈસાર જલપરીઓ) નામે એક મંડળી વિકસાવી છે. એ બહુખ્યાત મંડળીના એક જલ-નૃત્ય-પ્રયોગનું આ એક દૃશ્ય છે.

નંદનવન શારદાગ્રામ

ભાવનાઓ પ્રત્યક્ષ કરતી સૃષ્ટિમાં વિહાર કરવો હોય તેમણે અચૂકપણે એકવાર 'શારદાગ્રામ'ની મુલાકાત લેવી. ગુજરાતની શિક્ષણપ્રદાતા અનેક સંસ્થાઓમાં અનોખી ભાત પાડતી સંસ્થા તરીકે ગુજરાતનું તે એક અપૂર્વ સંસ્કારધામ છે એમ ત્યાંનો એકેએક મુલાકાતી કહ્યા વિના રહી શકતો નથી.

અરબી સમુદ્રની આહ્લાદક વાયુલહરીઓથી ઝૂલતી નાળીએરીઓભરી વાટિકાઓ અને લંબાતા માર્ગો વચ્ચે, સભર જલપૂર્ણ પથરાળ ભૂમિ પર, સ્વચ્છ સુઘડ નિવાસો ને વિશાળ પટાંગણવાળાં, સત્યમ્-શિવમ્ નામનાં વિદ્યાભવનો માનવ સર્જિત નંદનવનનું કોઇ સ્વપ્નસમું ચિત્ર ખડું કરે છે. આવા મંગલ મનોહર વાતાવરણમાં વસેલા શિક્ષકવૃંદના આવાસો, ગૌશાળા, આમ્રવનો અને કદળીવનો વચ્ચે ભાવિ વિદ્યાર્થીઓ અને ગ્રામકેન્દ્રોના સેવકોનું જે ઘડતર થઇ રહ્યું છે, તેનું યથાસ્થિત સ્વરૂપ સમજવા માટે તો નિકટ પરિચય અને સહવાસની જરૂર છે. પરંતુ જે જે શિક્ષકો, સેવકો કે વિદ્યાર્થીઓ મળ્યા તે સૌએ આ સંસ્થાના સર્જક પ્રતિ પૂજ્યભાવ અને ઉત્તમ નિષ્ઠાનો જ પરિચય આપ્યો છે. સંસ્થાની પાછળ જે આધ્યાત્મિક ભાવનાઓનું પીઠબળ છે તેનું નિત્ય પ્રાતઃકાળે સ્મરણ કરાવતું ઇશોપનિષદનું મંત્રગાન કોઈ નિગૂઢ ભાવથી સમસ્ત વાતાવરણને ભરી દે છે.

સંસ્થાનાં મકાનોની રચના અને સગવડોમાં સમજપૂર્વક કરેલી સોઇ તથા સાધનસામગ્રીમાં ઘણી રીતે નવી યોજનાઓ છે, જેમાંથી સમાજશિક્ષણના પાઠો આપમેળે પ્રસરી રહે છે. સંગીત, કલા, વિજ્ઞાન વગેરે શિક્ષણક્ષેત્રે આવશ્યક વિષયોની પણ સંપૂર્ણ ગોઠવણ છે. ઉપરાંત

વિશેષતા એ છે કે એ વિષયોને જીવનમાં વ્યક્ત કરતા વિદ્યાર્થી તથા શિક્ષકો વચ્ચેના વ્યવહારમાં સ્વચ્છતા, શિસ્ત, સંયમ ને સહકારનાં સ્વરૂપો અહીં પ્રત્યક્ષ થાય છે. દેશવિદેશનીઅન્ય સંસ્થાઓનો અનુભવ પામેલી અનેક પ્રસિદ્ધ વ્યક્તિઓએ આ સંસ્થાને યથાયોગ્ય બિરદાવી છે, છતાં ગઈ તા. ૧૮મી મેના રોજ વ્યાયામ વર્ગના વિદ્યાર્થીસમૂહ સાથે હું વેરાવળ ગયો ત્યાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી મેહદી નવાઝજંગ સાહેબ સાથે વાત કરતાં હું શારદાગ્રામમાં આવી વિશ્રામ લઈ રહ્યો છું એમ જણાવતાં તેઓ સહજ બોલી ઊઠયા: '*It is the best place*' (એ એકમાત્ર સર્વોત્તમ સ્થાન છે). એટલામાં ઘણું આવી જાય છે તેમ હું માનું છું. —રવિશંકર રાવળ

ઘડિયાળની કાળજી

આજે ઘડિયાળ આપણા રોજિંદા જીવનનો સામાન્ય ભાગ બની ગયું છે છતાં એના વિષેની કેટલી ય માહિતીથી આપણે અજ્ઞાત છીએ. એને માટે આપણે થોડીક કાળજી રાખીએ તો એ કેટલું વફાદાર રહે એની વિગતો રસમય છે. બહુ ઓછા માણસો જાણતા હશે કે સામાન્ય ઘડિયાળમા ૧૫૦ જેટલા છૂટા ભાગ હોય છે અને અલગઅલગ ૨૪૦૦ જેટલી ક્રિયા દ્વારા એ તૈયાર થાય છે. એના સમતુલા-ચક્ર ઉપર કલાકના ૧૮ હજાર ધબકારા થતા હોય છે—એક સેકન્ડમાં પાચ, એક મહિનામા ૧,૨૯,૬૦,૦૦૦ અને એક વર્ષમાં પંદર કરોડ, છોંતેર લાખ અને એંશી હજાર!

વળી, એ સમતુલા-ચક્ર દરેક ઇંચના ૧·૪૩ ભાગ જેટલું ચાલે છે, ચોવીસ કલાકમાં પોણા દસ માઇલ, એક મહિનામાં ૨૯૨½ માઈલ અને એક વર્ષમાં ૩,૫૮૮½ માઈલ!

ઘડિયાળ ખૂબ જ વ્યવસ્થિત ચાલે તે માટે તેની પૂરતી કાળજી રાખવી જરૂરી છે. રોજ સવારે નિયમિત રીતે એને 'પૂરી' ચાવી આપજો જેથી એ પોતાની સંપૂર્ણ શક્તિ મેળવીને કામ આપી શકે. તમારી નાની ઘડિયાળને રાત્રે ચત્તી સપાટ મૂકીને પૂર્ણ આરામ આપજો.

કાંડા-ઘડિયાળને હાથ ઉપરથી કાઢીને કદી ઠંડી જગ્યા ઉપર મૂકશો નહિ, કારણ કે એકાએક હાથની ગરમીમાંથી ઠંડી જગ્યા ઉપર મુકાતાં એના ઉપર એ વિરોધી વાતાવરણની અસર થયા વગર રહેતી નથી. ઉષ્ણતામાનની આવી કાળજી રાખવા ઉપરાંત ધૂળ, કાંકરી કે રેતીથી પણ એને ખસૂસ બચાવશો.

પાણી સામે સાવચેતી ન રાખવાથી તો કેટલીક વાર ઘડિયાળ પછી જરા યે ઉપયોગમાં ન લઇ શકાય તેવા નુકસાનમાં ઊતરી પડે છે. કેટલીક વાર ઘડિયાળને એવો માર પડે છે, દા.ત. ધક્કો વાગવો, પડી જવું કે આંચકો લાગવો કે જેને કારણે એ ભલે ચાલતું બંધ ન પડે તો પણ એને મોટું જોખમ પહોંચે છે, માટે ભારે કામ કરતી વખતે કે રમતમાં જોડાતી વખતે ઘડિયાળને કાઢી નાખવી એ સારું થઈ પડે!

માણસને જેમ ખોરાકની જરૂર પડે છે, તેમ ઘડિયાળને તેલની આવશ્યકતા રહે જ છે.:અમુક સમય થતાં તેલ જામી જાય છે અને એ તથા તેની સાથે જામેલો કચરો કાઢી નાખીને નવું તેલ પૂરવું જોઈએ.

આટલી કાળજી રખાશે તો સારી જાતનું ઘડિયાળ સમય આપવામાં વફાદાર રહેશે ને તેના જીવનના મોટા ભાગ દરમિયાન તે દુરસ્તી માટેની દુકાનમાં ન રહેતાં તમારે કાંડે જ રહેશે! (મૉના કુર્રન)

મોટામાં મોટું કલા-ગ્રંથાલય

ન્યૂ યૉર્કના મેટ્રોપૉલિટન મ્યૂઝિયમના એક અંગ તરીકે ટૉમસ જે. વૅટ્સન લાયબ્રેરી નામે એક કલાવિષયક ગ્રંથાકાર તૈયાર થઈ રહ્યું છે, જે પૂરું થતાં દુનિયાભરમાં આ પ્રકારનું કદાચ મોટામાં મોટું પુસ્તકાલય બની રહેશે. લગભગ ૩,૦૦,૦૦૦ પુસ્તકોનો તેમાં સંગ્રહ થવાનો ખયાલ છે. ત્યાં વાચનખંડ ઉપરાંત, અભ્યાસ અને સંશોધન કરવા માટે ખલેલ ન થાય એવા ખાસ બત્રીસ એકાંતિક વિભાગોની પણ રચના થશે. વળી, ચિત્રછાપો અને આલેખનોના સગ્રહ માટેના તેમજ કાર્યાલય અને અભ્યાસ માટેના ખાસ અલગ ખડો પણ ત્યાં રહેશે. ન્યૂ યૉર્કના રાજ્યમાર્ગ ફિફ્થ ઍવન્યુ પરનું આ મેટ્રોપૉલિટન કલા-સંગ્રહાલય લગભગ ૮૦ વર્ષ પહેલાં બંધાયું છે. એનું આ નવું મકાન સંગ્રહાલયના વિકાસ તથા સ્થાપત્યના આધુનિક ખયાલોને લક્ષમાં રાખીને બનાવવામાં આવશે.




ફ્રૉગમૅન

(અંક ૪૭૫માં આવેલી કમાન્ડર ક્રૅબની કથાના સંદર્ભમાં)

માણસનું ખુલ્લું શરીર પાણીનું જેટલું દબાણ સહન કરી શકે એટલી જ ઊંડાઈ સુધી સમુદ્રના પાણીમાં ઊતરવાનું હોય તો મરજીવા આ રીતે આંખ આડા કાચ, શ્વાસ લેવા માટે મોંમાં નળી સાથે પીઠ પર 'ઍકવા લંગ્સ' નામક ઑક્સિજન ભરેલી ટાંકી અને પગમાં હલેસાં મારવાં ફાવે એવાં 'ફ્લિપર્સ' પહેરીને ડૂબકી મારે છે. અનેકવિધ જળચરો, ઊંડાઇ સાથે વધતું જતું પાણીનું સખત દબાણ, શ્વાસ લેવા માટેની હવાનો પૂરવઠો, પાણીની અંદર થઈ શકતું ધીમું હલનચલન, અને પાણીના પ્રવાહ તથા બહુ ઊંડેથી બહાર આવતી વખતે લોહીમાંથી છૂટા પડતા નાઇટ્રૉજનનું જોખમકારક દબાણ, વગેરે અનેક પ્રશ્નો ડૂબકી મારતાં પહેલાં વિચારવાનાં હોય છે. ફ્રૉગમૅનનાં આવાં સાદાં સાધનોથી માંડી, પાણીમાં ચાલતાં સ્કૂટરો, ભારે દબાણ સામે ટકી શકે તેવા સલામત પોશાકો, અંદર ગયા પછી બહારનો સંપર્ક જાળવી રાખવા ટેલિફોન જેવી સગવડો અને સાગરના નિમ્નતમ તળ સુધી ઊતરી જતા 'ટ્રિસ્ટી' જેવા બેથીસ્કાફ સુધીની અવનવી સાધનસામગ્રીઓ વિજ્ઞાને આજે વિકસાવી છે. અને એની સહાયથી પૃથ્વીના એ અજાણ રહી જતા ક્ષેત્રને પણ તેણે ફંફોસવા માંડયુ છે. આ ક્ષેત્રની છેલ્લી મહત્ત્વની કામગીરી તે ડૂબી ગએલી અમેરિકન અણુ-સબમરીન 'થ્રેશર'ની શોધ. ટ્રિસ્ટીની સહાયથી આ કાર્ય હાલ થઈ રહ્યુંછે.

મોટર અકસ્માતમાં માથામાં ઘા થવાથી સ્વિટ્ઝર્લૅન્ડમાં વાચા ગુમાવી બેઠેલી એક મહિલા, જેટ વિમાને ઉત્પન્ન કરેલા અવાજથી બોલતી થઈ ગઈ હતી. અવાજથી યે વધુ ઝડપે ઊડનારાં જેટ વિમાન જ્યારે પોતાની ગતિ વધારે છે, ત્યારે હવામાં પ્રસરેલાં અવાજનાં મોજાં ભેદાવાથી ભયંકર ધડાકો થાય છે. આવો એક અતિ ભયંકર ધડાકો સાંભળી, અનેક ચિકિત્સા બાદ પણ ફરી બોલતી થઈ શકેલી નહિ એ મહિલા એકદમ 'ભગવાન'ના નામની ચીસ પાડી ઊઠી અને એમ એની વાચા પુનઃ કામ કરતી થઈ ગઇ. (યુ. પી. એસ.)

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃ. ૪૧૩થી


ૐ

ચિ॰ નાગાર્જુન.

શુભાશીર્વાદ. તમારો લંબાણથી લખેલો ભક્તિવાળો કાગળ તથા જાપનો પહોંચ્યાં.

વ્યવહારપરમાર્થના પ્રત્યેક નાનામોટા કામમાં ધૈર્ય, વ્યવસ્થા, સાવધાનતા ને વિવેક રાખી વર્તવાનો સ્વભાવ પાડવાનો પ્રયત્ન સદાગ્રહપૂર્વક ચાલુ રાખશો.

પ્રત્યેક ક્રિયા ભવિષ્યનો વિચાર કરીને કરવાનો નિયમ રાખવા જાગ્રતિ સેવશો.

વિષયવિરાગની વૃદ્ધિ કરવાવડે મનની શાંતિમાં વધારો કરતા રહેશો.

બાહ્યભક્તિને ઉપયોગ જેટલી રાખી અંતર્ભક્તિમાં ઉત્તરોત્તર વિવેકપૂર્વક વધારો કરવો. અંતરાત્મા સર્વ પ્રાણીઓના હૃદયમાં સર્વદા વિરાજમાન છે, ત્યાંથી કોઈવાર પણ દૂર થતા નથી, માટે મનને પ્રસન્ન રાખી તેમાં જોડ્યા કરવું.

મનને તથા ઇંદ્રિયોને કામક્રોધાદિથી વિકળ નહિ થવા દેવા સતત સાવધાનતા સેવવી, કે જેથી સ્થૂળશરીર નીરોગ ને બળવાન રહે.

મહાત્માશ્રીના હસ્તાક્ષર

હતી. જૂના શિષ્યો નવા આગંતુકોને મહાત્માશ્રીની શક્તિની વાતો કરતા હતા. કોઈ કહેતા કે તેઓ યોગ કરે છે ત્યારે જમીનથી અદ્ધર રહે છે. કોઇ કહે કે ભાવિકોને ગમે ત્યાં દર્શન આપે છે. કોઇ કહે કે તમે તેમની પાસે જાઓ તે પહેલાં તમારા અંતરની વાત જાણી લે છે અને તમારા બોલ્યા વિના તમારા પ્રશ્નોના ખુલાસા વાતોમાં કરે છે. કોઇ કહે કે તેમના પ્રભાવે કૈંકની માંદગી ગઈ છે, કૈંકની ઉન્નતિ થઇ છે. તેમનાં દર્શનથી ભૂત-પ્રેત નાસી જાય છે. તેમની યોગસાધનાની શક્તિ, તેમનો અસાધારણ સમય-પાલનનો આગ્રહ અને સંસારના કૂટ પ્રશ્નોનાં સમાધાન કરવાની તેમની તર્કસરણીએ કૈંક બુધ-અબુધ લોકોને આકર્ષ્યા હતા તેમાંથી આવી વાતોનો જન્મ થયો હતો. તેના પ્રભાવે મને પણ યોગની ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરવાની ઈચ્છા જાગી. તે પરથી મેં રાત્રે જ પિતાશ્રીને કહી દીધું કે 'મારે આ વખતે આશ્રમની દીક્ષા લેવી જ છે.' મારા કાકા અને તેમના મિત્રો દીક્ષા માટે સમારંભ પછી રોકાવાના હતા જ એટલે તેમની સાથે મારું પણ દીક્ષા લેવાનું નક્કી થઈ ગયું.

પૂર્ણિમાના પ્રાતઃકાળમાં આશ્રમમાં વહેલી સવારથી જ મોટી હલમચલ થઇ હતી. આ વખતે બહુ મોટા પ્રમાણમાં માણસોની હાજરી થઇ હોવાથી પૂજનવિધિ નિજભવનની પાસેના ચૉકમાં જ રાખવામાં આવ્યો હતો. મુંબાઇના કોઇ શ્રીમાને કરાવી મોકલેલું લાકડાનું સિંહાસન બહાર લાવી, તે પર ગાદી વગેરે ગોઠવી, ઉપર છાયાની ગોઠવણ કરી હતી. કૂવા આગળ અને ચૉકમાં સ્નાન-સંધ્યાથી પરવારી લેવાને અનેકની ભીડ થતી હતી, પણ સૌમાં પ્રસંગને અનુકૂળ વિનય અને સેવાતત્પરતા હોવાને લીધે બધા સમયસર સિંહાસનની આસપાસ એકત્રિત થઇ ગયા હતા. આગલી રાત્રે પંચકેશમાં જોએલા સર્વ આશ્રમવાસીઓએ આજે પૂરું મુંડન કરાવી નાખ્યું હતું એટલે કેટલાક સવારમાં ઓળખાતા પણ નહોતા.

સમય થતાં નિજમંદિરનાં દ્વાર ખૂલ્યાં અને માણેકલાલભાઇ તથા ભાઇશંકરભાઈ ખભે છડીઓ ચડાવી 'સદ્ગુરુદેવ કી જય' બોલાવી આગળ આવ્યા. મહાત્માશ્રીનાં કાર્યોને તથા ગુણોને દર્શાવતી એક સંસ્કૃત બિરદાવલિ બોલી છેવટે તેઓ 'વિજયતે! વિજયતે!' બોલતા, તે સૌ ઉપાડી લેતા. સિંહાસન પાસે આવતાં પ્રભુશ્રી ધીરેથી ઉપર ચડી સ્વસ્થપણે આસન કરી બેઠા એટલે બધાએ દંડવત્ પ્રણામ કર્યા. બીલખા દરબાર પણ તેમના કુંવરો સાથે આવ્યા હતા. જૂનાગઢથી અમલદારો આવ્યા હતા.

આ વખતે શિષ્યો જેની બહુ વાતો કરતા હતા તે નૃસિંહપ્રસાદ (નાનાભાઈ) ભટ્ટને મેં પહેલી વાર અહીં જોયા. તેમના મોટા ભાઇ દેવશંકર ભટ્ટ તો પ્રથમથી આશ્રમના દીક્ષિત હતા, ને નૃસિંહપ્રસાદ ભટ્ટ જે તાજેતરમાં પરણેલા ને ભાવનગર કૉલેજમાં ફેલો બનેલા તેને પણ તેમણે દીક્ષિત કર્યા હતા. તેની યે ભક્તિનો પાર નહોતો. મહાત્માશ્રીની પાછળ ચમ્મર લઈ તે ઊભા હતા અને તેમનાં નવાં પત્ની સેવામાં બાજુમાં ઊભાં હતાં. ઘણુંક જોકે મને એ વખતે સમજાતું નહિ, પણ અંગ્રેજી એમ. એ. સુધી ભણેલા આ નવીન યુવાન સાધકની વાતો પીઢ શિષ્યમંડળમાં પણ થતી. સૌ તેમને પ્રસાદ કહીને બોલાવતા. આવા આવા પંડિત પ્રૌઢજનો જેમની આગળ લાંબા થઇ દંડવત્ કરતા હોય ત્યાં હું શું વિચાર કરી શકું? અત્યાર સુધી મારી આસપાસ જેની પૂજા ને પ્રશંસાનો ગઢ બની ગયો હતો તેના વિષે હું કોઇ શંકા કે પ્રશ્ન તો શું કરી શકું? પણ વાતાવરણની ધૂનમાં હું મસ્ત બની ગયો.

પૂજનવિધિ માટે પટ્ટશિષ્યો જ આગળ બેઠા હતા. શ્રી ગણપતરામભાઇ ત્રિવેદી વૃદ્ધ તેમજ શ્રેષ્ઠ પદવીવાળા જૂના શિષ્ય હતા. કોઇએ કહ્યું કે મહાત્માજી પૂર્વાશ્રમમાં જ્યારે મહેતાજી હતા ત્યારે ગણપતરામભાઇ તેમના ઉપરી હતા, અને તે આજે શિષ્યભાવે તેમનાં ચરણોનું પૂજન કરી રહ્યા છે! પૂજનસમાપ્તિ બાદ દરેક જણે આવી વંદન કરી શ્રીફળ તેમજ ભેટ ધર્યાં. શ્રીફળ-સાકરનો તો મોટો ગંજ ખડકાયો. આશ્રમના વ્યવસ્થાપકોએ એ બધું તુરત બાજુએ ખસેડી, તેને તોડી સાકર-ટોપરાના પ્રસાદના મોટા થાળ ભરવા માંડ્યા.

આ દરમિયાન પૂજન-પ્રસંગે કેટલાક પંડિતોએ કાવ્યો રચી આણેલાં તે પૈકીની એક લીટી મને હજી યાદ છે:

'દ્યુતિ પ્રસરાવતી અજવાળતી શી જ્યોતિમૂર્તિ!'

કહીને તેમાં મહાત્માશ્રીની સુંદર અર્ચના કરી હતી. મહાત્માશ્રીએ નિયમ મુજબ આજે પંચકેશનું વિલોપન કરાવ્યું હતું, તેથી મસ્તક અને મુખની સર્વ રેખાઓ કોઇ રોમન સેનેટરના મસ્તક જેવી લાગતી હતી. શરીર તો યોગ-સાધન અને શુદ્ધ પોષક આહારવિહારથી સર્વાંગ સુપુષ્ટ હતું. ઘણા આજે પણ કહે છે કે તેમની એવી શરીરસમૃદ્ધિ ફરી જોવામાં આવી નથી. મને શ્લોકો અને મંત્રોમાં બહુ રસ નહોતો. આ જીવંત માનવ-પ્રતિમાની પાછળ જે આદરભાવ ને ભક્તિઉછાળો અનુભવાતો હતો તેમાં જ હું તો ગરક થઇ ગયો હતો.

હું અને નાનો પાસે બેઠાબેઠા વ્યક્તિઓને જ જોયા કરતા હતા. નાનામાં જરા ટીખળવૃત્તિ હતી, તેથી પોતે હસતો અને મને હસાવતો. અમે એકબે વાર તેનાં બા પાસે પણ જઈ આવ્યા હતા. એ પણ આશ્રમના અંદરના કોઇ કામમાં મશગૂલ રહેતાં. મને તુરત સમજાયું કે તેઓ તેમના સ્વામી હરગોવિન્દકાકાની ઈચ્છા અને પ્રવૃત્તિમાં જ આનંદ અને અનુકૂળતા સમજતાં હતાં.

પૂર્ણિમાની બપોરે શિષ્ય-સમુદાયનું ભોજન જ્ઞાતિરિવાજે પ્રમાણે થયું, પણ અહીં બ્રાહ્મણોએ અંદરઅંદર જુદી પંક્તિઓ ન કરી એટલું આશ્રમનું વાતાવરણ તેમને સહિષ્ણુ બનાવી શક્યું. નાગરો તો તે કાળે પણ જુદું રસોડું બનાવતા, અને ઘણે ભાગે હજુ પણ ઘણા શિષ્યો એ બાબતમાં ચુસ્ત છે. એ કાળે ધર્મપ્રવચન કરનારા યે જ્ઞાતિભેદોમાં જરા પણ ચંચુપાત કરી શકે તેમ ન હતું. મહાત્માશ્રીના ઉપદેશમાં પણ એ બાબતમાં કદી ચર્ચા કે ટીકા સાંભળી નથી. તેઓ વ્યાવહારિક અને પારમાર્થિક એમ બે ભાગમાં જીવનના ધર્મો વહેંચી નાખતા. વ્યાવહારિકમાં વ્યવહાર કહે તેમ કરવાનું કહેતા; આધ્યાત્મિકમાં મનની પવિત્રતા, શુદ્ધિ અને ગીતા આદિ ગ્રંથોએ પ્રબોધેલા ધર્મનાં પાલન

તથા સાધના માટે સતત પ્રવચનો કરતા.

પૂર્ણિમા પછી કાકા સાથે રોકાઈને મેં બીજને દિવસે આશ્રમની દીક્ષા લીધી. તેઓશ્રીને મુખેથી નિત્ય બે વખત સંધ્યાવંદન, મંત્રજાપ અને ગીતાના કેટલાક શ્લોકો મુખપાઠ કરવાનું વ્રત લીધું.

૯૮ દીક્ષિત જીવન

બીલખાથી આવ્યા પછીનો મારો નિત્યક્રમ મેં નિશ્ચયપૂર્વક પાળવા માંડયો. સવારમાં વહેલામાં વહેલો ઊઠી જતો ને થોડું વાંચી લેતો. કોઈની શિખામણથી સંસ્કૃતના પાઠો પહેલાં કરતો. ઘરનાં ઊઠી પાણી ગરમ કરી આપે કે તરત નાહી લેતો અને સંધ્યા જપ અને ગીતાપાઠ કરવા બેસી જતો. મારી માળા અને ગીતાનું નાનું પુસ્તક તેમજ આસન અને ભસ્મની ડાબલી ચોક્કસ જગ્યાએ રહેતાં. ઊટકેલું તરભાણું, પંચપાત્ર ને આચમની લઈ હું સંધ્યા કરવા બેસી જતો. શ્રી નથુરામ શર્માએ 'લઘુ સંધ્યા'ની એક નાની પત્રિકાનો પ્રચાર કર્યો હતો તેમાં 'નમઃ શિવાય' બોલી ભસ્મ કરવાનો અને તે જ મંત્રથી ત્રણ આચમન કરી, ગાયત્રીમંત્રના ઉચ્ચાર સાથે પ્રાણાયામ કરવાનો આદેશ હતો. સૂર્યને અર્ધ્ય આપતાં એ જ મંત્ર બોલવાનો હતો. બેત્રણ મિનિટમાં આ સંધ્યા પૂરી થતી. પણ પછી તો ત્રિકાળ-સંધ્યાની ચોપડી પાસે રાખી, આચમનના મંત્રો, અઘમર્ષણ (પોતા ઉપર તથા ચારે પાસ જળ છાંટી શુદ્ધિ કરવાના) મંત્રો તેમજ સૂર્ય-ઉપસ્થાન (ઊભા થઈ સૂર્યની સ્તુતિ કરવાના) મંત્રો વગેરે વિસ્તૃત સંધ્યા શીખી લીધી. સંધ્યા કરી ભસ્મ સાથે બહાર નીકળતાં હું પરમ શુદ્ધિ અનુભવતો.

એ કાળે કોઈ મંત્રનું ઊંડું રહસ્ય સમજ્યા વિના જ બોલતો. ગાયત્રી મંત્ર પણ ઉપલક અર્થમાં સમજતો, છતાં એટલું માનતો હતો કે હજારો વર્ષથી આ મંત્રો ઋષિઓ અને આર્યો નિત્ય ઉપાસતા હતા. સાધારણ જનમાન્યતા એવી હતી કે મંત્રો બીજા સાંભળે તેમ ન બોલાય, બીજા સાંભળે તો મંત્ર ભ્રષ્ટ થાય. પરંતુ હવે હું સમજ્યો છું કે પ્રાચીન કાળથી ઘણા મંત્રો સમૂહમાં જ બોલાતા હશે, નહિ તો તેમાં સ્વરોચ્ચાર અને લયનિર્માણ થાત જ નહિ. અત્યારે હું એ રીતે સંધ્યા કરવા પ્રવૃત્તિ કરી શકતો નથી, પણ સંધ્યાથી જે વૃત્તિ ઉત્પન્ન થાય છે તે મારામાં સતત રહે છે એમ હું માનું છું. સ્વર્ગ, પૃથ્વી, પાતાળ (ભૂર્, ભુવઃ, સ્વઃ)ની એકતા આજે વૈજ્ઞાનિકરીતે સાબિત થઈ છે. પદાર્થમાત્રનું છેવટનું સ્વરૂપ તેજમાં પરિણમે છે અને એ તેજનું સંધ્યામાં આવાહન થાય છે. પણ નિયમિત સંધ્યા કરનારા છતાં મોટા ભાગનામાં મેં ઊંડી આધ્યાત્મવૃત્તિ કે માનવ-અનુકંપાનો અભાવ જોયો ત્યારથી મેં સંધ્યાને એક રૂઢ પ્રકાર તરીકે ગણવા માંડી; જોકે એ મનઃસ્થિતિ ઘણાં વર્ષો બાદ બદલાઈ. (ચાલુ)








ટિકિટસંગ્રહ

આ માસ (ઑક્ટોબર)ની ૭મી તારીખે વન્યપ્રાણીઓના સ્મરણમાં ભારતે બહાર પાડેલી પાંચ નવી ટિકિટો. મથાળે ડાબી બાજુથી ગીરનો સિંહ, હિમાલયનું પંડા પ્રાણી, મ્હેસૂરનો હાથી, મધ્યપ્રદેશ બંગાળનો વાઘ અને ગૌર જંગલી બળદ. જમણીબાજુ છેલ્લે : પાકિસ્તાને બહાર પાડેલી એક નવી ટિકિટ.

કૌશલ(જાદુ)કળા—૮/અદૃશ્ય જોડાણ

જાદુગર પ્રેક્ષકોને લગભગ એક ફૂટ લંબાઇના લાકડાના બે ટુકડાઓ બતાવે છે. બન્નેને એક છેડે એક એક કાણામાંથી દોરીના છેડા બહાર લટકતા દેખાય છે. [આ. ૧] બન્ને લાકડી તદ્દન જુદી છે. વચ્ચે કોઇ સંબંધ નથી. પરંતુ જાદુગરના કહેવા પ્રમાણે તે બન્ને લાકડીની દોરીઓ કોઇ અદ્ભુત સંબંધથી જોડાએલી છે. જાદુગર એક લાકડીના કાણામાંથી દોરી ખેંચે છે, તો પ્રેક્ષકોના આશ્ચર્ય વચ્ચે બીજી લાકડીના કાણામાંથી લટકતી દોરી ખેંચાવા માંડે છે! [આ. ૨] ફરીવાર તે બીજી લાકડીની દોરી ખેંચે છે, તો પહેલી લાકડીની દોરી ખેંચાય છે. આમ વારંવાર કરી બતાવી થોડી વાર રમૂજ ફેલાવીને પછી બંને હાથમાં એક એક ટુકડો પકડી પ્રેક્ષકોને ફરી ખાતરી કરાવે છે કે બંને ટુકડા અલગ છે.




રહસ્ય : બે લાકડીના ટુકડાઓ ખરેખર તો પોલી ભૂંગળીઓ છે. દરેક ભૂંગળીમાં દોરી ગોઠવેલી હોય છે. આ દોરીનો એક છેડો કાણાની બહાર અને બીજો ભૂંગળીમાં હોય છે. અંદરના છેડે સીસાનો ટુકડો કે એવી કોઇ વજનદાર ચીજ લટકાવી રાખેલી હોય છે. [આ. ૩] આથી ગમે તે ભૂંગળીમાં દોરીનો બહારનો છેડો ખેંચીને પછી મૂકી દેવાથી તે આપોઆપ અંદર ખેંચાઈ જાય છે. એક ભૂંગળીમાં આમ દોરી અંદર ખેંચાતી હોય એ જ વખતે બીજી ભૂંગળીના દોરાનો છેડો બહાર ખેંચવામાં આવે તો તેના વડે જ પેલો બીજો છેડો ખેંચાતો હોય તેવું ભ્રામક દૃશ્ય ઊભું થાય છે.

નિરંજન ઠક્કર

હૃદય, રક્ત અને તેનું અભિસરણ


[કાયાની કરામત-૫]

શરીરના બંધારણ માટે જરૂરી સપ્ત ધાતુ-ઓમાં લોહી મુખ્ય છે. શરીરને પોષવાનું, ગરમ રાખવાનું, વિષ ને વ્યયદ્રવ્યોથી મુક્ત રાખી ઘસારા ને રોગોત્પાદક જીવાણુઓથી એનું રક્ષણ કરવાનું કામ લોહીનું છે. લોહીને મોટી નસોથી માંડી સૂક્ષ્મ કેશવાહિનીઓ દ્વારા શરીરને છેક ખૂણેખૂણે પહોંચાડવાનું કાર્ય હૃદય કરે છે. એ માટે માતાના પેટમાં બાળક પાંચ માસનું થાય ત્યારથી તે જીવનના અંત સુધી મિનિટના ૭૦ થી ૮૦ વખતના હિસાબે એ સતત ધબકતું રહે છે. આપણી બંધ મૂઠીથી સહેજ મોટું, ૯ થી ૧૦ અધોળ વજનનું ને ચોતરફ ચિક્કટ પાતળી ત્વચાનાં બે પડ વચ્ચે પ્રવાહી પદાર્થવાળી 'પરિહૃદ' નામની થેલીમાં એલ ટકતું રહે છે. માત્ર મોટી રક્તશિરાઓ દ્વારા જ એ શરીર સાથે જોડાએલું છે. ૬૭૨૦ મણ વજન એક ફૂટ ઊંચું કરવામાં જે જોર પડે એ જોર એને શરીરમાં લોહી પહોંચાડવામાં કરવું પડતું હોઇ એની માંસપેશીઓ ખૂબ પુષ્ટ અને શરીરમાં સૌથી વધુ શક્તિશાળી છે. મિનિટના સાઠ ફૂટના વેગે એ લોહીને શરીરમાં ધકેલે છે. લોહીના એ અભિસરણનો ક્રમ અને હૃદયના ભાગ આ સાથેની આકૃતિઓમાં દર્શાવ્યા છે.



ડાબા અને જમણા એમ બે ભાગવાળા હૃદયમાં ઉપર ને નીચે એવા બે ભાગ કર્ણિકા અને રુધિરાશય છે. ફેફસાંમાંથી આવેલું શુદ્ધ લોહી ડાબી કર્ણિકામાં આવે છે. ત્યાંથી નીચે ડાબા રુધિરાશયમાં ને ત્યાંથી મહાધમની દ્વારા આખા શરીરમાં ફેલાય છે. નીચેનાં ચિત્રોમાં તીર દ્વારા એ ક્રમવાર દર્શાવ્યું છે.





લોહીનું પ્રવાહી સ્વરૂપ રક્તજળ—પ્લાઝ્માને લીધે છે. રંગે ઝાંખા પીળા પ્લાઝ્મામાં ચરબી, સાકર, પ્રોટીન અને ક્ષાર ભળેલાં છે. ક્ષારમાં મુખ્ય મીઠું હોઇ લોહીનો સ્વાદ ખારો છે. રક્તજળમાં અન્ય



ત્રણ પદાર્થો તરે છે: (૧) લાલ કણો. એક ઇંચના ૩૨૦૦મા ભાગ જેવડા ચપટા ગોળ આ કણો વચ્ચેથી પાતળા છે. ફેફસાંમાંથી પ્રાણવાયુ અને અભિસરણ વેળા શરીરમાંથી કાર્બન ડાયૉક્સાઈડ શોષતા રક્તલોહ (હેમોગ્લોબિન)ને લીધે તેનો, તથા તેનાથી લોહીનો રંગ લાલ જણાય છે. લાલ કણથી સહેજ મોટા (૨) સફેદ કણો સંખ્યામાં એનાથી પાંચસોમા ભાગના જ છે. એના આકાર બદલાતા રહે છે. રોગોત્પાદક જીવાણુઓ સામે લડી એને મારી નાખી એ શરીરનું રક્ષણ કરે છે. (૩) પ્લૅટલેટ્સ શરીર પર કાપ પડતાં વહેવા લાગતા લોહીને જામી જવામાં મદદ કરી એને બહાર જતું અટકાવવામાં ઉપયોગી છે.

પુખ્ત શરીરમાં બાર રતલ લોહી હોય છે.

અનુસંધાન] **લલ્લુભાઈ શામળદાસ** [પૃષ્ઠ ૪૧૦થી

પરિચય થતાં, લલ્લુભાઇને સહકારી ક્ષેત્રે તેમનો સહકાર મળ્યો. એ વેળા કૃષિવિષયક ઉદ્યોગોમાં ખેડૂતો શાહુકારના દેવામાં ડૂબી જતા હોઇ, તેમની સ્થિતિ સુધારવાને સરકારે 'સહકારી કાયદો' પસાર કર્યો હતો. સહકારી મંડળીઓને નાણાંકીય સહાય આપવા માટે સહકારી બૅંકની મધ્યસ્થ સંસ્થા હોવી જોઇએ એવો અભિપ્રાય લલ્લુભાઇએ સરકાર સમક્ષ પ્રદર્શિત કરતાં ઈ. સ. ૧૯૧૧–૧૨ના અરસામાં 'ધી સેન્ટ્રલ કો-ઑપરેટિવ બૅંક'ની સ્થાપના કરવામાં આવી. પાછળથી એ 'ધી બૉમ્બે પ્રોવિન્શિયલ કો-ઑપરેટિવ બૅંક' તરીકે કામ કરતી થઈ. તેના પ્રમુખ વિઠ્ઠલદાસ ઠાકરસી થયા અને મૅનેજિંગ ડિરેકટર તરીકે લલ્લુભાઇના જ્યેષ્ઠ પુત્ર વૈકુંઠભાઇએ કામગીરી ઉપાડી લીધી. પછી તો, મુંબાઈ ઈલાકાના દરેક જિલ્લામાં સહકારી મંડળીઓ સ્થપાય એ અંગે લલ્લુભાઈ પ્રયત્નશીલ રહ્યા. એ સહકારી મંડળીઓનું અને એને અનુષંગી બૅંકોની સ્થાપનાનું કાર્ય એવી તો વ્યાપક રીતે ચાલ્યું કે લલ્લુભાઇને 'સહકારી પ્રવૃત્તિના પિતા'નું બિરુદ મળ્યું. સરકારે અને તેમને ઈ. સ. ૧૯૧૩માં સી. આઈ. ઇ.નો ઈલકાબ આપ્યો.

લલ્લુભાઇએ ઔદ્યોગિક સાહસમાં પણ ઝંપલાવ્યું હતું. તેઓ સિમેન્ટ ઉદ્યોગના પ્રણેતા છે એવું બહુ ઓછા લોકો જાણે છે. કાગળ, ખાંડ, વીજળીનાં સાધનો, કાચ વગેરે ઉદ્યોગોમાં તેમણે આગળપડતો ભાગ લીધો હતો. ઈ. સ. ૧૯૧૩ના ડિસેમ્બરમાં કરાચીમાં મળેલી ઔદ્યોગિક પરિષદમાં લલ્લુભાઇની પ્રમુખ તરીકે વરણી થઈ. ઈ. સ. ૧૯૧૪માં મુંબાઈ સરકારે ઔદ્યોગિક સમિતિના સભ્ય તરીકે એમની નિમણૂક કરી. ઈ.સ. ૧૯૧૯માં ગ્વાલિયરના મહારાજાનું 'લૉયલ્ટી' વહાણ રૂા. ૨૫ લાખની કિંમતે, ચાર મિત્રોની ભાગીદારીમાં ખરીદી લઇને 'સિંધિયા સ્ટીમ નૅવીગેશન કંપની' તેમણે સ્થાપી. વળી, 'ધી ઇન્ડિયન મર્કેન્ટાઈલ મરીન કમિટી'માં સરકારનિયુક્ત સભ્ય તરીકે તેમણે ભારતના વહાણવટાની સેવા કરી, પોરબંદરની 'ધી ઇન્ડિયન સિમેન્ટ કંપની', 'બેલાપુર સુગર કંપની', તાતાની વિવિધ ઇલેક્ટ્રિકલ પાવરની કંપનીઓ, 'તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની' તેમ જ કેટલી યે બૅંકો અને વીમા કંપનીઓ લલ્લુભાઈની ઋણી છે.

આમ, દીર્ઘદૃષ્ટિ ને સાહસિકતાને લીધે ઔદ્યોગિક ને વાણિજ્ય ક્ષેત્રે પ્રણેતા તરીકેનું તેમણે એવું તો સ્થાન જમાવ્યું હતું કે અનેક ઔદ્યોગિક સાહસોમાં તેમની સલાહ લેવામાં આવતી. ઔદ્યોગિક સંશોધનમાં પણ તે આશાવાદી ને સતત પ્રયત્નશીલ હતા. કેટલીક વાર તો પોતાનાં નાણાંને જોખમે વેપારીઓ ને નિષ્ણાતોને મદદ કરતા. કદીક એવું યે બનતું કે તેમની ઉદારતાનો ગેરલાભ લઇને કોઈ લેભાગુઓ તેમને છેતરી પણ જતા. છતાં, જુવાન માણસો અને નવા વિચારોને પોતાના જોખમે તેમણે હમેશાં પ્રોત્સાહિત કર્યા હતા.

ઔદ્યોગીકરણને તેઓ પૈસા કમાવાનું સાધન નહિ પણ દેશની આર્થિક સમૃદ્ધિ વધારવાનું સાધન માનતા. તેઓ વેપારમાં પડ્યા હોવા છતાં એ ક્ષેત્રને વૈશ્યની નહિ પણ બ્રાહ્મણની દૃષ્ટિથી જોતા હતા. એથી જ એ ક્ષેત્રમાં જ્યારેજ્યારે ખોટી હરીફાઈ, મતભેદ કે ઝગડા જાગતા ત્યારે તેને ટાળવા તે હમેશાં પ્રયત્નશીલ રહેતા. તેમની સમાધાન કરવાની શક્તિ અને કુનેહ માટે ઘણાઓને માન હતું.

અન્ય જાહેર પ્રવૃત્તિઓમાં પણ લલ્લુભાઇનો હિસ્સો હતો. ઈ.સ. ૧૯૧૫માં તેઓ મુંબાઈની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં જોડાયા અને ૧૧ વર્ષ સુધી મહેસૂલી સભ્ય તરીકે કાર્ય કર્યું. મુંબાઈ યુનિવર્સિટીની સેનેટના સભ્ય તરીકે તેઓ ઈ. સ. ૧૯૧૨થી મૃત્યુ પર્યંત, ૧૯૩૬ સુધી રહેલા. મુંબાઈ ઇલાકામાં વાણિજ્યની એક પણ કૉલેજ નહોતી તે વેળાએ તેમણે ગવર્નર જ્યૉર્જ સિડનહામની સાથે વાટાઘાટ કરીને 'સિડનહામ કૉલેજ ઑવ કૉમર્સ' સ્થાપવામાં સફળતા મેળવી.

ઇ.સ. ૧૯૨૬માં ૬૩ વર્ષની ઉંમરે તેઓ 'સિંધિયા કંપની'ના કામે ઈંગ્લન્ડના પ્રવાસે ગયા. ત્યાં મુંબાઇ ઈલાકાની તેમની સેવાઓ બદલ શહેનશાહ પંચમ જ્યૉર્જના હાથે તેમને 'નાઈટહૂડ'નો ઇલકાબ અપાયો. બ્રિટનમાં ચાર માસ રહી, વળતાં જર્મની અને ઇટાલી થઈને તેઓ રોમ ગયા અને ત્યાં પોપની મુલાકાત લીધી. ઈ.સ. ૧૯૩૩માં ૬૯ વર્ષની ઉંમરે તેઓ જાપાનના પ્રવાસે ગયા અને 'માઈ ઈમ્પ્રેશન્સ ઑવ જાપાન' પુસ્તક લખીને જાપાની જીવનનો પરિચય આપ્યો.


ઈંગ્લન્ડથી આવ્યા પછી તેઓ સ્વદેશીની ચળવળમાં થોડો વખત જોડાયા. ગાંધીજીની સત્યાગ્રહની ચળવળમાં તેઓ જોડાયા નહોતા, છતાં ગાંધીજી પ્રત્યે તેમને ઊંચું માન હતું. સરકારી ધારાસભ્ય હોવા છતાં ઈ. ૧૯૧૫માં મુંબાઈમાં મળેલા કૉંગ્રેસ અધિવેશનની બેઠકમાં પંડિત મદનમોહન માલવિયાની સાથે લલ્લુભાઈ ગયા ત્યારે ઘણાને આશ્ચર્ય થએલું. ઇ. ૧૯૫૦માં, બારડોલી સત્યાગ્રહ વેળા તેમણે બારડોલી જઇને ખેતીનો બોજો હળવો કરવા અંગે નક્કર સૂચનો કર્યાં હતાં.

નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વરના પ્રતીક સમી મોટી ભાવનગરી પાઘડી, અંગરખું, એની નીચે કબજો અને એની ય નીચે પહેરણ, ધોતિયું અને અંગરખા પર સફાઈથી ગડી કરેલો ખેસ એ લલ્લુભાઈનો પોશાક. પાછળથી અંગરખાને બદલે લાંબો પારસી ઢબનો કોટ પહેરવા લાગેલા. જ્યારે ઘોડેસવારી કરવા જતા ત્યારે કોટ-પાટલૂન પહેરતા અને માથે સાફો બાંધતા. ઇંગ્લન્ડ અને જાપાનની મુસાફરીમાં સાફો જ બાંધેલો. મસ્તકવિદ્યાનો કોઈ જાણકાર લલ્લુભાઇની મુખમુદ્રાને સિંહમુદ્રા તરીકે ઓળખાવે. એમની મુખમુદ્રાથી સામો માણસ સહેજે અંજાઈ જતો.

આવો પ્રતાપી દેખાવ ધરાવનાર લલ્લુભાઈ અંતઃકરણથી તો સહિષ્ણુ, સૌમ્ય અને સંવેદનશીલ હતા. તેમનામાં મૈત્રીની વિશિષ્ટ બક્ષિશ હતી. એ મૈત્રીમાં જાતિ કે જ્ઞાતિનો ભેદ નહોતો. તાતા સન્સવાળા બી. જે. પાદશાહ, મુંબાઈ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ફરદુનજીની એમ. દસ્તુર,'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર'ના તંત્રી કે.નટરાજન,ગોપાળ કૃષ્ણ ગોખલે, જી. કે. દેવધર – એ બધા તેમના નિકટના મિત્રો હતા. ગોખલેને તો લલ્લુભાઈએ ફરગસ્સન કૉલેજ ને 'સર્વન્ટસ ઑવ ઇન્ડિયા સોસાએટી'ના કામમાં ઘણી મદદ કરેલી. જી. કે. દેવધરની મૈત્રીને કારણે લલ્લુભાઈ મુંબાઈના 'સેવાસદન'ના માનાર્હ મંત્રી થયા હતા.

તેમના ૭૨ વર્ષના જીવનના સ્પષ્ટ રીતે બે સરખા વિભાગ પડી જાય છે. પ્રથમ ૩૬ વર્ષ ભાવનગરના અને પછીનાં ૩૬ વર્ષ મુંબાઈના વસવાટનાં. ભાવનગર કરતાં મુંબાઈમાં તેઓ વધુ સંતોષપૂર્વક રહેતા. પાછળથી તેમના પર એક પછી એક કૌટુમ્બિક આફતો આવતી રહી. તેમની સૌથી મોટી પુત્રી જ્યુબિલીનું ઇ.સ. ૧૯૦૪માં અવસાન થયું. પછીનાં સાત વર્ષમાં બીજા બે આઘાત આવી પડ્યા : ઇ.સ. ૧૯૦૭માં પત્ની સત્યવતીનું અને ૧૯૧૧માં બીજી પુત્રી સુમતિનું અવસાન થયું. આવા આઘાતો અને અંગત નિષ્ફળતાઓ વચ્ચે પણ તેમણે સામાજિક, શૈક્ષણિક અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ જારી રાખી હતી. સ્વસ્થતાનું તત્ત્વજ્ઞાન તેમણે જીવનમાં ઉતાર્યું હતું. ઈ.સ. ૧૯૩૬ના ઑક્ટોબરની ૧૪મી તારીખે–તેમની જન્મતારીખે જ તેમનું અવસાન થયું. પાછળ મહામૂલી મૂડીરૂપે ત્રણ સંસ્કારી પુત્રો એ મૂકતા ગયા : વૈકુંઠભાઈ, જ્યોતીન્દ્રભાઈ અને ગગનવિહારીભાઈ. અંગ્રેજીમાં જેને 'બ્લ્યુ બ્લડ' અને ગુજરાતીમાં 'પ્રતાપી લોહી' કહેવાય તેવા લોહીનો વારસો લલ્લુભાઈની પેઢીને મળ્યો હતો. પિતાથી પુત્ર સવાયો પાકે એવો પણ અનુભવ તેમની પેઢીને થયા કર્યો છે. પાંચ પાંચ પેઢીઓ સુધી સંસ્કારપ્રવાહ સતત વહી રહ્યો હોય એવી પેઢીઓ ગુજરાતમાં વિરલ છે. લલ્લુભાઈની પેઢીને ગુજરાત સહેલાઈથી ભૂલી શકે તેમ નથી.

શતરંજનો કોયડો-૩



3R3K/8/5Q2/8/5N2/1B6/2PB4/1qbk4/

સફેદ બે ચાલમાં મ્હાત કરે છે.

ઉકેલ મોકલવાની છેલ્લી તા. ૭-૧૧-'૬૩.

સરનામું: Suresh M. Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay-71 AS.

ઑગસ્ટ (અંક ૪૭૬)ના કોયડાનો ઉકેલ (કુલ ૬ માર્ક્સ)

સ્થિતિ: 5r2/3B4/8/PNNk4/K4bRr/5P2/1BR5/8

કોયડો: સફેદે કાળાને બે ચાલમાં મ્હાત કરવાનો છે.

ચાવી (key move): 1N–K6!...... (૨ માર્ક્સ).

ધમકી: (threut): 2R–B5 mate...... (૧ માર્ક)

વિકલ્પો(Variations): કાળા પાસે ઉપર જણાવેલ ધમકી ટાળવા માટે નીચે મુજબ ફક્ત ત્રણ જ ચાલ છે. અને તે દરેક સામે તે જુદીજુદી રીતે મ્હાત થાય છે......(૨ માર્ક્સ)

૧) 1..., B–K6; 2 N–B7 mate
૨) 1..., B–Q3; 2 R–Q2 mate
૩) 1..., R–B1; 2 N×B mate

નિષ્ફળ પ્રયત્નો (Tries) (૧ માર્ક)

(અ) 1 N–N7? અથવા N–R6? ધમકી 2 R–B5 mate
૧) 1..., B–K6; 2 N–B7 mate
૨) 1...,B–Q3; 2 R–Q2 mate, પણ
૩) 1..., R–B1; પછી મ્હાત નથી.

(બ) 1 N–Q3? ધમકી 2 R–B5 mate
૧) 1..., B–K6!; પછી મ્હાત નથી.
૨) 1..., B–Q3; 2 N–B3 mate
૩) 1..., R–B1; 2 N×B mate

(ક) 1 N–K4? ધમકી 2 R–B5 mate
૧) 1..., B–K6; 2 N–B7 mate
૨) 1..., B–Q3!; પછી મ્હાત નથી.
૩) 1..., R–B1; 2 N–B6 mate

ઉકેલ મોકલવામાં આ સિવાય બીજું કંઈ લખવાની જરૂર રહેતી નથી. બીજું કોયડાના ઉકેલ માટે ચિત્રો ન આપતાં નોટેશન્સ લખવાં આવશ્યક છે. અગાઉ 'કુમાર'ના સપ્ટેમ્બર ૧૯૬૧ના અંક (૪૫૩)માં એ વિગતવાર પ્રકટ થઈ છે.

હવે આપણે આ કોયડાનો મધ્યવર્તી વિચાર (Theme) જોઈએ. કોયડો જોતાં એક વાત તદ્દન દેખીતી છે કે જો B5 ઉપરના ઘોડાને ક્યાંક ચલાવીને પછી બીજી ચાલમાં તેની ખાલી પડેલી જગ્યાએ હાથીને લાવીએ તો કાળો મ્હાત થાય છે.

આની સામે કાળા પાસે બચાવની ત્રણ ચાલ છે. સફેદ ઘોડાની બધી શક્ય ચાલમાંથી એક જ ચાલ (1N–K6!) એવી છે જે આ ત્રણે બચાવ સામે બીજી રીતે મ્હાત કરી શકે.

ઉપરના ત્રણે પ્રયત્નોને તપાસતાં જણાશે કે પ્રયત્નો અને બચાવ વચ્ચે કંઇક સંબંધ છે.

પ્રયત્ન અમાં બચાવ ૧ અને ૨ પછી મ્હાત છે, પણ ૩ પછી નથી. જુઓ–

પ્રયત્ન બમાં બચાવ ૨ અને ૩ પછી મ્હાત છે, પણ ૧ પછી નથી. પ્રયત્ન કમાં બચાવ ૩ અને ૧ પછી મ્હાત છે. પણ ૨ પછી નથી.

આ પ્રયત્ન-બચાવના સંબંધ ને 'પર્મ્યુટેશનથી મ' (Permutation theme) કહે છે.

B.P. Barnesના આ સુંદર કોયડાને ૧૯૫૭માં એક હરીફાઈમાં પ્રથમ ઇનામ મળેલું.

નીચેના હરીફોએ આ કોયડો ઉકેલવામાં ભાગ લીધો છે. એમણે મેળવેલા માર્કસ એમનાં નામ પછી આપ્યા છે.

૧ સતિશ દલાલ, સૂરત-૬ માર્ક્સ; ૨ કે. એન. ગાંધી, રાધનપુર-૬; ૩ ભૂપેન્દ્ર ભાટિયા, મુંબાઈ-૫½; ૪ ઈન્દ્રવદન મોદી, ભાવનગર-૫½; ૫ અનીલ પારેખ, કલકત્તા-૫; ૬ વિનય પરીખ, અમદાવાદ-૫; ૭ હરીશ મકવાણા, મુંબાઈ-૫; ૮ નારણજી જોશી, રાણાવાવ-૪½; ૯ નાનુભાઇ દવે, મુંબાઈ; ૧૦ મહેન્દ્ર મહેતા, ભૂજ; ૧૧ નરેશ પંડિત, ભાવનગર; ૧૨ કે. એમ. મૂલિયા, વીરમગામ; ૧૩ ચંદ્રકાન્ત સંઘવી, મુંબાઈ; ૧૪ હરેશ દીવાન, મુંબાઈ; ૧૫ ભદ્રભાઈ ચાવડા, અમદાવાદ અને ૧૬ અશ્વિનકુમાર દવે, માલવણ–આ દરેકને ૪ માર્કસ. ૧૭ મીરા દવે, મુંબાઈ-૩½. આ ઉપરાંત ૧૮ નલીન શેઠ, મુંબાઈ; ૧૯ ભાનુચંદ્ર દત્તાણી, ભાવનગર; ૨૦ એચ. કે. પરીખ, સૂરત; ૨૧ એમ. એમ. વોરા, અતુલ; ૨૨ દીપકકુમાર ભટ્ટ, ભાવનગર; ૨૩ જીણાભાઈ માંડવિયા, ભાવનગર અને ૨૪ પન્નાલાલ શાહ, સૂરત–આ સૌએ પણ ઉકેલ મોકલ્યા છે પરંતુ એમને એક માર્ક મળતો નથી.

અનુસંધાન] **વ્યક્તિવિશેષ** [પૃ. ૪૪૧થી

દેવાની સૂચના કરી હતી. પોતાને ઉઘાડે માથે જ રાખવાનું અને કફનમાં માત્ર સફેદ કંતાન ઢાંકવાનું જ એણે લખ્યું હતું. એના પર કોઇ તંબૂ બાંધવાની એણે મનાઇ કરી હતી. એની કબર પર પણ તદ્દન સાદો મકબરો ચણેલો છે.

આમ, અંગત જીવનમાં જેમ એ જીવ્યો હતો એમ સાદગીથી જ મર્યો. હનીફા સંપ્રદાય મુજબ ચુસ્ત મુસ્લિમ તરીકે તે રહેતો. પોતાના જીવનની પ્રત્યેક રીતભાત અને આદતોમાં એ ધાર્મિક હતો. ગાદીએ આવ્યા પછી એણે આખું કુરાન કંઠસ્થ કરેલું. ઇમામ મુહમ્મદ ગઝલી જેવા તત્ત્વજ્ઞોનો એ અભ્યાસી હતો. નિષિદ્ધ આહાર પીણા કે પોશાકોથી એ અલિપ્ત જ રહેતો. પોતે સંગીતનું સારું જ્ઞાન ધરાવતો હોવાછતાં ગાયનવાદનને એ શૉખની બાબત ગણી તેનાથી દૂર રહેતો. પ્રાર્થના, ઉપવાસ ને દાન વગેરે માટેના પ્રત્યેક ધાર્મિક આદેશોનું ચુસ્તપણે પાલન કરતો. પોતાના રાજ્યમાં કુરાને ફરમાવ્યા પ્રમાણે અને અગાઉના ખલીફાઓ કરતા એ મુજબ જ ન્યાયનું ધોરણ સાચવવા આગ્રહ રાખતો.

નેવું વર્ષ એ જીવ્યો ત્યા સુધી શ્રવણ સિવાય એની બધી જ જ્ઞાનેન્દ્રીયો સતેજ રહી હતી. શ્રવણની ખોડ પણ ખબર ન પડે તેવી ઓછી હતી. રાત્રે એ ધર્મગ્રંથોનું વાચન, અંગત આજીવિકા રળવાની મહેનત અને પ્રાર્થનાઓ કરતો. મઝહબ અને ગાદીની સલામતી સિવાય બીજી બધી જ બાબતો એને મન ગૌણ હતી. આમ અંગત રીતે એક તપસ્વી જેવો હોવા છતાં બાદશાહ તરીકે એ નિષ્ફળ ગયો હતો. એના અમલનાં પાછલાં વર્ષોમાંથી જ મુઘલ સલ્તનતના પાયા ડોલવાની શરૂઆત થઇ ગઈ હતી. અકબરથી આરંભાએલી બાદશાહતના દમામનો એનાથી અંત આરંભાયો ને પછી પચાસ જ વર્ષમાં તો અંગ્રેજોએ હિંદમાં પોતાની જડ બેસાડી દીધી.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ઔરંગઝેબ

શાહજહાંને આગ્રાના કિલ્લામાં કેદ કરી, એના ગંજાવર ખજાના સાથે ઔરંગઝેબે મુઘલ સલ્તનતનું તખ્ત હાથ કર્યું ત્યારે એની ઉંમર ૪૦ વર્ષની હતી. ઈ. ૧૬૧૮ની ૧૨મી ઑક્ટોબરે એનો જન્મ થએલો. શાહજહાં અને અર્ઝુમન્દબાનુ બે-



ગમના ચાર પુત્રો–દારા શિકોહ, શુજા, ઔરંગઝેબ અને મુરાદબખ્શ. સલ્તનતનો ખરો હક્કદાર તો દારા જ હતો, પણ ચારે ભાઈઓ સમજતા હતા કે પોતાના કિસ્મતમાં 'તખ્ત યા તખ્તા' (નનામી) સિવાય કંઈ હોઈ શકે જ નહિ. આમાં અનેક કાવાદાવા અને બહુ ઊંડી ચાલ ચાલી ઔરંગઝેબે તખ્ત હાથ કર્યું. બાપને કેદ કર્યો, ભાઈઓને મરાવી નાખ્યા, પુત્રોને કેદમાં નાખ્યા, ઈત્યાદિ તથા શિવાજીની તેની સામેની લડત, સંભાજીની કતલ, હિંદુ મંદિરોનો ધ્વંસ, જઝિયાવેરાની ફેર વસૂલાત વગેરે હકીકતોની તવારીખ બહુ જાણીતી છે.

ઇ. ૧૬૫૮ના જૂનની ૮મીએ સત્તા હાથ કર્યા પછી જુલાઇમાં એ આગ્રામાં ગાદીએ બેઠો. ૧૬૫૯માં દિલ્હી ગયો ત્યારે પૂરા દબદબા સાથે એણે ફરી પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો અને 'આલમગીર' નામ ધારણ કર્યું.

કોઇનામાં યે વિશ્વાસ નહિ હોઈ એ સલ્તનતની લગભગ બધી જ બાબતો પર જાતે દેખરેખ રાખતો. ઈ. ૧૬૮૬માં એણે બિજાપુર લીધું, ને ૧૬૮૭માં ગોવળકોંડા. પણ હવે એ જૈફ થએલો હતો. અતિ વિસ્તૃત સલ્તનત પર જાતે જ દેખરેખ રાખવાના આગ્રહનાં માઠાં પરિણામો દેખાવા લાગ્યાં હતાં.

દખ્ખણના લગભગ બધા વિજયો એણે લડીને નહિ પણ માણસો ફોડીને કાવાદાવાથી મેળવેલા હતા. પૂર્વજોનો અઢળક ખજાનો પણ હવે ઘટવા માંડયો હતો. પોતે લગભગ ૯૦ની ઉંમરે પહોંચ્યો હતો પણ એનો કડપ ને જાત પરનો કાબૂ હજી ઘટયો નહોતો. પોતાના અંગત જીવનમાં એ કોઇને યે ડોકિયું કરવા દેતો નહિ. શાહી રસ્મોરિવાજ ને તમીજમાં જરાશી ગુસ્તાખી એ બરદાસ્ત કરતો નહિ.

ઇ. ૧૭૦૫માં એની તબિયત લથડી. ચક્કર ખાઇ એ પડયો ને થોડી વાર બેશુદ્ધ રહ્યો. પણ જાગતાં જ એણે જાત પર કાબૂ મેળવી લીધો ને દરબારમાં હાજર થયો. આખરે ધીરેધીરે ને મુશ્કેલીથી એ અહમદનગર પહોંચ્યો. પોતે દખ્ખણના સૂબા તરીકે અહીંથી આગ્રાનું તખ્ત લેવા ગયા પછી વર્ષો બાદ અહીં પાછો આવ્યો હતો. અહીં તાવ વધ્યો, છતાં મઝહબી ફર્જ માટે નિયત કરેલા સમયને ચુસ્ત પણે વળગી રહી એણે એ અદા કરી અને ઇ. ૧૭૦૭ની ૨૧મી ફેબ્રુઆરીએ શુક્રવારે સવારે સવારે નમાઝ વગેરે પતાવી એનો આત્મા છૂટી ગયો. એના શરીરના અંદરના અવયવોને જ્યાં એ મરી ગયો ત્યાં જ અને બાકીના શબને દૌલતાબાદ નજીક કેટલાક મૌલવીઓની બાજુમાં દફનાવવામાં આવ્યાં. મરતાં પહેલાં એ કેટલાંક લેખિત સૂચનો મૂકતો ગયો હતો. તેમાં એણે પોતે બનાવેલી ટોપીઓની આવકના ૪ રૂપિયા ૨ આના પોતાના કફન પાછળ ખર્ચવાની અને પોતે કરેલી કુરાનની નકલોની આવકના ૩૦૫ રૂપિયા ફકીરોમાં ખેરાત કરી


(અનુસંધાન પૃષ્ઠ ૪૪૦)

પ્રસંગવિશેષ : 'ચાર્જ ઑવ ધ લાઈટ બ્રિગેડ' ૨૫મી ઑક્ટોબર ૧૮૫૪

કૉન્સ્ટેન્ટિનોપલ અને કાળા સમુદ્ર પર અધિકાર સ્થાપવા માટે કેટલાક ગ્રીક પાદરીઓના ઝગડાનું બહાનું ઊભું કરી આરંભેલા ક્રીમિયાના યુદ્ધમાં રશિયનો સામે તુર્કસ્તાનને પક્ષે ઇંગ્લંડ અને ફ્રાંસ પણ ઊભાં રહી આલ્મા અને બાલાક્લાવા જીતી લીધાં. એટલે સેબૅસ્ટોપોલમાં રશિયન સૈન્ય એકઠું થયું. બ્રિટિશોના હાથમાંથી બાલાક્લાવા લઈ લેવા રશિયાએ જંગી સૈન્ય ઉતારી, 'સૅન્ડબૅગ બૅટરી' તરીકે ઓળખાતું એક તોપખાનાનું મથક કબજે કર્યું. બ્રિટિશોએ એ પાછું લીધું ને વધુ મદદ મેળવી રશિયનોએ તે ફરી હાથ કર્યું. માત્ર ગણ્યાગાંઠયા જ સૈનિકો પોતાની પાસે હોવા છતાં એ મથક કબજે કરવા અંગ્રેજ સેનાપતિએ ફરી હુમલાનો હુકમ દીધો. હુકમમાં ગફલત થઈ છે એ જાણવા છતાં અને પરિણામમાં મોત અને નિશ્ચિત હાર હોવા છતાં ઉપરીનો હુકમ માથે ચડાવી એ 'લાઈટ બ્રિગેડે' સાંકડી નાળમાં સામેથી અને બંને બાજુથી વરસતી રશિયન ગોલંદાજી સામે કેસરિયાં કર્યાં. ઈ. ૧૮૫૪ના ઑક્ટોબરની ૨૫મીનો માત્ર મુઠ્ઠીભર અંગ્રેજ સૈનિકોનો આ હુમલો લશ્કરી દૃષ્ટિએ નકામો હતો એટલો જ મર્દાનગીની દૃષ્ટિએ ગૌરવભર્યો હતો. એમાંથી બ્રિટિશ સૈનિકોની આજ્ઞાંકિતતાનું એક અતિ ઉત્કૃષ્ટ દૃષ્ટાંત દુનિયાના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાયું, 'ચાર્જ ઑવ ધ લાઇટ બ્રિગેડ' નામે કાવ્યમાં કવિ ટેનીસને આ બનાવને બિરદાવ્યો છે.

અંગ્રેજ ઇતિહાસને લાગેવળગે છે ત્યાં સુધી ક્રીમિયાનું આ યુદ્ધ કદાચ વધુમાં વધુ ખરાબ વ્યવસ્થાના દૃષ્ટાંત રૂપ અને યુદ્ધક્ષેત્રે જુદાંજુદાં રાષ્ટ્રોના શંભુમેળાના ગેરલાભના બોધપાઠ આપતું યુદ્ધ છે માત્ર લાઈટ બ્રિગેડનાં કેસરિયાં અને આ યુદ્ધમાં શરૂ થએલી ફ્લૉરેન્સ નાઈટિંગલની ઘાયલ સૈનિકોની સેવા કરવાની પ્રવૃત્તિ એ બે જ એનાં સ્મરણીય પાસાં રહ્યાં છે. ઈંગ્લંડે તો કંઈ પણ દેખીતો લાભ મેળવ્યા વિના–ને કંઇ પણ ગુમાવ્યા વિના–પોતાના બહાદુર સૈનિકોના ભોગ સાથે ૩,૩૦,૦૦,૦૦૦ પાઉંડનો ગંજાવર ખર્ચ એની પાછળ વેઠયો હતો.





રૂપરમણા · ફોટોકલા: આબિદભાઈ સૈયદ

અમદાવાદના એક અગ્રણી ઉદ્યોગપતિ અંબાલાલ સારાભાઈના પ્રાસાદની અગાશીના, જરા ઊંચા કોણથી લીધેલા દૃશ્યનું કર્ણરેખાએ રચેલું આ ચિત્રસંયોજન ગૌમુખી આકારની તેની બને બાજુએ વિસ્તરેલી ભરચક ને નયનહારી જડતર-ભાતને કેવો મોકળો અવકાશ આપી રહે છે! ડાબી બાજુના જાળીદાર કઠેડાનો પડછાયો પણ તેમાં પોતાનો સૂર પુરાવે છે, અને કેન્દ્રવર્તી પાત્ર ચિત્રને સચેતન બનાવી રહે છે.



ફૂલસંચય કલાકાર: ભગવાન કપુર

કવિવર ટાગોરની એ ચયનિકાને અનુષંગી કરેલા 'ટાગોર મેમોરીઅલ થીએટર' માટેના આ ભીંતચિત્રને હૈદરાબાદમાં રૂ. ૧૫૦૦નું પ્રથમ પારિતોષિક મળેલું. આ અંકમાંના આ જ કલાકારના રંગચિત્ર 'ધાણી' વિષે જણાવ્યા અનુસાર આમાં પણ નદી, તેમાંની હોડી તથા માછલાં, ઘાટનાં પગથિયાં, વેણુ વગાડતો ગોપ અને ગાયો, સામા તીર પરના આવાસો અને આ તીર પરનાં વૃક્ષઝુંડ તથા દૂર દેખાતી વૃક્ષકુંજ, આકાશમાં ચમકતા ચન્દ્ર અને તારકો અને એ સર્વ વચ્ચે ફૂલસંચય કરતું ઊભેલું પાત્ર—બધાંની ચિત્રણામાંથી વાસ્તવિકતાનું તત્ત્વ પડતું મૂકીને માત્ર તેના પ્રતીકાત્મકરૂપોની એક સપ્રમાણ ભાતગૂંથણી કરી છે.



જમણી બાજુ: બહિરાણો

કલાકાર: ભગવાન કપુર

બહિરાણો એટલે મહેરામણને પોતાનો રક્ષકદેવ માનતા સિંધીઓની સ્ત્રીઓ દશેરાને દિવસે સાગરમાં તરતા દીપ મૂકીને તેની પૂજા કરે છે તે ઉત્સવ. ઈ. ૧૯૫૯માં આ વ્રતચિત્રને ભારતની લલિતકલા અકાદમીનું રૂ. ૧૦૦૦નું પારિતોષિક મળેલું (કલાકારના પરિચય માટે જુઓ આ અંકમાંની 'કલાવાર્તા')



જર્મન ડેમોક્રેટિક રીપબ્લિકનાં કેટલાંક પક્ષી-પ્રાણી

ટપાલટિકિટોને એક બીજું નામ પણ આપી શકાય. એ છે 'મિનિયેચર પોસ્ટર્સ'. અને ખરે જ ટચૂકડા પ્રચારપત્રો જેવું કામ પણ એ ટિકિટો કરે જ છે. અનેક આંતરરાષ્ટ્રિય પ્રવૃત્તિમાં ટપાલટિકિટોનો ફાળો હવે અજાણ્યો નથી. રશિયન ટિકિટો તો પોસ્ટર-પ્રચારપત્રોની ઘણી નજીક જતી જોવા મળે છે. જ્ઞાનપ્રચારમાં પણ એ સહાય કરે જ છે. ભૂગોળનાં આપણાં પુસ્તકોમાં ભાગ્યે જ જોવા મળતી અન્ય દેશોની પશુપક્ષીની સૃષ્ટિનાં સારાં ચિત્રો તો કદાચ ત્યાંની ટપાલટિકિટ પરથી મળે છે. અહીં જર્મન ડેમેક્રેટિક રીપબ્લિકની કેટલીક ટિકિટો આપી છે. આકર્ષક રંગો અને વૈવિધ્યભર્યાં ચિત્રોવાળી આ ટપાલ ટિકિટોમાં તે દેશની પક્ષીપ્રાણી-સૃષ્ટિને સુંદરતાથી રજૂ કરેલી છે. આકર્ષક ટપાલટિકિટો બહાર પાડવામાં આ દેશ ઠીક-ઠીક મોખરે છે. વાચકોને ખયાલમાં હશે કે આ માસમાં ભારતે પણ આપણાં કેટલાંક પ્રાણીઓને ટપાલટિકિટ પર અંકિત કર્યાં છે. ટિકિટસંગ્રહ તરીકે ટપાલટિકિટો એકઠી નહિ કરનાર અને ખાસ તો ચિત્રકળાના વિદ્યાર્થીઓ તથા પક્ષીપ્રાણીના અભ્યાસીઓએ (આપણા વિદ્યાર્થીઓમાં જો કોઈને આ વિષયમાં રસ પડતો હોય તો એમણે) પણ આવી ટિકિટો એકઠી કરવી જોઇએ. શાળાના શિક્ષકો પણ પોતાના વિષયોમાં રસ જગાડવા આવી ટિકિટોનો ઉપયોગ કરી શકે. (મોકલનાર: અજિતકુમાર સંઘવી)

વેદિયો અને વહેવારુ

એમની રોજની દિનચર્યામાં મેં મીનમેખ ફેર કદી જોયો નથી. સવારે વહેલા ઊઠી તરત જ દહેરાસર જવું, પછી ઘેર પાછા આવી નાહી-ધોઈ પૂજા કરવા જવું, ત્યાંથી બારોબાર પૂજાનાં જ કપડાંમાં ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા જવું, અને સાંજના નિયમિત રીતે પ્રતિક્રમણમાં બેસવું, આ બધું તો ખરું જ; પણ તદુપરાંત મોટી તિથિઓએ લીલોતરી નહિ ખાવાના વ્રતનિયમને પણ એમણે અખંડ રીતે પાળ્યો હતો. આ બધું જોઇને મનમાં થઈ આવે કે રસાતળ જતી ધરતીને પોતાના પુણ્યપ્રતાપે બચાવનારાઓ હજી આ જગતમાં જીવે છે ખરા.

એક દિવસ બસસ્ટૅન્ડ પર એમનો ભેટો થઈ ગયો. અમારે બંનેને એક જ સ્થળે જવાનું હતું. એમની પાછળ હું પણ આસ્તેથી બસમાં ચડયો. અંદર પેસતાં જોયું તો બારણાની બાજુમાં જ બેત્રણ બેઠક ખાલી હતી. હાથની ઈશારત કરી મેં એમને ત્યાં બેસવા કહ્યું, પણ તેઓ તો મારો હાથ પકડી છેક આગળની સીટ પર મને લઈ ગયા.

બસ ઊપડી અને બેચાર મિનિટમાં આગળના ‘બસથોભ’ પર ઊભી રહી. આ ‘બસથોભ’ પરથી ચડતાં અમારા જવાના સ્થળના પાંચ જ પૈસા થતા; એટલે ઘણી વાર હું અહીંથી જ બેસતો. આજે ઑફિસે જવાની ઉતાવળ હોઇ પેલા ‘બસથોભ’ પર બસ આવતાં જ ચડી ગએલો.

બારણા પાસેથી બધાંને ટિકિટો આપતો આપતો કંડક્ટર અમારી પાસે આવ્યો. ટિકિટના પૈસા આપવા મેં ગજવામાં હાથ નાખ્યો, ત્યાં પેલા મહાનુભાવે મને પૈસા નહિ આપવાનું મૂક સૂચન કરી પોતે જ મારી ટિકિટના પૈસા ચૂકવવાનું માથે લીધું. ને કંડક્ટરના હાથમાં આસ્તેથી દસ પૈસા મૂકી બે ટિકિટો ફાડવા કહ્યું. કંડક્ટરે ‘ક્યાંથી બેઠા?’ એમ પૂછતાં એમણે પેલા પાંચ પૈસાની ટિકિટવાળા ‘બસથોભ’થી બેઠાનું જણાવ્યું.

મને ખૂબ નવાઈ લાગી. પાંચ પૈસા જેવી સાવ મામૂલી રકમ માટે જૂઠું બોલાયું એ માટે તો ખરું, પણ વિશેષતઃ તો આવા ધાર્મિક માણસના મુખે અસત્યનો આશ્રય લેવાયો એ વાત મારા મર્મસ્થાનમાં શારડી જેમ ફરી રહી.

ઊતર્યા બાદ મેં એમને ધીમેથી કહ્યું: ‘આ ઠીક ન થયું.’

‘તમારા પૈસા મેં ચૂકવ્યા એ?’ એમણે પૂછ્યું.

‘એ તો ખરું, પણ પાંચ પૈસા ખાતર તમારે જૂઠું બોલવું પડયું એ મને જરા અજુગતું લાગ્યું!’

અને મને વેદિયાની જમાતનો સભ્ય કહી એમણે વ્યવહારુ રીતે જવાબ આપ્યો: ‘તે એટલા ઓછામાં શહેર સુધરાઈ ક્યાં રંડાઈ જવાની છે? અને કાળાંધોળાં કોણ નથી કરતું? એ તો એમ જ ચાલે!’

હું કશું બોલું એ પહેલાં તો એ મારી સામેથી પાણીના રેલાની જેમ ચાલ્યા ગયા: એમને હજી એક બે દહેરાસરે દર્શને જવાનું હતું.

‘સત્યમ’

> પરાગ જો અંતરમાં હશે, તો તે પાંગરીને કદી પુષ્પ ખીલશે;
> મનોરથો સ્વપ્ન મહીં હશે, તો સિદ્ધિરૂપે કાર્ય વિષે જ જન્મશે.

ગુલામીની પ્રથાને નાબૂદ કરવાના લિંકનના તનતોડ કલ્યાણકારી કાર્યમાં કૅપ્ટન જૉન બ્રાઉન ઘણો આગળપડતો ફાળો આપતા. તેમણે એ પ્રથાનો જલદી અંત આણવા સ્વયંસેવકોનું એક મંડળ ઊભું કર્યું. તેનો હેતુ સમજાવતાં તેમણે લોકોને મક્કમતાથી કહ્યું: 'આ મંડળમાં કૉલેરા, ક્ષય કે પ્લેગ જેવાના દર્દીને ખુશીથી દાખલ કરીશું, પણ ચારિત્ર્યહીન માણસોને અમારા મંડળમાં કદી સ્થાન મળશે નહિ.' આજે આ આદર્શની કેટલી બધી જરૂર છે!

અનેકાર્થી શબ્દ: **લક્ષ્મી**=વિષ્ણુની પત્ની; સંપત્તિ; આબાદી; શોભા, શ્રી, સૌંદર્ય; એ નામના સાત વિવિધ પ્રકારના પિંગળશાસ્ત્રના (કવિતાના) છંદ; ઋદ્ધિ; ઔષધિ; અતિમાનુષ શક્તિ; ચૌદમાંની એક યક્ષિણી; ચંદ્રની અગિયારમી કળા; બ્રહ્માની આઠ માંહેની એક કળા; બ્રહ્માના ત્રીસ માંહેનો ત્રેવીસમો દિવસ; વિષ્ણુનાં હજાર નામમાંનું એક; એક વનસ્પતિ–શમી કે ખીજડો; દુર્ગા; સ્ત્રી; ગૃહિણી; વેશ્યા; યોનિ; મેંઢાશિંગી નામની વનસ્પતિ; ફલિની વૃક્ષ; સફેદ તુલસી; સ્થલપદ્મિની નામે છોડ; કમળ; હળદર; સદ્ભાગ્ય; વિજય; રાજ્યસત્તા; મોતી; મોક્ષપ્રાપ્તિ;

ગણિતગમ્મત

$૧+૩=૨^૨$

$૧+૩+૫=૩^૨$

$૧+૩+૫+૭=૪^૨$

$૧+૩+૫+૭+૯=૫^૨$

$૧+૩+૫+૭+૯+૧૧=૬^૨$

$૧+૩+૫+૭+૯+૧૧+૧૩=૭^૨$

$૧+૩+૫+૭+૯+૧૧+૧૩+૧૫=૮^૨$

$૧+૩+૫+૭+૯+૧૧+૧૩+૧૫+૧૭=૯^૨$

એ મુજબ આગળ જેમ જેમ એકી સંખ્યા અનુક્રમે ઉમેરતા જઇશું તેમ તેમ સરવાળો ઉત્તરોત્તર એકએક વર્ગ વધતો જશે.

કહેવતોના અર્થ: 'લાખ મળવાના નથી, ને લખેશરી થવાના નથી.'–ગમે તેટલા પ્રયત્ન કરવા છતાં પરિસ્થિતિમાં ફેર ન પડતો હોય ત્યારે કાંઈક નિરાશાથી ને કાંઇક સંતોષથી પ્રાપ્ત સ્થિતિ વડે મન મનાવી લઇને ભલી ભાંતેથી જીવન જીવવાની, 'આજનો લહાવો લઈ લેવા'ની વૃત્તિ માણસમાં જાગે, ત્યારે એ આવો ઉદ્ગાર કાઢે છે. અને એ સામાન્ય ઉક્તિએ કહેવતનું સ્વરૂપ લીધું છે.

આલ્બેનિયા: શ્કવીપેરિયા એ એનું સ્થાનિક નામ. યુરોપના બાલ્કન પ્રદેશનો સૌથી



નાનો દેશ. વસતિ માત્ર સાડા અગિયાર લાખ જેટલી. ૧૦,૬૨૯ ચોરસ માઈલના એના વિસ્તારમાં મોટો ભાગ પર્વતોવાળો. પશ્ચિમનો ઍડ્રિયાટિક સમુદ્રની કંઠારનો ભાગ સપાટ હોઈ ત્યાં ખેતી અને ઢોરઉછેર થાય છે. 'ઘેગ' અને 'તિસ્ક' નામની બે જાતની એની પ્રજાનો લગભગ ૭૦ ટકા ભાગ મુસલમાન છે, બીજા ખ્રિસ્તી. મકાઈ, ઘઉં, જવ, તમાકુ, જેતુન (ઑલિવ), બદામ અને ઊન તથા ચામડાં સિવાય ખાસ કોઈ પેદાશ નથી. ઉદ્યોગોનો ત્યાં અભાવ છે. વાહન અને ભારવાહક તરીકે વપરાતાં અહીંના ઘોડાં-ગધેડાંની તોખમ વખણાય છે. યુરોપના અન્ય દેશોની સરખામણીમાં ઘણો પછાત આ મુલક તુર્કસ્તાન અને ફાંસીવાદી ઈટાલિયન સરકારનો અમલ તથા રાજાશાહી ભોગવ્યા પછી હાલ સામ્યવાદી પ્રજાસત્તાક બન્યો છે. પહેલાંના ત્રિરંગી ધ્વજને



બદલે હવેના તેના રાષ્ટ્રધ્વજમાં લાલ ભોંય પર પીળા તારા નીચે કાળા રંગનું ઉપર પ્રમાણેનું શોભન છે.




દરિયાઇ ઘોડાના નામથી ઓળખાતી માછલીની આ જાતમાં નરને એક કોથળી હોય છે, જેમાં માદા ઈંડાં મૂકે છે, ને બાપ બચ્ચાંને જન્મ આપે છે!

આ વાક્ય તમે જરા યે તોતડાયા કે ખચકાયા વિના બોલી જાઓ તો ખરા! 'You'll have no need to light a night light on a night like to-night. For a night light lights a sight light and to-night's a night that's light. It is really not quite right to light a night light on a light night like to-night.


વક્તા: આપણા દેશમાં ઘઉંનો મોટો પાક થવાની જરૂર છે.

એક: ઘાસનો શા માટે નહિ?

વક્તા: અત્યારે તો હું માણસોના ખોરાક વિષે કહું છું; પછી તમારો એ પ્રશ્ન હાથ ધરીશું.



સાઈકલના પૈડાની નકામી થઈ ગએલી ટ્યૂબના અનેક ઉપયોગો થાય છે. ફરસીના પાનાની ધાર સાચવવા, ઉપલી આકૃતિ પ્રમાણે એક ઊભો કાપો મૂકેલો ટ્યૂબનો ટુકડો પાના પર ચડાવી દેવો. બીજાં હથિયારો સાથે પાનાની ધાર ઘસાઇને ખાંડી થતી બચશે.



કલાકણિકા: દેખીતા ત્રણ ઘોડાના બનેલા આ ચિત્રમાં, ખરી રીતે ષટ્કોણની છ બાજુએ છ ઘોડા દેખાય એવી ચાતુરીભરી રચના છે. એમાં એક-એકને અંતરે ત્રણ ઘોડા દોડતા જણાશે. અને તે પછીના અનુક્રમાંતરે ઠોકર ખાઇને ઢળી પડતા માલૂમ પડશે.